श्री

# देवभक्तिमाळाप्रकरण.


લેખક,

પંન્યાસ શ્રી દેવવિજયજી મહારાજ.



પ્રકાશક,

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

श्री आत्मानंद प्रकाशना ग्राहकोने सत्तरमां वर्षनी भेट.

श्री

# देवभक्तिमाळा प्रकरण.

( જેમાં પાંચ પ્રકારે પરમાત્માની ભક્તિનો સમાવેશ કરવામાં આવેલ છે. )

( અંતર્ગત શ્રીમાન્ વિજયકમળ સૂરીશ્વરનું જીવન વૃતાંત. )

લેખક,
પંન્યાસજી શ્રી દેવવિજયજી મહારાજ.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વીર સંવત ૨૪૪૬. વિક્રમ સંવત ૧૯૭૬. આત્મ. સંવત ૨૫.

ભાવનગર—આનંદ પ્રી. પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

આત્માનંદ જૈન ગ્રંથમાળા નં. ૪૬

# પ્રસ્તાવના.

આ વિશ્વના સમગ્ર પ્રાણીઓનું પરમ કલ્યાણ કરવાની ઇચ્છા ધરાવનારા અને સુગમ રીતે આત્મોન્નતિના ઉચ્ચ માર્ગને નિષ્પક્ષપાતપણે પ્રરૂપનારા મહોપકારી જૈન મહાત્માઓએ ધર્મસાધનાના પવિત્ર પ્રકારો દર્શાવી જન-સમાજ ઉપર એવા મહાન્ ઉપકારો કરેલા છે, કે જેથી ભારતનો જનસમાજ અદ્યાપિ પોતાના આત્મકલ્યાણને માટે સારી પ્રવૃત્તિ કરી રહ્યો છે. તે ધર્મ-સાધનોમાં પરમાત્માની ભક્તિની ભાવના એ સર્વોત્તમ સાધન છે. તે ભક્તિના આંતર અને બાહ્ય આચરણરૂપે વિવિધ પ્રકારો રહેલા છે. તેમાં બાહ્ય ભક્તિ એ આંતરભક્તિની ઉત્તેજક બની શકે છે. ઉચ્ચ માનસિક ભાવના અને આત્મિક અનુભવ સાથે આત્મગુણોનો વિકાસ કરવામાં તે બાહ્ય ભક્તિ ખરી સહાયક છે. પરમાત્માની ભક્તિની ઉચ્ચ ભાવના હૃદયોલ્લાસ પ્રગટાવે છે. જે ધ્યેય રૂપે પ્રભુ ચેતનમય સ્વરૂપે અદૃશ્ય છતાં પણ તે પ્રતિમારૂપે આપણી દૃષ્ટિ આગળ હોવાથી હૃદયમાં દિવ્ય ભાવ પ્રગટાવે છે. ભક્તિનો સંબંધ પરંપરાએ મનની સાથે છે એટલે ભક્તિના એકતાનથી મનની વૃત્તિ સ્થિર થઇ શકે છે, પછી તે વૃત્તિ ભક્તિદ્વારા પ્રભુની પ્રતિમા સાથે એકરસ—પરમાત્મમય બની જાય છે. ભક્તિરૂપ નિર્મળ દર્પણમાં પ્રતિબિંબરૂપે પ્રભુની પ્રતિમા તે ભવ્યાત્મા આરાધકને એવા કલ્યાણમાર્ગે દોરી જાય છે કે તેમાંથી પરિણામે આત્મિક ઉન્નતિનું શિખર સમીપ દેખાય છે. ટુંકામાં મન, વચન અને કાયાના યોગની શુદ્ધિ અને વિરતિ કરવારૂપ યોગમાર્ગ—સમાધિ અને તત્વાનુસંધાનના ચિંત-વનથી જે કાર્ય થઇ શકે તેજ કાર્ય શુદ્ધ પ્રભુભક્તિ પરંપરાએ સાધી શકે છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે ચિંતામણિરૂપ મનુષ્ય જન્મનું કેન્દ્ર સર્વોત્તમ પ્રભુ ભક્તિ છે અને જો મન, વાણી અને કર્મની એકતા પ્રભુભક્તિમાં જોડવામાં આવે તો મનુષ્ય ધાર્મિક જીવનની ઉચ્ચ કોટીમાં સ્હેજમાં આવી શકે.

આ લઘુ લેખમાં દેવભક્તિનું યથાર્થ સ્વરૂપ ચિતરવામાં આવ્યું છે અને તેને આગમના પ્રમાણોથી, શાસ્ત્રીય દૃષ્ટાંતોથી અને શંકા સમાધાન સહિત વાદી પ્રતિવાદીના કથનથી સિદ્ધ કરી બતાવવામાં આવ્યું છે. દેવભક્તિના

વિવિધ ભેદો થઇ શકે છે; પરંતુ આગમકારોએ માનેલા મુખ્ય પાંચ ભેદો આ લેખમાં સારી રીતે ચર્ચવામાં આવ્યા છે કે જે પ્રતિમાજી નહીં માનનારાઓ માટે અવશ્ય ઉપયોગી છે.

પ્રથમા ભક્તિમાં પરમાત્માની પૂજાનો સવિસ્તર પ્રભાવ દર્શાવ્યો છે. જ્યાં દેખાવ કે આડંબર ન હોય, ત્રિવિધયોગની તલ્લીનતા થઇ ગઇ હોય અને ભાવોલ્લાસથી અંતઃકરણની ઉર્મિઓ ઉછળતી રહી હોય તેવી પરમાત્માની પૂજા-ભક્તિપૂજકને તેના જીવનમાં કેવા અપૂર્વ પુણ્યના રાશિ એકઠા કરાવે છે, તે પ્રથમા ભક્તિના સ્વરૂપ ઉપરથી સારી રીતે સમજી શકાય છે. બીજી ભક્તિ પરમાત્માની આજ્ઞા પાળવાની છે. ભવિષ્યના જૈનસમાજના કલ્યાણને માટે વિશ્વોદ્ધારક પ્રભુએ જે જે આજ્ઞાઓ ઉપદેશદ્વારા પ્રરૂપી છે, તે આજ્ઞાઓને સમાજે માન્ય કરવી અને તેઓને પોતાના આચારમાં મુકવી-એ પરમાત્માની પૂજા ગણાય છે. તે પ્રભુની આજ્ઞાઓને આધારે સમાજની સ્થિતિ યોજાએલી છે અને તે નિયમો અદ્યાપિ ભારતમાં સમાજના સંપૂર્ણ સ્થિતિસ્થાપક થઇ રહ્યા છે. હવે જો સમાજ તે આજ્ઞાઓની વિરૂદ્ધ વર્ત્તન કરે તો તે પરમાત્માની આજ્ઞાનો ભંગ કરેલો ગણાય, તેથી ધર્મને અને સમાજને મોટી હાનિ થઇ પડે, માટે પ્રભુની દ્વિતીય પૂજા કરવી આવશ્યક છે. આ પૂજાને અંગે વિદ્વાન્ લેખકે યતિધર્મ અને ગૃહસ્થધર્મના કર્ત્તવ્યનું સંક્ષિપ્ત વિવેચન કરી તેની ઉપયોગિતા સારી રીતે સિદ્ધ કરેલી છે. ત્રીજી ભક્તિ દેવદ્રવ્યના રક્ષણની છે. ધાર્મિક ક્રિયારૂપ પરમાત્માની ભક્તિના વિકાસનો આધાર દેવદ્રવ્યની આબાદી ઉપર રહેલો છે. અને તેનાથી દેવભક્તિના સર્વ અંગોને સારી પુષ્ટિ મળી શકે છે. માનવદ્રવ્ય ફક્ત ઐહિક સુખને આપનારૂં છે અને તેમાંથી ઉપજાવેલું દ્રવ્ય પારલૌકિક સુખને આપનારૂં છે. તેથી દેવદ્રવ્યની ઉપયોગિતા અને તેનું સંરક્ષણ માનવદ્રવ્યથી વિશેષ છે, એ વાત લેખકે સારા પ્રમાણોથી તે સ્થળે સાબીત કરી આપી છે. ચોથી ભક્તિ પરમાત્માના પ્રભાવને દર્શાવનારા મહોત્સવો કરવાની છે. મનુષ્યના ભવ્ય હૃદયને ઉચ્ચ ભાવના તરફ આકર્ષવાને માટે મહોત્સવો ઉજવવાની પૂર્ણ આવશ્યકતા છે. આકર્ષક અને પવિત્ર એવા દશ્યથી હૃદયમાં ઉંડી અસર થાય છે અને સામાન્ય બુદ્ધિવાળા પ્રેક્ષકોને તે અતિ ઉત્સાહી બનાવી શકે છે. અદ્યાપિ ભારતવર્ષ ઉપર જે કાંઇ ધાર્મિક જાગ્રતિ રહી શકે છે, તે પરમાત્માના ઉજવાતા મહોત્સવોને આભારી છે. ભારતમાં જે જે ધાર્મિક સખાવતો થઇ છે, અને થાય છે, તે સર્વ શુભ પ્રેરણાઓના પ્રેરકો તે મહોત્સવોના ઉત્તમ દશ્યો જ છે. આ માન્યતા આ લેખના વિદ્વાન્ લેખકે પરમાત્માની ચોથી ભક્તિમાં અનેક સુસંગત પ્રમાણોથી પૂરવાર કરી બતાવી છે.

પાંચમી ભક્તિ તીર્થયાત્રા રૂપ છે. આર્યધર્મની દરેક ભાવના દેશ અને કાળને ઉદ્દેશીને વિકાસ પામે છે. તીર્થનો પ્રદેશ અને પર્વનો કાળ હૃદય ઉપર જે ભાવના જાગ્રત કરે છે, તે ભાવના બીજે પ્રદેશે કે બીજે કાળે થતી નથી. ભગવાન્ તીર્થંકરો અને મહાત્માઓ જે પ્રદેશમાં વિચર્યા હોય અને જે પ્રદેશ તેઓના મોક્ષારોહણના સ્થળરૂપ થયો હોય તે પ્રદેશ તીર્થરૂપ ગણાયો છે. તીર્થોના દ્રવ્ય તથા ભાવ ભેદો-દ્રવ્ય તીર્થ શું કામ કરી શકે છે અને તેનાથી ભાવતીર્થ કેટલું ઉપયોગી છે, ભાવતીર્થ તથા દ્રવ્યતીર્થ કોને કહે છે ? ભાવતીર્થની યાત્રા કેવી રીતે કરવી કે જેથી આ સર્વ લાભ મળે. તેમજ વર્તમાન કાળની થતી યાત્રાઓ કેટલે દરજ્જે વિધી માર્ગની બહાર છે. તેમાં કેવો સુધારો કરવો વિગેરે ખાસ આ પાંચમી ભક્તિમાં વિસ્તાર પૂર્વક સમજાવવામાં આવેલ છે.

તેવા પવિત્ર પ્રદેશો તરફ ભક્તિ રાખવી એ પરમાત્માની જ ભક્તિ ગણાય છે. તે ભકિતના વિવેચનમાં લેખકે પોતાની પ્રતિભાનો સારો પ્રકાશ પાડ્યો છે.

આ પ્રમાણે પંચવિધા ભક્તિની પ્રરૂપણા કરનારો આ લેખ શ્રદ્ધાળુ ધાર્મિક સમાજને પરમાત્માની ભકિતનો પૂર્ણ રીતે પોષક થઇ પડશે; એવી અમારી દૃઢ માન્યતા છે. આવા લેખો સમાજને માટે ઘણા આવશ્યક છે. દેવભકિતના ખરા સ્વરૂપને સમજવાથી તે તરફ લોકરૂચિ શ્રદ્ધા-પૂર્વક પ્રવર્ત્તે એ કાંઇ જેવો તેવો ઉપકાર નથી. જૈન-આગમ ઉચ્ચ સ્વરે પ્રબોધે છે કે, મનુષ્ય જીવનની સાર્થકતા ધર્મસાધન છે અને તે ધર્મસાધનનો મૂળ પાયો પરમાત્માથી ભકિત છે પરંતુ તે ભકિત નિષ્કામ અને નિરપેક્ષ હોવી જોઇએ. જે ભવ્યાત્માના હૃદયમાં એ પંચવિધ ભકિતનો દિવ્ય ભંડાર ભરેલો છે, તેનાથી અંતરશત્રુરૂપ કષાયો દૂર રહે છે અને તેના આત્મા રૂપ અમૂલ્ય હીરાના કર્મમળ દૂર થવાથી સંતોષ, સમતા, શાંતિ અને આનંદરૂપ આત્મ-જ્યોતિના ઉજ્વળ કિરણો પ્રગટ થઇ આવે છે.

વિશેષમાં કહેવાનું કે સાંપ્રતકાળે, અજ્ઞાનપણાથી થયેલ શંકાદિ દોષોને લઇને જે શ્રદ્ધાની મંદતા થયેલ હોય તેને દૂર કરવામાં આ લેખ મહાન્ સાધન-રૂપ થઇ પડશે. આ ગ્રંથના વિદ્વાન્ લેખક શ્રીમાન્ મૂળચંદજી મહારાજના શિષ્ય શાંતમૂર્તિ આચાર્ય મહારાજશ્રી વિજયકમળ સૂરીશ્વર મહારાજના શિષ્ય પંન્યાસશ્રી દેવવિજયજી મહારાજ છે કે જેમણે ઘણોજ પરિશ્રમ લઇ આ ગ્રંથની યોજના કરી છે. આ લેખના વિદ્વાન્ લેખકે કરેલો શ્રમ સમાજને અતિ ઉપકારક થયો છે, તેથી અમો આશા રાખીએ છીએ કે દરેક જૈન વાચકવર્ગ આ લેખને આદ્યંત વાંચી તે પ્રમાણે વર્તવા સપ્રેમ પ્રયત્ન કરશે તો લેખકનો શ્રમ કૃતાર્થ થશે.

અત્રે એક બીજી હકીકત પણ જણાવવા જેવી છે કે આ દેવભક્તિમાળા

પ્રકરણ સાથે પંન્યાસજી શ્રી કેશરવિજયજી મહારાજના સુશિષ્ય પંન્યાસજી શ્રી લાભવિજયજી મહારાજે પોતાના વડીલો ગુરૂરાજ શ્રીમાન્ આચાર્યશ્રી શ્રીમાન્ મૂળચંદ્રજી ગણિ તથા શ્રીમદ્ વિજયકમલસૂરીજી મહારાજાઓના જીવનચરિત્રો પણ આ ગ્રંથમાં દાખલ કરાવી સંપૂર્ણ ગુરૂભક્તિ દર્શાવી છે તેટલુંજ નહીં, પરંતુ આ ગ્રંથની આંતરસુંદરતામાં પણ વૃદ્ધિ કરી છે તેથી ખરેખર તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે.

---

બીકાનેરના રહીશ પણ હાલમાં ચંદ્રપુરમાં રહેતા શેઠ શ્રાવકવર્ય ગુલેચ્છા સિદ્ધકરણજી ચેનકરણજીના ધર્મપત્ની શ્રાવિકા રત્ન બેન સદાકુંવર બેનના સ્મરણ નિમિત્તે આ 'દેવભક્તિમાળા' નામનું પુસ્તક પ્રકટ કરવામાં આર્થિક સહાય મળી છે. તે સદાકુંવર બ્હેને વ્યવહારિક તથા ધાર્મિક કેળવણી ઉત્તમ પ્રકારની લીધી હતી. જેથી શહેરમાં તે એક ધર્માત્મા તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. દુઃખી મનુષ્યો તેમજ ચાકરવર્ગ વગેરેની ખબર લીધા પછી જ તેઓ અન્નાદિ લેતા હતા. આવા એક પરોપકારી સ્ત્રીરત્ન થોડા દિવસની માંદગી ભોગવી ગયા વર્ષમાં પરલોકવાસી થયા. તે ઉદાર હૃદય સ્ત્રીરત્નના સ્મરણાર્થે શેઠ સિદ્ધકરણ ભાઇએ શ્રીમાન્ પંન્યાસજી મહારાજ શ્રીકેસરવિજયજી મહારાજના ઉપદેશથી દશ હજાર રૂપિયા શુભ ખાતામાં કાઢ્યા હતા. તેમાંથી આપવામાં આવેલી રકમ વડે આ પુસ્તકની એક હજાર કોપી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આથી આ સભા મહારાજશ્રી કેસરવિજયજી, તથા શેઠજી સીદ્ધકરણજી ચેનકરણજીનો આભાર માને છે. તેમજ ગામ દરાપરા જીલ્લા વડોદરાના રહીશ શેઠ ભોગીલાલ છોટાલાલ તથા ગામ ગંભીરા ( ગુજરાત ) ના રહીશ શ્રાવિકા બ્હેન મણી બ્હેને તેમજ અમદાવાદમાં પંન્યાસજી શ્રીમદ્ લાભવિજયજી મહારાજના ઉપદેશથી પારેખ લલુભાઇ મનોરદાસવાળાએ ઉપધાનવહન કરાવ્યા તેમાંથી ઉપજેલ જ્ઞાનખાતાની રકમમાંથી આ ગ્રંથ પ્રસિદ્ધ કરવા આર્થિક સહાય આપવામાં આવી છે, તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે તેમજ તે સાથે પોતાના દાદા ગુરૂ પ્રાતઃસ્મરણીય શ્રીમાન્ મૂળચંદજી મહારાજ તથા શ્રીમદ્ વિજયકમળ સૂરીશ્વર મહારાજનું આ ગ્રંથ સાથે જીવનચરિત્ર પ્રસિદ્ધ કરી ગુરૂભક્તિ દર્શાવવા ઉક્ત ગૃહસ્થોને ઉપદેશ આપી જે આર્થિક સહાય શ્રીમાન્ પંન્યાસજી મહારાજ શ્રીલાભવિજયજીએ અપાવી છે તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

આ ગ્રંથની શુદ્ધતા કરવામાં પુરતી સાવધાની રાખેલ છે છતાં કોઇક સ્થળે દૃષ્ટિ કે પ્રેસદોષથી સ્ખલના થઇ હોય તો મિથ્યા દુષ્કૃત છે. યોજક.

# ગ્રંથાનુક્રમણિકા.


| નં. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | પૂજાનું ફૂલ .... .... .... .... | ૨ |
| ૨ | ત્રીકાલ પૂજાના સાધનો.... .... .... .... | ૨ |
| ૩ | પૂજાના ભેદો.... .... .... .... .... | ૩ |
| ૪ | પૂજા કરતી વખતે કરવાલાયક ભાવનાઓ .... .... | ૪ |
| ૫ | પૂજાથી થતી વિતરાગ દશા.... .... .... .... | ૬ |
| ૬ | ઈચ્છાથીજ કર્મબંધ થાય છે .... .... .... | ૬ |
| ૭ | વિતરાગ છતાં પ્રભુ, ભકિતનું ફૂલ આપે છે .... .... | ૮ |
| ૮ | પૂજામાં થતી હિંસા તે હિંસાજ નથી તે ઉપર કુવાનું દ્દષ્ટાંત. .... .... .... .... | ૯ |
| ૧૦ | હિંસાનું સ્વરૂપ. .... .... .... .... | ૧૨ |
| ૧૧ | જયણાએ કામ કરતાં હિંસા થાય છતાં પાપ લાગે નહીં. | ૧૩ |
| ૧૨ | ભાવ હિંસા એજ વાસ્તવિક હિંસા છે. .... .... | ૧૪ |
| ૧૩ | ભાવ હિંસા ઉપર તંદુલીયા મચ્છનું દ્દષ્ટાંત..... .... | ૧૫ |
| ૧૪ | „ „ કાલિક સૂર્ય કસાઈ તથા પ્રસન્નચંદ્રનું દ્રષ્ટાંત. | ૧૬ |
| ૧૫ | આજ્ઞા એ ધર્મ કે દયા એ ધર્મ ? .... .... | ૧૮ |
| ૧૬ | ચૈત્ય શબ્દાર્થ સિદ્ધિ..... .... .... .... | ૨૦ |
| ૧૭ | પંચાંગી સિદ્ધિ. .... .... .... .... | ૨૨ |
| ૧૮ | શાસ્વતી અશાસ્વતી જીન પ્રતિમા સિદ્ધિ.... .... | ૨૪ |
| ૧૯ | જીનમંદિર બાંધવાનો અધિકાર... .... .... | ૪૬ |
| ૨૦ | જીનમંદિર બાંધવાનું ફૂલ. .... .... .... | ૪૭ |
| ૨૧ | દ્રવ્યસ્તવ તથા ભાવસ્તવનું ફૂલ... .... .... | ૪૭ |
| ૨૨ | સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવીકા તથા પોષધવાલા પ્રભુદર્શન ન કરે તો પ્રાયશ્ચિત લાગે તથા દર્શનથી થતા ફાયદા. | ૪૮ |
| ૨૩ | આનંદ કામદેવાદિ શ્રાવકોનો પૂજા કરવાનો અધિકાર.... | ૫૦ |
| ૨૪ | બત્રીસ સૂત્રો નહી પણ અનેક સૂત્રો માનવાનો અધિકાર. | ૫૩ |
| ૨૫ | ઇતિહાસિક દ્દષ્ટિથી પ્રતિમાસિદ્ધિ. .... .... | ૫૫ |

૨૬ નામ નિક્ષેપો કરતા દ્રવ્ય નિક્ષેપો ઘણોજ ઉપયોગી નામ નિક્ષેપોની માત્ર મન પવિત્ર કરે છે પણ થાપના તો મનવચન અને કાયાં પવિત્ર કરે છે. ૫૮

૨૭ સાધુઓને દ્રવ્યપૂજાની આજ્ઞા નથી પણ ભાવ-પૂજાની આજ્ઞા છે.. .... .... .... ૬૧

૨૮ કાળધર્મ પામેલ સાધુની પાદુકાની પૂજા કરતા પ્રભુની પૂજા કરવી સારી. .... .... .... ૬૫

૨૯ નમસ્કાર મંત્રનું મહાત્મ્ય. .... .... .... ૬૭

૩૦ પ્રભુ આજ્ઞા વગર તમામ ક્રિયા નકામી. .... .... ૬૮

૩૧ સાધુ તથા ગ્રહસ્થધર્મ. .... .... .... ૭૧

૩૨ નદી ઉતરવાની વિધિ. .... .... .... ૭૫

૩૩ નદીમાં ડુબતી સાધ્વીને અડીને કાઢનાર આરાધક છે..... ૭૭

૩૪ લાભ જોઇને પ્રવૃતિ કરવી તે ઉપર વણીકનું દૃષ્ટાંત..... ૭૮

૩૫ દેવદ્રવ્ય અધિકાર. .... ....

૩૬ રક્ષણ કરવાથી થતા ફાયદા. .... } .... ૮૧

૩૭ વિનાશ કરવાથી થતા ગેરફાયદા દૃષ્ટાંત સાથે.

૩૮ અઠ્ઠાઇ મહોત્સવ શાસ્વત તથા અશાસ્વત મહોત્સવનું ફલ. .... .... .... .... ૧૦૫

૩૯ મહોત્સવનું ફલ. .... .... .... .... ૧૧૦

૪૦ તીર્થનું સ્વરૂપ. .... .... .... .... ૧૧૨

૪૧ તીર્થના ભેદો. .... .... .... .... ૧૧૪

૪૨ દ્રવ્યતીર્થ તથા ભાવ તીર્થનું સ્વરૂપ. .... .... ૧૧૫

૪૩ તીર્થ યાત્રાનો હેતુ .... .... .... .... ૧૧૭

૪૪ તીર્થયાત્રા વિધિ તથા તીર્થયાત્રાથી કર્મ કેવી રીતે ખપે ? .... .... .... .... ૧૧૯

૪૫ જન્મ સફલ તેનોજ થાય છે .... .... .... ૧૨૪

૪૬ પાંચ સકાર દુર્લભ છે.. .... .... .... ૧૨૫

૪૭ તીર્થ સેવનું ફલ. .... .... .... .... ૧૨૬

૪૮ તીર્થયાત્રાનું ફલ. .... .... .... .... ૧૨૮

# સમર્પણ.

અનેક સદ્ગુણ સંપન્ન પરમ શાંત ગુરૂવર્ય
સ્વર્ગસ્થ શ્રીમદ્ વિજયકમળ
સૂરીશ્વરજી મહારાજજી.

આપશ્રીના સરલ હૃદય, શાંત સ્વભાવ, ઉચ્ચ અને પવિત્ર
જીવનથી આપશ્રીનું જીવન અનુકરણીય હતું. જ્ઞાન
ગુણ ગ્રહણ કરવાની તેમજ તેનો બીજાને લાભ
આપવાની આપશ્રીમાં ઉત્કટ ઇચ્છા હતી.
તેમજ મારા પર અત્યંત કૃપા હતી,
અને એ
કૃપાના બળેજ ન્યાય, સિદ્ધાંત વિગેરે કઠિન ગ્રન્થોમાં
પ્રવેશ કરવા હું સમર્થ થઇ શકયો. તે
આપશ્રીના અનેક સદ્ગુણો તથા અપૂર્વ
કૃપાના સ્મારક તરીકે
આ
"દેવભક્તિમાળા" નામનું પુસ્તક આપશ્રીના
સદ્ગત આત્માને અર્પણ કરી
મારા આત્માને કૃતાર્થ
માનું છું.

લઘુ શિષ્ય,
દેવવિજયજી.

ॐ अर्हं नमः

श्रीमद् बुद्धिविजयजी गुरुभ्यो नमः

श्रीमान् मुक्तिविजयजी गणी (श्री मूळचंदजी महाराज) नुं

# जीवनचरित्र.

श्री वर्द्धमानं चरमं जिनेन्द्रं
सरस्वतीं च प्रणिपत्य भक्त्या ।
गणेशमुक्ति विजयाभिधस्य
प्रचक्ष्यते स्वल्पमिदं चरित्रम् ॥

જૈન કોમમાં જેઓશ્રી એક પ્રતાપી પુરૂષ થઇ ગયા છે, જેમની કીર્તિ ચારે બાજુએ પ્રસરી રહેલી છે, જેમણે અમદાવાદમાં લાંબો સમય રહી આખા શહેર ઉપર મોટો ઉપકાર કરી જૈનોને સ્વધર્મમાં દૃઢ કરેલ છે, તે શ્રીમાન્ મુક્તિવિજયજી ગણી મહારાજ કયા કુળમાં અને કયા સ્થળમાં થયેલ છે, તેની જીજ્ઞાસા વાચકવર્ગને થાય એ સ્વાભાવિક છે. વાચકવર્ગની વધતી જતી જીજ્ઞાસા તૃપ્ત કરવા તથા સ્વપરના ઉપકાર ખાતર શ્રીમાન્ મુક્તિવિજય ગણી (અપર નામ મૂલચંદજી) મહારાજશ્રીનું ચરિત્ર સંક્ષેપથી અત્રે કહેતાં પૂર્વે શ્રી મહાવીરપ્રભુને તથા સરસ્વતી દેવીને નમસ્કાર કરૂં છું.

શ્રીમાન્ મુક્તિવિજયજી ગણી મહારાજશ્રીનો જન્મ પંજાબ દેશમાં શીયાલકોટ નગરમાં ઓશવાળ જ્ઞાતિમાં સંવત ૧૮૮૬ ની સાલમાં થયો હતો. તેમના પિતાનું નામ સુખાશા હતું અને તેમની માતુશ્રીનું નામ બકોરબાઇ હતું. પૂર્ણિમાના ચંદ્ર જેવી તેમની ઉજ્જવળ કાંતિને જોઇને બારમે દિવસે તેમની માતાએ મૂળચંદ નામ

પાડયું. "પુત્રના લક્ષણ પારણામાંથી જણાય" તે ન્યાય પ્રમાણે બાલ્યાવસ્થામાં જ તેઓ રમત–ગમતમાં પોતાના સમોવડીયા મિત્રોમાં અધિકપણું પ્રાપ્ત કરતા હતા, એવું તેમનામાં વીર્ય હતું. માતપિતાદિ કુટુંબ ઢુંઢકમતાનુયાયી હતા. ભાઈ મુળચંદે ચૌદ વર્ષની વય થતાં સુધીમાં સારી રીતે વ્યવહારિક કેળવણી સંપાદન કરી, અને તેજ ગામમાં લાંબા સમયથી નિવાસ કરનારા એક ઢુંઢીયાના સાધુ પાસેથી ધર્મ સંબંધી કેટલુંક જ્ઞાન તેમણે પ્રાપ્ત કર્યું. પંજાબ તથા મારવાડમાં ઢુંઢીયાના સાધુઓ વિશેષ પ્રમાણમાં મળી આવે છે. સંવેગી સાધુઓનો પરિચય તે ભાગમાં ઘણો ઓછો હોવાથી આ લોકો પોતાના વિચારો સારા પ્રમાણમાં ત્યાં ફેલાવી શક્યા હતા. ભાઇ મુળચંદ પણ તેજ વિચારોમાં ઉછરેલા હોવાથી, અને તે ગુરૂઓના ઉપદેશદ્વારા વૈરાગ્યભાવ જાગ્રત થયેલો હોવાથી સંવત ૧૯૦૨ ની સાલમાં માતપિતાની સંમતિ મેળવી ૧૬ વર્ષની વયે બુટેરાયજી મહારાજ પાસે ઢુંઢીયા મતની દીક્ષા અંગીકાર કરી.

શ્રીમાન્ બુટેરાયજી મહારાજ પંજાબના રહીશ, અને ઘણા પ્રભાવિક પુરૂષ હતા. તેમના જન્મ પૂર્વે તેમની માતાને એક ફકીરે કહ્યું હતું કે તમારે એક પુત્ર થશે, અને તે નાની વયમાંજ ફકીર થઇ જશે અને તે એક મહાત્મા બનશે. તે પછી તે માતાએ એક પુત્રને જન્મ આપ્યો. તેમણે નાની વયમાંજ ઢુંઢીયા મતની દીક્ષા લીધી અને તેમનું નામ બુટેરાયજી રાખવામાં આવ્યું. શાસ્ત્રોનું શ્રવણ, પઠન તથા મનન કરતાં તેઓશ્રીને જણાયું કે આ પવિત્ર ગ્રન્થોમાં મુહપત્તિ બાંધવાનું કથન નથી, અને પ્રતિમાજી માનવાના પાઠો છે; માટે આ માન્યતા કરતાં શુદ્ધ મત જુદા પ્રકારનો હોવો જોઇએ. તેમના ગુરૂને આ શંકા પૂછી, પણ તેઓ તેનું નિરાકરણ કરી શક્યા નહિ. આ સમયે ઢુંઢીયા મતનું પ્રાબલ્ય વિશેષ હતું, અને સંવેગી મતના ઉપદેશકોનો તે વિભાગમાં મોટે ભાગે અભાવ હોવાથી તેઓ કેટલોક વખત તેજ મતમાં રહ્યા, પણ તે દરમ્યાન તેમણે પોતાના મતની પુષ્ટિ કરી. આ સમયમાં ભાઇ મૂળચંદે

તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. શ્રીમાન્ બુટેરાયજીએ મૂળચંદજી મહારાજને થોડા સમયમાં જણાવી દીધું કે મને આ મતમાં અમુક અમુક શંકાઓ થઇ છે, આજ દીન સુધી તેનો નીકાલ કોઇએ કર્યો નથી. શાસ્ત્રમાં આ કરતાં જૂદી જ પ્રરૂપણા છે, અને આ મત ભૂલ ભરેલો છે. મૂળચંદજી મહારાજ પણ બુદ્ધિમાં ઘણા તીક્ષ્ણ અને બાહોશ હતા, તેથી તેમણે સત્યાસત્યનો નિર્ણય કરવા માંડ્યો. તે મતમાં મોટા ગણાતા સાધુઓને મુહપત્તિ બાંધવાનું અને પ્રતિમા નહિ પૂજવાનું કારણ પૂછ્યું. વળી તેમણે જણાવ્યું કે મુહપત્તિ બાંધવાથી સંમુર્ચ્છિમ જીવની ઉત્પત્તિ થાય છે, પ્રમાણ કરતાં તે મોટી રાખવી પડે છે, તેમાં દોરો નાખવો પડે છે અને અન્ય ધર્મીઓમાં અપહાસ્યને પાત્ર થવાય છે. આ વગેરે અનેક દોષો છે. વળી વિપાકસૂત્રમાં મૃગાપુત્રના અધિકારમાં ગૌતમસ્વામીને મુહપત્તિ બાંધવાનું કહેવામાં આવે છે. જો મુહપત્તિ બાંધવાની પ્રથા પ્રચલિત હોત તો મુહપત્તિ બાંધો એમ કહેવાનું પ્રયોજન ન રહેત. વળી પ્રતિક્રમણમાં બગાસું, છીંક કે ઓડકાર આવે ત્યારે સાધુએ મુખ આગળ મુહપત્તિ રાખવી એવો આદેશ છે. જો મુહપત્તિ બાંધેલી જ હોત તો આમ કહેવાનું કોઇ પણ કારણ હોત નહિ.

વળી પ્રતિમાજીની બાબતમાં જ્ઞાતાસૂત્ર, ભગવતીજી, જીવાભિગમ, ઉપાસગદશાંગ વગેરે અનેક સૂત્રોમાં પાઠ છે, તોપછી શા માટે પ્રતિમાઓ ન માનવી ? આવી તેમની શંકાઓનું કોઇ સમાધાન કરી શક્યું નહિ. ઉત્તર મળે પણ ક્યાંથી? ખોટું ક્યાં સુધી નભે ? આડા અવળા ઉત્તરો આપી સમજાવવા પ્રયત્ન કરવામાં આવ્યા, પણ તેથી તો તેમની શંકામાં ઉમેરો થવા લાગ્યો. વિશેષ સૂત્રો જોતાં પોતાની માન્યતાને વિશેષ પુષ્ટિ મળી; આથી તે મતમાં હવે વધારે વાર રહેવું તેમને યોગ્ય લાગ્યું નહિ. આથી સંવત ૧૯૦૩ માં ગુરૂ શિષ્ય બન્નેએ શુદ્ધ સંવેગ મત અંગીકાર કર્યો, અને લોકોનાં ભલાંને ખાતર યથાર્થ ઉપદેશ દેવાનો પ્રારંભ કર્યો. આ પ્રમાણે આઠ વર્ષ રહી, શુદ્ધ ઉપદેશ આપી અનેક જીવોને શુદ્ધ મતની શ્રદ્ધા કરાવી. આ અરસામાં

ઢુંઢીઆઓ તરફથી અનેક જાતના ઉપદ્રવો થયા હતા. તે ઉપદ્રવો સહન કરવામાં તથા પોતાના મતની સત્યતા સાબીત કરવામાં ગુરૂમહારાજ બુટેરાયજીની સાથે મૂળચંદજી મહારાજ પણ પૂર્ણ મદદ કરતા હતા. તેઓ સં. ૧૯૧૧ માં ત્યાંથી વિહાર કરી ગુજરાતમાં પધાર્યા. પ્રથમ તેમણે સિદ્ધગિરિની યાત્રા કરી ઢુંઢીયા મતમાં રહી કરેલ ઉત્સૂત્ર પ્રરૂપણાના પાપને ધોઇ નાંખ્યું અને પ્રથમ ચોમાસુ ભાવનગરમાં કર્યું. સંવત ૧૯૧૨ માં શ્રી બુટેરાયજી મહારાજ અમદાવાદમાં પધાર્યા, અને નગરશેઠ હેમાભાઇની બ્હેન શ્રીમતી ઉજમ બ્હેનના નાના સરખા મકાનમાં ઉતર્યા. અહીં શ્રીમાન્ મણિવિજયજી દાદાનો સમાગમ થયો. તેઓ મહા શાંત અને પ્રતાપી પુરૂષ હતા. તેઓશ્રી પાસે બુટેરાયજી મહારાજે ફરી દીક્ષા ગ્રહણ કરી. તેમની સાથે મૂળચંદજી મહારાજે પણ ફરીથી દીક્ષા લીધી, અને બુટેરાયજીના નામનો વાસક્ષેપ લીધો. બુટેરાયજીનું નામ બુદ્ધિવિજયજી તથા મુળચંદજીનું નામ મુક્તિવિજયજી રાખવામાં આવ્યું હતું. મહારાજ શ્રી મુક્તિવિજયજી કેટલોક સમય ગુરૂ સાથે રહ્યા, પછી ગામડાઓમાં ફરી અનેક જીવોને પ્રતિબોધ કરી, મારવાડ દેશમાં ગયા, ત્યાંથી પાલનપુર આવ્યા. ત્યાં પણ સારો બોધ આપ્યો. ત્યાં કેટલોક સમય રહ્યા અને ચોમાસું પણ ત્યાંજ કર્યું. ત્યાંથી બોરૂ ગામ પધાર્યા, અને ગામડાના લોકોનો ઘણો ભાવ જોઇ ત્યાં પણ કેટલોક સમય રહ્યા. ત્યાંથી તેઓશ્રી અમદાવાદ પધાર્યા. નગરશેઠ પ્રેમાભાઇએ તેમનો સારો સત્કાર કર્યો, અને તેઓશ્રી ઉજમબેનના મકાનમાં ઉતર્યા. તેઓશ્રીના શુદ્ધ ઉપદેશથી તેમજ તેમના પૂર્ણ ત્યાગ વૈરાગ્ય ભાવથી લોકોપર ઘણી સારી અસર થઈ. તેમજ તે મકાનમાં શ્રોતાજનોની એટલી બધી ઠઠ જામવા લાગી કે બેસવાને માટે પણ પુરતી જગ્યા ન મળતી, વળી નગરશેઠ પ્રેમાભાઇના તમામ કુટુંબની મહારાજશ્રીના ઉપદેશથી ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વિશેષ દઢ થવા લાગી. તેમણે તે વર્ષનું ચોમાસું અમદાવાદમાંજ કર્યું. વ્યાખ્યાનમાં દિન પ્રતિદિન મનુષ્યોનો વિશેષ ભરાવો થવાથી, અને તે મકાનમાં માણસો ન સમાવાથી મહારાજશ્રીના ઉપદેશથી શ્રાવિકારત્ન

ઉજમ બ્હેને પોતાના મકાનને વિશાળ બનાવ્યું. અને તેને ઉજમબાઈની ધર્મશાળા તરીકે પ્રસિદ્ધિમાં મૂક્યું. નગરશેઠના આગ્રહથી તથા ગુરૂમહારાજશ્રી બુદ્ધિવિજયજી મહારાજની વૃદ્ધાવસ્થાને લીધે તથા અત્રે બધી જાતની સગવડ હોવાથી તેમજ સાધુ સમુદાયમાં વધારો કરવા માટે અત્રે રહેવામાં વિશેષ લાભ જણાયાથી તેમનું અમદાવાદમાં વિશેષ રહેવાનું થતું હતું. આ દરમ્યાન ઢુંઢીયા મતનો ત્યાગ કરી પ્રથમ મહારાજશ્રી વૃદ્ધિચંદ્રજી તથા પછીથી મહારાજશ્રી આત્મારામજી વગેરે ૧૫ થી ૨૦ સાધુઓ શ્રીબુદ્ધિવિજયજી મહારાજ પાસે ફરીથી સંવેગીમતની દીક્ષા લેવાને આવ્યા. ગુરૂમહારાજશ્રીના નામની દીક્ષા આપી વૃદ્ધિચંદજીનું નામનું વૃદ્ધિવિજયજી તથા આત્મારામજીનું નામ આનંદવિજયજી રાખવામાં આવ્યું હતું. આ રીતે ઢુંઢક મતમાંથી એક પછી એક સાધુઓના આગમનથી સાધુ સમુદાય વધવા લાગ્યો. વળી તેઓશ્રીએ અમદાવાદ, સુરત, ખંભાત વગેરેના ભાવિક શ્રાવકોને દીક્ષા આપી તેમનાં નામ નીતિવિજયજી, મોતિવિજયજી, જ્ઞાનવિજયજી, ખાંતિવિજયજી, આણંદવિજયજી આપ્યાં અને ગુરૂમહારાજશ્રીના શિષ્યો બનાવ્યા. ધ્રાંગધ્રાના રહીશ બે સગા ભાઇઓને પણ દીક્ષા આપી તેમનાં નામ દેવવિજયજી તથા ગુણવિજયજી રાખ્યાં. આ બે શિષ્યો મુળચંદજી મહારાજશ્રીની ડાબી જમણી ભુજારૂપ સમર્થ વિદ્વાન્ નીવડ્યા. તે પછી બીજા ચાર શ્રાવકોને દીક્ષા આપી તેમનાં નામ ગુલાબવિજયજી, દાનવિજયજી, થોભણવિજયજી અને કમળવિજયજી રાખ્યાં, અને આ ચારને પોતાના શિષ્યો બનાવ્યા. તે સિવાય જે જે શ્રાવકો દીક્ષા લેવા આવતા ગયા, તેમને મારા તારાનો ભેદભાવ ન ગણતાં ગુરૂભાઇ વૃદ્ધિચંદજી, નીતિવિજયજી, મોતીવિજયજી વગેરેના શિષ્યો કરી આપતા હતા અને થોડા સમયમાં શ્રીમાન્ મુક્તિવિજયજી મહારાજના પરિવારમાં લગભગ પોણોસો સાધુઓનો સમુદાય થયો. તેઓ ગચ્છના નાયકની પદવીને યોગ્ય સર્વ ગુણોથી સંપૂર્ણ હોવાથી, શ્રીમાન્ દયાવિમળજી મહારાજે સંવત ૧૯૨૩ માં તેમને યોગોદ્વહન કરાવી ગણિ પદવી આપી હતી. આ કારણથી સર્વ સાધુઓને વડી

દીક્ષા તેઓશ્રી પોતેજ આપતા હતા. આખા સમુદાયમાં ગણિ પદવીવાળા માત્ર તેઓ એકજ હતા. આ પદવીની કિંમત તે સમયમાં વિશેષ અંકાતી હતી, અને આ કારણથી યોગ્ય પાત્રનેજ તે પદવી આપવામાં આવતી હતી. આજકાલ જેમ એક ગુરૂના બધા શિષ્યો ગણિ અને પંન્યાસ બની જાય છે, તેમ તે સમયે બનતું ન હતું. આખા સમુદાયનું સુકાન તેઓશ્રીના હાથમાં હતું. તેઓશ્રીનો પ્રભાવ એટલો બધો પડતો હતો કે તેઓશ્રીનું વચન અન્યથા કરવાની કોઇ સાધુ કે સાધ્વી હિંમત કરી શકતું ન હતું. વૃદ્ધિચંદજી મહારાજ, તથા આત્મારામજી મહારાજ તથા ઝવેરસાગરજી મહારાજ સરખા સમર્થ સાધુઓ પણ તેઓશ્રીની આજ્ઞાઓ અખંડપણે પાળતા હતા.

આત્મારામજી મહારાજશ્રીની વિદ્વત્તા તથા તેમણે પંજાબમાં કરેલા મહા ઉપકારોનો ખ્યાલ લાવી આખા સંઘે તેમને પાલીતાણામાં ૧૯૪૪ ના કાર્તક વદ પાંચમના દિવસે આચાર્યપદવી આપી હતી; છતાં પોતે પોતાના વડીલ ગુરૂભાઈ વૃદ્ધિચંદજી મહારાજશ્રીને જ્યારે ભાવનગરમાં મળ્યા, ત્યારે તેઓ વંદના કર્યા વિના રહ્યા નથી. આત્મારામજી મહારાજ આચાર્ય હોવાથી શ્રીવૃદ્ધિચંદજી મહારાજે વંદના કરવા ના પાડતાં ઉત્તરમાં તેઓશ્રીએ જણાવ્યું કે "મૈં આચાર્ય શ્રાવક લોકકા હું, લેકિન આપકા તો દાસ-સેવક હું." આ પ્રમાણે પોતાની લઘુતા દર્શાવવા શ્રીઆત્મારામજી મહારાજ ચૂક્યા નથી. તેઓશ્રીના નિરાભિમાનપણાનો બોધ વર્તમાનકાળના પદવીધરોએ અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય છે.

સંવત ૧૯૨૧ માં વ્યાખ્યાન વખતે મોઢે મુહપત્તિ બાંધવી કે નહિ તે બાબતની ચર્ચા ઉભી થઇ. એક બાજુએ મહારાજશ્રી મુક્તિવિજયજી હતા અને સામા પક્ષમાં પં. રત્નવિજયજી હતા. શેઠ દલપતભાઈ ભગુભાઈએ સભા ભરી. સામા પક્ષે શાસ્ત્રનો પાઠ ન બતાવતાં પરંપરાને પાઠ તરીકે રજુ કરી; પણ મહારાજશ્રીએ ઓઘનિર્યુક્તિ વગેરે શાસ્ત્રોના પાઠો રજુ કર્યા. સંપાતિમ જીવના રક્ષણ

માટે તથા બોલતી વખતે મુખે મુહપત્તિ રાખવી તથા સૂક્ષ્મ રજ ઉડતી હોય તે વખતે મોઢે મુહપત્તિ બાંધવી. આ પ્રમાણે સૂત્રોમાં પાઠ છે, પણ વ્યાખ્યાન વાંચતી વખતે મોઢે મુહપત્તિ બાંધવી એવો પાઠ કોઈ સ્થળે નથી. વળી પ્રમાદને લીધે ઉડતું થુંક દૂર કરવા આ મુહપત્તિ કોઈએ મોઢે બાંધેલી, તે પાછળથી પરંપરા થઈ ગઈ; પણ તે શાસ્ત્રમાન્ય ગણાય નહિ. આથી સામો પક્ષ હારી ગયો અને મહારાજશ્રીનો વિજય થયો હતો.

વળી મહારાજશ્રીના સમયમાં અત્રે શાંતિસાગરના મતની ચર્ચા ઉભી થઇ હતી. આ મુનિ મહા પવિત્ર અને ક્રિયાપાત્ર રવિસાગરજી મહારાજના શિષ્ય હતા. તે પણ પ્રથમ ક્રિયાકાંડમાં ઘણા સારા ચુસ્ત હતા, પણ પાછળથી ક્રિયાકાંડને–વ્યવહારનયને સર્વથા તિલાંજલી આપી નિશ્ચયનયની પ્રરૂપણા કરવાની શરૂઆત કરી. તેમની મુખ્ય પ્રરૂપણા એ હતી કે આત્માને જરા પણ દુઃખ ન દેવું, આત્માને જાણવાથી પ્રભુપૂજા, સામાયક, પ્રતિક્રમણ, વ્રત, જપ, તપ નિયમો તેમાં સમાઇ જાય છે, માટે આ બધું કરવાની કાંઇ જરૂર નથી. આવી પ્રરૂપણાથી ક્રિયાકાંડના પ્રમાદી જીવોને સારી અનુકૂળતા આવી અને સેંકડો માણસો આ મતમાં દાખલ થવા લાગ્યા. શ્રીમાન્ મુક્તિ વિજયજી ગણિ મહારાજે જોયું કે ધીમે ધીમે આખું શહેર આ મતમાં મળી જશે; કારણકે ઇચ્છામાં આવે તે પ્રમાણે કરવું–ખાવું–પીવું અને આત્માને જાણ્યો એટલે તરત મુક્તિ મળી જાય, એવી પ્રરૂપણાવાળા મતમાં કોણ ના ભળે? વળી આ મતમાં કોઇ પણ જાતનું ખર્ચ ના મળે. પણ જો આ પ્રમાણે મુક્તિ મળતી હોત તો પ્રભુમહાવીરદેવે શા માટે સંસારની મોટી ઋદ્ધિનો ત્યાગ કરી સાધુપણું સ્વીકાર્યું! અને શા માટે બારવર્ષ પર્યન્ત ઘોર તપશ્ચર્યા કરી? બુદ્ધિથી આત્માનું સ્વરૂપ સમજવું એ જુદી વાત છે, અને અનુભવથી આત્માનો સાક્ષાત્કાર કરવો એ જુદી વાત છે, માટે કેવળ આત્મજ્ઞાનની વાત કરવાથી મુક્તિ મળતી નથી, એ ચોકસ વાત છે. **ज्ञान क्रियाभ्यां मोक्षः** જ્ઞાન અને ક્રિયા આ બે સાધન વડે મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ બધી દલીલો તેઓશ્રીએ નગરશેઠ પ્રેમાભાઇ હેમાભાઇને જણાવી, ચર્ચા કરવાનો

નિર્ણય કર્યો. પણ ચર્ચા કરવાને કોઈ સામુ આવ્યું નહિ અને આખરે નગરશેઠ પ્રેમાભાઈએ ટેલીઆ મારફતે આખા શહેરના જૈનલોકોને જણાવી દીધું કે જે કોઈ શાંતિસાગના ઉપાશ્રયે જશે, અને તેના મતમાં મળશે, તે સંઘનો ગુન્હેગાર થશે. આ પ્રમાણે મહારાજશ્રીના ઉપદેશથી નગરશેઠે આખા શહેરમાં ટેલ પડાવી, જેથી હજારો મનુષ્યો આ નવી અસત્કલ્પનામાં જતાં અટક્યાં. મહારાજશ્રીએ આ સિવાય અનેક ઉપકારો આ અમદાવાદના સંઘપર કર્યા છે. તેજ પ્રમાણે મહારાજશ્રીની બધી સગવડો સાચવવાને નગરશેઠ પ્રેમાભાઈએ તથા શેઠ ભુરાભાઇ મોતીચંદે કચાસ રાખી નથી. શેઠ ભુરાભાઈ તો રાતદિવસ મહારાજશ્રીની સેવામાં હાજર રહેતા હતા. કોઈ કારણે કોઈ ધર્મની બાબતમાં તકરાર ઉભી થતી તો શેઠ ગોકળભાઈ ફતેભાઈ તથા જેઠાભાઈ સુરચંદ ભેગા મળી તેનો નીવેડો લાવતા હતા. પૈસાની જરૂર પડતી તો શેઠ ભુરાભાઈ સારી મદદ કરતા હતા. અને આ ત્રણથી પણ જો કોઈ કેસનો ચુકાદો ન થઈ શકે તો શેઠ પ્રેમાભાઈ વચ્ચેપડી તેનો નીવેડો લાવતા હતા. આ પ્રમાણે શેઠ પ્રેમાભાઈ, શેઠ ભુરાભાઇ, શેઠ ગોકલભાઈ, તથા જેઠાભાઈની મદદથી મહારાજશ્રીએ ઘણાને દીક્ષા આપી જૈન શાસનની અપૂર્વ સેવા બજાવી છે. કારણકે તેઓશ્રીની દૃઢ માન્યતા હતી કે આ ધર્મ સાધુમહાત્માઓથીજ સચવાશે. મહારાજશ્રીના અનેક ગુણોમાં આ પણ એક વિશેષ ગુણ હતો કે તેમનામાં મારા–તારાનો ભેદભાવ ન હતો. તેમનો શિષ્ય સમુદાય ૯૦ સાધુઓનો થયો હતો, છતાં પોતાના નામની દિક્ષાતો ફક્ત મુનિ હંસવિજયજી, મુનિ ગુલાબવિજયજી, મુનિ દાનવિજયજી, મુનિ શોભણવિજયજી, તથા મુનિ કમળવિજયજી–આ પાંચ સાધુઓને આપી હતી. બાકીના સાધુઓ ગુરૂભાઇઓના શિષ્ય, પ્રશિષ્ય તરીકે સ્થાપેલ છે. આ તેમનો ઘણો ઉદાર ગુણ હતો.

મહારાજશ્રીએ વડોદરા, બોરૂ, શીહોર, પાલીતાણા વગેરે સ્થળોમાં ચાતુર્માસ કરી લોકોને પ્રતિબોધ આપી મહાન્ ઉપકાર કરેલો છે. પાલીતાણા શીહોર વગેરે કેટલાક સ્થળોમાં યતિવર્ગનું

એટલું બધું જોર હતું કે, સારા ત્યાગી વૈરાગી સાધુઓ વ્યાખ્યાન સરખું પણ વાંચી શકતા ન હતા; તોપછી સામૈયા વિગેરે સત્કારની તો આશાજ કયાંથી ? મહારાજશ્રીએ નગરશેઠ પ્રેમાભાઈની મદદથી આ યતિલોકોથી ઉત્પન્ન થતી તમામ અગવડો દૂર કરાવી દીધી, અને તે દિવસથી ત્યાગી સાધુઓનાં વ્યાખ્યાન તથા સામૈયાંની પણ શરૂઆત તે શહેરોમાં થવા લાગી છે. મહારાજશ્રીના ગુરૂ બુટેરાયજી ( બુદ્ધિ વિજયજી ) મહારાજ વૃદ્ધ થયેલ હોવાથી તેઓશ્રી શેઠ દલપતભાઈ ભગુભાઈના વંડામાં રહેતા હતા. લગભગ બારવર્ષ સુધી શેઠ દલપત-ભાઈના વંડામાં રહ્યા છતાં, શેઠ કોણ અને શેઠાણી કોણ તેની પણ તે મહાત્માને ખબર ન હતી. આખો દિવસ તેઓશ્રી ધ્યાનમાં મગ્ન રહેતા હતાં. તેમના પૂર્ણ સહવાસમાં આવેલા શેઠાણી ગંગાબ્હેન જણાવે છે કે, મેં ઘણા મહાત્માઓને જોયા છે, પણ આ મહાત્માની ટોચે પહોંચે તેવા એક પણ સાધુ મેં જોયા નથી. મહાન્ ભાગ્યોદય હોય તોજ આવા મહાત્માના દર્શન થાય. આ મહાત્માની ભક્તિ તથા વૈયાવચ્ચ માટે કેટલાક સાધુઓ તેમની સાથે ત્યાં રહેતા હતા. શેઠાણી ગંગાબ્હેન તથા શેઠ દલપતભાઈએ પણ તેઓશ્રીની અંત અવસ્થાસુધી પૂર્ણ ભક્તિ કરી મોટું પુણ્ય ઉપાર્જન કરેલ છે. આ યોગી મહાત્માએ સં. ૧૯૩૮ના ફાગણમાસમાં પ્રભુ સ્મરણ કરતાં દેહ છોડી દીધો. તેમની પાછળ શેઠ દલપતભાઇ ભગુભાઇએ ઘણો સારો મહોત્સવ કરી પૂર્ણ ગુરૂભક્તિ દર્શાવી હતી. સંવત ૧૯૨૧માં મહારા-જશ્રીના ઉપદેશથી શેઠ દલપતભાઈએ પાલીતાણાનો સંઘ કાઢ્યો હતો. વળી સં. ૧૯૪૪માં શેઠ દીપચંદ દેવચંદ તરફથી મહારાજશ્રીના ઉપદેશથી પાલીતાણાનો સંઘ ફરીથી કાઢવામાં આવ્યો હતો અને સાધુ સાધ્વીઓના ઘણાં ઠાણાઓ સાથે ચલ્યા હતા. પાલીતાણામાં ઘણા આડંબર સાથે સંઘનો તેમજ મહારાજશ્રીનો પ્રવેશ થયો. ત્યાં આનંદ પૂર્વક યાત્રા કરી તેઓશ્રી ચાતુર્માસ ત્યાંજ રહ્યા. પોતાની પાછળ સમુદાયને સાચવી શકે તેવા યોગ્ય લાયકનર તરીકે શ્રીમાન્ નીતિવિજયજી મહારાજશ્રીના શિષ્ય શ્રીભક્તિવિજયજીને ધારી તેમને

ભવગતીજી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો હતો. પણ તે મુનિશ્રીતો તે યોગોદ્વહન કરતાંજ દેવગત થયા. બીજા કોઈને યોગોદ્વહન કરાવવાનો વિચાર ચાલતો હતો, તેવામાં તે પોતે બિમાર પડયા. સં. ૧૯૪૪નું ચાતુર્માસ પાલીતાણામાં આનંદથી પૂર્ણ થયું હતું, પણ તે બાદ તેઓશ્રીને પગે સહેજ વ્યાધિ જણાયો. પણ પુદ્ગલ ઉપર ઓછી મૂર્છા અને સહનશક્તિ વિશેષ હોવાથી તે બાબતની તેમણે બહુ દરકાર કરી નહિ. અશુભ કર્મરાજાના સૈન્યનો તેઓશ્રીએ અનેક સ્થળે સંહાર કર્યો હતો, તેથી જાણે વૈર લેવા આવ્યો ન હોય, તથા અંતાવસ્થા પૂર્વે સંઘમાં અશુભ કર્મોનો જાણે ક્ષય થઇ જવાનો ન હોય તેમ તે અશુભકર્મના ઉદયે છાતીમાં વ્યાધિ પેદા થયો. થોડા દિવસમાં વ્યાધિએ પોતાનો પૂર્ણ પ્રભાવ જણાવ્યો, આથી છેવટે માગસર વદ ૩ ને દિવસે મહારાજશ્રીને મેનામાં બેસારી ભાવનગર લાવવામાં આવ્યા. ભાવનગર આવતાં સુધી આરામ થવાનાં સર્વ ચિહ્નો જણાતા હતાં; ઔષધોપચાર શરૂ થયા, શરૂઆતમાં સારાં ચિહ્નો જણાયાં, અને ભાવિક ભકતોની મહેનત સફળ થશે એમ લાગ્યું, પણ મનુષ્યનું ધાર્યું શું થાય છે? મનુષ્ય ધારે છે કાંઇ ને થાય છે કાંઇ. કાળની ગતિ વિચિત્ર છે. પાંચમની રાત્રિએ વ્યાધિએ ભયંકર રૂપ લીધું. પ્રાતઃકાળ થતાંજ વૈદ્યો અને ડોકટરો બોલાવવાની દોડા દોડ થઇ રહી, ડોકટરોએ પોતાની સર્વ વિદ્યાઓ અજમાવી, પણ મધ્યાહ્ને તેઓ નિરાશ થયા. મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી, ઝવેરસાગરજી, લબ્ધિવિજયજી, ગંભીરવિજયજી, ગુણવિજયજી આદિ ૨૨ સાધુઓ પોતાના નાયક, ઉપદેષ્ટા અને વડીલ ગુરૂની સેવા કરી રહ્યા હતા, તેઓ મહારાજશ્રીની પાસે આવ્યા. કાળ પણ પાસે આવતાં તેઓના તેજમાં અંજાઈ જઇ નાશી જશે, એવો તે સમયનો દેખાવ હતો; પરંતુ કાળ આગળ મનુષ્યનું ગજું શું ચાલે! ચક્રવર્તી છત્રપતિ, ધનપતિ, મુનિ અથવા ધર્માચાર્ય, અથવા ગમે તેવો પ્રભાવિક પુરૂષ હોય તો પણ કાળ તેના પર પોતાનો પ્રભાવ દાખવી ચાલ્યો જાય છે. અંતે આ દેવાંશી મૂર્તિ કરમાવા લાગી. મુનિજનોએ પરમેષ્ઠી મંત્ર નવકાર મંત્રના અરિહંતાદિ પવિત્ર શબ્દોનું ઉચ્ચારણ કર્યું. મહાન્ પુરૂષોના નામનું ઉચ્ચારણ થયું. સર્વત્ર શાંતિ

વ્યાપી રહી. મુનિજનો તથા શ્રાદ્ધ વર્ગના મુખો ગ્લાન થવા લાગ્યા. અંતે તે પવિત્ર મૂર્તિ કરમાઇ અને માગશર વદ ૬ ને દિવસે બપોરના ત્રણને વીશ મીનીટે આ અસ્થિર, ક્ષણભંગુર, વિનશ્વર દેહને છોડી તેઓશ્રીનો અમર આત્મા સાધુ સાધ્વીઓના એક વિશાલ સમુદાયને શોકગ્રસ્ત દશામાં મુકી દેવલોકમાં ચાલ્યો ગયો.

મુનિરાજો નિરાશ ચ્હેરે સમીપના બીજા ઓરડામાં જઇને બેઠા; શ્રાવક વર્ગ વજ્રહત જેવો થયો. જાણે કે તેઓશ્રી યોગ વિદ્યાનો અભ્યાસ કરતા નહોય, અપૂર્વ પ્રાણાયામ કરતા નહોય, મહાન્ સિદ્ધિને માટે કાયોત્સર્ગ કરતા નહોય, તેમ તેમની કરમાયેલી પણ ભવ્ય મૂર્ત્તિ ઉપરથી દેખનારને કલ્પનાઓ ઉઠતી હતી. ધીમા ધીમા પણ આર્તસ્વરો સંભળાવા લાગ્યા. ધર્મનું સ્થાન જે આનંદનું સ્થાન હતું તે અત્યારે શોક સ્થાન–શૂન્ય સ્થાન જેવું થઇ ગયું. અરેરે ! આજે મુનિઓનું વિશ્રામ વૃક્ષ ભાંગી ગયું. સાધુજનોનો આધાર સ્તંભ તૂટી પડયો, સદ્‌ગુણ રત્નનો ઢગલો વેરાઇ ગયો. સકળ લોકને અનુગ્રહ કરનારા મહાત્માની જગતને પૂર્ણ ખોટ પડી.

હવે અમને મિષ્ટ વચનોથી શાસ્ત્રનો બોધ કોણ આપશે ? અમૃતતુલ્ય દેશનાની ધારાથી સમ્યક્ત્વરૂપ જલનું પાન હવે અમને કોણ કરાવશે? અસદ્‌માર્ગે પ્રવૃત્ત થયેલાને સન્માર્ગ કોણ બતાવશે? આજેજ અમારી અલ્પ પુણ્યતા પ્રકટ થઈ કે જેથી દૈવે કરતલમાં પ્રાપ્ત થયેલું ગુરૂરત્ન છીનવી લીધું. હવે એવા દિવ્ય પુરૂષના દર્શન સ્વપ્નમાં પણ દુર્લભ થયાં; આવાં વચનો મુનિઓ તથા શ્રાવકોના મુખમાંથી મંદ સ્વરે નીકળતાં હતાં. આવાં દુઃશ્રવણ શોકમિશ્રિત વચનો સિવાય બીજું કાંઈ ત્યાં સંભળાતું ન હતું; સૂર્ય પણ આ શોકમય દેખાવથી દિલગીર થયો હોય તેમ અસ્તાચલ પર્વત પર ગયો. તરતજ આખા શહેરમાં આ દુઃખદાયક સમાચાર પ્રસર્યા. સઘળા શ્રાવકોએ પોતાની દુકાનો બંધ કરી. વળી તીર્થંકર તથા ગણધર મહારાજના નિર્વાણ સમયે પૂર્વે જેમ દેવો ભક્તિ કરતા હતા, તેમ શ્રાવકોએ પણ ભક્તિનાં સાધનો એકઠાં કર્યા. સુંદર સોનેરી

વસ્ત્રોથી આચ્છાદિત શિબિકા બનાવવામાં આવી. પ્રાતઃકાળ થયા અગાઉ બેસુમાર શ્રાવકભાઈઓ ઉપાશ્રય પાસે એકત્ર થયા અને એ દિવ્ય પુરૂષના પ્રાણરહિત દેહને સાતમની સવારે આઠવાગે શિબિકામાં પધરાવી દહનાર્થે લઈ ગયા. મોહરાજાને વશ કરવા કોઇ અપૂર્વ મંત્રનું સ્મરણ કરતા હોય અથવા ધ્યાન કરતા હોય, એવા નિર્વિકાર વદનથી સમાધિસ્થ બેઠેલા મહારાજશ્રી મોહરાજા સાથે યુદ્ધ કરવા સૈન્યસહિત પ્રયાણ કરતા હોય તેવો દેખાવ થઈ રહ્યો હતો. એ પવિત્ર દેહને વહન કરવા માટે હજારો ભક્તજનો તે શિબિકાની આસપાસ ફરી વળ્યા. શહેરમાં સર્વત્ર શોક પ્રસરી ગયો. અને " આજે જૈનના મોટા આચાર્યે કાળ કર્યો છે, " એવાં વચનો બોલતા હજારો અન્યદર્શનીઓ તે મહાત્મા પુરૂષની મુખાકૃતિના દર્શનાર્થે રસ્તાપર ગોઠવાઇ ગયા હતા. મહારાજશ્રીએ મોહનીયકર્મનો નાશ કરેલો હોવાથી રડાપીટ વગેરે પાપકૃત્યો ઉપાર્જન કરાવનાર મોહનાં કૃત્યો ત્યાં જણાતાં ન હતા, પણ " જય જય નંદા જય જય ભદ્દા " એવા પવિત્ર શબ્દોનો ધ્વનિ ચારે બાજુએથી સંભળાતો હતો. આ પવિત્ર દેહને શ્મશાનમાં નહિ લઈ જતાં દાદાસાહેબની પવિત્ર જગામાં લઈ જવામાં આવ્યા. ત્યાં શુદ્ધ જગ્યાએ ચન્દનમય ચિતા રચવામાં આવી હતી, અને પછી તે ઉપર શિબિકા પધરાવી અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો. તે દિવસે હડતાલ પાડવામાં આવી હતી. ઘણા જીવોને અભયદાન દેવામાં આવ્યું હતું. જીનમંદિરમાં સુશોભિત આંગી રચવામાં આવી. ગરીબોને દાણા આપવામાં આવ્યા. પશુઓને ઘાસવગેરે આપી અનુકંપાદાન દેવાયું. પાછલા પહોરે ત્રણવાગે દહનક્રિયા પૂર્ણ કરી સશોકવદને શ્રાવકો ઉપાશ્રયે પાછા ફર્યા. ત્યાં શ્રીમાન્ વૃદ્ધિચંદજી મહારાજે શાંતિ અર્થે લઘુશાંતિ સંભળાવી દેવવંદન કરાવ્યું. આ પ્રમાણે જૈન શાસનના સ્તંભરૂપ એક મહાત્માનો લોપ થયો; છતાં તેઓશ્રીની કીર્તિરૂપ સ્તંભ તો કાયમના માટે આ જગમાં ચળકતો રહ્યો છે.

આ મહાત્માના ગુણોનું વર્ણન યથાર્થ કોણ કરી શકે તેમ છે ? છતાં ગુરૂભક્તિ નિમિત્તે અન્યકર્તૃક અષ્ટક આપવામાં આવે છે, જેમાં

ગુરૂ સ્તુતિ તથા વિરહથી ઉત્પન્ન થયેલી ભાવનાઓ પ્રકટ કરવામાં આવી છે.

## श्री मूलचंद्र महात्मनः स्तोत्रम्.

( १ )

**अमात्रकारुण्यपदाय सर्ववित् पथ प्रकाश प्रवणाय धीमते**
**विरक्तमार्गाचरणप्रचारिणे श्रीमूलचन्द्राय महात्मने नमः**

જેનું પરિમાણ ન થઈ શકે એવી કરૂણાના સ્થાનભૂત, સર્વજ્ઞ માર્ગને પ્રકાશ કરવામાં પ્રવીણ, શાસ્ત્રોનાં ગંભીર રહસ્ય જાણનાર, અને વૈરાગ્ય માર્ગની પ્રવૃત્તિનો પ્રચાર કરનાર એવા મહાત્મા શ્રી મૂળચંદ્રજી મહારાજને નમસ્કાર થાઓ.

**प्रतापपूर्णस्य मुखस्य यस्याऽभवत् प्रभावोऽखिल साधु वर्गे ।**
**तमष्टमीचन्द्रललाटपट्टं श्रीमूलचन्द्रं श्रमणं नमामि ॥**

જેના પ્રતાપ પૂર્ણ મુખનો પ્રભાવ સર્વ મુનિમંડળ ઉપર પડતો હતો, અને જેનું લલાટ પટ્ટ ( કપાળ ) અષ્ટમીના ચંદ્ર સમાન ઝળકતું હતું એવા મૂળચંદ્ર શ્રમણને હું નમું છું.

**महामुनीन्द्रा अपि यत्पदाम्बुजे शिरः स्वकीयं विनमय्य भक्तितः ।**
**सेवां विधातुं समुदं ययाचिरे स मूलचन्द्रः खलु कीदृशो भवेत् ।**

જેના ચરણ કમળમાં મ્હોટા મુનીશ્વરો પણ ભક્તિપૂર્વક પોતાનું મસ્તક નમાવી સેવાનો લાભ લેવા હર્ષયુક્ત પ્રાર્થના કરતા હતા, એ મૂળચન્દ્ર મહાત્મા કેવા હશે ?

**एकान्त शीतेन कलंकिना चेन्दुनोपमेयो नहि मूलचन्द्रः ।**
**तमोऽवशी भूत नितान्त तीव्रः सूर्योऽप्यहो नाश्नुति तस्य कोटिम् ॥**

એકાન્ત ઠંડા–તદ્દન ઠંડા અને કલંકયુક્ત એવા ચન્દ્રની ઉપમાને મહાત્મા મૂળચંદ્રજી યોગ્ય નથી. તેમજ તમ ( રાહુ ) ને વશીભૂત અને અત્યન્ત ગરમ એવો સૂર્ય પણ તમો ગુણ રહિત અથવા

અજ્ઞાનથી મુક્ત અને પ્રશાન્તરસમાં ઝીલતા એ મહાત્માની કોટિને પહોંચી શકે નહિં.

**विभीषणं गर्जति तत्र जातुचिद् मृगेश्वरेणोपमिते महात्मनि ।**
**न कोप्यहो कीदृगपि प्रकृष्टधीः शशाक किञ्चिद् वदितुं तदग्रतः ॥**

સિંહ જેવા તે મહાત્મા જ્યારે કદાચિત્ ( પ્રસંગ ઉપર ) ઉગ્ર ગર્જના કરતા ત્યારે કોઇ પણ-ગમે તેવો પ્રખર બુદ્ધિમાન પણ તેમની આગળ જઇ કંઈ બોલવાને હિમ્મત ધરી શકતો નહિ.

**शरत्सुधादीधिति सुन्दरं यन्महाव्रतं सर्वनृणां मनस्सु ।**
**अजीजनद् सम्मदपुरमूचैः समूलचन्द्रो हृदि नः सदा स्यात् ॥**

જે મહાત્માનું શરદ્ઋતુના ચંદ્રની માફક સુંદર એવું મહાવ્રત (એવાં મહાવ્રતો) સર્વ મનુષ્યોના હૃદયોમાં ખુબ હર્ષના પ્રવાહને ઉત્પન્ન કરતું હતું, એ મહાત્મા મૂળચંદ્રજી અમારા હૃદયમાં હમેશાં સ્થિત હો.

**यो जैनसंघे गगने दिनेशो यः सार्वभौमः खलु जैनराज्ये ।**
**मुनीश्वरं तं स्तुतिवर्त्म नेतुं जिह्वासहस्रं न हि मे विषादः ॥**

જેઓ જૈનસંઘ રૂપ આકાશમાં ખરેખર સૂર્ય સમાન હતા, વળી જે જૈન જાતિના રાજ્યમાં એક ચક્રવર્તી સમાન હતા, તે મહાત્માની સ્તુતિ કરવાને મારી પાસે હજાર જીભ નથી, તેજ ખેદની વાત છે.

**असौ महात्मा गतवान् दृशो न स्तद्दर्शनेच्छाविधुरा वयं स्मः ।**
**न सह्यते तस्य वियोगदुःखं तथापि किं कुर्म उपायहीना ॥**

એ મહાત્મા આપણી દૃષ્ટિથી વિદાય થઇ ગયા છે તેઓના દર્શનની ઉત્કંઠાથી આપણે વિહ્વલ છીએ. તેમના વિયોગનું દુઃખ સહન થાય તેમ નથી. પરન્તુ જ્યાં ઉપાય ન હોય ત્યાં શું કરીએ ?

**अलं विषादैः क्रियतां प्रसन्नता दृष्ट्वा तदीयं विमलं यशोवपुः ।**
**तन्नामयुक्तं किमपि प्रणीयताम् कार्यं महद् भक्तिविकासलक्षणम् ॥**

ખેર ! હવે વિષાદ ( ખેદ ) કરવાથી લાભ શો ! તેઓના નિર્મળ યશરૂપી શરીરને જોઇ પ્રસન્ન થાઓ. તેઓશ્રીના નામયુક્ત

કાંઇ મોટું કામ કરવું જોઈએ, અને એજ તેઓના ઉપરની ભક્તિનો વિકાસ થયાનું લક્ષણ છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે તેઓશ્રીના નામની લાયબ્રેરી, પાઠશાળા, કે બોર્ડીંગ સ્થાપન કરી તેઓનું નામ ચીરસ્થાયી કરવું, એ ખાસ ભક્તોનું આવશ્યક કર્મ છે. કેટલેક સ્થળે તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યોના પ્રયાસથી તેમના નામની પાઠશાળા કે લાયબ્રેરી સ્થાપવ માં આવી છે, પણ કોઇ પણ પાઠશાળા કે લાયબ્રેરીએ હજુ સ્થાયી રૂપ આપ્યું હોય, એમ જાણવામાં આવ્યું નથી. આશરે અઢી વર્ષ ઉપર આ લેખકના ઉપદેશથી તથા શા. દલસુખભાઇ માનચંદના પ્રયાસથી નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઇ, શેઠ વીમળભાઇ મણીભાઇ, શેઠ લાલભાઇ દલપતભાઇ તથા શેઠ લાલભાઇ ચમનભાઇ વગેરે સદ્‌ગૃહસ્થોની આર્થિક સહાયથી તેઓશ્રીના નામની એક લાયબ્રેરી અમદાવાદમાં ઉજમફઇની ધર્મશાળાના એક ભાગમાં સ્થાપવામાં આવી છે, પણ તે બહુ નાના રૂપમાં છે. જો આપણામાં તે મહાત્મા પ્રત્યેની ખરી કૃતજ્ઞ બુદ્ધિ હોય તો તે મહાત્માનું સ્મરણ ચિરસ્થાયી રાખવાને આ સંસ્થાને ઘણા મોટા પાયાપર મૂકવાની ખાસ જરૂર છે.

આ મહાત્માનાં પનોતાં પગલાં ગયા પછી પાછળ થોડા સમયમાં આ મોટા સમુદાયમાં કલેશનાં બી રોપાયાં. આ કલેશનાં બીનું મુખ્ય કારણ મારાતારાપણું જ જણાય છે. જે ભેદભાવ આજસુધી કોઇના ખ્યાલમાં નહતો, તે હવે દૃષ્ટિએ પડવા લાગ્યો. મારા શિષ્યોને મોટા યોગોદ્વહન કરાવી કયારે હું તેમને પન્યાસ કે ગણિ બનાવું; આવી અહંવૃત્તિ એક સાધુમાં પ્રકટ થતાં બીજામાં પણ તેવીજ વૃત્તિનો જન્મ થયો. આ પદવીની ખાતર તેમજ પુસ્તકપાનાંની ખાતર આ મહાન્ સમુદાય છિન્ન ભિન્ન થઇ આજે અનેક ભાગમાં વહેંચાયેલો નજરે પડે છે. ખરેખર આ કલિકાળનો પ્રભાવ છે, તે સિવાય આપણે વિશેષ શું કહી શકીએ ? ગૃહસ્થાશ્રમ ત્યાગ કર્યા છતાં મમતા ગઇ નહિ તેનું આ પરિણામ, નહિ તો બીજું શું ?

તેઓશ્રીના પરિવારમાં તેમના મુખ્ય પાંચ શિષ્યો હતાં, જેમના નામ મહારાજ શ્રી હંસવિજયજી, મહારાજ શ્રી ગુલાબવિજયજી, મહારાજ શ્રી દાનવિજયજી, મહારાજ શ્રી થોભણવિજયજી

તથા મહારાજ શ્રી કમળવિજયજી. શ્રી હંસવિજયજી મહારાજના શિષ્ય મહારાજ શ્રી લબ્ધિવિજયજી, મહારાજ શ્રી લબ્ધિવિજયજીના શિષ્ય ઉમેદવિજયજી તથા રંગવિજયજી, શ્રી ઉમેદવિજયજીના શિષ્ય શ્રી હેમવિજયજી. મહારાજ શ્રી ગુલાબવિજયજીના શિષ્ય મણિવિજયજી, મંગળવિજયજી, તથા પદ્મવિજયજી. દાનવિજયજી મહારાજના એક શિષ્ય ધર્મવિજયજી છે. થોભણવિજયજી મહારાજશ્રીના શિષ્ય ગુણવિજયજી અને ગુણવિજયજી મહારાજશ્રીના શિષ્ય સુમતિવિજયજી મહારાજ શ્રી કમળવિજયજી તેઓશ્રીના પટ્ટધર, ગણિ અને પંન્યાસ હતા, અને પાછળથી અમદાવાદના સંઘે તેઓશ્રીને સં. ૧૯૭૩ ના માહ સુદ ૬ ઠે આચાર્ય પદવી આપી હતી. તેઓશ્રીનો સમુદાય ઘણો મોટો છે. તેઓશ્રીના ૧૦ શિષ્ય અને ૨૦ પ્રશિષ્ય છે; અને આ બધાનાં નામ તથા શિષ્યણી વર્ગનાં નામો તેઓશ્રીના જીવન ચરિત્રમાં આવી જતાં હોવાથી અત્રે પુન: તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પરંતુ તેઓશ્રીનો કુલ પરિવાર ૧૫૦ થી ૧૭૫ સાધુ સાધ્વીઓનો છે.

શ્રીમાન્ મુક્તિવિજયજી ગણિ મહારાજશ્રીનો કુલ પરિવાર સાધુ સાધ્વીઓનો મળી લગભગ ત્રણસેંનો હશે.

તેઓશ્રીનાં ચાતુર્માસની ટુંક નોંધ નીચે પ્રમાણે છે. ૧ પાલી-મારવાડ. ૧ પાલણપુર ૧ વડોદરા ૧ બોરૂ, ૧ શીહોર, ૧ પાલીતાણા ૨૭ અમદાવાદ શહેરમાં. આ રીતે કુલ તેમનાં ૩૩ ચોમાસાં થયાં છે.

શ્રીમાન્ મુક્તિવિજયજી ગણિ મહારાજે છેલ્લું ચાતુર્માસ પાલીતાણામાં કર્યું હતું ત્યાંથી તેઓશ્રી ભાવનગર આવ્યા, જ્યાં સં. ૧૯૪૫ ના માગસર વદ ૬ ને દિવસે પ્રભુસ્મરણ કરતા તેઓશ્રીનો અમર આત્મા આ ક્ષણભંગુર વિનશ્વર દેહનો કાયમને માટે ત્યાગ કરી સ્વર્ગમાં ચાલ્યો ગયો. તેઓશ્રીના આત્માને પરમ શાંતિ હો! એજ આ લેખકની સર્વ વાચકો સાથે અંતિમ પ્રાર્થના છે.

તેઓશ્રીના જીવનના ઉપયોગી પ્રસંગોની સાલ નીચે પ્રમાણે છે.

સં. ૧૮૮૬ જન્મ સ્યાલકોટમાં થયો હતો.

સં. ૧૯૦૨ ઢુંઢક મતમાં દીક્ષા ૧૬ વર્ષની વયે.

સં. ૧૯૧૨ સંવેગી દીક્ષા અમદાવાદમાં થઇ.

સં. ૧૯૨૩ ગણિપદવી અમદાવાદ શહેરમાં થઈ.

સં. ૧૯૪૫ કાળધર્મ માગશર વદ ૬ ને દિવસે ભાવનગરમાં થયો.

ॐ शांतिः शांतिः शांतिः

इति श्रीमद् विजयकमलसूरीश्वर शिष्य पं. श्री देवविजय गणि विरचितं श्रीमद् मुक्तिविजय गणि चरित्रम् षट्सप्तत्यधिकएकोन विंशति वर्षे पोश मासस्य कृष्णपक्षे दशम्यां तिथौ राजनगरे समाप्तम् ॥



ॐ अर्हं नमः

श्रीमद् विजयमुक्ति गणि गुरुभ्यो नमः

# श्रीमान् विजयकमल सूरीश्वरजीनुं जीवन चरित्र.


प्रणम्य श्री महावीरं गुरुं च कमलाभिधम् ।
चरित्रं क्रियते तस्य स्वान्योपकृतिहेतवे ॥

## પ્રકરણ ૧ લું.

### ચરિત્રનો ઉદ્દેશ.

જીવન ચરિત્ર લખવાનો રિવાજ ઘણો પ્રાચીન તથા ઘણો ઉપયોગી છે. કારણ કે ઘણા લોકોને તેમાંથી જાણવાનું, સમજવાનું, અને વર્તવાનું ઘણું મળી આવે છે. જે જે સારા યા ખોટા અનુભવો, જે જે સગવડો કે અગવડો તથા જે જે સુખ કે દુઃખ ચરિત્રના નાયકને અનુભવવા પડ્યાં હોય છે, તે સર્વનું જ્ઞાન તે ચરિત્રના વાંચનથી વાંચનારને મળી આવે છે. વાંચક તે તે અગવડો કે દુઃખો અનુભવ્યા સિવાય, તથા તેટલી જીંદગી ગુમાવ્યા સિવાય તેવા અનુભવો મેળવી શકે છે. વળી તે પોતાની જીંદગી નવા અનુભવો તથા વિવિધ પ્રકારની ચેતવણીઓ સાથે શરૂ કરે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જીવન ચરિત્ર વાંચનાર થોડી મહેનતે અને સમયનો વિશેષ ભોગ આપ્યા સિવાય ઘણી ત્વરાથી પોતાના માર્ગમાં આગળ વધી શકે છે. કોઇ પણ મહાન્ પુરૂષના ચરિત્ર ઉપરથી ઉપર જણાવેલો બોધ મળી શકે છે. જ્યારે પોતાના પૂજ્ય ગુરૂ દેવનું ચરિત્ર લખવાનું હોય છે, ત્યારે શિષ્યો ઘણી વાર તેમાં અતિશયોક્તિના રંગ પૂરે છે અથવા

આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરીશ્વરજી.



જન્મ સં. ૧૯૧૩ દીક્ષા સં. ૧૯૩૬

પંન્યાસપદ સં. ૧૯૪૭

આચાર્ય પદ સં. ૧૯૭૩ સ્વર્ગવાસ સં. ૧૯૭૪.

આનંદ પ્રેસ—ભાવનગર.

તો લોકોમાં શ્રદ્ધા પણ ન બેસી શકે તેવી વાતો રજુ કરે છે. આથી વાંચનારને આવા ચરિત્ર ઉપર અશ્રદ્ધા થાય છે, અથવા તેમાં વર્ણવેલી બાબતનું અનુકરણ કરતાં તેવા પ્રકારનો લાભ મળતો નથી, ત્યારે તે ઉત્સાહ રહિત બને છે અતિશયોક્તિથી જીવન ચરિત્ર લખવામાં જીવન ચરિત્રના નાયકને લાભ થતો નથી, એટલુંજ નહિ પણ વાંચનારને પણ લાભ થતો નથી.

કોઈ પણ મનુષ્યના જીવન ચરિત્રમાં શ્વેત તથા શ્યામ બન્ને બાજુઓ હોય છે. ચરિત્રમાં બન્ને બાજુઓ આવવી જોઇએ કે જેથી વાંચનારને ગુણ દોષ વિચારવાનું, ગુણ ગ્રહણ કરવાનું તથા દોષ ત્યાગ કરવાનું બની આવે. પણ એવો સમય હજુ હિંદુસ્થાનને વાસ્તે દૂર છે કે જ્યારે બન્ને બાજુઓને નિરૂપણ કરનારાં ચરિત્રો તેમના ભક્તો તરફથી લખી શકાય. આવી બાબત તો ચરિત્રનાયક પોતે લખે તોજ લખી શકાવા સંભવ છે, કારણ કે તેમની ભૂલોની, તેમના મનના સંક્લિષ્ટ અધ્યવસાયોની બીજાને શી રીતે ખબર પડે ? માટે આ જીવન ચરિત્રમાં તો જે જે મોટી બાબત તો વ્યવહારમાં–પ્રસિદ્ધિમાં આવી હોય તેજ લખાવાનો સંભવ છે. આથી પણ ચરિત્ર લોકોપયોગી થયા વિના રહેતું નથી. એક આખું જીવન ચરિત્ર વાંચી ગયા પછી વાંચનાર જો સૂક્ષ્મ દૃષ્ટિવાળો હોય તો વિચારપૂર્વક ગ્રહણ કરવા યોગ્ય બાબતો ગ્રહણ કરે, ત્યાગ કરવા યોગ્ય બાબતો ત્યાગ કરે, અને પોતાના આત્માનું કાયમનું હિત થાય તેવી વસ્તુઓને અમલમાં મૂકે.

આ ચાલુ ચરિત્ર તેવા કોઇ મહાન્ સમર્થ પુરૂષનું કે અવતારી પુરૂષનું નથી કે તેમાંથી વાંચનાર વિશેષ અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત થવાની આશા રાખી શકે; છતાં એટલું તો નિર્વિવાદ છે કે ચાલુ જમાનના જે સાધુ પુરૂષો છે, તેમાં અમુક અપેક્ષાએ આ પુરૂષ ઉચ્ચ ચારિત્રવાન્ સરલસ્વભાવી, નિષ્કપટી, શાંતપ્રકૃતિવાળા અને પૂર્ણ આત્માર્થી હતા. તેઓ પ્રાચીન વિચારવાળા અને ક્રિયા કાંડમાં પ્રવીણ હતા, પણ તે સાથે પોતાના શાંતિપ્રિય જીવનવડે ચાલુ જમાનના મુનિ-

ઓના જીવન કરતાં ઉચ્ચકોટિના જીવનવાળા હતા. તેઓ શાંતિને ઇચ્છનાર અને અનુભવનાર હતા. જેઓએ તેમના અહોનિશ હસતા અને પ્રકાશિત ઉજ્જવળ ચહેરાને જોયો છે, તેઓ એમજ કહે છે કે તે પરમશાંત મૂર્તિ, આનંદિત, પ્રસન્ન વદનવાળા અને સર્વને પ્રિય લાગતા હતા. તેમના જે અનેક ગુણો મારા જેવાને અનુકરણીય છે, તે તે ગુણોના સ્મરણ નિમિત્તે તથા ગુરૂદેવની ભક્તિ નિમિત્તે તેઓશ્રીએ જે જે બાબતોની નોંધ પોતાના હાથે કરી છે, તે નોંધ ઉપરથી કોઇ પણ જાતની અતિશયોક્તિ વિના આ જીવન ચરિત્ર લખવા ધાર્યું છે. ગુણગ્રાહી જીવો આ જીવન ચરિત્રમાંથી હંસની માફક દુઃધ જેવી ઉજ્જવળ બાબતો ગ્રહણ કરશે, તો આ લેખક આ લેખ લખવાનો પોતાનો પ્રયાસ સફળ થયેલો સમજશે.

## પ્રકરણ ૨ જું.

### જન્મ સ્થાન.

ऐंद्र श्रेणिनतं श्रीमान्नंदतान्नाभिनन्दनः ॥
उद्धार युगादौ यो जगदज्ञानपंकतः ॥

અર્થ—જે પ્રભુએ યુગની આદિમાં આ જગતનો અજ્ઞાનરૂપી કાદવથી ઉદ્ધાર કર્યો, તે ઇંદ્રોની શ્રેણીએ નમેલા નાભિરાજાના પુત્ર શ્રીમાન્ આદીશ્વર પ્રભુ જયવંતા વર્તો.

જે સ્થાન શ્રી ઋષભદેવ પ્રભુના ચરણકમળથી પવિત્ર થયેલું છે, જ્યાંથી પુંડરિક ગણધર વગેરે અનંત જીવો મોક્ષે ગયેલા છે, જ્યાંથી ભાવિકાલમાં અનંત જીવો મોક્ષે જશે, જ્યાં અનેક મહાત્માઓએ અનશન કરી આત્મકલ્યાણ સાધ્યું, અને જે ગિરિરાજની વર્તમાનકાળમાં પણ અનેક જીવો સેવા કરી રહ્યા છે, અને જે દ્રવ્યશત્રુ તથા ભાવ શત્રુનો જય કરવાથી શત્રુંજયના યથાર્થ નામને પાત્ર છે, તે શત્રુંજય ગિરિરાજ સૌરાષ્ટ્ર દેશમાં શોભી રહેલો છે. આ ગિરિ-

રાજની તલેટીમાં પાલીતાણા નામનું એક સુંદર નગર છે. જે સુંદર અને વિશાળ કિલ્લાથી શોભિત છે, અને જે વાવ, કુવા, તળાવ, તથા મોટાં ઉદ્યાન, દાનશાળાઓ, પાઠશાળાઓ, તથા અનેક ધર્મ-શાળાઓને લીધે વિભૂષિત થયેલું છે. આ નગરમાં ક્ષત્રિયવંશ વિભૂષણ મહા પ્રતાપી પ્રતાપસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો.

આ નગરના લોકો મહા ધનવાન, દાનેશ્વરી, વિવેકી, દેવગુરૂનું પૂજન કરનારા, દુઃખી પ્રત્યે દીલસોજી ધરાવનારા, અને પરોપકારી હતા. અનેક જીનાલયોની ફરકતી ધ્વજાઓથી નગરની શોભામાં અધિક વધારો થયો હતો. ધર્મ શાળાઓ અનેક ત્યાગી, વૈરાગી અને સાધુ સંત પુરૂષોથી દીપતી હતી. વળી અનેક સ્થળે થતા સુંદર ધર્મનાં વ્યાખ્યાનોથી ભવ્ય પુરૂષોનાં હૃદયો ધર્મભાવનાથી વાસિત બની ગયાં હતાં.

આવા મહા પવિત્ર અને ધર્મના સ્થાનરૂપ પાલીતાણા શહેરમાં રાધનપુર નિવાસી કોરડીયા કુટુંબના પ્રસિદ્ધ પામેલા નેમચંદ નાગજી પોતાના કુટુંબ સાથે કેટલાંક વર્ષથી પાલીતાણામાં આવીને વસ્યા હતા. આ કુટુંબ ગર્ભશ્રીમંત, આબરૂદાર તથા રાજમાન્ય હતું. શેઠ નેમચંદને ત્રણ પુત્રરત્ન અનુક્રમે થયા હતા. તેમનાં નામ મુળચંદ, હીરાચંદ અને દેવચંદ હતાં. આ ત્રણ ભાઇઓ વચ્ચે પર-સ્પર સારો પ્રેમ હતો; અને તેઓએ વ્યાવહારિક કેળવણી સારી લીધી હતી. સૌથી નાનાભાઇ દેવચંદ વ્યવહાર કાર્યમાં ઘણા કુશળ તથા વેપારના કામમાં બહુ બાહોશ હતા. તેમનું લગ્ન ગામ વરતેજના શેઠ શ્યામજી જસરાજના પુત્રી બ્હેન મેઘબાઇ નામની સુશિક્ષિત કન્યા સાથે થયાં હતાં. અનુક્રમે મેઘબાઇને ત્રણ પુત્ર જન્મ્યા હતા. તેઓનાં નામ પાનાચંદ, ગોરધન અને કરસન હતાં. તે પછી કેટલોક સમય વ્યતીત થયા બાદ એક દિવસ મેઘબાઇએ સ્વપ્નની અંદર એક સાધુમહાત્માને જોયા, અને ભાવથી તેમને વંદન કર્યું. પ્રાતઃકાળમાં પ્રભુપૂજન કરી, ગુરૂમહારાજ પાસે જઇ, તેઓશ્રીને ભાવથી વંદન કરી પોતે રાત્રિમાં અનુભવેલ સ્વપ્ન ગુરૂમહારાજને કહી બતલાવ્યું અને

તેનું શું ફળ આવશે તે સવિનય પૂછયું. ગુરૂમહારાજે શ્રુતજ્ઞાનનો ઉપયોગ મૂકી મેઘબાઈને જણાવ્યું કે, તમને એક ઉત્તમ મહાભાગ્યશાળી પુત્રરત્ન થશે, અને તે પુત્ર નાની વયમાં જ લગ્ન કર્યા વિના બાળબ્રહ્મચારી તરીકે દીક્ષા ગ્રહણ કરશે, અને તે એક મહાત્મા રૂપ થશે. આવાં ગુરૂમહારાજનાં વચનો સાંભળી મેઘબાઇના હર્ષનો પાર રહ્યો નહિ. તે પછી મેઘબાઈને ગર્ભ રહ્યો, અને અનુક્રમે ગર્ભવૃદ્ધિ પામતાં તેના મનમાં દોહદ ઉત્પન્ન થવા લાગ્યા કે અભયદાન દઉં, દેવગુરૂનું પૂજન કરૂં વગેરે. આ દોહદ શેઠ દેવચંદભાઇએ સંપૂર્ણ કર્યા. અને નવમાસ પૂર્ણ થતાં સંવત ૧૯૧૩ ના ચૈત્ર શુદ બીજને સોમવારે ધર્મપરાયણ મેઘબાઇએ એક સુંદર પુત્ર રત્નને જન્મ આપ્યો. શેઠ દેવચંદભાઈએ પુત્રજન્મનો સારો ઓચ્છવ કર્યો; અને દેવ ગુરૂ વંદન તથા પૂજન કર્યું અને ગરીબોને છુટથી દાન આપ્યું તથા બારમે દિવસે પુત્રનું નામ 'કલ્યાણચંદ' પાડયું તે પછી મેઘબાઈએ અનુક્રમે એક પુત્રી અને એક પુત્રને જન્મ આપ્યો. તેમનાં નામ મોતી બ્હેન તથા ત્રિભુવન રાખવામાં આવ્યાં હતાં. આ પ્રમાણે કલ્યાણચંદને ચાર ભાઇ અને એક બ્હેન હતાં. જ્યારે કલ્યાણચંદનું વય સાત વર્ષનું થયું ત્યારે દેવચંદ શેઠને પાલીતાણા દરબાર સાથે કોઈ કારણસર મતભેદ થયો. હવે વિશેષ વિરોધ ઉત્પન્ન થવાનો પ્રસંગ જણાતાં તે પાલીતાણા છોડી ભાવનગર શહેરમાં જઇ વસ્યા. આ સ્થળે કલ્યાણચંદની વ્યવહારિક કેળવણીની શરૂઆત થઇ કરસનભાઇ તથા કલ્યાણચંદભાઈનો અભ્યાસ સાથે ચાલતો હતો. થોડા વર્ષમાં તેઓએ ગુજરાતી પાંચમા ધોરણનો અભ્યાસ પૂરો કર્યો. વિદ્યાભ્યાસમાં બન્ને ભાઇઓ ઘણા હુશીઆર નીવડયા. કલ્યાણચંદ ભાઇ વર્ગમાં પ્રથમ નંબર રાખતા ત્યારે કરશનભાઇ બીજો નંબર રાખતા હતા. આ પ્રમાણે તેર વર્ષમાં ભાઇ કલ્યાણચંદે વ્યવહારિક કેળવણીમાં ગુજરાતી છ ચોપડીઓ અને બે ઇંગ્લીશ પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. આ સમયે શેઠ દેવચંદભાઈને ભાવનગરમાં વ્યવહારિક સાધનોની અનુકુળતા નહિ જણાયાથી તેઓ પાલીતાણા રાજ્યના પરવડી ગામમાં જઈને રહ્યા. જેથી ભાઇ કલ્યાણચંદ વિશેષ

વ્યાવહારિક કેળવણી લઇ શકયા નહિ, કારણ કે પરવડી ગામમાં કેળવણી વિશેષ લેવાનું સાધન ન હતું. આથી ભાઇ કલ્યાણચંદ પોતાનો વ્યાવહારિક અભ્યાસક્રમ આટલેથી બંધ કરી પોતાના પિતાને તેમના વ્યાપારના કામમાં મદદ કરવાને જોડાયા. આ વ્યાપારના કાર્યમાં જોડાયાને એક વર્ષ પણ પુરૂં થયું નહિ હોય તેવામાં દેવચંદ શેઠ બીમાર પડ્યા અને થોડા દિવસની બીમારી ભોગવી, પ્રભુ સ્મરણ કરતાં પોતાની પાછળ એક વિધવા તથા પાંચ પુત્રો તથા એક પુત્રી તથા બીજું પણ બહોળું કુટુંબ મૂકી આ ફાની દુનિયાનો ત્યાગ કરી ચાલ્યા ગયા. આ બનાવ સં. ૧૯૨૭ના જેઠ વદ પાંચમને દિવસે બન્યો. આ બનાવથી આ કુટુંબ ઉપર એક ભારે આફત આવી પડી; પણ ભાવી અન્યથા થવાનું નથી. એમની સાથે પોતાનો આટલોજ સંબંધ હશે. એમ વિચારી તેમના કુટુંબી જનો ધીમે ધીમે શોક ઓછો કરવા લાગ્યા. ભાઇ કલ્યાણચંદની વય નાની હોવાથી પિતાનો વિરહ તેમને સાલવા લાગ્યો; પણ ત્રણ વડિલ બંધુઓ શિર છત્ર રૂપ હોવાથી તે દુઃખ વિશેષ જણાયું નહિ. વડિલ બંધુ પાનાચંદ તથા તેમના પત્ની ગોમતીબાઇની ધર્મ પ્રત્યે સામાન્ય પ્રકારની લાગણી હતી; પણ તેમની હાક જબરી હતી અને તેમનાથી ઘરના બધા માણસો ડરીને ચાલતા હતા. તેમને વીઠલદાસ તથા રણછોડદાસ નામના બે પુત્ર હતા. બીજા ભાઇ ગોરધનને જકલ નામે પત્ની હતી. તે બન્નેનો ધર્મ પ્રત્યે સારો રાગ હતો, અને તેઓ ભાઇ કલ્યાણચંદને સામાયિકાદિ ધર્મ કૃત્યો કરવામાં પ્રેરણા કરતા હતા. તેમને પ્રેમચંદ નામે એક પુત્ર હતો અને સંતોક નામે એક પુત્રી હતી. ત્રીજા ભાઇ કરશનની પત્નીનું નામ પારવતી હતું. તે બન્નેને પણ ધર્મ ઉપર સારી રૂચિ હતી. તેમને સંતતિમાં સમરત નામે એક પુત્રી હતી. ભાઇ કલ્યાણચંદે લગ્નજ કર્યું નહતું. બાળબ્રહ્મચારી પણામાંજ તેમણે દીક્ષા ગ્રહણ કરી હતી. પાંચમા ભાઇ ત્રિભોવનની પત્નીનું નામ ઓતમ હતું. ધર્મ પ્રત્યે તેઓનો રાગ સામાન્ય હતો. તેમને અંજવાળી નામની એક પુત્રી હતી. છઠ્ઠા બ્હેન મોતી બ્હેનને ગારીયાધાર શેઠ કલ્યાણજી ખોડાને ત્યાં પરણા-

વવામાં આવ્યા હતા તેમને સંતતિમાં ચાર પુત્ર અને ત્રણ પુત્રી હતાં તે સિવાય શેઠ મુળચંદ તથા શેઠ હીરાચંદનું બહોળું કુટુંબ ગણવામાં આવે તો બધું મળી આશરે ૫૦ માણસોનું તેમનું કુટુંબ હતું.

ભાઇ કલ્યાણચંદને કામ પ્રસંગે પાલીતાણા જવા આવવાનું થતું હતું અને ત્યાં શાંત મૂર્તિ શ્રી વૃદ્ધિચંદજી મહારાજના સમાગમમાં કોઇ કોઇ પ્રસંગે આવવાનું થતું હતું. મોટા ભાઇ પાનાચંદની ઘરમાં જબરી હાક વાગતી હોવાથી કલ્યાણચંદને વ્યવહારિક કર્તવ્યમાં લક્ષ આપવું પડતું હતુ; છતાં તેઓ માતુશ્રીની તન મન ધનથી બનતી સેવા કરતા હતાં. માતુ શ્રી મેઘબાઇએ પોતાના પતિના મરણ બાદ સંસારની ખટપટ મોટે ભાગે જતી કરી હતી, અને તે પોતાની જીંદગી સામાયિક, પ્રતિક્રમણ, તીર્થ યાત્રા વગેરે ધર્મ કૃત્યોમાં પરોવતાં હતા. મેઘબાઇ સંવત ૧૯૩૧ ના કાર્તક માસમાં બીમાર પડયા અને ફક્ત છ દિવસની બીમારી ભોગવી પ્રભુ સ્મરણ કરતાં તેમનો આત્મા કાર્તક વદ ૧ ને દિવસે આ સંસાર છોડી સ્વર્ગ ગમન કરી ગયો આથી કુટુંબ ઉપર બીજી આફ્ત આવી પડી; પણ જન્મનારને વાસ્તે મરણ નક્કી છે ત્યાં પછી બીજો ઉપાય શો ? આથી ભાઇ કલ્યાણચંદની વૈરાગ્ય વૃત્તિને વિશેષ પોષણ મળ્યું. પણ વડીલબંધુ પાનાચંદભાઈની હયાતીમાં પોતાના મનોરથ સફળ થશે નહિ એમ પોતાને ખાત્રી હોવાથી પોતે દીક્ષા ન લેતાં ગૃહમાં રહી સાધુ જીવન ગાળવા લાગ્યા. સંવત ૧૯૩૪માં ભાઇ પાનાચંદ બીમાર પડયા. સાત દીવસની બીમારીમાં ભાઇ પાનાચંદ મરણ પામ્યા અને તેમનો આત્મા પરલોક વાસી થયો. મોટાભાઇ પાનાચંદના મરણથી ભાઇ કલ્યાણચંદ વાસ્તે ચારિત્ર ગ્રહણ કરવાનો માર્ગ ખુલ્લો થયો. છતાં પોતે દેશકાલના જાણકાર હોવાથી કુટુંબને દિલાસો આપવાના હેતુથી બે વર્ષ સુધી કુટુંબ ભેગા રહ્યા. સંવત ૧૯૩૬માં ભાઇ કલ્યાણચંદે—આપણા ચરિત્ર નાયકે દીક્ષા ગ્રહણ કરી, આ સંબંધીનું વિશેષ વૃત્તાંત આવતા પ્રકરણમાં આળેખવામાં આવશે. થોડા સમયમાંઆ મોટા કુટુંબમાંથી ઘણા પુરૂષો તથા સ્ત્રીઓ મરણ પામ્યા. હાલમાં ફક્ત ચાર માણસ

હયાત છે. પુરૂષવર્ગમાં ભાઇ કરશન તથા ગુલાબચંદ હયાત છે, અને સ્ત્રીવર્ગમાં ગોરધન ભાઇની પત્ની તથા ત્રિભોવન ભાઇની પત્ની વિદ્યમાન છે. કર્મની ગતિ વિચિત્રછે. આવું કર્મનું સ્વરૂપ નજરે જોવા છતાં જો મનુષ્યને વૈરાગ્ય ન થાય તો તે ખરેખર આશ્ચર્ય પામવા જેવી વાત છે.

## પ્રકરણ ૩ જું.

### દીક્ષા ગ્રહણ.

પ્રસિદ્ધ પાલીતાણા શહેરમાં શાંતમૂર્તિ શ્રીમાન્ વૃદ્ધિચંદજી મહારાજ ચતુર્માસ રહેલા હતા. તેઓશ્રી મહા પવિત્ર અને શાંતરસના ખજાનારૂપ હતા. તેઓશ્રીના દર્શનથીજ તેમના વંદન અર્થે આવનારા લોકોના હૃદયમાં ઘણી સારી છાપ પડતી હતી. પરવડીથી પાલીતાણે જતા આવતાં ભાઇ કલ્યાણચંદ શ્રીવૃદ્ધિચંદજી મહારાજશ્રીના સમાગમમાં આવ્યા હતા, અને તેઓશ્રી પાસે પ્રસંગે પ્રસંગે જવા આવવાથી તથા તેમના મુખકમળથી ધર્મોપદેશ સાંભળવાથી તેમની ધર્મ ઉપર વિશેષ શ્રદ્ધા થઇ, અને તેમણે સામાયક, પ્રતિક્રમણ, પૌષધ, પ્રભુપૂજા, ગુરૂવંદન વગેરે ક્રિયાઓ પૂર્ણ પ્રેમની લાગણીથી કરવાની શરૂઆત કરી સાથે આવશ્યકાદિ નિત્ય ક્રિયાઓનો અભ્યાસ આરંભ્યો. વળી ગુરૂ મહારાજ તરફથી મળતા સંસારની અસારતાના બોધની પ્રબળ અસર કલ્યાણચંદભાઇ ઉપર થવા લાગી હતી, આથી તેમનો આત્મા વૈરાગ્ય વાસનાથી રંગાવા લાગ્યો. પ્રારંભમાં વૈરાગ્ય ભાવના તીવ્ર હોય છે, તે ન્યાયે ભાઇ કલ્યાણચંદે પોતાના આત્માનું શ્રેય સાધવા જ્ઞાન પંચમીનો તપ યાવત્ જીવ પર્યંત અંગીકાર કર્યો, અને તે સાથે વીંટસી મુઠશી ઇત્યાદિ અભિગ્રહો લીધા; વળી તેમણે પાંચ માસ સુધી એકાસંનાદિ વ્રત કર્યું, તે પછી ૧૯૩૬ માં ભાઇ કલ્યાણચંદનું પાછું ભાવનગરમાં રહેવાનું ઠર્યું. આ ભાવનગરમાં શ્રીમાન્ વૃદ્ધિચંદજી મહારાજનું રહેવું વિશેષ ભાગે થતું હતું. તેમના સમાગમથી

ભાઇ કલ્યાણચંદ્રે નવપદજીનું આરાધન શરૂ કર્યું અને ચારિત્ર લેવાની ઇચ્છા થતાં શરૂઆતની ભૂમિકા તરીકે યાવજજીવ બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. તેમજ સાધુ જીવનને ઉપયોગી આચારો—જેવા કે સંથારા ઉપર શયન કરવું, સચિત્ત વસ્તુનો ત્યાગ, ઉષ્ણ જળનું પાન વગેરે—અમલમાં મૂકવાનો અભ્યાસ પાડવા લાગ્યા. આમ કરવાનો હેતુ એજ હતો કે, સાધુ જીવનમાં તે તે બાબતોની અડચણો ન નડે. આજ કાલ સાધુપણામાં કેટલાકની સ્થિતિ ડામાડોળ થઇ ગયેલી જોવામાં આવે છે, તેનું ખાસ કારણ એજ છે કે તેઓ સાધુ પણાને યોગ્ય ક્રિયા કરવાનો કોઇપણ પ્રકારનો અભ્યાસ પાડયા સિવાય ઘણીવાર સાહસ કામ કરે છે. આવી સ્થિતિ પોતાની ન થાય તેવા હેતુથી ભાઇ કલ્યાણચંદ્રે દીક્ષા લીધા પૂર્વે સાધુપણાને લાયક તમામ આચાર વિચાર જાણવા તથા કરવાનો અભ્યાસ પાડી દીધો હતો. આ અભ્યાસને અંગે જ્યારે તેઓની પૂર્ણ પ્રતીતિ થઇ કે સંયમ પાળવામાં તેમને કોઇપણ જાતની અડચણ નડશે નહિ, ત્યારે સંયમ લેવા સંબંધીનો પોતાનો નિર્ણય શ્રીવૃદ્ધિચંદજી મહારાજને જણાવ્યો. ગુરૂ મહારાજશ્રીએ તે વિચારને પુષ્ટિ આપી, પણ ભાવનગરમાં ભાઇ કલ્યાણચંદનું બહોળું કુટુંબ વસતું હોવાથી, તેમની આજ્ઞા વગર આ દીક્ષાનું કામ ત્યાં બનવું મુશ્કેલ લાગવાથી અમદાવાદમાં જ્યાં શ્રીવૃદ્ધિચંદજીમહારાજના વડિલ ગુરૂભાઇ ગચ્છાધિપતિ **શ્રીમાન મૂક્તિવિજયજી ગણિ મહારાજ** ચાતુર્માસ રહેલા હતા, તેમની પાસે ભાઇ કલ્યાણચંદને દીક્ષા વાસ્તે મોકલી દીધા. આ કાર્યમાં ભાવનગર નિવાસી શેઠ ઝવેરભાઈ ભાઇચંદની પણ સહાય હતી. શ્રીમાન્ મુક્તિવિજયજી ગણિજી મહારાજ એક મહા પ્રતાપી અને આતાપનામકર્મવાળા પુરૂષ હતા. તેઓશ્રીની એવી તો હાક વાગતી હતી કે કોઇ સાધુ કે શ્રાવક તેમના મુખમાંથી નીકળેલો બોલ અન્યથા કરવા સમર્થ ન હતો. વળી મહારાજશ્રીને નગર શેઠ પ્રેમાભાઇ હેમાભાઇની મદદ પણ પુરતી હતી. આથી તેઓશ્રી ધારેલું કામ નિર્વિઘ્ને સાંગોપાંગ પાર પાડતા હતા. પ્રથમ તો શ્રીમુક્તિ વિજયજી મહારાજે

ભાઇ કલ્યાણચંદનો વૈરાગ્ય રંગ બહારનો છે કે અંતરનો છે, તેની પરીક્ષા કરી. પરીક્ષામાં તે પસાર થયા. કલ્યાણચંદભાઇનો વૈરાગ્ય રંગ અંતરંગનો છે, એમ ખાત્રી થવાથી દીક્ષા આપવાની તૈયારી કરી; પણ ભાઇ કલ્યાણચંદ ભાવનગરથી અમદાવાદ દીક્ષા નિમિત્તે આવી પહોંચ્યા, તે વાતની તેમના વડીલ બંધુઓ ગોરધનભાઇ તથા કરશનભાઇને ભાવનગરમાં ખબર પડી, એટલે તરતજ તેઓ અમદાવાદમાં મહારાજશ્રી પાસે આવ્યા અને કલ્યાણચંદભાઇને પાછાં લઇ જવા જવા માટે ઘણો પ્રયાસ કર્યો. છેવટે પાલીતાણામાં સાથે રહી દીક્ષા અપાવવાનું બ્હાનું કાઢી તેમને ભાવનગર લઇ જવાની યુક્તિ કરી, અને ભાઇ કલ્યાણચંદે સાથે પાછા જવા માટે હા પણ પાડી; પણ પાછળથી તેમને લાગ્યું કે આ એક ખોટું બ્હાનું છે, ઘેર લઇ જઇને કોઇ દીક્ષા અપાવશે નહિ, એમ તેમને જણાયું. તેથી ભાઇ કલ્યાણચંદે બન્ને ભાઇઓને પોતાનો છેવટનો નિર્ણય જણાવી દીધો અને વિશેષમાં ઉમેર્યું કે આ શહેરમાંથી દીક્ષા લીધા સિવાય બહાર નીકળવાના મારે પચ્ચખાણ છે. આમ તેમનો દ્દઢ નિશ્ચય જોઇ બન્ને ભાઇઓ કહેવા લાગ્યા " હાલમાં ચાર માસ સુધી અભ્યાસ કરો અને આગળ ઉપર અમે અમારા હાથે દીક્ષા અપાવીશું." આમ કહી બન્ને ભાઇઓ ખિન્ન વદને પાછા ફર્યા. ભાઇ કલ્યાણચંદનો તરત દીક્ષા લેવાનો આગ્રહ બહુ તીવ્ર હોવાથી તથા શ્રેયકાર્યમાં બહુ વિઘ્નો નડે છે એવી પ્રથા હોવાથી શ્રી મુક્તિવિજયજી મહારાજ શ્રીએ પોતાના મુખ્ય શિષ્ય મુનિશ્રી ગુલાબ વિજયજી સાથે તેમને નજીકના ગામડામાં મોકલી દીધા. જ્યાં ભાઇ કલ્યાણચંદને સંવત ૧૯૩૬ના વૈશાક વદ ૮ને દિવસે ગચ્છાધિપતિ શ્રી મુક્તિવિજયજી ગણિજીના નામથી દીક્ષા આપવામાં આવી, અને તેમનું નામ મુનિશ્રી કમલવિજયજી રાખવામાં આવ્યું. ત્યારપછી તરતજ અમદાવાદમાં ગુરૂમહારાજશ્રી પાસે તેમને લાવવામાં આવ્યા હતા. આ દીક્ષાના સમાચાર ભાવનગરમાં તેમના કુટુંબને મળ્યા. કે તરતજ ભાઇ ગોરધન તથા તેમના મોટાભાઇના પાનાચંદના પત્ની બ્હેન ગોમતી બન્ને જણ અમદાવાદ આવી પહોંચ્યા અને ભાઇ કલ્યાણચંદને પાછા લઇ જવા માટે

પ્રયત્ન કર્યો; પણ છેવટે નગરશેઠ પ્રેમાભાઇ હેમાભાઇ તથા શેઠ ગોકળભાઇ ફતેભાઇએ તે બન્નેને શાંતિથી ઘણા સમજાવ્યા ત્યારે તેઓ પણ અંતે શાંત થયા, મહારાજશ્રીને વંદના કરી, મોહના ઉછાળાથી કરેલ પ્રયત્ન માટે માફી માગી પાછા ઘેર વિદાય થયા. અત્રે મહારાજશ્રી કમળવિજયજીએ પોતાનો અભ્યાસ શરૂ કર્યો અને થોડા સમયમાં સાધુ પ્રતિક્રમણ તથા સાધુ ઉપયોગી ક્રિયા સંપૂર્ણ કરી. આથી ગુરૂમહારાજશ્રીએ વડી દીક્ષાના યોગ સંવત ૧૯૩૬ આસો વદી બીજને દિવસે શરૂ કરાવ્યા અને ૧૯૩૭ ના કાર્તિક વદી ૧૨ ના દીવસે મોટી દીક્ષા ઘણા ઉત્સાહપૂર્વક અમદાવાદમાં મહારાજશ્રીએ પોતાના નામથી આપી.

## પ્રકરણ ૪ થું.

### વિદ્યાભ્યાસ.

શ્રીમદ્ મુક્તિ વિજય ગણિજી મહારાજશ્રીના ગુરૂ મહારાજ શ્રી બુટેરાવજી ( શ્રી બુદ્ધિ વિજયજી ) મહારાજ એક મહાન્ આધ્યાત્મિક પુરૂષ હતા. તેઓશ્રી મૂળ પંજાબના રહીશ હતા. તેઓ વૃદ્ધાવસ્થામાં વિહાર કરવાને અસમર્થ હોવાથી મોટે ભાગે અમદાવાદમાં રહેતા હતા. તેમની સેવા માટે અને સાધુ સમુદાયની સગવડ માટે શ્રીમાન મુકિત વિજય ગણિજીનું અમદાવાદમાં વિશેષ રહેવું થતું હતું. આ કારણથી મુનિશ્રી કમળવિજયજીને અમદાવાદમાં ગુરૂ પાસે સ્થિર રહી અભ્યાસ કરવાનો ઘણો અનુકુળ પ્રસંગ મળ્યો. સંવત ૧૯૩૬–૩૭–૩૮ ના ત્રણ ચોમાસા અમદાવાદમાં થયાં. આ પ્રસંગે ભણવાની સાથે સૂત્રના આરાધન નિમિત્તે યોગોદ્વહન કરવાનો પણ ઘણો અનુકુળ સમય તેમને મળી આવ્યો. યુવાવસ્થામાં તપશ્ચર્યા ઘણી લાભ કારી છે, કારણ કે વિકારો ઉપર કાબુ મેળવવામાં તે ઉત્તમ શસ્ત્રનું કામ સારે છે. આ કારણથી ગુરૂશ્રીએ તેમને ઉત્તરાધ્યયનસૂત્ર, આચારાંગ સૂત્ર, કલ્પસૂત્ર, નિશીથ સૂત્ર, મહાનિશીથ સૂત્ર

નંદીસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર, સૂયગડાંગસૂત્ર, ઠાણાંગસૂત્ર, અને સમવાયાંગ સૂત્રના યોગ કરાવ્યા. આ તપશ્ચર્યાના અંગે જો કે તેઓશ્રી વિશેષ અભ્યાસ ન કરી શક્યા છતાં "જે થાય તે સારા માટે" એ ન્યાયે યુવાવસ્થામાં કરેલી તપશ્ચર્યા અને તે કરવાની પડેલી ટેવ આગળ ઉપર તેમને ઘણાજ ઉપયોગી થઇ પડયાં. આ ત્રણ ચાતુર્માસમાં તેઓ-શ્રીએ જીવ વિચાર, નવતત્વ, દંડક, સંઘયણી, કર્મગ્રંથ વગેરે પ્રકરણોનો અભ્યાસ કર્યો. સંવત ૧૯૩૯ ના માર્ગશીર્ષ માસમાં મહારાજશ્રી નીતિવિજયની સાથે મુનિ શ્રી કમળવિજયજીએ કપડવંજ તરફ વિહાર કર્યો. અને ત્યાં ચંદ્રિકા વ્યાકરણનો અભ્યાસ શરૂ કર્યો. ત્યાંથી ૧૯૪૦ માં ગુરૂભાઇ શ્રી દાનવિજયજી મહારાજ પાસે વડોદરે ગયા. શ્રી દાનવિજયજી વ્યાકરણ તથા ન્યાયમાં મહા વિદ્વાન ગણાતા હતા. તેમની પાસે તેઓ વ્યાકરણ તથા ન્યાયનો અભ્યાસ કરવા માટે રહ્યા. સંવત ૧૯૪૦-૧૯૪૧ તથા ૧૯૪૪ ના ત્રણ ચોમાસાં વડોદરા કરી વ્યાકરણમાં સારસ્વત તથા ચંદ્રિકા તથા કાવ્યમાં રઘુવંશ, કિરા-તાર્જુનીય તથા માઘ કાવ્ય વગેરે તથા ન્યાયમાં તર્ક સંગ્રહ દીપીકા, નીલકંઠી વગેરે સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કર્યો. વડોદરેથી અમદાવાદ પાછા આવી મહારાજશ્રી ગુણવિજયજી પાસે તેમણે ઉત્તરાધ્યયનસૂત્ર ટીકા સાથે વાંચ્યું. ત્યાંથી વિહાર કરી પોતાના પ્રતિબોધક ગુરૂ શ્રી વૃદ્ધિચંદજી મહારાજ પાસે ભાવનગર ગયા, ત્યાં મહારાજ શ્રી ઝવેરસાગરજીનો મેળાપ થયો. આ શ્રી ઝવેરસાગર મહારાજ સૂત્રસિદ્ધાંતમાં ઘણાજ પ્રવીણ હતા અને તર્ક વિતર્કમાં પણ ઘણા નિપુણ હતા. શ્રીમાન્ મુક્તિ વિજય ગણિ મહારાજને તેઓ પોતાના ગુરૂ સમાન ગણતા હતા અને તેમના ઉપકા-રના ઋણમાં દબાયેલા હોય તેમ તેમના તરફ પૂજ્યભાવ રાખતા હતા. ગુરૂશ્રીના ઋણનો બદલો તેમના શિષ્યોને આપવા ઇચ્છતા હોય તેમ તેમના શિષ્યો તરફ ઘણી મમતા રાખતા હતા, તેમજ તેમને ઘણા ચાહતા હતા. આના પુરાવા તરીકે આપણે જણાવીશું કે તેઓ શ્રીએ મુનિરાજશ્રી કમળ વિજયજીને ઘણા ભાવ પૂર્વક આચારાંગસૂત્ર ટીકા સાથે ભણાવવા શરૂ કર્યું. આચારાંગ સૂત્ર પૂર્ણ થતાં પન્નવણાજી

સૂત્રનો અભ્યાસ શરૂ કર્યો. આમ અનુક્રમે ઝવેરસાગરજી મહારાજ પાસે ભગવતી સૂત્ર તથા સટીક નંદિસૂત્ર તથા અનુયોગ દ્વાર સૂત્ર વૃત્તિ તથા લોક પ્રકાશ, જ્ઞાતા સૂત્ર વગેરે વાંચ્યા. તે સિવાય જાતે તેમજ બીજાઓ પાસે કલ્પસૂત્ર વૃત્તિ, ઉવવાઇ સૂત્ર, ધર્મ રત્ન કરંડક, અનુત્તરો વવાઇ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, ઉપદેશ માળા વૃત્તિ, શત્રુંજય મહાત્મ્ય, આત્મ પ્રબોધ, શ્રાદ્ધવિધિ વાસુ પૂજ્ય ચરિત્ર, ધમ્મિલ ચરિત્ર, પાંડવ ચરિત્ર, વૈરાગ્ય કલ્પલતા, ષડ દર્શન સમુચ્ચય, સમરાદિત્ય ચરિત્ર, શાંતિનાથ ચરિત્ર, પાર્શ્વનાથ ચરિત્ર, મહાપાળ ચરિત્ર, દાન પ્રકાશ, ગુણસ્થાન ક્રમારોહ, સુલસા ચરિત્ર વગેરે અનેક નાના મોટા ગ્રન્થોનો તેઓશ્રીએ અભ્યાસ કર્યો હતો. ભણવા ભણાવવાની તેઓની લાગણી બેહદ હતી. ચારિત્ર લીધું ત્યારથી આરંભી પોતાની અંત અવસ્થા સુધી તેઓએ કદાપિ પઠન પાઠન છોડયું નથી. પોતાના વિદ્વાન્ શિષ્યો પાસેથી પણ જ્ઞાન લેવામાં તેઓશ્રીએ જરા પણ લજ્જા ગણી નથી. **बालादपि हितं ग्राह्यं** બાળક પાસેથી પણ હિતકારીવાત ગ્રહણ કરવી આ મહાવાકયને તેઓ યથાર્થ અનુસરતા હતા. તેઓનો આ ખરેખર અનુમોદન કરવા લાયક ગુણ હતો.

## પ્રકરણ ૫ મું.

### પન્યાસ પદવી તથા આચાર્ય પદવી.

મહારાજશ્રી મુક્તિવિજયજી ગણિજીના દેવગમન પછી યોગોદ્વહન કરાવી વડી દીક્ષા આપે તેવું એટલા મોટા સમુદાયમાં તે સમયે કોઇ પણ વિદ્યમાન ન હતું, કારણ કે તે સમયે યોગોદ્વહનની પ્રથા હાલની માફક બહુ પ્રચલિત ન હતી, વળી અત્યારે એક ગુરૂના ચાર પાંચ શિષ્યો પંન્યાસ થાય તેવું તે સમયે નહતું. નાના મોટાની આમ્નાય બહુ જાળવવામાં આવતી હતી, અને બરાબર અધિકાર જોઇનેજ તે પદવી આપવામાં આવતી હતી. શ્રીમાન્ મુક્તિવિજયજી મહારાજશ્રીએ પોતાની હયાતીમાં નીતિવિજયજી મહારાજશ્રીના

શિષ્ય મુનિરાજશ્રી ભક્તિવિજયજીને ભગવતીસૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો હતો. પણ તેઓશ્રી તો તે યોગોદ્વહન પૂર્ણ થાય તે પૂર્વે દેવગત થયા હતા. તે ઘણા શાંત સ્વભાવના હતા. આ સમયે સાધુ સમુદાયનું સુકાન શ્રીમાન મુક્તિવિજયજી ગણિશ્રીના હાથમાં હતું. તેમને મારા તારાનો ભેદભાવ નહતો. તેઓ બીજા કોઇને યોગોદ્વહન કરાવવાના વિચારમાં હતા. તેટલામાં તેઓ શ્રીનું અવસાન સં. ૧૯૪૫ ના માગસરવદ ૬ ને સોમવારે ભાવનગરમાં થયું. વળી તેમની પાસે મુનિરાજ શ્રી દેવવિજયજી તથા ગુણવિજયજી નામના બે મોટા વિદ્વાન્ શિષ્યો હતા. તે બંને ગૃહસ્થાશ્રમમાં ભાઇઓ હતા. અને ધ્રાંગધ્રાના રહીશ હતા. વળી તે બંને બુદ્ધિમાં ઘણા તીક્ષ્ણ હતા અને ગુરૂશ્રીના પરમ આજ્ઞાંકિત ભકત હતા. તેમજ તેઓ તેમના જમણા તથા ડાબા હાથ રૂપ ગણાતા હતા. તે બંન્ને પણ ગુરૂમહારાજની આગળ પાછળ થોડા સમયને અંતરે કાળ ધર્મ પામ્યા. એટલે આખા સમુદાયમાં કોઇ એવા મુનિરાજની ખાસ જરૂર હતી કે જે યોગોદ્વહન કરાવી વડી દીક્ષા આપી શકે. સાધુઓ તથા સાધ્વીઓનો પરિવાર દિન પ્રતિદિન વધવા લાગ્યો. અને યોગોદ્વહન કરાવનારના અભાવે વડી દીક્ષા વગરના સાધુ સાધવીઓનો વધારો થયો. આ ઉપસ્થિત થયેલી સ્થિતિને પહોંચીવળવા માટે મહારાજશ્રી ઝવેરસાગરજીએ આ સમુદાયની સગવડ સાચવવાનું કામ હાથ ધર્યું અને મારવાડ તરફ વિચરતા પંન્યાસશ્રી હેતવિજયજીને લીંબડી મુકામે બોલાવી તેમની પાસે મુનિરાજશ્રી કમળવિજયજીને તથા મુનિરાજશ્રી આણંદવિજયજીને ભગવતીસૂત્રના યોગ કરાવવા શરૂ કર્યા. સંવત ૧૯૪૭ ના માહા શુદ ૫ મે યોગમાં પ્રવેશ કરવામાં આવ્યો અને યોગોદ્વહનની સાથે ભગવતીસૂત્રનું વાંચન પણ મહારાજશ્રી ઝવેરસાગરજીએ શરૂ કરાવ્યું. આજકાલ શાસ્ત્ર વાંચન વિનાજ યોગોદ્વહન થાય છે, પણ તેમણે તેમ ન કરતાં બંને કામ સાથેજ આરંભ્યા, એ ઘણું સ્તુતિ પાત્ર હતું. યોગોદ્વહન પૂર્ણ થતાં સં. ૧૯૪૭ ના જેઠ સુદ ૧૩ ને દિવસે બંને મુનિરાજોને ગણિ પદ તથા પંન્યાસપદ લીંબડીમાં આપવામાં આવ્યાં તે સમયે ઘણી ધામધુમ થઇ હતી.

આ પ્રસંગ ઉપર અમદાવાદથી નગરશેઠ મણિભાઇ પ્રેમાભાઇ તથા શેઠ જેસીંગભાઈ હઠીભાઈ વગેરેએ ખાસ પધારી ગુરૂભક્તિ દર્શાવી હતી. આ પ્રસંગે તે લીંબડી ગામના સંઘે પણ અષ્ટાહ્નિકા મહોત્સવાદિ ધર્મક્રિયામાં ઘણો સારો ભાગ લીધો હતો. તે વર્ષનું ચોમાસું ત્યાં લીંબડીમાંજ થયું હતું. ચાતુર્માસમાં ધર્મ કૃત્યો ઘણાં સારાં થયાં હતાં. પ્રાચીન તેમજ નવીન મંદિરમાં પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી; અને આ પ્રસંગે પણ અષ્ટાહ્નિકા મહોત્સવ થયો હતો, આ તમામ ધર્મક્રિયાનું ખર્ચ બાઇ પુરબાઇએ આપ્યું હતું.

કાળની ગતિ ગહન છે. કરમને શરમ નથી. મહારાજશ્રી ઝવેરસાગરજીને તેજ ચોમાસામાં ભાદરવા સુદ ૫ થી સખ્ત માંદગી શરૂ થઈ અને ત્રણ માસ સુધી અશાતા વેદની કર્મ ભોગવી આ ફાની દુનિયાનો ત્યાગ કરી પ્રભુ સ્મરણ કરતાં સ્વર્ગમાં ચાલ્યા ગયા. તેઓના દેહાવસાનથી આ સમુદાયને ઘણો ભારે ધક્કો લાગ્યો હતો, પણ કાળ આગળ કોઇનું જોર ચાલતું નથી. તેમની માંદગીના પ્રસંગે આ ચારિત્રના નાયક મહારાજશ્રીએ તથા તેઓના નવા શિષ્ય મુનિશ્રી આનંદસાગરજીએ ઘણી સારી શુશ્રૂષા કરી હતી. મુનિરાજ શ્રી ઝવેરસાગરજીનું દેહાવસાન સં ૧૯૪૮ ના કાર્તક વદ ૧૨ સે થયું. આથી તેઓને ભારે દીલગીરી થઇ. એવામાં નગરશેઠ મણિભાઇએ મહારાજશ્રીને અમદાવાદ પધારવા માટે વિનંતી કરવાને પોતાની માતુશ્રીને ખાસ લીંબડી મોકલ્યા હતા, તેથી મહારાજશ્રીએ અમદાવાદ તરફ વિહાર કર્યો. પંન્યાસ પદવી લીધા પછી અમદાવાદમાં તેમનો પ્રથમ પ્રવેશ થતો હોવાથી નગરશેઠ મણિભાઇ પ્રેમાભાઇએ તેમનો સારો સત્કાર કર્યો હતો; અને સં. ૧૯૪૮ નું ચોમાસું પણ તેમણે અમદાવાદમાં કર્યું. ચાતુર્માસ પછી ઝવેરી વાડીલાલ વખતચંદે કેસરીઆજીનો સંઘ છરી પાળતો કાઢયો. તે સંઘની સાથે તેઓ માગસર માસમાં યાત્રાર્થે નીકળ્યા, અને પોસ શુદ ૭ મે તેઓ શ્રી કેસરીયાજી આવી પહોંચ્યા. ત્યાંથી પોષીના પાર્શ્વનાથ, ઇડર, તારંગાજી, શીપોર, વડનગર, માણસા, પેથાપુર થઇ માહ શુદ ૫ મે

પાછા અમદાવાદ આવ્યા. પંન્યાસ પદવી લઈ તેઓશ્રીએ ઘણા સાધુઓ તથા સાધ્વીઓને વડી દીક્ષાના તથા મોટા યોગોદ્વહન કરાવ્યા છે. વળી તેમણે પોતાને હાથે શ્રીમાન્ વૃદ્ધિચંદજી મહારાજશ્રીના શિષ્ય મુનિરાજશ્રી ચતુરવિજયજીને તથા શ્રીમાન્ હંસવિજયજી મહારાજશ્રીના શિષ્ય મુનિરાજ શ્રી સંપતવિજયજીને તથા શ્રીમાન આત્મારામજી મહારાજશ્રીના પ્રશિષ્ય મુનિશ્રી સુંદરવિજયજીને પન્યાસ પદવી તથા ગણિપદવી અર્પણ કરેલ છે. તેમજ પોતાના શિષ્ય મુનિરાજ શ્રી કેસરવિજયજીને પણ પોતેજ પન્યાસ પદવી તથા ગણિ પદવી આપેલી છે. આ પ્રમાણે અનેક સ્થળે ધર્મનાં શુભ કૃત્યો કરાવતા હતા, અને અનેક ભવ્ય પુરૂષોને ધર્મ માર્ગમાં જોડતા હતા. આવી રીતે શુભ પ્રવૃત્તિ કરતા તેમજ ગ્રામાનુગ્રામ વિહાર કરતા સંવત ૧૯૭૨ માં પાછા અમદાવાદ પધાર્યા. તે સમયે નગર શેઠ વિમળભાઇ મયાભાઇ, શેઠ સારાભાઇ ડાહ્યાભાઇ, શેઠ મણિભાઇ દલપત ભાઇ, શેઠ જગાભાઇ દલપતભાઇ, વિગેરે શ્રાવકો ગંગાબાઇ શેઠાણી વિગેરે શ્રાવીકાઓ તથા સાધ્વીયોમાં દેવશ્રીજી, પ્રેમશ્રીજી, ગુલાબશ્રીજી, વિગેરે ચતુર્વિધ સંઘ તરફથી મહારાજશ્રીનો સારો સત્કાર થયો હતો. અત્રે મહારાજશ્રી સાથે લગભગ ૨૦ સાધુઓ હતા. આગમ વાચના અત્રે હોવાથી બીજા પણ કેટલાક સાધુઓ અત્રે વિદ્યમાન હતા. આ મોટા મંડળનું સંમેલન થવાથી પઠન પાઠનમાં ખલેલ પડવાના કારણથી મહારાજશ્રી શેઠ ડાહ્યાભાઇ અનોપચંદના નવા મકાનમાં શેઠ સારાભાઈ ડાહ્યાભાઇની વિનંતીથી ચાતુર્માસ રહ્યા અને ચાતુર્માસમાં શેઠ સારાભાઇએ મહારાજશ્રીની તન મન અને ધનથી પૂર્ણ સેવા કરી હતી. ૧૯૭૨ ના શ્રાવણ શુદ ૫ થી મોટા યોગોદ્વહનની ક્રિયા શરૂ થઇ. શ્રીમાન ખાંતીવિજયજીદાદાના શિષ્ય મુનિશ્રી મોહનવિજયજી મહાનિશીથ સૂત્રના યોગમાં હતા, અને બીજા કેટલાક સાધુઓ તથા સાધ્વીઓ જુદા જુદા યોગોદ્વહન કરતા હતા. ભાદરવા સુદી પુનમે મહારાજશ્રીએ મુનિશ્રી દેવવિજયજીને ભગવતીજી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો ત્યારપછી બે બે દિવસના આંતરે મુનિશ્રી મોહનવિજયજીને તથા મુનિશ્રી લાભવિજયજીને પણ ભગવતી સૂત્રના યોગમાં નાંખ્યા.

આ પ્રમાણે સાધુ સાધ્વી મળી પચાસ વ્યક્તિઓને મોટા યોગોદ્વાહન કરાવ્યા. વળી શેઠ સારાભાઈ ડાહ્યાભાઇની માતુશ્રી શ્રાવિકા ઉજળીબ્હેનને ઉપધાન કરવા ઇચ્છા થઇ, અને તેમણે તે ઇચ્છા મહારાજશ્રીને પ્રદર્શિત કરી સંવ ૧૯૭૨ ના કાર્તક વદ ૬ ને દિવસે ઉપધાનની ક્રિયાનો આરંભ થયો. શ્રાવક તથા શ્રાવિકા મળી ૨૦૦ મનુષ્યોએ એ ઉપધાનની ક્રિયાનો લાભ લીધો હતો. ઉપધાનનુ સર્વ ખર્ચ શેઠ સારાભાઈ ડાહ્યાભાઇ તરફથી કરવામાં આવ્યું હતું. ઉપધાનની ક્રિયા નિર્વિઘ્ને આનંદથી પરિપૂર્ણ કરવામાં આવી. અને ઉપધાનની માળ પહેરવાનું મુહુર્ત સંવત ૧૯૭૩ના મહા સુદ ૬ ને રવિવારનું નિર્ણિત કરવામાં આવ્યું હતું. તેમજ ત્રણ મુનિઓને પંન્યાસ પદવી તથા ગણિ પદવી આપવાને વાસ્તે પણ તેજ દિવસ મુકરર કરવામાં આવ્યો હતો. દરેક સમુદાયમાં આચાર્ય છે, તો પછી આ સમુદાયમાં પણ આચાર્ય હોય તો ઘણું સારૂં, એમ તેમના કેટલા ભાવિક સાધુઓ તથા શ્રાવકો તરફથી મહારાજશ્રીને આચાર્ય પદ ગ્રહણ કરવા માટે પ્રેરણા કરવામાં આવી મહારાજશ્રી ઘણા ભોળા અને સરલ હૃદયના હતા. આ બાબતમાં તેમણે પોતાના શિષ્યોની ખાનગી સલાહ લીધી. હવે પ્રેરણા કરનાર તેમજ સલાહ આપનાર એના એ સાધુ હોવાથી તેઓએ સંમતિ આપી અને મહારાજશ્રીએ તે સંમતિ સ્વીકારી. અને તે માટે શેઠ વખતચંદ ખુશાલ તરફથી નગર શેઠ વીમળભાઇ મયાભાઈની સહીથી દેશો દેશ કંકોતરી મોકલવામાં આવી. મુંબઈ, સુરત, વડોદરા, એવલા પુના, વઢવાણકાપ, લીંબડી, રાજકોટ, વાંકાનેર, પાલીતાણા શીહોર, ભાવનગર વગેરે ઘણા શહેરોના ભાવિક શ્રાવકોએ આપવામાં આવનારી પદવી ઉપર પધારી પૂર્ણ ગુરૂ ભક્તિ બતાવી હતી. સં ૧૯૭૩ના માહ સુદ ૬ને રવીવારના દિવસે સવારના નવ વાગતાં મુનિશ્રી દેવવિજયજી, મુનિશ્રી મોહન વિજયજી, તથા મુનિશ્રી લાભ વિજયજી આ ત્રણ મુનિઓને ગણિ પદવી માટે મહારાજશ્રીએ ક્રિયા કરાવવા શરૂઆત કરી. અત્રે સાડા દશવાગે મહારાજશ્રીએ તથા ચતુર્વિધસંઘે ત્રણે મુનિઓને પ્રથમ ગણિ પદવીનો અને પછી પંન્યાસ પદવીનો વાસક્ષેપ નાખ્યો. તે પણ મહારાજશ્રીએ

પોતે આચાર્ય પદવી માટેની ક્રિયાનો પ્રારંભ કર્યો; અને ત્રણે નવીન પંન્યાસોએ તે ક્રિયામાં મદદ કરી. ક્રિયા સંપૂર્ણ થતાં આચાર્ય પદ માટેનો વાસક્ષેપ પ્રથમ પં. દેવ વિજયજી, પં. મોહન વિજયજી પં. લાભવિજયજી તથા મુનિશ્રી કનક વિજયજી અને મુનિશ્રી ભાવ વિજયજીએ નાખ્યો. પછી પ્રવર્તિની સાધ્વી ગુલાબશ્રીજી, પુન્યશ્રીજી પ્રેમશ્રીજી, હરખશ્રીજીએ વાસક્ષેપ નાખ્યો. શ્રાવક સમુદાયમાંથી નગર શેઠ કસ્તુરભાઈ તથા વિમળભાઇ તથા;શ્રાવિકા વર્ગમાંથી શેઠાણી ગંગાબાઇ, મુક્તાબાઈએ વાસક્ષેપ નાખ્યો. ઉપર પ્રમાણે વાસક્ષેપ નંખાયા પછી ચતુર્વિધસંઘે વાસક્ષેપ નાખી વિજયકમલસૂરિશ્વર નામ સ્થાપન કરી મહાવીર દેવની જયધ્વનિ કરીને સાથે મુળચંદજી મહારાજશ્રી ના નામનો વિજયધ્વનિ પણ કરવામાં આવ્યો હતો. તે પછી નગરશેઠ કસ્તુરભાઇ તથા વિમળભાઇ તથા શેઠાણી ગંગા બ્હેન તથા મહાલક્ષ્મી બ્હેન તરફથી કપડાં તથા કામળી વગેરે આચાર્ય શ્રીને તથા ત્રણ નવીન પંન્યાસોને ઓઢાડવામાં આવ્યા હતાં.

ચતુર્વિધ સંઘે પણ કપડા તથા કામળીનો વરસાદ વરસાવી ગુરૂ ભક્તિ સારા રૂપમાં પ્રદર્શિત કરી હતી. આ સર્વ ક્રિયા નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈના વંડે કરવામાં આવી હતી. તે સમયે ( ચતુર્વિધ સંઘ સર્વ મળી ) ૧૦ થી ૧૨ હજાર મનુષ્યો એકત્ર મળ્યા હતા.

આ પ્રમાણે પદવીની ક્રિયા સંપૂર્ણ થયા પછી બરાબર સાડા બાર વાગતાં વિજય મુહૂર્ત આવવાથી શ્રાવિકા બ્હેન ઉજળી બ્હેન તથા રતન બ્હેનને પ્રથમ માળ પહેરાવી, પછી તમામ-બ્હેનો તથા ભાઇઓને માળ પહેરાવવામાં આવી. આ પ્રમાણે માળ પહેરવાનો મહોત્સવ પૂર્ણ થતાં શેઠ સારાભાઇ ડાહ્યાભાઇ તરફથી તથા ચેવલા વાળા શેઠ રંગીલદાસ દેવચંદ તરફથી આવેલા શેઠ ભાગચંદ ભાઇ ચતુર તરફથી શ્રીફળની બે પ્રભાવના થઈ. સાંજના ચાર વાગે મેળાવડો ખલાસ થયો. પદવી દાન તથા ઉપધાન નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિ સ્નાત્ર સારી ધામધુમથી કરવામાં આવ્યા હતાં. મહા વદ ૩ ના દિવસે અત્રેથી વિહાર કરી મહારાજશ્રી વગેરે લગભગ ૧૨ સાધુઓ તથા ૧૫

સાધ્વીઓ ચેવલાવાળા શેઠ ખુબચંદ રામચંદના સંઘમાં યાત્રા નિમિત્તે પાલીતાણે પધાર્યા. ફાગણ સુદ ૧૩ના દિવસે મોટા સામૈયા પૂર્વક સંઘ સાથે આચાર્યશ્રીએ પાલીતાણામાં પ્રવેશ કર્યો, અને ૧૯૭૩ નું ચાતુર્માસ સંઘનાં આગ્રહથી અત્રેજ કરવામાં આવ્યું હતું. ચાતુર્માસમાં ઉપધાન તથા મોટા યોગોદ્વહન વિગેરે ધર્મ ક્રિયા સારીરીતે ઉજવવામા આવી હતી.

## પ્રકરણ ૬ ઠું.

### સ્વર્ગ ગમન.

શ્રીમાન્ વિજય કમલસૂરીશ્વર મહારાજે સંવત ૧૯૭૩નું ચાતુર્માસ પાલીતાણામાં કર્યું, તેમણે સં.૧૯૭૪ના માગશર માસમાં ત્યાંથી વિહાર કર્યો. નાના ગામડાઓમાં વિચરી ભવ્ય પુરૂષોને પ્રતિબોધ કરતા કરતા તેઓશ્રી ભાવનગર પધાર્યા. ત્યાંના સંઘ તરફથી તેમનો સારો સત્કાર કરવામાં આવ્યો હતો. ત્યાં વિચરતા પં. ચતુરવિજયજી, ઉતમવિજયજી, ભક્તિવિજયજી તેમને મળ્યા ત્યાં થોડો સમય રહી તેઓ ગોઘા પધાર્યા. ત્યાંના સંઘે પણ તેમનો ઘણો સારો સત્કાર કર્યો. ત્યાં વિચરતા વયોવૃદ્ધ વડિલ ગુરૂ બાંધવ શ્રીમાન્ ગુલાબવિજયજી મહારાજનો સમાગમ થયો. આ છેલ્લો મેળાપ હોય, તેમ તેઓએ પોતાના તરફથી કાંઈપણ વૈમનસ્ય થયું હોય તેને માટે ખમાવી, પરસ્પર ક્ષામણા કરી કેટલાક દિવસ ત્યાં રહ્યા પછી તેઓશ્રીની રજા લઈ પાછા પાલીતાણા યાત્રા કરવા પધાર્યા. ફાગણ સુદ ૧૩ની મોટી યાત્રા કરી છેલ્લીવારનો આ ગિરિરાજને તેઓશ્રીએ નમસ્કાર કર્યો, આ અવસરે પંન્યાસજી મહારાજ શ્રી આણંદસાગરજીને આચાર્ય પદવી આપવા માટે વિનંતિ કરવા સુરતથી ઝવેરી નગીનભાઈ મંછુભાઈ, ઝવેરી મોતીચંદ ગુલાબચંદ, ઝવેરી હીરાચંદ ખુબચંદ, ઝવેરી પ્રેમચંદ વીરચંદ ચોકસી, કસ્તુરચંદ ઝવેરચંદ, ઝવેરી સોભાગ્યચંદ તલકચંદ સરકાર આદિ ગૃહસ્થો ત્યાં આવ્યા હતા.

તેમણે મહારાજશ્રીને સુરત લઇ જવા ઘણો આગ્રહ કર્યો. પોતાની વૃદ્ધ અવસ્થા છતાં તેમજ ગ્રીષ્મ ઋતુનો સખ્ત તાપ હતો, છતાં પંન્યાસજી મહારાજ શ્રી આણંદસાગરજીના ગુરૂ શ્રીમાન્ ઝવેર સાગરજી મહારાજશ્રીએ પોતાના ઉપર કરેલ મોટો ઉપકાર તેમની સ્મૃતિ બહાર ગયો ન હોતો અને તેથી પ્રતિ ઉપકાર વાળવાનો આ અવસર જાણી ઝવેરી મંડળની વિનંતિ તરતજ સ્વીકારીને સુરત આવવા હા પાડી. ગિરિરાજને છેલ્લા પ્રણામ કરી આચાર્ય મહારાજશ્રીએ ફાગણવદ ૧ ને દિવસે પાલીતાણાથી વિહાર કર્યો. શીહોર, વળા, ધોલેરાબંદર ખંભાત, જંબુસર, પાદરા, પાલેજ, અંગારેશ્વર વિગેરે સ્થલોમાં અનેક ભવ્ય પુરૂષોને પ્રતિબોધ કરતા કરતા ચૈત્ર શુદ ૧૩ ને દિવસે શ્રી ઝગડીયા તીર્થે પધાર્યા. અત્રે એક ભવ્ય સુંદર મંદિર તથા ભવ્ય ધર્મશાળા બંધાવવામાં આવી છે. અત્રે સુરતથી ઝવેરી મંડળ તથા હરિપુરાના શેઠ નારણચંદ કીકાભાઇ મહારાજશ્રીના દર્શન તથા સત્કાર માટે પધાર્યા અને મહાવીર પ્રભુના જન્મ કલ્યાણકનો તે દિવસ હોવાથી તે દિવસ અને પાછળના છ દિવસો સુધી ત્યાં વિવિધ પ્રકારની પૂજા આંગી વગેરેથી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. અત્રેથી વિહાર કરી સાયણ, કઠોર થઇ કતારગામ ચૈત્ર વદ ૧૪ ને દિવસે સવારમાં મહારાજશ્રી પધાર્યા. બીજે દિવસે સવારમાં સુરતથી પંન્યાસ મહારાજશ્રી આણંદસાગરજી તથા પંન્યાસ મહારાજશ્રી મણિવિજયજી આદિ સમુદાય મહારાજશ્રીના સત્કાર નિમિત્તે કતારગામ પધાર્યા. મહારાજશ્રીને વંદન કરી દૂર પ્રદેશથી આવા તાપમાં અત્રે પધારવા લીધેલા શ્રમ માટે મહારાજશ્રીનો ઉપકાર માન્યો અને પરસ્પર કેટલીક વાતચીતો થઈ, જેના પરિણામે પરસ્પરનો ભેદભાવ જતો રહ્યો. મહારાજશ્રીના સત્કાર નિમિત્તે અહીં પણ ઝવેરીમંડળ આવ્યું હતું. તેમણે પ્રભુની આંગી પૂજા ભાવના વગેરે કરી પ્રભુભક્તિ તથા ગુરૂભક્તિ પૂર્ણ બતાવી આપી. વૈશાખ શુદ ૩ ને દિવસે મહારાજશ્રી પોતાના શિષ્ય પરિવાર સાથે સુરત પધાર્યા. પ્રથમ હરિપુરાના સંઘ તરફથી સારા સામૈયા સાથે શહેર પ્રવેશ કરાવવામાં આવ્યો હતો ને હરિપરાના ઉપાશ્રયમાં પધારી

ધર્મદેશના સંભળાવી. ત્યાર પછી તરતજ ગોપીપુરાના સંઘ તરફથી ઘણાંજ આડંબરથી સામૈયું કરવામાં આવ્યું. આચાર્યશ્રીના દર્શન કરવા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘથી બજાર ચારે બાજુએ ભરાઈ ગયો હતો. ગોપીપુરામાં નેમચંદ મેળાપચંદની વાડીમાં આચાર્યશ્રી આવી પહોંચ્યા, ત્યાં તેમણે ધર્મદેશના આપી સંપથી થતા ફાયદા અને કુસંપથી થતા ગેરફાયદાઓ દૃષ્ટાંત દલીલો સાથે સમજાવ્યાં હતા, તથા કુસંપથી થયેલ વર્તમાન યુદ્ધ અને તેને લીધે થયેલ યુરોપની પાયમાલીનું આબેહુબ વર્ણન આપ્યું હતું. શ્રોતાજનો ઉપર આથી ઘણી સારી અસર થઈ હતી. સુરતમાં છેલ્લાં સાત વરસથી ઝઘડાઓ ચાલતા હતા, તેનો અંત લાવવાને આચાર્યશ્રીએ પંન્યાસજી મહારાજ આણંદસાગરજી તથા બીજા શ્રાવકોની સાથે પ્રયત્ન કર્યો. આ બાલબ્રહ્મચારી ભોળા ભદ્રિક મહારાજશ્રીને જશ આવવાનું નિમિત હશે, એટલે પં. આણંદસાગરજી મહારાજ સાથે આકામમાં પ્રયત્ન કરતાં તેઓશ્રી યશસ્વી નીવડ્યા અને સંઘમાં પડેલ તડનો અંત વૈશાખ શુદ ૯ ને દિવસે આવ્યો, અને આચાર્યશ્રીની કીર્ત્તિ સર્વ બાજુએ ફેલાવા લાગી.

સંવત ૧૯૭૪ ના વૈશાખ શુદ ૧૦ ને દિવસે પ્રાતઃકાળમાં પંન્યાસ મહારાજશ્રી આણંદસાગરજીને આચાર્ય પદવી આપવાની હતી, તેથી હજારો માણસો ટોળાબંધ શેઠ નેમચંદભાઇની વાડીમાં એકત્ર થયા હતા, સંઘમાં સંપ થયેલો હોવાથી સર્વ પક્ષના શ્રાવકો ત્યાં ભેગા થયા હતા; આથી જીનશાસનની શોભામાં સારી વૃદ્ધિ થઈ હતી. બરાબર આઠ વાગે શ્રીમાન્ વિજયકમળસૂરીશ્વર મહારાજે આચાર્ય પદવીની ક્રિયા શરૂ કરી, અને નવ વાગતાં મહારાજશ્રીએ આણંદસાગરજી પર વાસક્ષેપ નાખ્યો, પછી ચતુર્વિધ સંઘે વાસક્ષેપ કર્યો અને આણંદસાગરસૂરિ નામ આપવામાં આવ્યું. ચારે બાજુએ બેંડનો જયધ્વનિ ગાજી રહ્યો હતો, અને સંઘ તરફથી કામળી કપડાનો ઘણો સત્કાર કરવામાં આવ્યો હતો, શ્રીમાન્ વિજયકમળસૂરીશ્વર મહારાજશ્રીને સુરતના સંઘે ત્યાં ચાતુર્માસ રહેવા ઘણો

આગ્રહપૂર્વક વિનંતિ કરી. પણ ગામડામાં શહેર કરતાં વિશેષ લાભ થાય છે, એવો એમનો અનુભવ હોવાથી તથા ભાવિ અવશ્ય બનનાર હોવાથી, બધી સામગ્રીથી ભરપૂર એવા સુરત શહેરને છોડી મહારાજશ્રીએ એક નાના સામાન્ય ગામડામાં જવાનો વિચાર કર્યો. આ સમયે બારડોલીથી શેઠ મંછુભાઈ ઉમાજી તથા શેઠ પ્રેમચંદ લખાજી શેઠ જીવણ દેવાજી વગેરે મહારાજશ્રીને તેમના ગામમાં ચાતુર્માસ લઈ જવા માટે આમંત્રણ કરવા આવ્યા હતા અને મહારાજશ્રીએ પણ તેમની વિનંતિ સ્વીકારી. જેઠ શુદ ૬ ને દિવસે ૮ ઠાણા સાથે તેઓશ્રી બારડોલી પધાર્યા. તે ગામના આગેવાનોએ મહારાજશ્રીનો સામૈયા વગેરેથી સારો સત્કાર કર્યો હતો.

આવાં નાનાં ગામડાઓમાં સાધુઓનું આગમન ઘણું ઓછું થતું હોવાથી આચાર્યશ્રીના આગમનથી લોકો વ્યાખ્યાનનો ઘણો લાભ લેવા લાગ્યા તેમજ આસપાસના ગામડાના જૈનો પણ વ્યાખ્યાનનો લાભ લેવા આવતા હતા. ઉત્તરાધ્યયન સૂત્ર અને કથાનુયોગ વ્યાખ્યાનમાં વંચાતો હોવાથી લોકોને સાંભળવાનો સારો રસ પડતો હતો. તે ગામમાં દેવદ્રવ્યની અમુક રકમ ઉપાશ્રય ખાતામાં ખરચાઇ હતી. તે બાબત ઉપદેશ કરવામાં આવ્યો, જેની અસરથી તરતજ દેવદ્રવ્યની રકમ પુરી કરી દેવામાં આવી હતી. વળી તેમના વ્યાખ્યાનની અસરથી **ज्ञानस्य फलं विरतिः** જ્ઞાનનું ફળ વિરતિ. એ ન્યાયે અનેક શ્રાવકો તથા શ્રાવિકાઓએ અનેક પ્રકારના વ્રત–નિયમો સ્વીકાર્યા. મર્હુમ પંન્યાસ હર્ષમુનિશ્રીની અંત સમયની ભલામણ પ્રમાણે તેમના શિષ્ય જયમુનિજીને તથા ખાંતિમુનિજીને અશાડ શુદ ૨ ના દિવસે ભગવતી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો. ગામમાં પણ તપશ્ચર્યા રૂડે પ્રકારે થવા પામી હતી. પર્યુષણ પર્વ ઘણા આનંદપૂર્વક કરવામાં આવ્યાં હતાં. ભાદરવા વદ ૧૪ ને દિવસે કાળીયાવાડીથી શેઠ રાયચંદ્ર દુર્લભદાસ મહારાજશ્રીને વંદન કરવા આવ્યા હતા. તેમના આગ્રહથી શેઠ મંછુભાઇ ઉમાજી, શેઠ જીવણજી દેવાજી વગેરે મહારાજશ્રી તથા પંન્યાસ લાભવિજયજીને સાથે લઈ શેઠ જીવણજી દેવાજીનો બાગ જોવાને ગયા. બાગની સમીપ જતાં એક

સુંદર કુવા પાસે રહેલો ચોતરો તેમની નજરે પડ્યો. મહારાજશ્રી તે ચોતરા પર બેઠા; ચારે બાજુએ સુંદર પુષ્પોમાંથી સુવાસ પ્રસરી રહ્યો હતો. સહેસાવનની માફક વૃક્ષોની પણ ત્યાં સુંદર ઘટા હતી. પોતાના ભવિષ્યનો જાણે કે તેમને ખ્યાલ થયો હોય તેમ તેઓશ્રી સાથે આવેલા શ્રાવકો તથા પં. લાભવિજયજીને કહેવા લાગ્યા કે "આ જગ્યા ઘણીજ સુંદર છે. અહીંથી ક્યાંઇ જવા મારી ઇચ્છા નથી. અત્રેજ અમુક સમય બેસી આપણે પ્રભુસ્મરણ કરીએ." આ પ્રમાણે કહી તેઓશ્રી ત્યાંજ બેઠા. શેઠ જીવણજી દેવાજીએ બાગમાં ફરવા લઇ જવાનો ઘણો આગ્રહ કર્યો, છતાં બાગમાં ન જતાં તે તે ત્યાંજ રહ્યા. અને બીજા શ્રાવકો બગીચામાં ફરવા ગયા. આ પ્રમાણે પોતાના નિર્વાણગમનની પૂર્વ દશ દિવસ અગાઉજ તે જગ્યા પસંદ કરી પોતે ઉપાશ્રયે આવ્યા. આસો સુદ ૪ ના દિવસે ઇન્ફ્લ્યુએન્ઝા નામના ઝેરી તાવે મહારાજશ્રીના શરીરમાં પ્રવેશ કર્યો. મહારાજશ્રીની સારવાર કરવા માટે પરમ ગુરૂભક્ત મહારાજશ્રીના પ્રશિષ્ય પં. લાભવિજયજી રોકાયા હતા. તત્કાળ ડોકટર, દેશી વૈદ્ય વગેરેની દવા શરૂ કરી ચાંપતા ઉપાય લેવામાં આવ્યા. પાંચમને દીવસે મહારાજશ્રીએ ઉપવાસ કર્યો છતાં છઠના દિવસે પણ તાવનું જોર ઘટયું નહિ. ગુરૂભક્તિ કરતાં પં. લાભવિજયજી તથા બીજા બે મુનિઓ ઉપર પણ તે ઝેરી તાવે પોતાનો પ્રભાવ દેખાડ્યો. આઠ સાધુઓમાંથી ચાર સાધુઓ આ તાવથી સપડાયા હતા. પણ ગુરૂ ભક્તિ કરવાનો આવો શુભ અવસર ક્યાંથી મળશે, એમ ધારી પં. લાભવિજયજી બીમાર છતાં મહારાજશ્રીને છોડીને જરા પણ દૂર ગયા ન હતા. એકજ ઓરડીમાં બન્ને જણ પાસે પાસે સંથારો કરીને સૂતા હતા. સુદ ૯ ને દિવસે આ તાવે તથા શ્વાસે ભયંકર રૂપ લીધું. પં. લાભવિજયજી બીમાર હતા, છતાં તે ગામમાં મળી આવતા ડોકટરો તથા વૈદ્યોને બોલાવી મહારાજશ્રીની તબીયતના સંબંધમાં તેમનો અભિપ્રાય પૂછયો. સર્વેએ હાથ ખંખેરી જણાવ્યું કે સ્થિતિ ઘણી ભયંકર છે, અને બચવાની આશા ઘણી થોડી છે.

આ અભિપ્રાય મહારાજશ્રીને જણાવવામાં આવ્યો ન હતો, પણ પં. લાભવિજયજી તથા સંઘના આગેવાનો મહારાજશ્રી પાસે આવ્યા, અને જણાવવા લાગ્યા કે આપ દીર્ઘાયુષી થાઓ, છતાં આપશ્રીને દાનપુન્ય અગર જે કાંઇ ધર્મ કરાવવા ઇચ્છા હોય તે આપ સાહેબ જણાવો. તેમ કરવા અમે તૈયાર છીએ. મહારાજશ્રીને તાવ તથા દમ ચડયો, પણ બહુજ ઉપયોગમાં હતા. તેમણે કહ્યું કે મારે કાંઇપણ કરાવવા ઇચ્છા નથી. પણ સંઘ જે કરશે તે યોગ્યજ કરશે. પછી પં. લાભવિજયજીએ પૂછયું કે "આપને કાંઈ પણ કહેવું, લેવું, દેવું, કે ભલામણ કરવાની હોય તે જણાવો" ત્યારે મહારાજશ્રીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે મારે જે કાંઇ કહેવાનું છે, તેની નોંધ મેં મારી નોંધ પોથીમાં કરેલ છે, તેમાંથી જોઈ લેજો. મારે બીજું કાંઇ કહેવાનું નથી." ઉપર પ્રમાણે આશો સુદ ૯ ને દિવસે વાત થઇ હતી. સુદ ૧૦ ના દિવસે સ્હેજ આરામનાં ચિન્હ જણાયાં અને નોંધ પોથીમાં કાંઇક લખવાનું યાદ આવવાથી ખાંતિમુનિ પાસે તે લખાવી તે નોંધપોથી પોતાની પાસે રાખી. આથી ભક્તિ કરનારા ભક્તોનાં મન કાંઇક પ્રફુલ્લિત થયા. મહેનત સફલ થવાની આશાઓ બંધાઇ. પરંતુ મનુષ્યનું ધાર્યું શું થાય છે? મનુષ્ય ધારે છે કાંઇ ને થાય છે કાંઇ. કાળની ગતિ અકળ છે. આસો સુદી ૧૦ નો દિવસ પૂર્ણ શુદ્ધિમાં પસાર થયો. સાંજના પાણી વાપરી ચોવિહારનું પચ્ચખ્ખાણ કર્યું, અને પ્રતિક્રમણ કરવાની તૈયારીઓ કરી. મહારાજશ્રી, પં. લાભવિજયજી તથા પ્રેમવિજયજી એ ત્રણ જણાએ ઓરડામાં જુદું પ્રતિક્રમણ શરૂ કર્યું. બીજા સાધુઓ સંઘસમક્ષ પ્રતિક્રમણ કરવાની હજી તૈયારી કરતા હતા, તેટલામાં તો મહારાજશ્રીએ ઇરિયાવહિ પડિકમી એક લોગસ્સનો કાયોત્સર્ગ કર્યો. આ કાયોત્સર્ગમાં ચોવીશ તીર્થંકરનું સ્મરણ આવે છે. આ સ્મરણમાં તેઓશ્રી એવા તો તલ્લીન થઇ ગયા કે લાંબા સમય સુધી પાછો કોઇને જવાબ જ આપ્યો નહિ. જ્યારે તેમણે કાયોત્સર્ગ લાંબી મુદત સુધી પાળ્યો નહિં એટલે પં. લાભવિજયજીએ મહારાજશ્રીને બે ચાર વાર બોલાવ્યા; પણ જવાબ કોણ આપે? કારણ કે જવાબ આપનાર આત્મા તો કયારનોએ પ્રભુ સાથે

લીન થવાથી સ્વર્ગમાં ચાલ્યો ગયો હતો. પાસે રહેલ સાધુ, સાધ્વી તથા સંઘના આગેવાનોને આ વાતની તરતજ ખબર આપવામાં આવી. અને ઘણા થોડા કલાકમાં તો સુરત, અમદાવાદ, મુંબઇ વગેરે સ્થળોમાં તારથી ખબર પહોંચી ગઇ. મુનિવર્ગ તથા સંઘમાં ચારેકોર શોક પથરાઇ ગયો. બીમાર પડેલા સાધુઓને આથી વિશેષ આઘાત થયો, ભક્તિ કરનારા સાધુઓનો ઉત્સાહ ઉડી ગયો. ભાવિક ભક્તોના નયનમાંથી અશ્રુના પ્રવાહ ચાલવા લાગ્યા, પણ કર્મને કાંઇ ઓછીજ શરમ હોય છે કે અનેક જીવોનો ઉદ્ધાર કરનાર, જૈનશાસનના સ્તંભરૂપ આ મહાત્માને લઈ જઈશ તો લોકોમાં મારી અપકીર્તિ થશે. નિર્લજ કર્મરાજા આચાર્યશ્રીના આત્માને કાયમને માટે આ દેહમાંથી ઉપાડી ગયો. આખા ગામમાં ચારે બાજુએ શોક છવાઇ રહ્યો. મહારાજશ્રીને સ્વાભાવિક પોતાના ભવિષ્યનું જ્ઞાન થયું હોય, અને શિષ્યાદિ વર્ગ પાસે હશે તો તે રાગનું કારણ બની સમાધિમાં ખલલ પડશે, એવા નિમિત્તથી અથવા ગમે તે કારણથી કહો પણ પ્રશિષ્ય વર્ગ સિવાય કોઇને પણ પાસે રાખ્યા ન હતા. દરેક ચાતુર્માસમાં શિષ્યણી વર્ગ તો અમુક ચોક્કસ સાથે હોય છે, પણ આ સાલના ચોમાસામાં તો એકપણ પોતાની સાધ્વી ત્યાં ન હતી. છતાં પ્રશિષ્ય પં. લાભવિજયજી, મુનિ પ્રેમવિજયજી, મુનિ હેતવિજયજી, મુનિ તીર્થવિજયજી તથા પં. હર્ષમુનિજીના શિષ્ય જયમુનિજી તથા ખાંતિમુનિજી તથા કીર્તિમુનિજીએ મહારાજશ્રીની ભક્તિ કરવામાં જરા પણ ન્યૂનતા રાખી ન હતી. બારડોલીના શેઠ જીવણજી દેવાજી પણ અંતસમય સુધી પાસેજ હતા, અને તેમણે પણ ગુરૂની પરમ શુશ્રૂષા કરી હતી અને છેવટનો ધર્મલાભ ગુરૂમુખથી સાંભળી તે જીવણજી દેવજી પ્રભુના દર્શનાર્થે ગયા, તેટલામાં તેઓશ્રી કાળધર્મ પામ્યા હતા. પણ જ્યાં આયુઃકર્મ ટંકું ત્યાં કોનું બળ ચાલે ? સવારના પહોરમાં મહારાજશ્રીના શબને છેલ્લીવારના દર્શન કરવા સુરત, અમદાવાદ, મુંબઇ, વડોદરા તથા ગામડાઓમાંથી સંખ્યાબંધ માણસો આવવા લાગ્યા. અને તેજ રાત્રીએ મહારાજશ્રીની સુશોભિત કીનખાપ તથા જરીથી માંડવી તૈયાર કરવામાં આવી અને

આસો સુદ ૧૧ ના દિસે બપોરના ૧૨ વાગે "જય જય નંદા, જય જય ભદ્દા" ના પવિત્ર શબ્દો સાથે ઉદાસીન ચહેરે હજારો શ્રાવકો મહારાજશ્રીની માંડવી ઉપાડવાનો અપૂર્વ લાભ લેવા લાગ્યા અને જે જગ્યા મહારાજશ્રીએ દશ દિવસ પૂર્વે જોઇને નિર્ણય કરી રાખ્યો હતો, તેજ જગ્યાએ મહારાજશ્રીના શબને આખા ગામમાં ફેરવી અગ્નિ સંસ્કાર માટે લઈ જવામાં આવ્યું હતું. સોની વલ્લભદાસ પ્રભુદાસભાઈએ મહારાજશ્રીના શબને સોનારૂપાના ફુલથી વધાવ્યા હતા, અને બીજાઓને પણ પોતા તરફથી વધાવવા આપ્યા હતા. વળી સંઘની ભક્તિ પણ સારી કરી હતી. આથી સંઘ તરફથી તેમને શાળ તથા પાઘડીની પહેરામણી કરવામાં આવી હતી. ગુરૂભક્ત સુરતનિવાસી શેઠ નાનચંદ કીકાભાઈએ પરમ ઉદાસ ચ્હેરે સુરતથી બારડોલીના સંઘ તરફથી લાવવામાં આવેલ કેવળ સુખડના લાકડાથી જ મહારાજશ્રીના શબને અગ્નિસંસ્કાર કર્યો. ગરીબ અનાથ લોકોને છુટથી દાન આપવામાં આવ્યું, મીઠાઇ પણ તે ગામમાં જેટલી મળી તેટલી બધી ખરીદી લઇ ગરીબોને બહોળે હાથે આપવામાં આવી. ખોડાઢોરને ઘાસ ચારો છુટથી નાખવામાં આવ્યો હતો. આખા ગામમાં હડતાલ પાડવામાં આવી, મચ્છીમારની જાળો તથા કસાઇખાનાં બંધ કરાવવામાં આવ્યાં. જે સ્થળે મહારાજશ્રીના દેહને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો, તેજ જગ્યાએ એક સુંદર દેરી બનાવી તેની અંદર આચાર્યશ્રીના પગલાં પધરાવવાને નિર્ણય ગામના અગ્રેસર શ્રાવકોએ તેજ વખતે કરી ગુરૂભકિત બતાવી હતી. અગ્નિસંસ્કાર કર્યા પછી ચતુર્વિધ સંઘ ઉપાશ્રયે એકઠો મળ્યો અને પ્રભુ પધરાવી પં. લાભવિજયજીએ પોતે બીમાર છતાં દેવવંદન કરાવ્યું. અને ગામમાં શાંતિ કરવા નિમિત્તે મોટી શાંતિ સંભળાવી. 'સંતમહાત્માઓ પોતાના ભોગે પારકાનું દુઃખ દુર કરે છે,' આ નિયમને પોતે જાણે સાચો કરી બતાવતાં ન હોય તેમ મહારાજશ્રીના ઝેરી તાવને લીધે થયેલા મૃત્યુબાદ તે ગામમાં લગભગ બસેં મનુષ્યો તે તાવથી પીડાતા હતા, તેમાંથી એક પણ મનુષ્ય આ ઝેરી તાવના ભોગમાં આવ્યો નહિ, ધીરે ધીરે બધાને સારૂં થઇ ગયું. અને આખા

ગામમાં શાંતિ વ્યાપી ગઇ. ગુરૂભકિત નિમિત્તે સંઘ તરફથી એક અષ્ટાહ્નિકા મહોત્સવ કરવામાં આવ્યો હતો. પં. લાભવિજયજી કેટલાક દિવસ પછી આ તાવની બીમારીથી મુકત થયા, અને મહારાજશ્રીની હાથ પોથી તપાસતાં તેઓશ્રીના હાથની લખેલી એક નોંધ પોથી જોઇ. તેમાં તેમણે લખ્યું હતું કે, "મારી પાછળ પં. કેસરવિજયજીને આચાર્ય પદવી ઉપર સ્થાપન કરવા. જેવી રીતે હું સંઘાડાની સંભાળ રાખું છું, તેવી રીતે પં. કેસરવિજયજી રાખશે, તેવી મને ખાત્રી છે. આ સમાચાર અમદાવાદ શેઠ મયાભાઇ પ્રેમાભાઇના ચિરંજીવી વિમલભાઇ તથા શેઠ સારાભાઇ ડાહ્યાભાઇને ખબર આપવા." "પુસ્તકો બાબતમાં વઢવાણકાંપમાં રહેલ પુસ્તક તેની ત્યાં લાયબ્રેરી કરવી શ્રીમુક્તિ વિજય ગણિના નામની, તથા વડોદરામાં રહેલ પુસ્તકો છ શિષ્યો એ વહેંચી લેવું, અને તકરારનું કારણ થાય તો મારા નામની લાયબ્રેરી વડોદરા કરવી; તેમજ પાદરામાં જે બે કબાટ છે છાપાનાં પુસ્તકોનાં, તે પં. લાભવિજયજી તથા પ્રેમવિજયજીને અર્પણ કરવામાં આવે છે" આ પ્રમાણે નોંધ પોથીમાં લખેલ છે. આમાં તેઓની દીર્ઘદૃષ્ટિ ખરેખર વખાણવા લાયક છે. મહારાજશ્રીના શિષ્યો વિદ્વાન તથા સમર્થ હોવાથી તેમજ દરેક પાસે પુસ્તક પુરતું હોવાથી તેઓશ્રીના પુસ્તક તરફ લક્ષ આપી તકરાર કરે તેમ હતુંજ નહિ, છતાં તેઓશ્રીના ઠરાવને અનુસારે વઢવાણકાંપ મુકામે તેમના શિષ્ય સમુદાયે એકઠા થઇ મહારાજશ્રીના તમામ પુસ્તકો તેઓશ્રીના નામની લાયબ્રેરી કરી તેમાં રાખવા, એવો ઠરાવ કરેલો છે.

મહારાજશ્રીના કાળ ધર્મના સમાચાર દેશો દેશ ફેલાતાં પં. લાભવિજયજી તથા પં. કેસરવિજયજી ઉપર દીલગીરી ભર્યા સેંકડો તારો અને હજારો કાગળો આવ્યા હતા. અને દરેક ગામના ભાવિક શ્રાવકોએ હડતાલ પાડી પૂજા આંગી રચાવી ગરીબોને દાન પુણ્ય કરી પોતાની ગુરૂભક્તિ દર્શાવી હતી. મહારાજશ્રીની પાદુકા પધરાવવા કરેલા નિર્ણય પ્રમાણે સુપાકોરેલ ગામના રહીશ શેઠ પનજી વાઘજી તરફથી ૧૦૦૦ રૂપીઆના ખર્ચે આરસપાહાણની એક દેરી કાર્તક મા-

સમાં તે નિર્ણિત કરેલી જગ્યા પર શેઠ જીવણ દેવંજીના પ્રયાસથી બાંધવામાં આવી હતી, અને કાર્તિક વદ ૨ને દિવસે શેઠ ફકિરચંદ રામજી ભાઇએ આચાર્ય મહારાજશ્રીના પગલાં પધરાવ્યા હતા. એવલા વાળા શેઠ ખુબચંદભાઇએ તે દેરી ઉપર ધ્વજાદંડ ચડાવ્યો હતો. દેરી ઉપર સોનાનું શિખર બારડોલી વાલા શા. ભાયચંદ ઝવેર રત્નાજીએ ચડાવ્યું. બીજી પરચુરણ રકમો મળી કુલ રૂ.૧૮૦૦) ની ઉપજ તે વખતે થઇ હતી.

આ અવસરે બારડોલીવાળા શેઠ પ્રેમચંદ લખાજી, શેઠ સમતાજીહુકમાજી તથા શેઠ કેસુર ભુદરાજીના પ્રયાસથી બાજીપરાના શેઠ જીવણ ગુલાબચંદ તથા કાનજી દુર્લભ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિ સ્નાત્ર કરવામાં આવ્યું હતું. અને સેઠ જવેરચંદ હીરાજી, શેઠ દેવચંદ ચતરાજી તથા શેઠ હુકમાજી ભગવાનજી તરફથી સંઘો જમ્યા હતા. શાંતિસ્નાત્રના આગલે દિવસે જળયાત્રાનો મોટો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. વરઘોડામાં ચાંદીનો રથ, ઇંદ્રધ્વજા, બેંડવાજા અને વિકટોરીયા ગાડીઓ સુરતથી લાવવામાં આવી હતી. આ વરઘોડો જયાં મહારાજશ્રીની દેરી બાંધવામાં આવી હતી, તે શેઠ જીવણજી દેવાજીની વાડીમાં લાવવામાં આવ્યો હતો, અને ત્યાં પૂજા ભણાવી શેઠ રામચંદ લાલચંદ કોકર કોજરાવાળાએ ઇંદ્રમાળ પહેરી હતી. દેરાસરમાં પણ રૂ. ૫૦૦૦)ના આશરેની ઊપજ થઈ હતી. આ ઓચ્છવ કરવામાં બારડોલીના સંઘે ઘણી સારી સેવા કરી હતી. આ તમામ ક્રિયા કરાવવામાં મુનિરાજશ્રી જયમુનિજીએ સારો ભાગ લીધો હતો. તેમજ કાર્તક વદ ૬ ના દિવસે પં. લાભવિજયજીએ જયમુનિજી તથા ખાંતિમુનિજીને ગણિપદવી પણ અર્પણ કરી હતી. આ અવસર ઉપર સાધુ સાધ્વીના ઠાણાં ૫૦ ને આશરે ત્યાં એકઠાં થયાં હતાં. આઠ દિવસનો મહોત્સવ પૂર્ણ થતાં પરદેશથી આવેલા લોકો પોતપોતાને સ્થાને વિદાય થયા હતાં.

---

# પ્રકરણ ૭ મું.

## વિહાર તથા શિષ્ય પરિવાર.

શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રી વિજયકમલ સૂરીશ્વરજીનો વિહાર દેશના ચારે ભાગમાં થયેલ છે. મારવાડમાં શીરોહી, આબુજી, જાવાલ, તખતગઢ, સાદરી અને પાલી સુધી મેવાડમાં ઉદેપુર, ધુલેવા કેસરીયાજી સુધી, માલવામાં રતલામ, ઉજ્જેન, ઇંદોર, મક્ષીજી, બડનગર, ધાર અને માંડવગઢ સુધી, દક્ષિણમાં બુહાનપુર, મલકાપુર, આકોલા, અંતરિક્ષ, પાર્શ્વનાથ, જલગામ, ભૂંસાવલ, ખંડવા, નાશક, એવલા, પુના, માલેગામ, અહમદનગર, કલ્યાણી, ઠાણા, અને મુંબઇ સુધી ગુજરાતમાં વીરમગામ મહેસાણા, ઉંઝા, પાલણપુર, અમદાવાદ વડોદરા, ભરૂચ, સુરત બારડોલી, નવસારી, બુહારી, પાટણ, રાધનપુર, શંખેશ્વર અને માંડલ સુધી, કાઠીયાવાડમાં વઢવાણકાંપ, લીંબડી, રાણપુર, બોટાદ, વીંછીયા, વળા, પાલીતાણા, શીહોર, ભાવનગર, ગોઘા, તલાજા, દાઠા, મહુવા, દીવ, ઉનાવા, કુંડલા, અમરેલી, જેતપુર, ધોરાજી, જુનાગઢ, માંગરોળ, વેરાવળ, પ્રભાસપાટણ, પોરબંદર ભાણવડ, જામનગર, ધ્રોળ, રાજકોટ, મોરબી, વાંકાનેર, થાન વગેરે અનેક સ્થલોમાં વિચરી તથા અનેક સ્થળે ધર્મનો ઉપદેશ આપી, અનેક મનુષ્યોને ધર્મના રસ્તામાં જોડી, કેટલેક સ્થળે પડેલાં તડોને તોડી, પોતાના અમૂલ્ય ચારિત્રનો લોકોને આ પ્રમાણે અપૂર્વ લાભ તેઓશ્રીએ આપ્યો હતો. ભણવાના કારણ સિવાય તેઓ એક સ્થળે લાંબો સમય રહ્યા નથી. તેમજ એક સાથે તેજ ગામમાં બે ચોમાસાં પણ કર્યાં નથી. આખર અવસ્થા સુધી તેઓશ્રીએ વિહાર કરવાનું ચાલુ રાખ્યું હતું.

### શિષ્ય પરિવાર.

લોકોમાં પ્રચલિત કહેવાય છે કે 'ભોળાના ભગવાન' આ કહેવત પ્રમાણે કોઇ પણ જાતનો પરિશ્રમ કર્યા વગર તેઓશ્રીની

શાંત પ્રકૃતિ તથા ભદ્રિક સ્વભાવને લીધે શિષ્યાદિ પરિવારનો મોટો ભાગ પોતાની મેળે આવીને મળ્યો હતો, અને વળી તેમાં વિશેષ આનંદની વાત તો એ હતી કે તેમાંનો મોટો ભાગ નાની ઉમરનો અને સાક્ષર પણ હતો. મહારાજશ્રીને દશશિષ્ય અને ૨૦ પ્રશિષ્ય મળી ૩૦ શિષ્યાદિ વર્ગ હતો. મહારાજશ્રીનાં દશ શિષ્યોમાં નામ નીચે પ્રમાણે છે. મુનિશ્રી ભાવવિજયજી, મુનિશ્રી હેતવિજયજી, મુનિશ્રી કેસરવિજયજી, મુનિશ્રી રામવિજયજી, મુનિશ્રી વિનયવિજયજી, મુનિ શ્રી દેવવિજયજી, મુનિશ્રી મોહનવિજયજી, મુનિશ્રી જ્ઞાનવિજયજી, મુનિશ્રી નયવિજયજી, અને મુનિશ્રી મોતીવિજયજી, આમાંથી ચાર શિષ્યો હેતવિજયજી, રામવિજયજી, જ્ઞાનવિજયજી અને નયવિજયજી મહારાજશ્રીની હયાતીમાંજ સ્વર્ગમાં ગયેલ છે. બાકીના છ શિષ્યમાંથી ચાર શિષ્યને તથા એક પ્રશિષ્યને પંન્યાસપદવી આપવામાં આવેલી છે. આ પાંચ પંન્યાસોમાં પંન્યાસ શ્રી કેસરવિજયજી તથા પંન્યાસ શ્રી દેવવિજયજી બન્ને સંસારી પક્ષના સગા ભાઈઓ છે. તેઓનું મૂળ વતન પાળીયાદ હતું અને પાછળથી તેઓ વઢવાણ કાંપમાં રહેતા હતા. તેઓના પિતાશ્રીનું નામ માધવજી નાગજીભાઈ અને માતુશ્રીનું નામ લક્ષ્મીબાઇ હતું. તેઓ જ્ઞાતે વિશાશ્રીમાળી હતા, અને બધા મળીને છ ભાઈઓ હતા. તેમનાં નામ, ખોડીદાસ, કેસવજી, હીરાચંદ, પ્રેમચંદ, વ્રજલાલ અને મગનલાલ હતાં. બીજા ભાઇ કેશવજીનો જન્મ સં. ૧૯૩૩ ના પોસ સુદ ૧૫ મે પાલીતાણામાં થયો હતો. માતપિતા સંવત ૧૯૪૯ ના અશાડ સુદ બીજ તથા પાંચમને દિવસે માત્ર ત્રણ ત્રણ દિવસના આંતરે બંને સ્વર્ગમાં ગયા પછી ભાઈ કેશવજી થોડા દિવસ પાલીતાણા મોશાળપક્ષમાં રહ્યા અને ત્યાં આવતા સાધુઓનો વિશેષ સમાગમ થયો અને તેથી વૈરાગ્યવૃત્તિ જાગ્રત થઇ. તેઓ પાલીતાણાથી વઢવાણકાંપ આવ્યા, ત્યાં મુળજી બહેચરદાસ નામના મહારાજશ્રીના પરમભક્ત શ્રાવકે ભાઇ કેશવજીને આચાર્ય મહારાજ શ્રી કમળવિજયજી પાસે વડોદરે મોકલી દીધા. અને ૧૯૫૦ ના માગશર વદ ૧૦ મે મહારાજશ્રીએ પોતાના નામથી ભાઇ કેશવજીને દીક્ષા આપી, તેમનું નામ

મુનિ કેસરવિજયજી પાડયું. દીક્ષા સમયે તેમની વય માત્ર ૧૭ વર્ષની હતી.

દીક્ષાનો ઉત્સવ જોગીદાસની પોળવાળા શેઠ કેશવલાલ તરફથી કરવામાં આવ્યો હતો. વડોદરામાંજ માંડવીયા યોગોદ્વહન કરાવી ૧૯૫૦ ના માહ સુદ ૨ ના દિવસે વડી દીક્ષા આપવામાં આવી. મહારાજ શ્રી સાથે અનેક સ્થળે વિચરી વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર, ન્યાય તથા સિદ્ધાંત વગેરે શાસ્ત્રોમાં તે પ્રવીણ બન્યા. ગુરૂમહારાજે મુનિ કેસરવિજયજીને પરમ શાંત અને યોગ્ય જાણી ભગવતીજી સૂત્રના યોગોદ્વહન કરાવી સુરતમાં સં. ૧૯૬૩ ના કાર્તિક વદ ૬ ને દિવસે ગણિ પદવી આપી, અને મુંબાઇમાં સંવત ૧૯૬૪ ના માગશર સુદ ૧૦ મે મોટા આડંબરથી પંન્યાસપદવી આપવામાં આવી.

ત્રીજા ભાઇ હીરાચંદનો જન્મ સંવત ૧૯૩૬ ના ફાગણ સુદી ૧૧ શે પાલીયાદમાં થયો હતો. મહારાજ શ્રી કેસરવિજયજી તથા વિજયધર્મ સૂરીશ્વર મહારાજશ્રીના પરિચયથી દીક્ષાની ભાવના જાગ્રત થઈ. ગૃહસ્થાશ્રમમાં કર્મગ્રંથાદિ પ્રકરણો તથા વ્યાકરણનો અભ્યાસ કરી સં. ૧૯૫૬ ના જેઠ વદ ૯ ને દિવસે પાટણમાં આચાર્ય મહારાજશ્રીના હાથે તેઓશ્રીના નામથી દીક્ષા લીધી અને તેમનું નામ મુનિ દેવવિજયજી પાડવામાં આવ્યું. વડી દીક્ષા ૧૯૫૭ ના પોષ વદ ૧૧ સે મહેસાણામાં આપવામાં આવી—મહેસાણામાં રહી કાવ્ય તથા વ્યાકરણનો વિશેષ અભ્યાસ કર્યો અને ન્યાયનો અભ્યાસ કરવા પાલીતાણામાં સં. ૧૯૬૨–૬૩–૬૪ ત્રણ વર્ષ સુધી રહ્યા. ત્યાં સ્યાદ્વાદમંજરી, અનેકાંતજય પતાકા, રત્નાકર અવતારિકા, શાસ્ત્રવાર્તા સમુચ્ચય, ન્યાયા લોક, ખાદ્યખંડન, સંમતિતર્ક, વગેરે જૈન ગ્રન્થો તથા જૈનેતર ગ્રન્થોમાં મુક્તાવલિ, દીન કરી, પક્ષતા, વ્યાપ્તિવાદ પંચલક્ષણી વિગેરે ન્યાય ગ્રન્થોનો અભ્યાસ કર્યો. વળી આગમ સમિતિમાં રહીને તેમજ જાતે પણ અનેક સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો. સં. ૧૯૭૨ માં ગુરૂમહારાજે ભગવતીજીસૂત્રના યોગોદ્વહન કરાવી સંવત ૧૯૭૩ ના મહા સુદ ૬ ઠે નગરશેઠના વંડે મુનિશ્રી દેવવિજયજીને ગણિ પદવી તથા પન્યાસ પદવી અર્પણ કરવામાં આવી.

પંન્યાસ મોહનવિજયજી મૂળ ગૃહસ્થાશ્રમમાં પાલીતાણાના રહીશ હતા. સં. ૧૯૫૭ ના માહ વદ ૧૦ મે મહેસાણામાં તેમને દીક્ષા આપવામાં આવી. તેમણે ગૃહસ્થાવાસમાં સંસ્કૃતનો સારો અભ્યાસ કર્યો હતો. દીક્ષા લઇ તેમણે કાવ્ય, ન્યાય, સિદ્ધાંતોનો સારો અભ્યાસ કર્યો. ૧૯૫૭ ના અસાડમાસમાં તેમને વડી દીક્ષા આપવામાં આવી. તેમણે સં. ૧૯૭૩ ના મહા સુદી ૬ ને દિવસે ગણિપદવી તથા પન્યાસ પદવી આપવામાં આવી.

પંન્યાસ મોતીવિજયજી ગૃહસ્થાશ્રમમાં પાલીતાણાના રહીશ હતા. તેમને સં. ૧૯૬૧ ના પોસ વદ ૧૦ મે દીક્ષા આપવામાં આવી. અને તેમની વડી દીક્ષા જેઠ સુદી ૧૦ મે .ગામ ઉંઝામાં થઇ. તેમણે પંન્યાસપદવી પં. દાનવિજય પાસે લીધી.

મુનિભાવવિજયજી મહારાજશ્રીના મુખ્ય શિષ્ય છે, તેઓ ગામ-સોજીત્રાના વીશા હુમડ જ્ઞાતિના છે. તેમનો જન્મ સં. ૧૯૧૯ માં થયો; અને સં. ૧૯૪૨ ના વૈશાખ વદ ૭ મે લીંબડીમાં તેમને દીક્ષા આપવામાં આવી. અને વડી દીક્ષા સં ૧૯૪૪ ના માહ સુદ ૫ મે શ્રીમદ્ મુક્તિવિજયજી ગણિના હાથે સિદ્ધગિરિમાં આપવામાં આવી. અભ્યાસ સામાન્ય છે, પણ ક્રિયાકાંડમાં તથા સાધુઓના ઉપકરણો સુધારવામાં પ્રવીણ છે.

મુનિવિનયવિજયજી—તેઓ જામનગરના રહીશ, અને જ્ઞાતે વિશા શ્રીમાળી હતા. તેમણે સં. ૧૯૫૫ માં જામનગરમાં દીક્ષા ગ્રહણ કરી સં. ૧૯૫૭ના પોસ વદ ૧૧ શે વડી દીક્ષા મહેસાણામાં આપવામાં આવી. ભણવામાં સામાન્ય છતાં વૈરાગી, ક્રિયાપાત્ર, અને આત્મકલ્યાણમાં સાવધાન રહેનાર છે.

ઉપર મુજબ મહારાજશ્રીના શિષ્યવર્ગનું ટુંકું વર્ણન છે. હવે પ્રશિષ્યવર્ગનો કાંઇક ખ્યાલ આપવામાં આવે છે. પંન્યાસજી મહારાજશ્રી કેસરવિજયજી ગણિના પાંચ શિષ્ય છે. તેમનાં નામ પં. લાભવિજયજી, મુનિ દર્શનવિજયજી, મુનિ ન્યાયવિજયજી, મુનિ હેતવિજયજી, મુનિ વીરવિજયજી છે. તેમાં પં. લાભ વિજયજી મૂળ

લીંબડીના રહીશ છે. સં. ૧૯૫૪ ના વૈશાખ સુદ ૩ ને દિવસે તેમણે જુનાગઢમાં દીક્ષા ગ્રહણ કરી; અને તેજ વર્ષના અસાડ સુદ ૧૧ શે ધોરાજીમાં વડી દીક્ષા આપવામાં આવી. ભણવામાં સામાન્ય છતાં વૈયાવચ્ચનો તેમનામાં અપૂર્વ ગુણ છે, મહારાજશ્રીની ભક્તિ છેક અંત સુધી બજાવી સેવાનું મોટું પુણ્ય તેમણે ઉપાર્જન કર્યું છે. મહારાજશ્રીના શિષ્યો ન સાચવે તેવી તેમણે તેમની તબીયત સાચવી છે, વળી સમુદાયની સારવાર કરવામાં પણ બાહોશ છે. તેમને પ્રેમવિજયજી કરીને એક શિષ્ય છે, તેણે પણ મહારાજશ્રીની ભક્તિ પૂર્ણ રીતે કરી છે. પં. શ્રી દેવવિજયજીને મુનિ કરૂણાવિજયજી તથા મુનિ તરૂણવિજયજી નામના બે શિષ્યો છે. પં. શ્રી મોહનવિજયજીને મુનિ પદ્મવિજયજી; મુનિ પ્રતાપવિજયજી, મુનિ હરખવિજયજી અને મુનિ પ્રીતિવિજયજી નામના ચાર શિષ્યો છે, તથા ઉદય વિજયજી તથા રત્નવિજયજી નામના બે પ્રશિષ્ય છે, પં. શ્રી મોતિવિજયજીને સુમતિવિજય તથા તીર્થવિજય નામના બે શિષ્યો છે. મુનિ શ્રી વિનયવિજયજીને ચારિત્રવિજય અને મિત્રવિજય નામના બે શિષ્ય હતા. તેમાંથી ચારિત્રવિજય મહારાજશ્રી સાથે ઇન્ફ્લુએન્ઝામાં કાળ ધર્મ પામેલ છે. ચારિત્રવિજયજીને મુનિ દર્શનવિજય, જ્ઞાનવિજય, તથા ન્યાયવિજય નામના ત્રણ શિષ્યો છે. આ મુજબ આચાર્ય મહારાજશ્રીનો શિષ્ય–પ્રશિષ્ય પરિવાર ૨૫ સાધુનો વિદ્યમાન છે.

શિષ્યણી વર્ગમાં મુખ્ય ત્રણ સમુદાય છે. એક વિવેકશ્રીજીનો બીજો જડાવશ્રીજીનો અને ત્રીજો ગુણશ્રીજીનો છે. પ્રવર્તીનીસાધ્વી વિવેકશ્રીજીને મુખ્ય ત્રણ શિષ્યાઓ ગુલાબશ્રીજી પુણ્યશ્રીજી તથા હીરશ્રીજી નામની છે. વિવેકશ્રીજી કાળધર્મ પામ્યા પછી ગુલાબશ્રીજી પ્રવર્તની સાધ્વી થયાં તે મૂળ ડભોઇના રહીશં, અને નાની વયમાં તીવ્ર વૈરાગ્ય થવાથી સં. ૧૯૩૬ માં શ્રીમાન મુક્તિવિજયજી ગણિ પાસે લીંબડી ગામમાં દીક્ષા લીધી અને સં. ૧૯૩૭ ના માહા સુદ ૫ મે અમદાવાદમાં તેઓશ્રીએ તેમને વડી દીક્ષા આપી. ગુલાબશ્રીજીને ૧૩ શિષ્યાઓ છે. તેમના નામ લાભશ્રીજી, બેનકોરશ્રીજી, આણંદશ્રીજી, ગંગાશ્રીજી, ફતેશ્રીજી, હુકમશ્રીજી, જ્ઞાનશ્રીજી, શણગારશ્રીજી, વસંત

શ્રીજી, સરસ્વતીશ્રીજી, હીરાશ્રીજી, અને જંબુશ્રીજી આમાં નવ સાધ્વીઓ વિદ્યમાન છે, અને ગંગાશ્રીજી, ફતેશ્રીજી, હુકમશ્રીજી તથા જ્ઞાનશ્રીજી આ ચાર સાધ્વીઓ કાળધર્મ પામી છે. લાભશ્રીને દયાશ્રી વગેરે અને દયાશ્રીજીને ઉત્તમશ્રીજી, મંગળશ્રીજી વગેરે લગભગ ૨૦ સાધ્વીનો પરિવાર છે. ખેમકોરશ્રીજીને પ્રમોદશ્રીજી, અશોકશ્રીજી વગેરે ૪ શિષ્યાઓ છે. આણંદશ્રીજીને કમળશ્રીજી, દર્શનશ્રીજી, કસ્તુરશ્રીજી તથા અમૃતશ્રીએ ચાર શિષ્યઓ છે. કમળશ્રીજીને મુકિતશ્રીજી, કંચનશ્રીજી, અમુલકશ્રીજી નામની શિષ્યાઓ છે, અને દર્શનશ્રીજીને ચારિત્રશ્રીજી, ધનશ્રીજી, હુર્મ્યશ્રીજી નામની શિષ્યાઓ છે. કસ્તુરશ્રીજીને કમળશ્રીજી, પ્રતાપશ્રીજી, પ્રભાશ્રીજી, મોહનશ્રીજી વગેરે કુલ ૧૫ શિષ્યાઓ છે. ગંગાશ્રીજીને જંબુશ્રીજી, અનોપશ્રીજી, શાંતિશ્રીજી વગેરે ૮ શિષ્યાઓ છે. ફતેશ્રીજીને લાવણ્યશ્રીજી, રતનશ્રીજી, વગેરે ૧૦ શિષ્યાઓ છે. હેમશ્રીજી, કલ્યાણશ્રીજી શાંતિશ્રીજી વગેરે ૫ છે હુકમશ્રીજીને કંકુશ્રીજી, ખાંતિશ્રીજી વગેરે ૫ શિષ્યાઓ છે. જ્ઞાનશ્રીજીને કેસરશ્રીજી સુમતિશ્રીજી, કેવળશ્રીજી, સુભદ્રાશ્રીજી, જયંતીશ્રીજી વગેરે ૧૨ શિષ્યા પ્રશિષ્યાઓ છે પ્રસન્નશ્રીજીને હરખશ્રીજી વગેરે બે શિષ્યાઓ છે. શણગારશ્રીજીને એક શિષ્યા છે. પુન્યશ્રીજીને સોભાગ્યશ્રીજી, ઉમેદશ્રીજી, નિધાનશ્રીજી નામની શિષ્યાઓ છે, ઉમેદશ્રીજીને જતનશ્રીજી, અને જતનશ્રીજીને તારાશ્રીજી, ખીમાશ્રીજી, વલ્લભશ્રીજી વગેરે ૧૨ શિષ્યાઓ છે. હીરશ્રીજીને હરખશ્રીજી નામની શિષ્યા છે. અને હરખશ્રીજીને કમળશ્રીજી, કેસરશ્રીજી મણિશ્રીજી વગેરે ૪ શિષ્યાઓ છે. જડાવશ્રીજીને દેવશ્રીજી તથા પ્રેમશ્રીજી નામની બે શિષ્યાઓ છે. દેવશ્રીજી ધોલેરાના રહીશ છે, તેમણે સં ૧૯૨૮માં દીક્ષા લીધી હતી, તેમને લાભશ્રીજી પદમશ્રીજી—અને ચંદનશ્રીજી નામની ત્રણ શિષ્યાઓ છે. લાભશ્રીજીની શિષ્યા મણિશ્રીજી છે, અને મણિશ્રીજીને મંગળશ્રીજી ચંપ શ્રીજી અને કંચનશ્રીજી નામની ત્રણશિષ્યાઓ છે. ચંદનશ્રીજીને ભક્તિશ્રીજી, અશોકશ્રીજી, અનોપશ્રીજી નામની શિષ્યાઓ છે. અને અશોકશ્રીજીને સોભાગ્યશ્રીજી એક શિષ્યા છે. અને સોભાગ્યશ્રીજીને ચંદ્રશ્રીજી નામની શિષ્યા છે.

અનોપશ્રીને કલ્યાણશ્રીજી શિષ્યા છે. આ મુજબ દેવશ્રીજીને ૧૫ શિષ્યાઓ છે. પ્રેમશ્રીજી વડોદરાના રહીશ હતા, અને સં. ૧૯૨૮ માં દીક્ષા લીધી; તેમને કંકુશ્રીજી, આણંદશ્રીજી અને હેમશ્રીજી નામની ત્રણ શિષ્યાઓ છે, કંકુશ્રીજીને દેવશ્રીજી, કપુરશ્રીજી, હારશ્રીજી વગેરે શિષ્યાઓ છે. ગુણશ્રીજી જામનગરના રહીશ હતા; તેમને દેવશ્રીજી, માણેકશ્રીજી, હેતશ્રીજી નામની ત્રણ શિષ્યાઓ છે. દેવશ્રીજીને પ્રધાનશ્રીજી, ચંદનશ્રીજી, મુક્તિશ્રીજી શિષ્યાઓ છે. ચંદનશ્રીજીને મણીશ્રીજી ને સૌભાગ્યશ્રીજી શિષ્યા છે. માણેક-શ્રીને ચંદનશ્રી નામની એક શિષ્યા છે. હેતશ્રીજીને હરકોરશ્રીજી, ઉત્તમશ્રીજી, જશશ્રીજી, હરખશ્રીજી વગેરે ચાર શિષ્યાઓ છે. આ પ્રમાણે આચાર્ય મહારાજશ્રીનો શિષ્ય શિષ્યણી પરિવાર ૧૫૦ થી ૧૭૫ સુધીનો છે.

# પ્રકરણ ૮ મું.

## જીવન પરિચય.

શ્રીમદ્ આચાર્ય શ્રી વિજયકમળ સૂરીશ્વરજીની પ્રકૃતિ ઘણી શાંત હતી. તેમનું જીવન તદ્દન શાંતિપ્રધાન હતું અને તેમણે ક્લેશને ઉદીરણા કરી વધાર્યો હોય, એવો એક પણ દાખલો તેમના જીવન-માંથી મળી શકતો નથી. તેઓ સદા કલેશ કંકાસથી દૂરજ રહેતા હતા. કદાચ એવો કલેશનો પ્રસંગ ઉપસ્થિત થાય, તો તેઓ નમીને માર્ગ કરી દેતા હતા. પોતે એટલા બધા ભોળા અને ભદ્રિક હતા કે એક વિચારને તેઓ ઘણીવાર વળગી રહેતા ન હતા; અને આથી ઘણીવાર તેઓ શિષ્યોના કહેવા પ્રમાણે ચાલતા હતા. તેઓ-શ્રીએ શ્રાવકોમાં પડેલાં તડોનું સમાધાન કરાવી શાંતિ ફેલાવી છે. તેઓ પોતાની નોંધ પોથીમાં એક સ્થળે જણાવે છે કે “તમામ શહેરોમાં ધર્મોપદેશ વિના કોઇ તકરારી કામમાં આજ દિન સુધી હું પડ્યો નથી, તેમ રૌદ્ર ધ્યાનના પ્રણામ પ્રાયે થયા નથી. ક્રોધ પણ

તીવ્ર અનંતાનુબંધી પ્રાયે કરી કરવામાં આવ્યો નથી. માન, માયા અને લોભ અનંતાનુબંધી પ્રાયે કરીને કરેલ નથી. પ્રશસ્ત રાગ, પ્રશંસા, દ્વેષ ઘણીવાર કર્યો હશે." આ વાક્યો ઉપર તેમના જીવન સંબંધી તેમનો કેવો ખ્યાલ હતો, તે આપણાથી સમજી શકાય છે. તેઓશ્રી જુના જમાનાના ક્રિયા કાંડમાં ચુસ્ત હતા. તમજ પૂજા, સ્વામિવચ્છલ, વરઘોડા અને અઠ્ઠાઇ મહોત્સવ વગેરેના વિશેષ હીમાયતી હતા. પૂજા એ પ્રભુ ભક્તિનું અંગ છે, અને તેને લઇ તે બાબતનો વિશેષ ઉપદેશ તેઓશ્રી આપતા હતા. આ સાથે તેમનાં પરોપકાર સંબંધી કર્તવ્યો, તેમનું શાંતિમય જીવન, સતત વિહાર, અને જીવદયા તરફની તેમની લાગણી ખરેખર પ્રશંસાને પાત્ર હતી. દુઃખી શ્રાવક શ્રાવિકાઓને મદદ અપાવવામાં તેઓશ્રી ઘણો સારો ઉત્સાહ દર્શાવતાં હતા. તેઓશ્રીનું ચારિત્ર અતિ નિર્મળ હતું, અને લોકોનો અભિપ્રાય પણ તેમના માટે ઘણોજ ઉંચા હતા. પોતાના સમુદાયના સાધુ સાધ્વીના સુધારા માટે વડોદરા ખાતે એક સંમેલન થયું હતું તે સમયે તેમને પ્રમુખ પદ આપવામાં આવ્યું હતું. તે સંમેલનમાં સમયને અનુકૂળ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા, જેમાંના મુખ્ય ઠરાવો નીચે પ્રમાણે છે.–

(૧) દરેક સાધુ સાધ્વીએ પોતાના ગુરૂની નિશ્રાયે રહેવું, સ્વચ્છંદે એકલા વિચરવું નહિ.

(૨) નવકલ્પી વિહાર કરવો છૂટાકાલમાં એક સ્થળે રહેવું નહિ, પણ જુદા જુદા પ્રદેશોમાં વિચરવું.

(૩) ઉપદેશ પદ્ધતિ બદલાવવી. હાલમાં નવાં દેરાસર બંધાવવામાં તેમજ સ્વામીવત્સલમાં પૈસા ખરચાવવાને બદલે જીર્ણોદ્ધાર, પુસ્તકોદ્ધાર અને શ્રાવકોદ્ધાર કરવા બનતો ઉપદેશ આપવા પ્રયત્ન કરવો.

(૪) સાધુ સાધ્વીએ આપસ આપસમાં સંપની વૃદ્ધિ કરવી.

(૫) યોગ્યતા તપાસી લાયકને દીક્ષા આપવી.

(૬) ગુરૂથી વિના પ્રયોજને જુદા થયેલા શિષ્યને તેના ગુરૂની રજા સિવાય ભેગો રાખવો નહિ.

આ પ્રમાણે તેઓના પ્રમુખપણા નીચે સાધુ સાધ્વી તથા સંઘના હિતાર્થે નિયમો ઘડવામાં આવ્યા હતા, પણ તેને પાળનારા ઘણા ઓછા નીકળી આવ્યા હતા એ ખેદની વાત છે. આ નિયમો જો ખરેખર પાળવામાં આવ્યા હોત તો સંઘનો ઉદય થતાં વાર લાગત નહિ.

તેઓશ્રીને ઉપદેશ દેવા સંબંધમાં જરાપણ કંટાળો લાગતો ન હતો. ગમે તેવો વિહાર કરીને–થાકીને ગામમાં ગયા હોય, પણ ત્યાં જો પાંચ દશ સાંભળનાર મળી આવે તો કમર છોડીને પહેલું કામ તેમને ઉપદેશ આપવાનું તે કરતા હતા.

તેઓશ્રી ગામડાઓમાં ખાસ કરીને પ્રભુભક્તિ, પૂજા, સ્વામીવત્સલ, દાન, તપ, શીયળ, સાતવ્યસનનિષેધ, બારવ્રતો, જીવદયા, પરોપકાર વગેરે વિષયો ઉપર ઉપદેશ આપતા હતા. શહેરોમાં મુખ્યત્વે કરીને ભગવતીજી સૂત્ર, પન્નવણા સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, જ્ઞાતા સૂત્ર, ધર્મ-રત્ન, ધર્મરત્ન કરંડક, આત્મ પ્રબોધ, શત્રુંજ્ય મહાત્મ્ય, ઉત્તમકુમાર ચરિત્ર, મહીપાળ ચરિત્ર, મલયાસુંદરી ચરિત્ર, પાંડવ ચરિત્ર આદિ ગ્રન્થો વાંચતા હતા. તેઓશ્રીનો વિદ્યાભ્યાસ પ્રત્યે છેવટ સુધી એટલો બધો પ્રેમ હતો કે જો પોતાના કરતાં કોઇ વિશેષ જાણકાર આવે અને તે નવીન સૂત્ર કે ગ્રંન્થ વંચાવનાર હોય તો તે સૂત્ર કે ગ્રન્થ વાંચવાને જરાપણ ચૂકતા નહિ. પોતાના શિષ્યો પાસે પણ વાંચવા માટે તેમને જરાપણ સંકોચ કે શરમ આવતી નહિ. જ્ઞાન ગમે ત્યાંથી પ્રાપ્ત કરવું એજ તેમનો મુખ્ય સિદ્ધાંત હતો. તેજ રીતે કોઇ વાંચનાર મળે તો તેને કોઇપણ ગ્રન્થ વંચાવતા અચકાતા પણ નહિ. તેમનો સમય જ્ઞાન ભણવા ભણાવવામાં કે ધાર્મિક ક્રિયા કરવા કરાવવામાં પસાર થતો હતો. ઉપધાન અને યોગોદ્વહનની ધાર્મિક ક્રિયા કરાવવામાં તેમને વિશેષ આનંદ પડતો હતો. કોઇપણ સમુદાયનો સાધુ યોગવહન કરાવવાનું તેમને કહે તો જ્યાં સુધી તેઓશ્રીને અનુકૂળતા હોય ત્યાં સુધી કોઇને ના પાડતા નહિ. યોગો-દ્વહન કે વડી દીક્ષા દેવાની બાબતમાં તેમણે કોઇને પણ પોતાના કે પારકા ગણ્યા નથી. તપશ્ચર્યા તરફ મહારાજશ્રીની મૂળથી એટલી

બધી પ્રીતિ હતી કે પાંચ તીથિના ઉપવાસ તો તેમણે છેવટ સુધી છોડ્યા ન હતા. પર્યુષણમાં છટ્ઠ, અઠ્ઠમ, અને કોઇ વખત અઠ્ઠાઇ પણ કરતા હતા, તેમ બીજાઓને પણ તપશ્ચર્યા કરવા પ્રેરણા કરતા હતા. ધર્માદા ખાતાંની ટીપ ભરાવવામાં માન અપમાનનો લેશ પણ ભય રાખ્યા વિના શ્રાવકોને કહી ઝાઝી કે થોડી મદદ કરાવ્યા વિના ભાગ્યેજ રહેતા હતા. આ બાબતમાં તેઓ છેવટે બીજા પર ભલામણના પત્રો લખી આપીને પણ પોતાની ફરજ બજાવતા હતા. તેમની શરીર સંપત્તિ ઘણીજ સારી હતી. તેમની જીંદગીમાં તેમણે ભારે મંદવાડ ભોગવ્યો હોય, એવો એક પણ પ્રસંગ આવ્યો નથી. પુસ્તક સંગ્રહ તરફ તેમની સારી પ્રીતિ હતી. પોતે વાંચી શકે તેવાં હોય કે ન વાંચી શકે તેવાં હોય તો પણ "કોઇને ઉપયોગમાં આવશે," એમ કહી સંગ્રહ કરતા હતા. કોઇને જરૂર જણાતાં તે વાંચવા કે રાખવા આપવાને જરા પણ અચકાતા નહિ. તેમની પાસે પુસ્તકોનો ઘણો સારો જથ્થો હતો, અને તેની યોગ્ય વ્યવસ્થા પોતાના હાથેજ તેઓશ્રીએ કરી દીધી છે, તે આપણે સ્વર્ગગમન પ્રકરણમાં કહી ગયા છીએ. આવડો મોટો સાધુ સાધ્વીનો પરિવાર હોવા છતાં તેઓશ્રીની શાંતતા, સહનશીલતા, અનુપમ ચરિત્રતા, નિરભિમાનતા, સરલ હૃદયતા વગેરે ગુણો ભાગ્યેજ એક વ્યક્તિમાં એકઠા થયેલા જોવામાં આવે છે. તેઓશ્રી પોતાની પાછળ યોગ્ય, સમુદાયનો નિર્વાહ કરનાર ગાદીવારસ તરીકે પંન્યાસજી મહારાજશ્રી કેસરવિજયજી ગણિને પોતાના હાથેજ નિર્માણ કરી ગયા છે, અને તે માટે તેમનો સર્વ સાધુ સાધ્વી સમુદાય આચાર્યશ્રીનો ઋણી થયો છે, અને પન્યાસજી મહારાજશ્રી પણ આચાર્યશ્રીના પગલે ચાલી સર્વ સમુદાયને યોગ્ય સારણા વારણા કરી આચાર્યશ્રીનો વિરહ જણાવા નહિ દે, એજ અંતિમ પ્રાર્થના છે.

આચાર્ય મહારાજશ્રી વિજયકમળસૂરીશ્વરજીના ચરિત્રના મુખ્ય બનાવોની ટુંક નોંધ.

જન્મ. પાલીતાણામાં સંવત ૧૯૧૩ના ચૈત્ર સુદ ૨.

દીક્ષા. અમદાવાદમાં સંવત ૧૯૩૬ના વૈશાખ વદી ૮

વડી દીક્ષા. અમદાવાદમાં સંવત ૧૯૩૭ના કાર્તક વદ ૧૨

ગણિપદવી તથા પંન્યાસપદવી લીંબડીમાં સંવત ૧૯૪૭ના જેઠ સુદ ૧૩

આચાર્યપદવી અમદાવાદમાં સંવત ૧૯૭૩ના મહાશુદ ૬ ને રવિવારે.

સ્વર્ગગમન બારડોલીમાં ૧૯૭૪ના આસો સુદી ૧૦.

## ચાતુર્માસની નોંધ.

પાંચ ચાર્તુમાસ અમદાવાદમાં. ૭ પાલીતાણામાં. પાંચ સુરતમાં ત્રણ વડોદરામાં, બે પાટણ શહેરમાં, બે કપડવંજમાં, એક ધોરાજી, એક મહેસાણા, એક ચાણુસમામાં, એક ઉંઝા, બે લીંબડી, એક વઢવાણ-કાંપ, એક પાદરા, એક મુંબઈ, એક પુના, એક એવલા, એક બુરાન-પુર, એક ડભોઇ, એક વીજાપુર, એક ખેડા, આ પ્રમાણે જુદાં જુદાં સ્થળે ચાતુર્માસ કરી છેવટનું ચાતુર્માસ બારડોલીમાં કર્યું હતું. આસો સુદી વિજયાદશમીને દિવસે સાંજના પાણી ચૂકાવી પ્રતિક્ર-મણમાં પ્રભુ સ્તુતિનું સ્મરણ કરતાં તેમનો અમર આત્મા આ ક્ષણ વિનશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગીય સુખનો અનુભવ કરવા ચાલ્યો ગયો. તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળો. શાંતિઃ શાંતિઃ શાંતિઃ

श्रीमद् विजयकमलसूरीश्वर शिष्य पंन्यासश्री देवविजय-गणि विरचितं जीवन परिचयनामाष्टमं प्रकरणं समाप्तं च तत्समाप्तौ । शुभंभूयात् ।

પંન્યાસજી મહારાજ શ્રી દેવવિજયજી.



જન્મ સં. ૧૯૩૬ દીક્ષા સં. ૧૯૫૬ પંન્યાસપદ સં. ૧૯૭૩

આનંદ પ્રેસ–ભાવનગર

ॐ विजयकमलसूरीभ्यो नमः

# ॥ श्री देवभक्तिमाला प्रकरण. ॥

वीरं वीरजिनं नत्वा, गुरुं भक्त्या सरस्वतीं ।
देवार्चाविषयं किंचित्, लिख्यते स्मृतिहेतवे ॥ १ ॥

**અર્થ:**—રાગદ્વેષરૂપ મહા સુભટને જીતનાર એવા **વીરજિનેશ્વર** પ્રભુને નમસ્કાર કરી તથા ભક્તિપૂર્વક શ્રીમાન્ આચાર્ય મહારાજ **શ્રી કમલવિજયજી** ગુરૂમહારાજને તથા **સરસ્વતી** દેવીને નમસ્કાર કરી દેવભક્તિનો વિષય છે જેમાં એવા આ ગ્રંથને કિંચિત્ માત્ર સ્વપરની સ્મૃતિ-ઉપગારની ખાતર હું લખું છું.

---

## પૂજાનું ફલ.

पूजया पूर्यते सर्वं, पूज्यो भवति पूजया ।
ऋद्धिवृद्धिकरी पूजा, पूजा सर्वार्थसाधनी ॥ २ ॥

**અર્થ:**—સંસારમાં સર્વ મનુષ્યો સુખી થવાને ઇચ્છે છે. પણ તે સુખ પ્રાપ્ત થવાના ખાસ કારણો તરફ લક્ષ્ય નહીં આપવાથી સુખ મળી શકતું નથી, માટે શાસ્ત્રકાર મહારાજ સુખી થવાનો ઉપાય બતાવતા જણાવે છે કે-પરમાત્માની પૂજા શુદ્ધ અંત:કરણથી જે

મનુષ્યો કરે છે તેને સર્વ વસ્તુની પ્રાપ્તિ થાય છે. તેમજ પરમાત્માની પૂજાના પ્રતાપે તે માણસ પૂજનીક બને છે. તેમજ દ્રવ્ય, ઋદ્ધિ, ધન ધાન્યાદિ અને ભાવઋદ્ધિ જ્ઞાન દર્શન ચારિત્રરૂપ તેની પણ પ્રભુપૂજા વૃદ્ધિ કરે છે. ટુંકામાં પૂજા સર્વ મનોવંચ્છિત ફલને આપે છે. તેથી આત્મહિતના ઇચ્છકોએ અવશ્ય પ્રભુની પૂજા કરવી.

---

## પૂજાનું ઉત્કૃષ્ટ ફલ.

**जिणपूअणंतिसंझं, कुणमाणो सोहइ सम्मत्तं ।**
**तित्थयर नाम गुत्तं, पावइ सेणीय नरिंदुव्व ॥ ३ ॥**

**અર્થ:**—પ્રભુની ત્રિકાલ પૂજા કરનાર માણસ પોતાના સમ્યક્ત્વ ગુણને શુદ્ધ કરે છે તેમજ શ્રેણિક રાજાની માફક તીર્થંકર નામ ગોત્રને બાંધે છે. જેવી રીતે શ્રેણિકરાજાને પ્રભુ પ્રત્યે લાગણી હતી-પ્રેમ હતો તેવો પ્રેમ વર્તમાન કાળમાં પ્રભુની પૂજામાં જો ઉત્પન્ન થાય તો આજે પણ તેજ ફલ મળવું જરાપણ અશકય નથી. સાક્ષાત્ પ્રભુજ બીરાજમાન છે. અને સાક્ષાત્ પ્રભુનીજ પૂજા કરૂં છું, આમ અભેદ લાગણીથી પ્રભુ પૂજા થવી જોઇએ. ચિત્તવૃત્તિ પણ તન્મય થવી જોઇએ, મનની અંદર કોઇ પણ બાહ્ય વસ્તુ સંબંધી વિચાર પણ ન આવવો જોઇએ-આ પ્રમાણે પ્રભુ પૂજા કરવાથી આજે પણ તે ફળ મળી શકે છે.

ત્રિકાળ પૂજા જે જે વસ્તુથી થાય છે તે બતાવે છે—

**प्रातः प्रपूजयेत् वासैर्मध्यान्हे कुसुमैर्जिनं ।**
**संध्यायां धूपनैर्दीपैस्त्रिधा देवं प्रपूजयेत् ॥ ४ ॥**

**અર્થ:**—સવારના પહોરમાં શુદ્ધ વસ્ત્ર પહેરી પ્રથમ પ્રભુના દર્શન કરી વાસક્ષેપથી પ્રભુપૂજા કરવી. પછી બીજા પહોરે પ્રભુની અષ્ટપ્રકારી પૂજા ઉત્તમ કેશરચંદન પુષ્પાદિથી કરવી. અને સાંજના ધૂપ તથા દીપકથી પૂજા કરવી એટલે પ્રભુની આરતી તથા મંગળ

દીપકથી પૂજા કરવી. આ મુજબ પ્રભુની પુજા કરનાર માણુસ **નાગકેતુની** માફક તેજ ભવમાં મોક્ષ મેળવે છે. કેટલાક **શ્રેણિકરાજાની** માફક ત્રીજે ભવે મોક્ષ મેળવે છે. અને કેટલાક ભારે કર્મી જીવો હોય તે સાત કે આઠ ભવમાં મોક્ષ મેળવે છે. આમ સમજી વિધિ પૂર્વક શુદ્ધ લાગણીથી પ્રભુ પૂજા કરવા પ્રયત્ન કરવો.

---

## પૂજાના ભેદો.

**पुष्पाद्यर्चा तदाज्ञा च, तद्द्रव्यपरिरक्षणं.**
**उत्सवस्तीर्थयात्रा च, भक्तिः पंचविधा जिने (२)**

અર્થ: જલ, કેશર, પુષ્પ, ધુપ દીપ, અક્ષત, ફલ, નૈવેદ્ય, આ પ્રમાણે આઠ પ્રકારે પૂજા કરવાથી પ્રથમ ભક્તિ કરી કહેવાય છે. દરેક પૂજા કરતી વખતે જુદી જુદી ભાવના ભાવવાની છે, જલ પૂજા કરતી વખતે મનમાં એમ ભાવના ભાવવી કે આ જલ મલને દુર કરી પવિત્ર બનાવે છે. પ્રભુ આપ તો પવિત્ર છો આપને આ સ્નાનથી કાંઈ પણ ફાયદો નથી પણ હું આ સ્નાન કરી આપની પાસે યાચના કરૂ છું કે આ જલ શીતલ હોવાથી બાહ્ય તાપને દૂર કરે છે, તૃષા શાંત કરે છે, મલને પણ દુર કરે છે, તે મુજબ હે પ્રભુ! તમે પણ મારા અંતરંગ કામાદિ તાપને શાંત કરો, કર્મ રૂપ મળને ધોઇ નાખો; બાહ્યા પદાર્થ વિષયક તૃષ્ણાને શાંત કરો વિગેરે મનમાં ચીંતન કરવું. ચંદન પુષ્પ ધુપાદિ પૂજા કરતી વખતે મનમાં ભાવના ભાવવી કે જેમ આ પદાર્થો મલીન વાસને દૂર કરી સુંગંધ સર્વત્ર ફેલાવે છે, તેમ હે પ્રભુ! આ પૂજાથી મારી અનાદિ કાલની મલીન વાસના કામાદિ રૂપ એને આપ દૂર કરો અને મારૂ અંતઃકરણ સારી વાસનાથી વાસીત કરો વિગેરે ચિંતન કરવું. દીપ પૂજાથી જેમ દીવો અંધકારને દૂર કરે છે તેમ હે પ્રભુ! મારા અજ્ઞાન રૂપ અંધકારને આપ દૂર કરો. અક્ષત–ચોખાની પૂજા વખતે ભાવના ભાવવી કે હે પ્રભુ! આ અક્ષત અણિશુદ્ધ આખા છે તે મુજબ મને અક્ષય પદ મોક્ષપદ આપો. નૈવેદ્ય પૂજાથી ભાવના ભાવવી કે હે

પ્રભુ! આ આહારાદિક વસ્તુને દરરોજ ખાતા છતાં પણ કોઇ દિવસે ક્ષુધાની શાંતિ ન થઈ. એટલા માટે હવે મને અણાહારી પદ આપો કે જેથી આ તમામ ઉપાધિ મટી જાય. આ મુજબ ભાવના ભાવવી. ફલ પૂજાથી ભાવના ભાવવી કે હે પ્રભુ ! આ દ્રવ્ય ફલ આપની સન્મુખ ધરી હું ભાવ ફલ રૂપ પરમપદની યાચના કરૂ છું તે કૃપા કરી મને આપો. આ મુજબ દરેક પૂજા કરતાં હૃદયની અંદર ભાવના ભાવવી. અક્ષત પૂજામાં ચોખાથી સ્વસ્તિક કરી ત્રણ ઢગલી તથા ઉપર સિદ્ધ-શિલા જેવો આકાર કરવામાં આવે છે. આની અંદર પણ ભાવના એવી ભાવવી કે હે પ્રભુ! આ સાથીઆના ચાર પાંખડાં વાંકાં છે. તેની માફક ચાર ગતિ એ પણ વાંકી છે. આધિ, વ્યાધિ, જન્મ, જરા, મરણા-દિક દુઃખથી ભરપૂર છે, માટે હે પ્રભુ ! આ ચાર ગતિ ને ચુર્ણ કરી આ ત્રણ ઢગલી રૂપ જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્ન મને આપો, તેમજ આ સિદ્ધશિલારૂપ ઉત્તમ સ્થાનપર મને નિવાસ આપો. પછી તેની ઉપર શ્રીફલાદિક ફલ મુકી ભાવના ભાવવી કે હે પ્રભુ ! આજ ફલ મને આપો એટલે સિદ્ધ શિલા ઉપર વાસ કરાવી મોક્ષ-રૂપ ઉત્તમ ફલ મને આપો. આ લોક સંબંધી બીજા કોઇપણ ફલની મને ઇચ્છા નથી. આ મુજબ ભાવના ભાવી પછી ભાવપૂજા રૂપ પ્રભુની સન્મુખ સ્તોત્ર સ્તવનાદિક બોલવા જેનો અર્થ પ્રગટપણે આપણે સમજી શકીએ તેવા બોલવા. વળી તે સ્તવનો પ્રભુની સ્તુતિ તથા પોતાની લઘુતા વાલા હોવા જોઇએ.

આ પ્રમાણે પ્રથમ ભકિત કરવી—

બીજી ભકિત **પ્રભુજીની આજ્ઞા માનવી** તે છે. ત્રીજી ભક્તિ પ્રભુને ઉદ્દેશીને કાઢેલ જે **દ્રવ્ય** છે તેનું રક્ષણ કરવું તે છે. ચોથી ભકિત ઉત્સવ કરવો તે છે અને પાંચમી ભકિત તીર્થની યાત્રા કરવી તે છે. આ મુજબ પાંચ પ્રકારની પ્રભુભકિત પૂર્વના આચાર્ય મહારાજ કહી ગયા છે. આ ભકિતનું ફળ પહેલાં કહી ગયા છીએ કે મનોવાંછીત આ લોક તથા પરલોક સંબંધી ફલ મલે છે અને છેવટે પરંપરાએ મોક્ષરૂપ ફલ મળે છે. આ પાંચ પ્રકારની ભકિત સંબંધી વિશેષ વિવે-ચન અનુક્રમે અહીં કરવામાં આવે છે.

"पुष्पाद्यर्चा"—અષ્ટ પ્રકારી તથા સત્તર પ્રકારી પ્રભુપૂજા.

વિવેચન–પ્રિય વાચકો! આ અસાર સંસારમાં દુષમ કાલમાં જીવોને આધારભૂત જો કોઇ હોય તો માત્ર પરમાત્માની મૂર્તિ તથા શ્રુત જ્ઞાન આ બેજ વસ્તુ છે. અત્યારે આપણે ગમે તેટલી બુમો પાડીએ, રૂદન કરીએ તો પણ જે પરમાત્મા આપણાં હૃદયના સંશયોને દૂર કરનાર હતા તે હવે પરમપદને પ્રાપ્ત થયેલ હોવાથી તે પાછા આવી આપણાં હૃદયનાં દુઃખોને તે કદી દૂર કરી શકશે નહીં આ ચોક્કસ વાત છે. તેમજ તે તીર્થંકરાદિ મહાત્મા પધારે તો હું આત્મકલ્યાણ માટે પ્રવૃત્તિ કરૂં આમ ધારી બેસી રહેવું તે પણ તદ્દન નકામું છે. તેથી તીર્થંકરાદિની મૂર્તિ છે તેજ આપણાં હિત માટે આલંબનભૂત આ કાળમાં પુરતી છે. પરમાત્માની મૂર્ત્તિને પરમાત્મા રૂપ માની તેની પૂજા કરનાર માણસ પોતે આ લોકમાં તથા પરલોકમાં પૂજનિક બને છે. ટુંકમાં સર્વ મનોવાંછીતને પૂર્ણ કરનાર પરમાત્માની પૂજા છે આમ સમજી પરમ શાંત સ્વરૂપ વીતરાગ દેવની પૂજા, સેવા, ભકિત જેમ, બને તેમ વિશેષ પ્રકારે કરવી. જે દેવ પરમપદને પામ્યા છે તેજ દેવ બીજાને તેમના જેવા બનાવી શકે છે. જે દેવો રાગદ્વેષને લઇ ચાર ગતિમાં પરિભ્રમણ કરી રહ્યા છે તે દેવો બીજાને કેવી રીતે ચાર ગતિથી મુકત કરાવી પરમપદને પહોંચાડી શકશે? દરિદ્ર માણસ બીજાને ધનવાન કરી શકતો નથી. આ ઉપરથી આપણને સમજાયું હશે કે જેનામાં રાગદ્વેષ હોય તે દેવ કદી બની શકે જ નહીં પણ જેણે રાગદ્વેષાદિ મહાન્ અંતરંગ શત્રુનો સર્વથા ક્ષય કરી પૂર્ણ જ્ઞાન મેળવ્યું છે અને જેઓ પરમપદના ભોકતા બન્યા છે તેજ દેવ કહી શકાય છે. પછી તમો તેને ગમે તે નામથી બોલાવો તેની ફીકર નથી. માત્ર તેમનામાં ઉપર જણાવેલ ગુણો હોવા જોઇએ. આવા વીતરાગ દેવની પૂજા તથા દર્શન કરવાથી આપણામાં પણ વીતરાગ દશા પ્રગટ થાય છે. પૂજા તથા દર્શનનું અનંતર આ ફલ છે પરંપર ફલ મોક્ષ છે.

यदुक्तं षट्दर्शनसमुच्चये—

वीतरागं स्मरन् योगी, वीतरागत्वमश्नुते।
सरागं ध्यायतः पुंसः सरागत्वं तु निश्चितं (१)

**અર્થ**: વીતરાગ દેવનું સ્મરણ ધ્યાન દર્શન કરનાર માણસ વીતરાગ દશાને પામે છે. સરાગી એવી સ્ત્રીયાદિકની છબીના દર્શન સ્મરણથી માણસમાં રાગ દશાની પ્રાપ્તિ થાય છે. આ વાત પ્રસિદ્ધ જ છે. આમ ધારી વીતરાગ દશા પ્રાપ્ત કરવા સારૂ વીતરાગનુંજ આલંબન લેવું જોઇએ. આમ કરવાનું કારણ જ્યાં રાગ દ્વેષ રૂપી ચીકાશ હોય છે ત્યાંજ કર્મરૂપી રજ ચોટે છે. ઉજવલ સફેદ વસ્ત્રમાં રજ લાગેલી હોતી નથી, પણ ઘાંચી કે કંદોઇના વસ્ત્રો ઉપર જુઓ કેટલી રજ લાગી હોય છે; મતલબકે ત્યાં ચીકાશ ઘણી છે, તેમ જ્યાં રાગદ્વેષ ઘણો હશે ત્યાં કર્મરજ ઘણીજ લાગશે. આ ચોક્કસ વાત છે. કર્મ વર્ગણા જગત્માં સંપૂર્ણ ઠાંસી ઠાસીને ભરેલ છે આ વર્ગણા એવી નથી કે જે આપણને વગર ઇચ્છાએ આવીને ચોંટી જાય. આપણે જો તેને આમંત્રણ આપીએ તોજ તે વર્ગણા આપણને વળગે છે. આ આમંત્રણ-બીજુ કાંઇ પણ નથી. માત્ર આપણી અભિલાષા કે ઇચ્છાઓ છે. કોઇ પણ વસ્તુ તરફ ઇચ્છા થઇ કે તરતજ તમોએ કર્મ વર્ગણાને આમંત્રણ કર્યું સમજવું. ઇચ્છા તે રાગના ઘરની છે. રાગ જ્યાં હાજર થયો કે તરતજ કર્મ વર્ગણા હાજર થઇ સમજવી. આથી આપણને સમજાયું હશે કે વ્રત પચ્ચખાણ નહીં કરનારને જે પાપ આવે છે તેનો મુખ્ય હેતુ ઇચ્છા રોકેલ નથી તેજ સમજવું. આ બાબતમાં ઘણી વાર કેટલાકો વગર સમજે પ્રશ્ન કરે છે કે—જે વસ્તુઓનો અમે ઉપભોગ કરીએ તેના દ્વારા પાપ આવે તે તો વ્યાજબી ગણાય, પણ જે વસ્તુઓ અમે વાપરતા નથી તેનાથી પાપ કેવી રીતે આવે? આનો ઉત્તર ઉપર આપણે જણાવી ગયા છીએ કે તમારી ઇચ્છાઓ તમોએ કાબુમાં રાખી નથી એજ તેનું કારણ છે. જો તમો ઇચ્છાને કાબુમાં રાખો તો પછી પાપ આવવાનું કાંઇપણ કારણ નથી. ઇચ્છા કાબુમાં રાખવી તેનું નામજ સંયમ કે સંવર છે. બીજા શબ્દોમાં વિરતિ કે પચ્ચખાણ છે. વિરતિ કરવાથી જેમ આવતું પાપ રોકાય છે, તેમ ઇચ્છાને કાબુમાં રાખવાથી તેજ ફલ મળે છે. ઇચ્છા કર્યા સિવાય જો પાપ આવતું હોય તો પછી આ જીવનો ઉદ્ધાર કોઇ કાળે પણ થાય નહીં. તેમજ સિદ્ધના જીવોને પણ કર્મ લાગવાં જોઇએ અને તેને

કર્મ લાગે તો પછી તેમને પાછું સંસારમાંજ આવવું પડે. પછી મોક્ષ માટે કોઇ પણ માણસ પ્રયત્ન નહીં કરે. કારણકે મોક્ષમાંથી પણ પાછું સંસારમાં આવવાનું તો રહ્યુંજ છે. તેમજ દાન, વ્રત, જપ, તપ, નિયમ વિગેરે પણ નકામાં થઈ પડશે. કારણકે મોક્ષ તો મળનાર નથી. આ મુજબ આ બધા દોષો આવી પડશે. આથી ચોક્કસ થાય છે કે ઈચ્છાથીજ કર્મ આવે છે. સિદ્ધના જીવોને મોહનીય કર્મનો સર્વથા ક્ષય થયેલ હોવાથી ઇચ્છા તેઓને છેજ નહીં. આથી તેઓને ચારેકોર કર્મ વર્ગણા ભરી છે છતાં તે તેને ગૃહણ કરતા નથી અને ગૃહણ નહીં કરવાથી મોક્ષમાંથી પાછા આવવાપણું પણ નથી. આથી મોક્ષાભિલાષી જીવોના તપજપાદિ બધા સાર્થક બને છે. આથી એ નિશ્ચય થયો કે રાગદ્વેષ જેમ બને તેમ ઓછા કરી વીતરાગ ભાવ જેમ બને તેમ વધુ કરવાની ખાસ જરૂર છે. વીતરાગદશા વીતરાગદેવની પૂજા અગર તેનું ધ્યાન કરવાથી પ્રાપ્ત થાય છે.

## यदुक्तमागमे.

वीतरागं स्मरन् योगी, वीतरागत्वमश्नुते ।
इलीका भ्रमरीभीता, ध्यायंति भमरीं यथा (१)

**અર્થ**:—ભમરીના ડંશથી ભય પામેલી એવી ઈલીકા ભમરીના તરફ તન્મય બની જવાથી જેમ પોતાનું તેઇંદ્રિયપણું તજી દઇ ચૌરેદ્રિય ભમરી રૂપ બની જાય છે. તેવી રીતે વીતરાગ પરમાત્માનું ધ્યાન ધરનાર યોગી વિગેરે વીતરાગ સ્વરૂપ બની જાય છે. મતલબ કે ઇલીકાના દૃષ્ટાંતથી શાંત ચિત્તે પરમાત્માની મૂર્ત્તિ સન્મુખ બેસી પરમાત્માના ગુણોનું સ્મરણ કરતાં કરતાં પરમાત્મસ્વરૂપ બની જવાય છે. આમ લાંબો અભ્યાસ થતાં વીતરાગપણાથી અનેક ભવનાં કરેલાં કર્મોનો ક્ષય થાય છે અને પોતે અનુક્રમે વીતરાગ બની જાય છે. પરમાત્માની પૂજા અગર ધ્યાનનું આ ઉત્તમ ફલ છે.

### વાદી અહીં શંકા કરે છે કે,

વીતરાગને પૂજવાથી પોતે વીતરાગ હોવાથી પૂજનારને તેઓ

શું આપવાના છે ? રાગીની પૂજા કરવી સારી કે જેથી તેઓ પ્રસન્ન થવાથી આપણને મનોવાંછીત વસ્તુ તો આપે.

### શાસ્ત્રકાર સમાધાન કરે છે કે,

અલબત, વીતરાગ દેવ આપણને કશું આપતા નથી તો પણ પૂજા કરનારની અંતરંગની જે પરમભક્તિ છે તેજ પરમ ફલ આપે છે. દૃષ્ટાંત તરીકે જડ સ્વરૂપ એવો પણ લોહચુંબક જેમ દુર રહેલ લોઢાને પોતાની તરફ ખેંચી લે છે તે મુજબ આપણી ભક્તિ છે તે જ શુભ ફલને ખેંચી લે છે. તેમજ તીર્થના અધિષ્ટાતા દેવ હોય છે તે પણ કવચિત આપણી ભક્તિ જોઇ પ્રસન્ન થઇ આ લોક સંબંધી ફલ આપે છે. પરમાત્માની ભક્તિ અગર પૂજા આપણાં પોતાના હિત માટેજ કરીએ છીએ. પરમાત્માને તેમાં લેવા દેવા નથી, તેમને પૂજો તો પણ ઠીક, નિંદો તો પણ ઠીક, છતાં અંતરંગની શુદ્ધ લાગણી છે તેજ પૂજા કરનારને અપૂર્વ લાભ આપે છે. શ્રીમાન્ દેવચંદ્રજી મહારાજ કહે છે કે:—

**तुज करुणा सहु उपरे रे सरखी छे महाराज;**
**पण अविराधक जीवने रे कारण सफलुं थायरे (चंद्रानन जिन)**

અર્થ:—પ્રભુની સ્તુતિ કરતાં દેવચંદ્રજી મહારાજ કહે છે કે હે પ્રભુ, તારી કરૂણા સ્તુતિ કરનાર તેમજ નિંદા કરનાર બંનેના ઉપર સરખી છે, તોપણ અવિરાધક જીવને જ પોતાની ઇષ્ટસિદ્ધિ થાય છે. જ્યારે વિરાધકને પોતાની મેળેજ ઇષ્ટસિદ્ધિ થતી નથી. મતલબ કે પ્રભુની દૃષ્ટિ બધા ઉપર સરખી છે. છતાં જેઓનો પ્રેમ—હૃદયની લાગણી પ્રભુ પ્રત્યે છે તેનેજ તેની અંતરંગની ભક્તિ ફલ આપે છે. આટલા માટે ખાસ વીતરાગ દેવની પૂજા, સ્મરણ, ધ્યાન કરવાની જરૂર છે. વળી જે રાગી હોય તે દેવ થઇ શકેજ નહીં. દેવનું લક્ષણ આપણે પ્રથમ જણાવી ગયા છીએ. આથી એ નિર્ણય થયો કે ભલે વીતરાગ દેવ આપણને કાંઈ ન આપે પણ આપણી તેમના પ્રત્યે ભક્તિ છે તેજ આપણને પરમ ફલ આપવાને પૂર્ણ સમર્થ છે.

## શંકા.

પૂજાની અંદર પાણી, પુષ્પ, અગ્નિ વિગેરે જીવોની હિંસા-વિરાધના થતી હોવાથી પૂજાથી જરાપણ ફાયદો નથી, તેમજ જયાં જયાં હિંસા હોય છે ત્યાં ત્યાં અધર્મ થાય છે અને અધર્મથી નરક મળે છે. માટે પૂજા કરવી નકામી છે.

## સમાધાન.

પરમાત્માની પૂજાની અંદર એકેંદ્રિય જીવની વિરાધના બતાવી તે વાસ્તવિક વિરાધના નથી, માત્ર સ્વરૂપથીજ ભાસે છે. આ બાબત આગળ/ઉપર સ્પષ્ટ બતાવવામાં આવશે, પણ હું પૂછું છું કે પૂજા કરતાં બાર વ્રતધારી શ્રાવકનું કયું વ્રત ભાંગે છે તે જણાવો. બધા પૂજા કરનારા કાંઇ બાર વ્રતધારી હોતા નથી, છતાં કલ્પનાથી એક વખત બધાને બારવ્રતધારી માનીએ તો પણ પૂજા કરતાં તેમનુ કયું વ્રત ભાંગ્યું ? સ્થાવર જીવોની હિંસાના તેને પચ્ચખાણ તો છે જ નહીં. તેમજ ત્રસકાયમાં પણ સવા વસો દયા પાળવી, આટલો માત્ર નિયમ છે એટલે ત્રસ જીવોને જાણી બુજીને હણ્યાની બુદ્ધિએ સંકલ્પથી મારીશ નહી. માત્ર આટલુંજ તેને પચ્ચખાણ હોય છે. આમાં પૂજા કરતાં તેને અડચણ શું આવી તે બતાવો. ઘરના અનેક પ્રકારના આરંભો કરે તેની કાંઇ અડચણ નહીં, પણ જેમાં પ્રથમ સહેજ નુકશાની, પણ પાછલથી લાખોની કમાણી. કુવાના દૃષ્ટાંતથી તેને કયો વિચક્ષણ માણસ છોડી દે ?

## तथा चाह आवश्यकनिर्युक्तौ.

**अकासिणपवत्तगाणं, विरयाविरयाण एसखलु जुत्तो ।**
**संसारपयणुकरणे, दव्वथ्थए कूवदिट्ठंतो ( १ )**

અર્થ—શ્રીમાન્ ભદ્રબાહુ સ્વામી આવશ્યક નિર્યુક્તિમાં ગૃહસ્થને આશ્રીને જણાવે છે કે જેઓ સંપૂર્ણ રીતે ચારિત્ર લેવાને પ્રવૃ-

ત્તિવાળા નથી એવા દેશવિરતિ શ્રાવકને સંસાર ઓછો કરવાને માટે પુષ્પાદિથી પૂજા કરણ રૂપ દ્રવ્ય સ્તવમાં કૂપનું દૃષ્ટાંત કહેલ છે. મતલબ એ છે કે જે માણસ ચારિત્ર લેવાને સમર્થ છે અને ચારિત્ર સ્વીકારે છે તેને પ્રભુની પૂજા કરવા રૂપ જે દ્રવ્યસ્તવ છે તે કરવાની જરૂર રહેતી નથી; પણ જે હજી સુધી સંસારમાંજ રહ્યો છે, સંસારના અનેક પ્રકારના આરંભો કરે છે તેવા શ્રાવકને કૂવાના દૃષ્ટાંતથી દ્રવ્ય પૂજા કરવી તે ઘણીજ લાભ દાયક છે. સંસારને ઓછો કરનાર છે. ભગવતી સૂત્રમાં કુવાનું દૃષ્ટાંત બતાવેલ છે કે જેમ કુવો ખોદતી વખતે લુગડા અને શરીર ધૂલથી ખરાબ થાય છે, તૃષા ઘણી લાગે છે, પરિશ્રમ ઘણો પડેછે; પણ કુવો ખોદી રહયા પછી નીકળેલ પાણીથી વસ્ત્ર અને શરીર સાફ થાય છે, તૃષા શાંત થાય છે, પરિશ્રમ દૂર થાય છે અને લાખો જીવો પાણી પીને સંતોષી થાય છે. પ્રથમ પરિશ્રમ પડે છે, પણ પાછળથી તેનો પુરતો બદલો મળી જાય છે. આ મુજબ પ્રભુ સેવા કરનારને પ્રથમ પ્રભુને સ્નાન કરાવતી વખતે પાણી ઢોળવું પડેછે, ફૂલ તોડવાં પડેછે, ધૂપને માટે અગ્નિની જરૂર પણ પડે છે, આ બધું શરીરે રજ લાગવા જેવું સમજવું; પણ પ્રભુની પૂજા અષ્ટ પ્રકારી કરી પ્રથમ જણાવ્યા પ્રમાણે ભાવના ભાવતાં તથા ત્યાર પછી પણ ભાવપૂજા રૂપ સ્તુતિ કરતાં પાણીની પ્રાપ્તિ રૂપ લાખો રૂપીઆની કમાણી થાય છે. આથી પ્રથમનો મળ ધોવાઈ જઈ લાખોનો નફો મળે છે. આ નફો કયો વિદ્વાન્ માણુસ જાણી જોઈને છોડી દે ? વળી ગૃહસ્થને આશ્રી જગતમાં એવું એક પણ કાર્ય નથી કે જેમાં પ્રથમ હિંસા ન થાય અને કેવલ ધર્મજ થાય, છતા એવું કાર્ય હોય તો બતાવો. સામાયિક, પૌષધ, વ્યાખ્યાન સાંભળવું, દૂરથી ગુરૂવંદન માટે આવવું, આ દરેક કાર્યમાં રસ્તામાં ચાલતા જીવની વિરાધના ચોક્કસ થવાની, વળી ક્રિયા કરતાં ઉઠતા બેસતાં વાયુકાયની વિરાધના થવાની, ત્યાર પછી જે ફલ મળવાનું હોય તે મળે છે. આ કાર્ય કરવા માટે તમે પ્રેરણા કરો છો. ધર્મની બુદ્ધિથી, આમાં પ્રથમ હિંસા થાય છે, છતાં તમે અધર્મ માનતા નથી, અને પૂજામાં અધર્મ માનો છો. આ પ-

ક્ષપાત કે બીજું કાંઈ કહેવાય ? વળી દીક્ષા માટે મહોચ્છવ કરવો, પંચત્વ પામેલ સાધુ સાધ્વીની માંડવી વગેરે ઠાઠમાઠથી શણુગારી મહોચ્છવ પૂર્વક અગ્નિ સંસ્કાર કરવો, આવાં દરેક કૃત્યોને તમે ધર્મ માનો છો કે અધર્મ ? આ કૃત્યોમાં છ–કાયની હિંસા ચોક્કસ થવાની જ, પૂજામાં તો ફક્ત સ્થાવર જીવની જ હિંસા છે. પણ આ કૃત્યોમાં તો છ એ કાયની હિંસા થાય છે, છતાં ધર્મની બુદ્ધિથી તમે કરો છો, અધર્મ માનતા નથી. તો પછી પરમાત્માની પૂજામાં અધર્મ શા સારૂ માનો છો ? દીક્ષા મહોચ્છવ વિગેરે કૃત્યો કરવા તે જેમ શ્રાવકનું કર્તવ્ય છે, તેમજ પ્રભુપૂજા કરવી તે પણ ગૃહસ્થનુંજ કૃત્ય છે. છતાં એક કામ માટે નિષેધ કરવો અને બીજા કામ માટે રજા આપવી–પ્રેરણા કરવી, આ ખરેખર પક્ષપાત નહીં તો બીજું શું ગણાય ?

વળી હિંસા હોય ત્યાં અધર્મ છે અને અધર્મથી નરક ગતિ મળે છે. આ કથન પણ તદ્દન બીનસમજણનું છે. હિંસાથી એકાંત અધર્મજ થતો હોય તો પછી સાધુથી વિહાર કેવી રીતે થઈ શકશે ? એક ગામથી બીજે ગામ જતાં રસ્તામાં જીવોની વિરાધના થવાની જ, તેમજ નદી ઉતરતાં અપકાય તેમજ ત્રસકાય વિગેરે જીવોની વિરાધના ચોક્કસ થવાની અને જીવની હિંસા થવાથી તમારા કહેવા મુજબ અધર્મ થશે અને અધર્મથી નરક મળશે, તો સાધુઓ પણ તમારા કહેવા મુજબ નરકમાં જશે. એટલે પછી સ્વર્ગમાં કોણ જશે તે જણાવો. સાધુઓને ગ્રામાનુગ્રામ વિહાર કરવાની તેમજ નદી ઉતરવાની પ્રભુની આજ્ઞા છે તેથી તેમાં હિંસા માનેલ નથી. ' આશય સારો હોવાથી અને બીજાના ભલા માટે મહાત્મા પુરૂષોની પ્રવૃત્તિ પ્રભુ આજ્ઞા મુજબ હોવાથી તેમાં ધર્મ માનેલ છે. ' આમ કહેશો તો પછી તમારે કબુલ કરવુંજ પડશે કે પ્રભુનો ધર્મ આજ્ઞામાં છે. જ્યાં પ્રભુની આજ્ઞા છે ત્યાં ધર્મ છે. જ્યાં આજ્ઞા નથી ત્યાં અધર્મ છે. અને અધર્મથી નરક મળે છે. આ વાત બરોબર છે, મુનિઓને ચાલતાં નદી ઉતરતાં જીવ હિંસા થાય છે. છતાં આજ્ઞા હોવાથી તેમાં ધર્મ છે. હવે તમે પહેલાં કહ્યું કે જ્યાં જ્યાં હિંસા છે ત્યાં ત્યાં અધર્મ

છે. આ વાત અસત્ય ઠરે છે; પણ જ્યાં જ્યાં આજ્ઞા નથી ત્યાં ત્યાં અધર્મ છે. એ વાત સત્ય ઠરે છે. પ્રભુ પૂજા માટે પ્રભુની આજ્ઞા છે. આથી તેમાં ધર્મજ છે. એ વાત હમણાજ સિદ્ધ કરી બતાવું છું. પ્રભુપૂજામાં તેમજ મુનિવિહારમાં જે જીવહિંસા થાય છે તે વાસ્તવિક જીવ હિંસાજ નથી, વાસ્તવિક હિંસાનું શું સ્વરૂપ છે અને શાસ્ત્રમાં હિંસાનું સ્વરૂપ શું બતાવ્યું છે તે હું જણાવું છું તે જરા લક્ષ આપી સાંભળો.

## હિંસાનું સ્વરૂપ.

સંક્ષેપથી હિંસા બે પ્રકારે છે. દ્રવ્ય હિંસા અને ભાવ હિંસા, અથવા સ્વરૂપ હિંસા અને અનુબંધ હિંસા.

## સ્વરૂપ હિંસા.

સ્વરૂપ હિંસા તે માત્ર ઉપરથી હિંસા દેખાય; પણ અંતઃકરણ પવિત્ર સુકુમાર હોવાથી તે હિંસાનું ફલ બેસતું નથી. પૂજા કરતાં પ્રથમ સ્નાન કરવાથી તેમજ પુષ્પો ચડાવવાથી, તેમજ મુનિને નદી ઉતરતાં માત્ર ઉપર ઉપરથી હિંસા માલુમ પડે છે, પણ હૃદય સુકુમાર હોવાથી તે જીવો તરફ પણ દયાર્દ્ર દૃષ્ટિ હોવાથી તે સંબંધી કર્મબંધ થતો નથી. મતલબ કે તે જીવો તરફ પણ પૂર્ણ દયાની લાગણી, તે પૂજા કરનારને અગર નદી ઉતરનાર મુનિને હોવી જોઇએ. આ હિંસાને દ્રવ્યહિંસા પણ કહેવામાં આવે છે. આનાથી કર્મબંધ સહેજ થાય છે. ઉજવલ વસ્ત્રપર રજ પડવાથી તેને ખંખરી નાખતાં વાર લાગતી નથી. તેના જેવો આ કર્મબંધ સમજવો. ઉપર કર્મબંધની જે ના કહી છે તે મહાન્ કર્મબંધની અપેક્ષાએ સહજ બંધ તે હિસાબમાં ગણાતો નથી આથી ના કહી છે એમ સમજવું.

## અનુબંધ હિંસા.

અનુબંધ હિંસા તે જ્યાં હૃદયની કઠોરતા હોય છે ત્યાં થાય છે. ભલે પછી ત્યાં જીવહિંસા બાહ્યથી ન થતી હોય તો પણ તેને

હિંસાનું પાપ લાગે છે અને કર્મબંધ થાય છે. જેમ રસ્તે ચાલતાં અંધારામાં દોરડી પડી છે તેને ભ્રમથી સર્પ માની તેના ઉપર હથીયાર ઉગામી તેને કોઈ માણસ મારી નાખે છે. આમાં જીવની હિંસા થયેલ નથી. કારણ કે દોરડીને તેણે ઘા મારેલ છે. છતાં તેનાં હૃદયની જીવને મારવા સંબંધી કઠોર લાગણી હોવાથી તેને મહાન્ કર્મબંધ થાય છે. આનું નામ અનુબંધ હિંસા છે. આને ભાવહિંસા પણ કહે છે. ભાવહિંસા હોય ત્યાં દ્રવ્યહિંસા થઇ ચુકી સમજવી; પણ દ્રવ્યહિંસા હોય ત્યાં ભાવહિંસા હોયે ખરી ને ન પણ હોય. તેમજ ભાવહિંસા જ્યાં હોય ત્યાં કર્મબંધ ચોક્કસ સમજવો અને જ્યાં ભાવહિંસા નથી ત્યાં કર્મબંધ થતો નથી. જેમ સુકુમાર હૃદયવાળા સાધુને હિંસા થયા છતાં પણ કર્મબંધ શાસ્ત્રમાં ગણ્યો નથી.

"यदुक्तं भगवत्यंगे"

अणगारस्स णं भंते भाविअप्पणो पुरओ जुगमायाए पेहाए रीयं रीयमाणस्स अहे कुक्कडपोएवा वट्टपोएवा कुलिंगपोएवा परिआवज्जेज्जा—हंता गोयमा तस्सणं इरियावहिया नोसंपराइआ.

**અર્થ**:—ભગવતી સૂત્રમાં ગૌતમસ્વામી પરમાત્મા મહાવીર દેવપ્રત્યે પ્રશ્ન કરે છે કે હે ભગવન્, અણગાર સાધુ પવિત્ર મહાત્માઓ ધુંસરા પ્રમાણ દૃષ્ટિથી જોઇને ચાલતાં છતાં પણ પગની નીચે કુકડાનાં બચ્ચાં, પારેવાનાં બચ્ચાં, બેઇંદ્રિયાદિક જીવો આવી મરી જાય? મહાવીર દેવ ઉત્તર આપે છે કે હા ગૌતમ! જયણાએ ચાલતાં છતાં પણ છદ્મસ્થપણાને લઇ પંચેંદ્રિયાદિક જીવો ઉપર જણાવેલ પગની નીચે આવી મરી જાય છતાં હૃદયની સુકુમારતાને લઇ તેના તરફ દયાની લાગણી હોવાથી તે સાધુઓને માત્ર તે સંબંધી ઇરિયાવહિય પ્રાયશ્ચિત લાગે છે; પણ કષાયનિમિત્ત જે મહાન્ દંડ તે તેને ન લાગે. મતલબ કે ઇરિયાવહિય પ્રતિક્રમવા માત્રથી તે શુદ્ધ થાય છે. તેને મોટી તપશ્ચર્યા કરવા રૂપ બીજાં કોઇ પ્રાયશ્ચિતની જરૂર રહેતી નથી

તેમજ આ બાબતમાં સુયગડાંગજી સૂત્રમાં પણ કહ્યું છે કે,

शरीरी म्रियतां मा वा ध्रुवं हिंसा प्रमादिनः
सा प्राणव्यपरोपेपि प्रमादरहितस्य न ( १ )

**અર્થ**: જીવ મરો યા ન મરો તોપણ પ્રમાદથી ચાલનાર માણસને જીવહિંસા ચોક્કસ લાગે છે. ઉપયોગ પૂર્વક જયણાથી ચાલનાર માણસને ભલે જીવ હિંસા થાય તો પણ તેને તે સંબંધી કર્મબંધ થતો નથી. આજ બાબત ઉપર શ્રીમાન્ હરિભદ્રસૂરી મહારાજ પણ કહે છે.

**आह हरिभद्रसूरिः दशवैकालिक बृहत्वृत्तौ, पृष्ठ-२४**

उच्चालिअम्मि पाए इरियासमिअस्स संकमट्टाए,
वावज्जेज्जा कुलिंगी मरिज्ज तं जोगमासज्जा ( १ )
न य तस्स तण्णिमित्तो बंधो सुहुमोवि देसिओ समए,
जम्हा सो अपमत्तो साय पमाओत्ति निद्दिट्ठा ( २ )

**અર્થ**: શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજ ૧૪૪૪ ગ્રંથના કર્તા દશવૈકાલીકસૂત્રની બૃહત્ ટીકામાં જણાવે છે કે હિંસાના સ્વરૂપને પ્રતિપાદન કર્તા કે ઇર્યા સમિતિ પૂર્વક જોઇ કરીને ચાલનાર એવા અપ્રમાદી સાધુના પગની નીચે બેઇંદ્રીયાદિક જીવો આવીને મરી જાય છે, પણ તે હિંસા નિમિત્તક સૂક્ષ્મ-જરા સરખો પણ કર્મબંધ તેને શાસ્ત્રમાં કહ્યો નથી, કારણ કે તે મહાત્મા અપ્રમાદીપણે જયણા પૂર્વક ચાલે છે; છતાં છદ્‌મસ્થપણાના અંગે પગની નીચે બેઇંદ્રિયાદિક જીવો મરી જાય છે. ત્યારે હિંસા કોને લાગે ? તો જણાવે છે કે હિંસા પ્રમાદીને લાગે છે. આમ શાસ્ત્રમાં કહ્યું છે. વળી આજ બાબત પોતે પોતાના હિંસાષ્ટકમાં જણાવે છે.

**आह हरिभद्रसूरिः हिंसाष्टके ॥**

अविधायापि हिंसां हिंसाफलभाजनं भवत्येकः ।
कृत्वाऽप्यपरो हिंसां हिंसाफलभाजनं न स्यात् (१)

**અર્થ**:–એક મનુષ્ય હિંસા કરતો નથી છતાં હિંસાનું ફલ તે ભોગવે છે. એક માણસ હિંસા કરે છે. છતાં હિંસાનું ફલ ભોગવતો નથી. ઉપર જણાવેલ અણગાર પવિત્ર મહાત્માની માફક. આ શ્લોકમાં સ્વરૂપ હિંસા તથા અનુબંધ હિંસા–આ બે હિંસાનું સ્વરૂપ બરોબર જણાવેલ છે. હિંસા કરતો નથી છતાં હિંસાનું ફલ તંદુલીયા મચ્છની જેમ ભોગવે છે, આનું નામજ અનુબંધ હિંસા કહેવાય છે.

## તંદુલીયા મચ્છનું દૃષ્ટાંત.

લવણ સમુદ્રમાં ઘણા મોટા પ્રમાણના મચ્છો થાય છે. તેમજ બારીક પ્રમાણના પણ મચ્છો થાય છે. આમાં તંદુલીયો મચ્છ કરીને એક મચ્છ હોય છે. આ મચ્છનું શરીર પ્રમાણ તંદુલના જેટલું હોવાથી તેનું નામ તંદુલીયો મચ્છ પડેલ છે. આ મચ્છનો જન્મ અન્ય સ્થળે થાય છે. પછી તરતજ તેની મા તેને લઇને એક મોટા મચ્છની પાંપણમાં આવીને મુકી જાય છે. આ મચ્છ ગર્ભજ પંચેંદ્રિય હોવાથી આપણી માફક દશે પ્રાણ તેને હોય છે. પાંચ ઇંદ્રિય, મનબલ, વચન બલ, કાયબલ, શ્વાસોશ્વાસ અને આયુ: આ દશ પ્રાણમાં મનબલથી આપણે જેવી રીતે અનેક પ્રકારના વિચારો કરીએ છીયે તેવી રીતે આ મચ્છ પણ વિચાર કરી શકે છે. આ મચ્છ મોટા મચ્છની પાંપણમાં બેઠેલ હોવાથી અને મોટા મચ્છના મોઢામાં રહેલ દાંતોની વચમાંનો ભાગ ઘણો પહોળો હોવાથી તેનાં મુખમાં હજારો નાનાં માછલાંઓ પેસે છે અને નિકળે છે. આને જોઈને નજીકમાં બેઠેલો તંદુલીઓ મચ્છ મનમાં વિચાર કરે છે કે આ કેટલો બધો મૂર્ખ મચ્છ છે કે સ્વાભાવિક આવેલ હજારો માછલાનું ભક્ષ્ય છોડી દે છે. મારૂં આવડું મોટું શરીર હોય તો આમાંથી એકપણ જીવને જીવતો ન જવા દઉં. આ મુજબ વિચાર કરી અંતર્મૂહુર્ત્તના આયુષ્યમાં સાતમી નરકના આયુષ્યને નિકાચીત કરી મરીને સાતમી નરકમાં જઇને નારકીપણે ઉત્પન્ન થાય છે. અહીં આ મચ્છે એક પણ જીવને માર્યો નથી, માખીની પાંખ સરખી પણ દુભવી નથી; છતાં સાતમી નરકમાં કેમ ગયો? આથી એ નિર્ણય થાય

છે કે અનુબંધ હિંસાને જ વાસ્તવિક હિંસા કહી શકાય છે. તે સિવાયની સ્વરૂપ હિંસા તે માત્ર નામનીજ હિંસા છે. વળી આ વાત ઉપર બીજું દ્રષ્ટાંત બતાવું છું.

## કાલીકસૂર્ય કસાઇનું દ્રષ્ટાંત.

આ કસાઇને પાંચશો પાડા મારવાનો હંમેશનો નીયમ છે. આ કસાઇ પાડા ન મારે તો નરકગતિ જવામાંથી તું બચી શકે આમ પ્રભુના મુખથી શ્રેણીક રાજા સાંભળી આ કસાઇને પાડા નહીં મારવાનું ફરમાન કરે છે પણ માનતો નથી, આથી છેવટે કુવામાં ઉંધે મસ્તકે લટકાવે છે, છતાં ત્યાં પણ પોતાનો નિયમ પાળવા ખાતર આંગળીથી પાણીમાં પાડા ચીતરી ઉપર છરી રૂપ આંગલી ફેરવે છે. આ મુજબ ભાવથી પાંચશો પાડા તેણે મારવાથી, પોતાનું કામ બન્યું નથી આ મુજબ શ્રેણિક રાજાએ પ્રભુના મુખથી સાંભળી ભાવી અન્યથા થવાનું નથી તેમજ આવતી ચોવીસીમાં પોતે પ્રથમ તીર્થંકર થવાના છે આમ જાણી સંતોષીત થયા. હવે આ જગ્યાએ આ કસાઇએ પાંચશો પાડામાંથી એક પણ જીવ માર્યો નથી, છતાં પાંચશો પાડા માર્યાનો તેનો નિયમ પૂર્ણ થયો એમ ભગવાને શા માટે કહ્યું! વળી તેટલુંજ નહીં પરંતુ તે કસાઇ નરકમાં પણ ગયો છે. એમ પણ ભગવાને કહેલ છે. આથી એ નિર્ણય થયો કે દ્રવ્યથી હિંસા ભલે તેણે ન કરી પણ ભાવહિંસા તો તેણે કરી છે આ બધા દ્રષ્ટાંત ઉપરથી એ નિર્ણય થયો કે સ્વરૂપહિંસા કરતાં અનુબંધ હિંસા છે તેજ વાસ્તવિક હિંસા નરક ગતી દેનાર છે. આ મુજબ હિંસાનું સ્વરૂપ જાણવું. તે ઉપર એક વધારે દ્રષ્ટાંત આપીયે છીયે.

## પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત.

પોતનપુર નગરનો અધિપતિ પ્રસન્નચંદ્ર નામનો રાજા પરમાત્મા મહાવીર દેવનો ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામ્યો અને પોતાનાં છોકરાને ગાદી સોંપી પોતે મહાવીર દેવ પાસે દીક્ષા લીધી. અનુક્રમે વિહાર કરતાં પ્રભુ સાથે રાજગ્રહી નગરમાં આવ્યા, ત્યાં એકાંત સ્થાનમાં પ્રસન્નચંદ્ર રૂષી ધ્યાનમાં મગ્ન રહેલ છે. શ્રેણીક રાજાને પ્રભુ આવ્યાની

ખબર પડવાથી બડા આડંબરથી પ્રભુને વંદન કરવા જાય છે. શ્રેણીક રાજાના સૈન્યમાં અગ્રેસર ચાલતા સુમૂખ અને દુર્મૂખ નામના બે દૂત છે. સુમૂખે પ્રસન્નચંદ્ર રૂષિને ધ્યાનમાં મગ્ન જોઇ પ્રશંસા કરી કે ધન્ય છે પોતનપતિ મહારાજાને કે જે રાજયપાટ છોડી દીક્ષા લઇ ધ્યાનમાં મગ્ન બન્યા છે. આ મહાત્માને સ્વર્ગ કે મોક્ષ મળવો તે શું દુર્લભ છે ? આમ સ્તુતિ કરી, જ્યારે દુર્મૂખે નિંદા કરી કે આનું મોઢું જોવું પણ વ્યાજબી નથી. પોતાના નાના છોકરાને રાજ્ય ગાદી સોંપવાથી ચંપાધિપતિ દધિવાહન રાજાએ મંત્રીને ખુટવી રાજ્ય લઇ લેવાની તૈયારીમાં છે, તેમજ તેની પત્નિ તો ક્યાંય ચાલી ગઇ છે. આ મુજબ દુર્મૂખના વચન રૂપી વજ્રના પ્રહારથી આ મહાત્માનો ધ્યાન રૂપી પર્વત તત્કાલ તુટી ગયો, અને વિચાર કરે છે કે અહો, પ્રધાનો કેવા નીચ નીકળ્યા ? હું હોત તો બધાની ખબર લેત. વ્રત ભૂલાઇ ગયું અને વિકલ્પમાં લીન થયા અને મનથી યુદ્ધ શરૂ થયું. આ વખતે શ્રેણીક રાજા પ્રસન્નચંદ્ર રૂષિને ધ્યાનમાં મગ્ન જોઇ વંદના કરી મનથી ઘણી પ્રશંસા કરી પ્રભુ પાસે ગયા. પ્રભુને વંદન કરી પુછે છે કે પ્રભુ, મેં જે વખતે પ્રસન્નચંદ્ર રૂષીને વંદન કર્યું તે વખતે જો તે કાળ કરે તો ક્યાં ઉત્પન્ન થાય ? પ્રભુ કહે છે કે હે રાજન્ ! તે વખતે તે મુનિ કાળ કરે તો સાતમી નરકમાં જાય. રાજા વિચાર કરે છે કે આ શું ? મહાત્મા ધ્યાનમાં મગ્ન બનેલ છે અને વળી નરક, આ શું સમજવું ! ફરી પ્રભુને પુછે છે કે હવે કાળ કરે તો ક્યાં જાય ? પ્રભુ કહે છે કે હે રાજન્, હમણાં કાળ કરે તો સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં જાય. રાજા આશ્ચર્યમાં લીન થયો અને એનું કારણ પુછે છે ત્યાં દેવ દુંદુભીનો નાદ થયો અને દેવતાના આવાગમનથી કોલાહલ થયો. પ્રભુને પુછે છે કે પ્રભુ, આ શું છે? પ્રભુ કહે છે કે પ્રસન્નચંદ્ર રૂષિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેનો મહિમા દેવો કરે છે આથી વિશેષ આશ્ચર્ય થયું અને એનું કારણ પ્રભુને પુછે છે. પ્રભુ કહે છે કે હે રાજન્, તારા દુર્મૂખ નામના દૂતના અમુક વચન સાંભળી આ રૂષિએ મનથી યુદ્ધ શત્રુ સાથે શરૂ કર્યું. અનેક શત્રુને મનથી મારી નાખ્યા.

છેવટે શસ્ત્ર ખુટવાથી માથેથી મુગટ લઇ મારવા જતાં મસ્તક ઉપર મુગટ તો હતો નહીં, પણ કેશનો લોચ થયેલ જોતાં તરતજ આવા દુધ્યાનથી પાછા વળ્યા અને બોલ્યા, ધિક્કાર પડો મને જે મેં આ શું ચિંતવ્યું? મારે અને છોકરાને શું સંબંધ ? આમ વિચાર બદલાતાં છેવટે શુભ ક્ષપક શ્રેણીએ ચડતાં કેવલજ્ઞાન મલ્યું. જે વખતે તમે વાંદેલ ત્યારે પુરતા લડાઇના ધ્યાનમાં મગ્ન થયેલ હોવાથી સાતમી નરકના દલીયા એકઠા કર્યા હતાં, પણ પાછળથી વિચાર ધ્યાન બદલાતા છેવટે આ સ્થિતિએ પહોંચ્યા છે. રાજા આ વૃત્તાંત સાંભળી ઘણોજ ખુશી થયો. હવે આ જગ્યાએ તમે કહેશો કે પ્રસન્નચંદ્ર રૂષિએ દ્રવ્યથી કોઇપણ જીવને માર્યો છે ? જ્યારે નથી મારેલ તો પછી સાતમી નરકના દલીયા કેમ એકઠા કર્યા ? તે જરા જણાવો. અલબત તમારે કહેવું જ પડશે કે દ્રવ્યથી હિંસા નથી કરી; પણ ભાવથી હિંસા તો કરી જ છે. આથી સાતમી નરકના કર્મદલીયા એકઠા કર્યા હતા; પણ રસ નાખવો બાકી હોવાથી તેમજ તરતજ ધ્યાન બદલાવાથી સાતમી નરકના કર્મ દલીયા ફેંકી નાખવા સાથે શુભ શ્રેણીથી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. આથી એ નિશ્ચય થયો કે સ્વરૂપ હિંસા કરતાં અનુબંધ હિસાં છે, તેજ વાસ્તવિક હિંસા છે, આનાથીજ મહાન્ કર્મબંધ થાય છે. પણ સ્વરૂપ હિંસાથી કર્મબંધ થતો નથી. કારણકે પ્રભુ આજ્ઞાથીજ પ્રભુ પૂજા તથા વિહારાદિક તમામ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવે છે. ઇતિ હિંસા સ્વરૂપ સમાપ્તમ્.

## આજ્ઞા એ ધર્મ કે દયા એ ધર્મ ?

આજકાલ ધર્મનાં સ્વરૂપને નહીં સમજનારા એવા ભોળા જીવોને અનેક પ્રકારે આડું અવળું સમજાવી દયામાં પરમાત્માનો ધર્મ છે, જ્યાં એક પણ પુષ્પની પાંખડી દુભવાય ત્યાં પરમાત્માનો ધર્મજ નથી આમ અનેક રીતે સમજાવી પરમાત્માની સેવા ભક્તિ અને દર્શનથી વિમુખ કરે છે. કળિકાળમાં ખરેખર તરવાના એક ઉત્તમ આલંબનથી તે બિચારાઓને ભ્રષ્ટ કરે છે આવા ભોળા જીવોના ઉદ્ધારની ખાતર આજ્ઞા એજ પ્રભુનો ધર્મ છે, પરંતુ માત્ર દયામાં જ પ્રભુનો ધર્મ નથી, તે વાત શાસ્ત્રાધારથી હવે સાબીત કરવામાં આવે છે.

**आणाइ तवो आणाइ संजमो तहेव दाण माणाए**
**आणारहिओधम्मो पलालपुलव्व पडि हाइ (१)**

અર્થ: શ્રીમાન્ સુધર્મા સ્વામી મહારાજ જણાવે છે કે પ્રભુની આજ્ઞા પૂર્વકનો કરેલ તપ, સંજમ, દાન, વિગેરે તમામ ધર્મ કૃત્યો સફલતાને પામે છે. પણ પ્રભુની આજ્ઞા વગર કરેલ જે ધર્મ તે ડાંગર ના ફોતરાની માફક નકામો છે, આથી એ નિશ્ચય થયો કે પ્રભુની આજ્ઞામાંજ ધર્મ છે પણ આજ્ઞા વગરની દયામાં ધર્મ નથી. જો દયાથી ધર્મ થતો હોય અગર મોક્ષ મલતું હોય તો તમારા સર્વના પહેલાં સુક્ષ્મ એકેંદ્રિય જીવો જલદી મોક્ષે જવા જોઇએ. આ જીવો કોઇ પણ જીવના હિંસા કરતા નથી અરે માખીની પાંખ સરખી પણ દુહ- વતા નથી આના કરતા બીજી ઉત્તમ જીવદયા કઈ કહેવાય તેમજ જ- માલી વગેરે નિન્હવોએ પણ જીવદયા ઘણી સારી પાળી છે, છતાં શા માટે ચાર ગતિમાં પરિભ્રમણ કરવું પડ્યું. ? આ બાબતનો જરા શાંત ચિત્તે વિચાર કરો અને ખાત્રી થાય તો પછી આજ્ઞાએ ધર્મ સ્વીકારો. જમાલી વગેરે નિન્હવોએ પ્રભુની આજ્ઞા માન્ય ન કરી આથી જીવદયા સારી પાલતાં છતાં પણ ચારગતિમાં રઝળવું પડયું આથી આજ્ઞા એજ પ્રભુનો ધર્મ છે તે સ્વીકારવુંજ પડશે.

**વાદી.**

જમાલી વગેરે નિન્હવોને ઘણો સંસાર રઝળવો પડયો આમાં મુખ્ય કારણ ઉતસૂત્રની પ્રરૂપણા તેઓએ કરી તેજ છે, બીજુ નથી.

**શાસ્ત્રકાર.**

ઉત્સૂત્રની પ્રરૂપણા કરી કહો, અગર પ્રભુની આજ્ઞા માન્ય ન કરી કહો. બંન્ને એકજ છે. છતાં તમારા કહેવા મુજબ ઉત્સૂત્રની પ્રરૂપણાથી સંસાર રઝળવો પડ્યો તો પછી તેઓએ માંત્ર સૂત્રનું એક એક વચન માન્ય નહોતું કર્યું તેથી સંસારમાં રઝળયા પણ જેઓ બધા સૂત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરે છે તેઓને તો પછી કેટલો સંસાર રઝળવો પડશે આનો વિચાર જરા કરોતો સારૂં.

## વાદી.

અમો સૂત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરતાં હોઇએ એમ અમોને લાગતું નથી. કોઈ મૂલ સૂત્રમાં પડિમા પૂજવાનો અધિકાર અગર આજ્ઞા હોયતો બતાવો.

## શાસ્ત્રકાર.

એવું એક સૂત્ર નથી કે જેમાં ચૈત્ય પૂજનનો અધિકાર ન આવતો હોય.

## વાદી.

ચૈત્ય શબ્દનો વન, જ્ઞાન, જક્ષની પડિમા, વિગેરે અનેક અર્થ થાય છે તો પછી અરિહંતની પડિમા, એવો અર્થ તમો કેવી રીતે કરો છો?

## શાસ્ત્રકાર અને ચૈત્ય શબ્દાર્થ સિદ્ધિ.

શબ્દનો અર્થ સંબંધ કે પ્રકરણ ને આશ્રી થાય છે. સંબંધ કે પ્રકરણ જાણ્યા વિના અર્થ થઇ શકતો નથી અને કદાચ અર્થ કોઈ કરે તો તે અસત્ય અર્થ સમજવો. જેમકે કોઇ માણસ જમવા બેઠો છે તેને શાકમાં મીઠાની જરૂર પડી તેથી તે બોલ્યો **सैंधवमानय**, સેંધવ લાવ! આમ પોતાના માણસને કહે છે. આ જગ્યાએ તે માણસ સિંધાલુણ લાવીને આપશે કે ઘોડો લાવીને આપશે? કારણ કે સેંધવ શબ્દના બે અર્થ થાય છે. સિંધાલુણ અને ઘોડો. પણ ખાવાના પ્રકરણને લઇ તે માણસ ઘોડો ન લાવતાં સિંધાલુણ લાવીને આપશે. તેમજ લડાઈમાં જવાની તૈયારી થઇ રહી છે, બખતર પહેરી હથીયાર સજ્જકરી રાજા ઉભો છે; આ વખતે તેણે ચાકરને હુકમ કર્યો "**सैंधवमानय**" સેંધવ લાવ? આ જગ્યાએ ચાકર ઘોડો લાવશે કે સીંધાલુણ લાવશે તે જણાવો! લડાઇના પ્રકરણને લઇ ઘોડો લાવશે પણ સિંધાલુણ લાવશે નહીં. આ મુજબ દરેક જગ્યાએ પ્રકરણ કે સંબંધને જોઇને જ અર્થ થાય છે. તે મુજબ ચૈત્ય શબ્દના જો કે અનેક અર્થ થાય છે તે વાત સત્ય છે, પણ પ્રકરણ કે સંબંધ જોયા સિવાય ચૈત્ય શબ્દનો જ્ઞાન-વન કે જક્ષથી પડિમા અર્થ થઇ શકેજ નહીં; વલી ચૈત્ય શબ્દનો જ્ઞાન અર્થ તો કોઇ જગ્યાએ કોષમાં કે

સૂત્રમાં અર્થ સાંભળ્યોજ નથી. પણ નંદીસૂત્ર વિગેરે અનેક સ્થલમાં જ્ઞાન શબ્દથીજ જ્ઞાનની પ્રરૂપણા કરી છે, પણ કોઇ જગ્યાએ ચૈત્ય શબ્દથી જ્ઞાનની પ્રરૂપણા કરી નથી.

॥ तथाच तत्पाठ नंदीसूत्रे ॥

नाणं पंचविहंपन्नतं इत्यादि

નંદી સૂત્રમાં જ્ઞાન પાંચ પ્રકારે કહેલ છે, આ જગ્યાએ ચૈત્ય શબ્દથી પણ જ્ઞાનની પ્રરૂપણા થતી હોત તો ' **चेइयंपंच विहंपन्नत्तं** " ચૈત્ય પાંચ પ્રકારે છે આ મુજબ નંદીસૂત્રમાં શા માટે લખ્યું નહીં ? આથી એ નિર્ણય થયો કે ચૈત્ય શબ્દથી જીન પ્રતિમા અર્થ જાણવો પણ જ્ઞાન નહીં.

વલી ચૈત્ય શબ્દથી જક્ષની પ્રતિમા અર્થ કવચિત થઇ શકે છે. પણ જ્યાં વિશેષણ પૂર્વક ચૈત્ય શબ્દ હોય છે ત્યાં તમો શું કરશો? ભગવતીજી સૂત્ર શ–૩–ઉ–૨માં પૂરણ નામનો તાપસ ચમરેંદ્ર થાય છે, અને ઉર્ધ્વ લોકમાં ત્રણ શરણમાંથી કોઇ એક શરણ લઇને જાય છે. ત્યાં ત્રણ શરણ જણાવે છે. તેમાં **अरिहंतेवा अरिहंतचेइयाणिवा भाविअप्पणो अणगारस्सवा** " અહીં અરિહંત અથવા અરિહંતોની પ્રતિમાઓ અથવા પવિત્ર આત્માવાલા સાધુઓ. આ ત્રણમાંથી કોઇ એકનું શરણ લઇ ઉર્ધ્વ લોકમાં જાય છે. હવે આ જગ્યાએ તમો જક્ષની પ્રતિમા એવો અરિહંત ચૈત્યોનો અર્થ કેવી રીતે કરી શકશો કારણકે અરિહંત શબ્દ વિશેષણ તરીકે સામો પડેલ છે, એકલા ચૈત્ય શબ્દનો અર્થ ગમે તે તમો મનઃ કલ્પિત કરી શકશો, પણ જ્યાં પૂર્વમાં વિશેષણ પડેલ છે ત્યાં તમારો મન કલ્પિત અર્થ ચાલવાનો નથી. વલી અનેકાર્થસંગ્રહ નામ માલા ગ્રંથ તમો જોશો તો તમોને ખાત્રી થશે કે ચૈત્યશબ્દનો અર્થ તેમાં શું કર્યો છે.

**तथाचाहः " चैत्यंजिनौक स्तत्‌विंबं चैत्योजिनसभातरुः "**

અર્થ: ચૈત્ય એટલે જીનમંદીર. જીન પ્રતિમા. અને સમવસરણ ઉપર રહેલ વૃક્ષ તેને ચૈત્ય કહે છે. આ મુજબ ચૈત્ય શબ્દના ત્રણ અર્થ કોષમાં કરેલ છે પણ જ્ઞાન, સાધુ કે જક્ષની પડિમા અર્થ કરેલ નથી,

આથી એ ચોકશ થાય છે કે ચૈત્ય શબ્દનો અર્થ મુખ્ય જીનપ્રતિમાજ થાય છે. પછી ભલે અન્ય સંબંધથી બીજો અર્થ થાય, પણ મૂખ્ય અર્થ જીન પ્રતિમાજ કરવો. વલી તમો ઉપર કહી ગયા કે કોઇ મૂલ સૂત્રમાં પ્રતિમાજી પૂજવાનો પાઠ હોયતો બતાવો. તો આ બાબતમાં હું તમોને મૂલ સૂત્રનો પાઠ બતાવીશ. પણ મૂલ સૂત્ર માનવું અને પંચાંગી ન માનવી એનું કારણ શું ?

## પંચાંગીની સિદ્ધિ.

પંચાંગી વિના અનંત અર્થથી ભરપૂર એવા સૂત્રનો અર્થ બરોબર થઇ શકતો નથી કારણકે પંચાંગી વિના જેઓ અર્થ કરે છે તે પ્રમાણ ગણાયજ નહીં જેમકે. " **नमो अरिहंताणं** " આ જગ્યાએ નિર્યુક્તિ–ભાષ્ય–ચૂર્ણી કે ટીકાનો આધાર લીધા વગર તમો કેવી રીતે અર્થ કરશો ? શબ્દાર્થ માત્ર એટલોજ થાય છે કે, શત્રુને હણ્યા છે જેણે તેને નમસ્કાર કરૂં છું. આ ઉપરથી મહાન્ ચક્રવર્તિ રાજાદિકને નમસ્કાર કરવો પડશે, કારણ કે તેણે ઘણા શત્રુને હણ્યા છે, રાગદ્વેષાદિક ભાવ શત્રુને હણનાર અરિહંત પરમાત્માને હું નમસ્કાર કરૂં છું, આવો અર્થ ભાષ્યાદિકની સહાય વિના કેવી રીતે કરી શકશો. ? વલી જ્યારે તમો મૂલસૂત્ર માનો છે તો પછી મૂલ સૂત્રમાં જે બીના હોય તે તમારે અવશ્ય માનવીજ જોઈએ. નહીં કે પોતાના મતલબની હોય તે માનવી આ ભવભીરૂ માણસનું કામ નથી. અનુયોગદ્વાર સૂત્ર તથા ભગવતીજી સૂત્રમાં સૂત્રની વ્યાખ્યા કેવી રીતે કરવી આની વિધિ સ્પષ્ટ રીતે જણાવી છે કે પંચાંગથીજ અર્થ કરવો તેજ સત્ય અર્થ જાણવો તે સીવાયનો અર્થ તે અસત્ય જાણવો.

**॥तथाच तत्पाठः भगवतीजी सूत्र श–२५–उदेश–३–जे॥**

**सुतथ्थो खलु पढमो बिऊनिज्जुत्तिमिस्सिऊ भणिऊ,**
**तइऊ निरविसेसो एसविहि होइ अणुऊगे ॥**

અર્થ: સૂત્રની વ્યાખ્યા કરવાની વિધિમાં પ્રથમ સૂત્ર સ્પષ્ટ અક્ષરે ઉચ્ચાર કરી પછી પ્રથમ સૂત્રનો શબ્દાર્થ કરવો બીજી વખત

નિર્યુક્તિથી મિશ્રીત કરવો એટલે નિર્યુક્તિ ભાષ્યાદિકની મદદથી અર્થ કરવો. અને ત્રિજીવાર સમગ્ર પ્રસંગને લઇ શંકા સમાધાન વિગેરે કરવા પૂર્વક સંપૂર્ણ વિસ્તારથી અર્થ કરવો. આ વિધિથી વ્યાખ્યા કરવી. આ મુજબ અર્થ કરવા શાસ્ત્રકાર ફરમાન કરે છે.

## વાદી.

વ્યાકરણ કાવ્યાદિ ભણેલ હોય તેનું તે કામ છે અમો તો વ્યાકરણને બીલકુલ માનતા જ નથી, તેથી તે ભણતા નથી, માત્ર ટબા ઉપરથી અમારૂં કામ ધમધોકાર ચલાવીએ છીએ. અને અનેક જીવોને પ્રતિબોધ કરીએ છીએ.

## શાસ્ત્રકાર.

ભલે તમારૂં કામ ટબા ઉપરથી ચલાવો પણ શાસ્ત્રકાર મહારાજ તો પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં લખે છે કે વ્યાકરણ કાવ્યાદિ જાણ્યા પછીજ સૂત્રની વ્યાખ્યા કરવી.

॥ तथाचतत्पाठः ॥

**नाम रकाय निवाय उवसग्ग तद्धिय समास संधि पद हेउ जोगिय उणाइ किरिया विहाण धातु सर विभक्ति वन्न युत तिकल्लं दसविहविसच्चं जहभाणियंतहकमुणाहोइ दुवालसविहोभासा वयणंपिहोइसोलसविहं एवं अरिहंतमणुन्नाय सभिरव्य संजएण कालंमि वत्तव्वं ॥**

અર્થ:—નામ. આખ્યાત, નિપાત, ઉપસર્ગ તદ્ધિત સમાસ, સંધિ, પદ, હેતુ, યૌગિક, ઉણાદિ, ક્રિયા, વિધાન, ધાતુ સ્વર વિભક્તિ, વર્ણ, યુત, ત્રણકાલ, દશ પ્રકારના સત્ય જે મુજબ કહ્યા છે તે પ્રમાણે જાણનાર, બાર પ્રકારની ભાષા અને સોલ પ્રકારના વચન આ મુજબ સર્વ જે જાણતો હોય તે સંજમી સાધુ વ્યાખ્યાન કરી શકે. ઉચીત કાલની અંદર આ મુજબ અરિહંતો એ કહેલ છે. મતલબ વ્યાકરણ કાવ્યાદિ ભણેલ માણસજ વિભક્તિ લિંગ, વચન કાલ વિગેરે જાણે છે અને તે મુજબ સભામાં યથાર્થ બોલે છે પણ તે સીવાય તો

પહેલી વિભક્તિના બદલે બીજીનો અર્થ કરે. પુલિંગના બદલે સ્ત્રી-લિંગનો અર્થ કરે. બહુ વચનની જગ્યાએ એક વચનનો અર્થ કરે. ભૂતકાલના બદલે ભવિષ્યનો અર્થ કરે. આ મુજબ વિપરીત અર્થ વ્યાકરણ નહીં ભણેલ કરી શકે છે, આથી તે માણસ યથાર્થ વક્તા કહી શકાતો નથી; પણ અસત્ય વાદી ગણાય છે માટે શાસ્ત્રકાર ફરમાનકરે છે કે વ્યાકરણ કાવ્યાદિ ભણીને પછી અર્થ કરવો તે સિવાયના માણસને વ્યાખ્યાન કે ઉપદેશ દેવો પણ કલ્પે નહીં. આ મુજબ પ્રશ્નવ્યાકરણ સૂત્ર-માં જણાવે છે. હવે તમો આ સૂત્રના પાઠને માનતા હો તો તમારે કદાપી ટબો વાંચીને અર્થ ન કરવો જોઇએ પણ વ્યાકરણ કાવ્યાદિ ભણીને પછી સૂત્રનો અર્થ કરવો જોઇએ કે જેથી સૂત્રના રહસ્ય ને તમો યથાર્થ સમજી શકો. અને તમોને ખાત્રી થાય કે એક નહીં પણ અનેક મૂલ સૂત્ર, નિર્યુક્તિ. ચૂર્ણિ તેમજ ટીકામાં ઠેકાણે ઠેકાણે પ્રતિમાજી સંબંધી અધિકાર છે. આથી પંચાંગી પૂર્વક સૂત્રનો અર્થ કરવો આ વાત સિદ્ધ થઇ.

## વાદી.

ભલે પંચાંગીથી સૂત્રનો અર્થ કરો એમાં અમોને વાંધો નથી, પણ ભગવાનના આનંદ દિક મોટા શ્રાવકો જે થયા એમાંથી કોઇએ પ્રતિમાજીને પૂજી હોય, માની હોય અને મંદીર બંધાવ્યા હોય તો જણાવો.

## શાસ્ત્રકાર.

અનેક શાસ્ત્રોમાં જીનપ્રતિમા પૂજન, દર્શન, વંદન સંબંધી પાઠો છે, તેમજ જીનમંદીર બંધાવવા સંબંધી પાઠો છે, જ્યારે જીનપ્રતિમાં છે એમ ચોકસ નિર્ણય થયો તો પછી આનંદાદિક શ્રાવકો પૂજા કરે, વંદન કરે તેમજ જીનમંદીર બંધાવે એ તેમની ફરજ છે. જીનપ્રતિ-માની પૂજા, દર્શન, વંદનથી સમકિત નિર્મલ થાય છે. આ શ્રાવકની ખાસ કરણી છે. આવશ્યકાદિ ખાસ કરવા તેમજ પૂજા દર્શનાદિ પણ ખાસ કરવા, પછી ભલે આનંદ શ્રાવક હોય, કે બીજો હોય પણ જે તીર્થંકરનું ફરમાન છે અવશ્ય તેણે કરવું જોઇએ. તીર્થંકરનો ઉપ-દેશ બીજાના ભલા માટેજ હોય છે.

## જીનપ્રતિમા સ્થાપના નિક્ષેપ સિદ્ધિ.

## ॥ आवश्यक सूत्रे ॥

**करेमि काउसग्गं अरिहंतचेइयाणं वंदणवत्तियाए पुअण वत्तिआए सक्कारवत्तिआए इत्यादि.**

અર્થ—શ્રીમાન્ સુધર્મા ગણધરમહારાજ મૂલસૂત્રના કર્તા આવશ્યક સૂત્રમાં જણાવે છે કે, અરિહંતના ચૈત્યોને વંદન વડે કરી, પૂજન વડે કરી, સત્કાર અને સન્માન વડે કરી જે ફલ મલે છે તે ફલ મને કાયોત્સર્ગદ્વારા મળો ! આ હેતુથી હું કાયોત્સર્ગ કરૂં છું. આ પાઠમાં જીન પ્રતિમાને વંદન પૂજન વિગેરે સ્પષ્ટ અધિકાર છે.

## उपदेशमाला.

**वंदइ उभऊकालंपि चेइयाइं थय थूइ परमो जिणवर पडिमा घर धूव पुप्फ गंधच्चणुज्जुतो ( २३० )**

અર્થ: શ્રીમાન્ ધર્મદાસ ગણી મહાવીર પ્રભુના શિષ્ય અવધિજ્ઞાનીએ ભવ્ય પુરૂષોનાં હિતની ખાતર સિદ્ધાંતમાંથી સાર ખેંચી ઉપદેશમાલા નામનું પ્રકરણ માગધી ભાષામાં બનાવેલ છે, તેમાં તેઓશ્રી બસોને ત્રીસમી ગાથામાં શ્રાવક કેવા હોય તેના ગુણનું વર્ણન કરતાં જણાવે છે કે, શ્રાવકો સવારે અને સાંજે અપિશબ્દથી બપોરે પણ ત્રણકાળ અરિહંતનાં ચૈત્યોને વંદન કરવું જોઇએ. ઉત્કૃષ્ટ સ્તોત્ર તથા સ્તુતિથી તથા જીન પ્રતિમા એટલે જીનમંદિર તથા ઘર શબ્દથી ઘરદેરાસર એ બંનેમાં બીરાજમાન જીન પ્રતિમાને ધૂપ, પુષ્પ ગંધાદિથી અષ્ટ પ્રકારી પૂજા કરવામાં ઉજમાલ હોય. આ મુજબ સ્પષ્ટ જીનપ્રતિમા પૂજવાનો અધિકાર પુષ્પાદિક સાથે જણાવે છે.

## आवश्यक निर्युक्ति.

શ્રીમાન્ ભદ્રબાહુ સ્વામી ચૌદ પૂર્વધરે બનાવેલ આવશ્યક

નિર્યુક્તિમાં અષ્ટાપદ તીર્થ ઉપર ભરત રાજાએ ચોવીશ તીર્થંકરની ચોવીશ જીન પ્રતિમાજી વર્ણ તથા શરીર પ્રમાણે બનાવી ચોવીશ જીન મંદીર બંધાવ્યા તથા સો ભાઇના સો સ્તુપ બનાવ્યાનો પાઠ છે. પાઠ આગલ છે.

## आवश्यक सूत्र टीका.

तत्तो पुरिमताले वग्गुर इसाण अच्चए पडिमं
मल्लिजिणायण पडिमां उन्नाणवंसी बहुगोठी ( १ )

**અર્થ**: પુરીમતાલ નામના નગરમાં વગુર નામનો શ્રાવક શ્રીમાન્ મલ્લિજીનેશ્વર પ્રભુનું મંદીર બંધાવી મલ્લિનાથજીનની પ્રતિમાની નિરંતર પૂજા કરે છે. આમાં મંદીર બંધાવ્યાનો અધિકાર છે.

## ठाणांग सूत्र.

चउविहे सच्चेपन्नत्ते नामसच्चे ठवणासच्चे दव्वसच्चे भावसच्चे,

**અર્થ**: ચોથા ઠાણામાં ચાર પ્રકારના સત્ય બતાવ્યા છે. આમાં સ્થાપના નિક્ષેપાને સત્ય માનવો કહ્યો છે.

## अनुयोगद्वार सूत्र

आवश्ययत्ति ठवणा ठविज्जइ सब्भावठवणा असब्भावठवणा.

**અર્થ**: આવશ્યક પ્રતિક્રમણ કરતાં ગુરૂના અભાવે અવશ્ય સ્થાપના રાખવી અને તમામ ક્રિયા સ્થાપનાચાર્યની સાખે તેની સન્મુખ કરવી, પણ કોઇ દિશાની સન્મુખ ન કરવી. સ્થાપના બે પ્રકારે છે. સદ્ભાવસ્થાપના ગુરૂની છબી, અસદ્ભાવ સ્થાપના અક્ષ, પુસ્તક, નોકારવાલીથી જે સ્થાપના કરવી તે. આ મુજબ સ્થાપના નિક્ષેપો શાસ્ત્રમાં સ્પષ્ટ પણે જણાવેલ છે.

## भगवती सूत्र श० १ उ०-१

नमो बंभीए लिवीए ॥

અર્થ:—ભગવતીજી સૂત્રની શરૂઆતમાં સ્થાપના નિક્ષેપરૂપ બ્રાહ્મીલિપિ દ્રવ્ય શ્રુતને નમસ્કાર કરી સ્થાપના સત્ય બતાવી છે.

## रायपसेणी सुत्र,

**तएण तस्ससूरियाभस्स पंचविहाए पज्जत्तिए पज्जत्ति भावं गयस्स जाव संकप्पे समुपज्जित्था किं मे पुव्विंकरणिज्जं किं मे पच्छा करणिज्जं किं मे पुव्विंसेयं किं मे पच्छा सेयं किं मे पुव्विं पच्छावि हियाए सुहाए खमाए निस्सेसाए अणुगामित्ताए भविस्सइजाव एवंखलु देवाणुप्पियाणं सुरियाभे विमाणे सिद्धायथणे अट्ठसयंजिण पडिमाणं जावाचिट्ठंति जाव अच्चणिज्जाऊ पुयाणिज्जाऊ जावएयणं पुव्विं करणिज्जं पच्छा करणिज्जं सेयं जावनिस्सेसाए भविस्सइ,**

**અર્થ**: પરદેશી રાજાનો જીવ ધર્મ પ્રાપ્તિ થયા પછી અંત-અવસ્થામાં શુભ ધ્યાનથી કાલધર્મ પામી દેવલોકમાં સૂર્યાભ વૈમાનમાં સૂર્યાભ દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં પાંચ પર્યાપ્તિથી પૂર્ણ થયા પછી તત્કાલ તેને વિચાર આવે છે કે મારે પહેલાં કરવા લાયક શું છે? પાછળથી કરવા લાયક શું છે? પહેલાં કલ્યાણકારક શું છે અને પાછળથી કલ્યાણકારક શું છે? પહેલાં તથા પાછળ મારે હિતકારી, સુખકારી યાવત્ મોક્ષ આપનાર શું છે? આવા તેનાં વચનો સાંભળી તેના સામાનિક દેવો તેને કહે છે કે હે દેવાણુપ્રિયા! સૂર્યાભ વૈમાનમાં રહેલ સિદ્ધાયતનમાં ૧૦૮ જીન પ્રતિમાજી છે, તેઓનું વંદન, પૂજન, સ્તવન કરવું, તેજ પહેલાં અને પાછળ કરવા લાયક છે અને તેજ હિતકારી, કલ્યાણકારી યાવત્ મોક્ષ અપાવનાર આગામી ભવમાં થશે, માટે તેજ કામ કરો. આ મુજબ સામાનિક દેવોના વચન સાંભળી સૂર્યાભદેવ પોતાની શય્યામાંથી ઉઠીને વાવડીમાં સ્નાન કરી, જીનપ્રતિમાજીની વિસ્તાર પૂર્વક સત્તર પ્રકારે પૂજા કરી, પ્રભુ મહાવીર દેવ પાસે આવી ગૌતમસ્વામી વિગેરે ભગવાનના શિષ્યોને અનેક પ્રકારના નાટક બતાવે છે વિગેરે પાઠ છે. આમાં પણ જીન પ્રતિમાને વંદન પૂજન માટે સ્પષ્ટ અધિકાર છે.

## जीवाभिगम सूत्र,

વિજયદેવતાએ ઉત્પન્ન થયા પછી જીનપ્રતિમાજીની પૂજા વિસ્તાર પૂર્વક સૂર્યાભ દેવની માફક કર્યાનો આ સૂત્રમાં સ્પષ્ટ પાઠ છે.

## जंबुद्वीपप्रज्ञप्ति सूत्र,

આ સૂત્રમાં શાસ્વતિ પ્રતિમાજી ઉર્ધ્વલોકમાં તથા અધઃ લોકમાં તથા તીર્છા લોકમાં કેટલી છે તે સંબંધી ગણત્રી કરી છે અને પોતપોતાના સ્થાને દેવો તેની પૂજા કરે છે. અને પોતાનો જન્મ કૃતાર્થ કરે છે. આમ સ્પષ્ટ અધિકાર છે,

### વાદી.

દેવોની કરણી હોવાથી તેઓ પ્રતિમાજીને પૂજે છે. તેથી કરીને શું ?

### શાસ્ત્રકાર.

કરણી એટલે તેનાથી પુન્ય કે પાપ બંધાય કે નહીં તે કહો ? જો પ્રભુ પૂજાને કરણી કહી પુન્ય કે પાપ કશું પણ ન બંધાય એમ કહેતા હો તો નાટક જોવા, દેવાંગના સાથે યથેચ્છા ભોગ ભોગવવા એ કરણી ખરી કે નહીં ? આનાથી પણ પાપનો બંધ નહીં પડવો જોઇએ. તમારા કહેવા મુજબ જો આનાથી પાપ બંધ પડે એમ કહેતા હો તો સારી કરણીથી પુન્ય બંધ કેમ ન પડે ? જો પુન્ય બંધાય આમ કહેતા હો તો પછી કરણી કયાં રહી ? તેમજ દરેકને કરવી જોઇએ એવી કાંઇ કોઇને ફરજ નથી. સમકિત ધારી જે જીવ હોય છે તેજ કરે છે. બધા કરતા હોય તેવો સંભવ નથી. તીર્થંકરના જન્મદીક્ષાદિ કલ્યાણકમાં કાંઈ બધા દેવો આવતા નથી. સમકિતધારી દેવો હોય છે તેજ મુખ્યત્વે કરી આવે છે. તેથી બધા પ્રતિમાજીને પૂજતા નથી તે વાતની ખાતરી થાય છે.

### વાદી.

ઉપરની બધી વાત શાસ્વતિ જીનપ્રતિમા આશ્રી જણાવી છે. પણ અશાસ્વતિ જીનપ્રતિમા કોઇએ પૂજી હોય તેવું મૂલસૂત્રમાં હોય તો બતાવો.

## શાસ્ત્રાકાર.

આવશ્યકજી સૂત્ર, ઉપદેશમાળા, ઠાણુંગજી, વિગેરેમાં અશાસ્વતિ પ્રતિમાજી તેમજ સ્થાપના નિક્ષેપાની વાત બતાવી છે, છતાં આટલા પાઠથી સંતોષ બરોબર ન થયો હોય તો હજી પણ બીજા પાઠ બતાવું છું તે સાંભળો.

## ज्ञातासूत्र अ० १६, पृ० १२५४,

तएणं से दोवइ रायवरकएणा कल्लं पाउप्पभाए जेणेव मज्जण घरे तेणेव उवागच्छइ २ त्ता मज्जणघरंअणुप्पविसइ २ त्ता एहाया कयबलिकम्मा कयकोउय मंगलपायच्छित्ता सुद्धप्पावेसाइं मंगलाइं पवर वत्थ परिहिया मज्जणघराओ पडिणिक्खमइ २ त्ता जेणेवजिणघरे तेणेवउवागच्छइ २ त्ता जिणघरंअणुप्पविसइ २ त्ता जिणपडिमाणं आलोए पणामंकरेइ २ त्ता लोमहत्थंपमज्जइ २ त्ता एवं जहासूरियाभो जिणपडिमाओअच्चेइ तहेवभाणियवं जावधूवंडहेइ २ त्ता वामंजाणुअच्चेइ जावइसिपच्चुनमइ २ त्ता करयलजावतिकट्टुएवंवयासी नमुत्थुणं अरिहंताणं भगवंताणं जावठाणंसंपत्ताणं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता जिणघराऊपडिनिक्खमइ.

અર્થ:—ત્યાર પછી દ્રુપદ રાજાની શ્રેષ્ટ કન્યા સવારમાં સ્પષ્ટ પ્રભાતનો સમય થયે છતે જ્યાં સ્નાન કરવાનું ઘર છે ત્યાં આવીને સ્નાનનાં ઘરમાં પ્રવેશ કરે, પ્રવેશ કરીને સ્નાન કરે તેમજ બલીકર્મ, કૌતુક મંગલ, પ્રાયચ્છિત વિગેરે કરે. મતલબ કે પ્રથમ સ્નાન કરે પછી બલીકર્મ કરે એટલે પોતાનાં ઘરમાં રહેલ દેવની પૂજા કરે. પછી સરસવ, દુર્વા વિગેરે જે લોકમાં મંગલ તરીકે ગણ્યા છે તેથી મંગલિક કરી શુદ્ધ પહેરવાને યોગ્ય મંગલભૂત એવા વસ્ત્ર પહેરી સ્નાન ઘરમાંથી નીકળીને જે સ્થલમાં જીનમંદીર છે ત્યાં આવે, આવીને જીનમંદીરમાં પ્રવેશ કરે, પ્રવેશ કરીને જીનપ્રતિમાને જોતાંજ

પ્રણામ નમસ્કાર કરે, નમસ્કાર કરીને મયૂરના પીંચ્છાની બનેલ પીંછીને સાફસુફ કરે, સાફસુફ કરી તેનાથી પ્રભુની પ્રતિમાજીને પ્રમાર્જન કરે. પ્રમાર્જન કરી ને જેવી રીતે રાયપસેણી સૂત્રમાં વિસ્તારથી સૂર્યાભદેવ નામના દેવે સત્તર પ્રકારી પૂજા કરી છે, તેવી રીતે સત્તર પ્રકારી પૂજા કરે છે. યાવત્ ધૂપની પણ પૂજા કરે છે. એ મુજબ પૂજા કરી રહ્યા પછી ભાવપૂજા કરવા સારૂ ડાબો ઢીંચણ નીચે સ્થાપન કરી જમણો ઢીંચણ ઉભા કરી પોતાના મસ્તકને જરા નમાવે, નમાવીને હસ્તકમલ બંને જોડી પ્રભુની સન્મુખ એક દૃષ્ટિ આપીને વિસ્તારથી ચૈત્યવંદન કરી નમુથ્થાણુનો પાઠ ઠાણં સંપત્તાણં પર્યંત ભણી સ્તવના કરે છે. સ્તવના પૂર્ણ થયાથી ફરી વખત જીન પ્રતિમાજીને વંદન નમસ્કાર કરે છે. વંદન નમસ્કાર કરીને જીનમંદિરમાંથી નીકળી પોતાના અંતેઉરમાં જાય છે. એ મુજબ વિસ્તારથી દ્રૌપદીએ અશાસ્વતિ જીનપ્રતિમાજીની પૂજા કરી છે. આ મુજબ જ્ઞાતાસૂત્રના સોળમા અધ્યયનમાં સ્પષ્ટ પાઠ જીન પ્રતિમાજી પૂજવાનો લખ્યો છે. હવે આના કરતાં બીજો કયો સરસ પુરાવો તમારે જોઇએ છીએ ? ૧

## વાદી.

દ્રૌપદીએ જીન પ્રતિમાજીને પૂજેલ છે તે માત્ર પરણવાના પ્રસંગે. તે પણ સારો પતિ, રાજ્ય, પૂત્ર વિગેરેની પ્રાપ્તિ નિમિત્તે પૂજેલ છે કાંઈ આત્મકલ્યાણ માટે પૂજેલ નથી.

## શાસ્ત્રકાર.

આ તમારૂં કથન અસત્યથી ભરપૂર તેમજ યુક્તિની બહાર છે. જો પતિ, રાજ્ય, અને પુત્રાદિક માટે પ્રભુની પૂજા કરી હોત તો પ્રભુજીની સ્તુતિ કરતી વખતે **बोहिदयाणं, धम्मदयाणं, शरणदयाणं,** એ મુજબ પાઠ બોલેલ છે, એટલે ભગવાનની પાસે પોતે પ્રશસ્ત વસ્તુની માગણી કરેલ છે કે હે પ્રભુ! આપ બોધિને દેનાર છો. ધર્મને દેનાર છો. શરણને આપનાર છો. તો મને તે વસ્તુ આપો કે જેથી મારા જન્મમરણ સંબંધી ફેરા મટી જાય. આ મુજબ માગણી કરી છે. પણ તમારા કહેવા મુજબ રાજ્યાદિકના માટે પૂજા કરી હોત તો પોતે પ્રભુની પાસે

તેની માગણી કરત. भत्तुदयाणं, रज्जदयाणं, पुत्तदयाणं, धन्नदयाणं। આ મુજબ પાઠ પ્રભુજીની પાસે બોલત. એટલે કે હે પ્રભુ! આપ મને ભર્તાર, રાજ્ય, પુત્ર, ધન વિગેરે આપો. એ મુજબ પ્રભુજીની સ્તુતિ કરત, પણ એમ તો કરેલ નથી. આથી જે તમો ઉપર કહી આવ્યા તે માત્ર એક કલ્પના છે. આથી એ સિદ્ધ થાય છે કે વિવાહના પ્રસંગે પણ કલ્યાણ માટે જ પ્રતિમાજીને પૂજેલ છે.

### વાદી.

દ્રૌપદીએ પૂર્વ ભવમાં નિયાણું કરેલ હોવાથી તે સમકિતધારી શ્રાવિકા જ નથી. તો પછી તેણે પૂજા કરી તો પણ શું ?

### શાસ્ત્રકાર.

દ્રૌપદી શ્રાવિકા જ છે. જો તે શ્રાવિકા ન હોત તો જે વખતે નારદ તેની પાસે આવેલ છે તે વખતે તેનો સત્કાર સન્માન દ્રૌપદીએ કરેલ નથી; કારણ કે દ્રૌપદી જાણતી હતી કે આ અવિરતિવાળો અન્ય લિંગી છે; આનો સત્કાર શ્રાવિકાથી થાય નહીં, આથી તેનો સત્કાર દ્રૌપદીએ કરેલ નથી. તમારા કહેવા મુજબ જો તે મિથ્યાત્વી હતી તોપછી તેનો સત્કાર કેમ ન કર્યો અને ફોકટનું મહાન દુઃખ શા માટે માથે વ્હોરી લીધું ? કારણકે નારદે આ અપમાનના બદલામાં પદમોતર રાજાને દ્રૌપદીનાં રૂપનું વર્ણન કરી રાગ પમાડ્યો, જેથી તેણે દેવદ્વારા દ્રૌપદીનું હરણ કરાવ્યું. છેવટે શ્રીકૃષ્ણ તથા પાંડવો જઇને પાછા લઈ આવ્યા. આટલા બધા દુઃખમાં શા માટે તેને ઉતરવું પડયું ? જો સમકિતધારી નહતી તો વળી નિયાણું કરેલ હોવાથી સમકિત પ્રાપ્ત ન થાય તે કાંઈ એકાંત નથી. દશાશ્રુત સ્કંધમાં નવ પ્રકારનાં નિયાણાં કહ્યાં છે. તેમાં પહેલા આઠ કામભોગ સંબંધી છે. તે અતિ ઉત્કૃષ્ટ રસથી કર્યા હોય તોજ સમકિત ન પામે, પણ મંદ રસથી કર્યા હોય તો સમકિત પામે છે. દૃષ્ટાંત તરીકે શ્રી કૃષ્ણવાસુદેવે વાસુદેવનું નિયાણું કર્યું હતું તો તે વાસુદેવ થયા તેમજ સમકિત પણ પામ્યા છે. વળી નિયાણાનો અર્થ એવો નથી કે તે આખા ભવ સુધી ચાલે.

## વાદી.

દ્રૌપદીએ પૂજા કરી એ વાત જોકે ચોક્કસ છે; છતાં તે શ્રાવિકા હતી કે મિથ્યાત્વી હતી એ બાબત શાસ્ત્રપાઠથી સિદ્ધ કરવા જરૂર છે. તેમજ આનંદાદિક શ્રાવકોએ પ્રતિમાજી પૂજી હતી કે કેમ તે પાઠ પણ બતાવવા જરૂર છે.

## શાસ્ત્રકાર.

શાસ્ત્રમાં જીનપ્રતિમા છે એ વાત તો ચોક્કસ છે. તોપછી અવશ્ય તેને પૂજનાર બીજા હશેજ. દ્રૌપદીના અધિકારના અંગે માત્ર આ એક સૂચના કરી છે, પણ તેને પૂજનાર બીજા હજારો માણસો સમજવા. ભગવતીસૂત્રમાં તુંગીયા નગરીના શ્રાવકોનું વર્ણન આવે છે. બીજાનું વર્ણન આવતું નથી. આથી શું આપણે એમ સમજવું કે ભગવાનના બીજા શ્રાવકો નહતા? હતા જ. છતાં તેઓના પ્રસંગને લઇ તેમનું વર્ણન કર્યું, તેમ દ્રૌપદીના પ્રસંગને લઇ તેણે પૂજા કરી એમ કહ્યું. આથી બીજાએ પૂજા નથી કરી એમ માનવાનું કાંઇ કારણ નથી. કારણકે પ્રતિમાજી હતા તે તો તમે પણ માનો છો, તેમજ દ્રૌપદીએ પૂજી તે પણ ચોક્કસ છે. માત્ર સમકિતિ કે મિથ્યાત્વી દ્રૌપદી હતી એનો વિવાદ છે, તે તો ઉપર જણાવેલ યુક્તિ નારદને સન્માન ન આપ્યું એથી નિર્ણય થાય છે કે દ્રૌપદી સમકિતિ હતી. વળી બીજી યુક્તિ સાંભળો હાલ કોઇ એક મકાન ખાલી પડયું છે આમાં કોઇ રહેતું નથી, પણ આગળ પાછળ તો અવશ્ય આમાં કોઇ રહેતું હશેજ. તે સિવાય ઘર બાંધવાનું પ્રયોજન શું ? તેમજ પ્રતિમાજી છે તો અવશ્ય. તો તેને પૂજનાર હોવા જોઇએ. તે સિવાય પ્રતિમાજી કરવાનું કારણ શું ? તેમજ દ્રૌપદી શ્રાવીકા છે તે બીના અગળ શાસ્ત્ર પાઠથી સિદ્ધ કરેલ છે આથી અશાસ્વતિ પણ જીન પ્રતિમાજી શાસ્ત્રમાં છે એ વાત ચોકસ થઇ. આનંદાદિક શ્રાવકોએ જીન પ્રતિમાજીને વાંદી પૂજી છે કે નહીં એટલો જ તમારા મનમાં વ્હેમ છે તો તે પણ પાઠ બતાવી તમારો વ્હેમ દૂર કરૂં છું તે સાંભળો.

## उववाइ सूत्र.

अंबडस्सणं परिवायगस्स नोकप्पइ अन्नउत्थियावा अन्नउत्थिय देवयाणिवा अन्नउत्थियपरिग्गहियाइं अरिहंतचेइयाइं वा वंदित्तएवा नमंसित्तएवा जावपज्जुवासित्तएवा णणत्थ अरिहंतेवा अरिहंतचेइयाणिवा ।

અર્થ:—શ્રીમાન્ સુધર્મા ગણધર મહારાજ મૂળ સૂત્રના કર્ત્તા ઉવવાઇ સૂત્ર છાપેલ પૃષ્ઠ બસોછન્નુમાં અંબડ પરિવ્રાજકના અધિકારમાં પરમાત્મા મહાવીર દેવના ઉપદેશથી અંબડ પરિવ્રાજક પ્રતિબોધ પામેછે અને શ્રીમાન્ વીર પરમાત્મા પાસેજ પોતે શ્રાવકના બાર વૃત ઉચ્ચરતી વખતે પ્રતિજ્ઞા કરે છે કે હે પ્રભુ! આજથી માંડીને મારે અન્ય દર્શનીના સાધુ શાક્ય, બૌદ્ધ, પરિવ્રાજક વિગેરેને, તેમજ તેમના દેવ–હરિહરાદિ, તેમજ તે લોકોએ ગૃહણ કરેલ અરિહંતના ચૈત્યો, પ્રતિમાજીઓને પોતાના દેવ તરીકે સ્વીકાર્યા હોય તો તેમને વંદન, નમસ્કાર, પર્યુપાસ્તિ, પૂજાદિક બિલ્કુલ મારે કરવું કલ્પે નહીં. અરિહંત તેમજ અરિહંતની પ્રતિમાજીને છોડીને,-મતલબ કે આપ પ્રભુને અને આપની જે મૂર્ત્તિ હોય તેને તો અવશ્ય મારે વંદન, નમસ્કાર, પૂજન વિગેરે કરવાં કલ્પે. એ મુજબ અંબડ નામનો પ્રભુનો શ્રાવક ઉવવાઇ સૂત્રમાં ઉપર જણાવેલ પાઠથી પ્રતિજ્ઞા પ્રભુ સન્મુખ કરે છે. તેમજ વળી ઉવાસગ્ગદશાંગ મૂળસૂત્રમાં ભગવાનના મુખ્ય ધોરી શ્રાવકો આનંદ, કામદેવ વિગેરે પણ ભગવાનની સન્મુખ શ્રાવકનાં બાર વ્રત ઉચ્ચરતિ વખતે પ્રથમ સમકિતનો આલાવો ઉચ્ચરતાં પોતે અરિહંતની પ્રતિમાજી વિષે કેવી પ્રતિજ્ઞા કરે છે તે જરા ખ્યાલ આપી સાંભળો, કે જેથી તમોને ખાત્રી થાય.

## उवासगदशांग अध्ययन १

नोखलु मे भंते कप्पइ अज्जप्पभिइंचणं अन्नउत्थियावा

**अन्नउत्थियदेवयाणिवा अन्नउत्थियपरिग्गहियाइं अरिहंतचेइयाइं वा वंदित्तएवा नमंसित्तएवा पुव्विंअणालत्तेणं आलवित्तएवा संलवित्तएवा इत्यादि.**

અર્થ:—આનંદશ્રાવક પ્રભુની પાસે શ્રાવકના બારવ્રત લેતા પ્રતિજ્ઞા કરે છે કે હે પ્રભુ! આજથી માંડી અન્યદર્શનીના સાધુ, અન્ય-દર્શનીના દેવ હરિહરાદિ તેમજ તે લોકોએ ગૃહણ કરેલા અરિહંતની પ્રતિમાજી પોતાના દેવ તરીકે સ્વીકારેલ હોય તેને વંદન, નમન, પૂજન સત્કાર, સન્માન, વિગેરે કાંઇ પણ મારે કરવું કલ્પે નહીં. તેમજ તે લોકોની સાથે તેઓએ પ્રથમ બોલાવ્યા વગર આલાપ સંલાપ પણ કરવો મારે કલ્પે નહીં. સારાંશ કે આપ પ્રભુને તથા આપની મૂર્ત્તિને તથા નિર્ગ્રંથ સાધુઓને વંદન, પૂજન, સત્કાર, સન્માન, આલાપ, સંલાપ, વિગેરે કરવું મારે કલ્પે, પણ બીજાની સાથે ન કલ્પે. આ પાઠમાં વંદન પૂજનનો પાઠ છે અને આનંદ શ્રાવકે પોતેજ પ્રતિમાજીને પૂજેલ છે. હવે આના કરતાં વધારે સ્પષ્ટ બીજો કયો તમારે ખુલાસો જોઇએ છે.

### વાદી.

આ પાઠમાં આગળ જતાં તેઓને અન્ન, પાણી તથા પ્રથમ બોલાવવું ચલાવવું હું કરીશ નહીં એમ જણાવેલ હોવાથી અરિહંત ચેઇયાણિ શબ્દથી અરિહંતના સાધુ ઘટી શકે, પણ પ્રતિમાજી કેવી રીતે ઘટી શકે? કારણ કે પ્રતિમાજીને અન્ન, પાણી દેવાનો તેમ બોલા-વવા ચલાવવાનો સંભવ નથી.

### શાસ્ત્રકાર.

અલબત, તમારી વાત સાચી છે કે પ્રતિમાજીને અન્નપાણી વિગેરે દેવું ઘટે નહીં. પણ જ્યાં જેની સાથે સંબંધ ઘટતો હોય તેમ ઘટાડવો તેજ વિદ્વાનોનું કર્ત્તવ્ય છે. ઉપરના પાઠમાં ત્રણ આલાવા છે. અન્યદર્શનીના સાધુ, અન્યદર્શનીના દેવ, અને અન્ય-દર્શનીએ ગૃહણ કરેલી અરિહંતની પ્રતિમાઓ. આ મુજબ ત્રણ આ

લાવા છે, અન્નપાણી દેવું તથા બોલાવવું, ચલાવવું અન્ય દર્શની-ના સાધુ સાથે ઘટે છે તો તે સંબંધી પોતે પ્રતિજ્ઞા કરે છે વળી "अरिहंतचेइयाइं" શબ્દથી સાધુ ગ્રહણ થઈ શકેજ નહીં. અન્ય-દર્શનમાં અરિહંતના સાધુઓ ગયા હોય અને તેજ વેષમાં રહ્યા હોય તે સંભવી શકેજ નહીં. કદાચ કર્મના સંયોગને લઇ ભારે કર્મી-પણાથી અન્યદર્શનમાં જૈનસાધુ ગયા હોય તો પછી તરત જ તેનો વેષ તેને સ્વીકાર કરવો જ પડે. જેમકે આજકાલ ઘણા સ્થાનકવાસીના સાધુઓ પોતાનો વેષ છોડી તપગચ્છમાં દાખલ થયા છે. પંજાબમાંથી આવેલા બુટેરાવજી મહારાજ, મૂળચંદજી મહારાજ, વૃદ્ધિચંદજી મહારાજ તથા આત્મારામજી મહારાજ વિગેરે ૨૫ થી ૩૦ સાધુઓએ તે પંથ છોડી તપગચ્છમાં દાખલ થયા છે. અને તે સંપ્રદાયનો વેષ તેઓએ સ્વીકારેલ છે, પછી તેઓ કાંઇ સ્થાનકવાસી સાધુઓ કહેવાતા નથી. એ મુજબ કોઇ સાધુ અન્યદર્શનમાં જાય પછી તે કાંઇ જૈનદર્શનનો સાધુ કહેવાતો નથી, કારણ કે વેષ બદલી નાખવામાં આવે છે, આથી અરિહંતચેઇયાઇં શબ્દથી કોઇ પણ દીવસે સાધુ ગૃહણ થઇ શકેજ નહીં. વળી અન્ય ઉત્થિય શબ્દ મૂલ પાઠમાં અન્ય દર્શનના સાધુનો વાચક ખુલ્લો પડયો છે. આ સાધુઓની સાથે કોઇપણ પ્રકારનો સંબંધ ન રાખવો. આવો સ્પષ્ટ અર્થ મુકી માત્ર પોતાની કલ્પનાથી કલ્પી કાઢેલા અરિહંત ચેઇયાણિ શબ્દથી અરિહં-તના સાધુ લેવા, આવો અર્થ શું કોઈપણ વિદ્વાન્ કબુલ કરશે? વળી શાસ્ત્રમાં પણ કોઈ ઠેકાણે અરિહંત ચૈત્ય શબ્દથી સાધુ લીધાજ નથી, પણ જીનપ્રતિમાજી લીધા છે. આ વાત પ્રથમજ સિદ્ધ થઇ ગયેલ છે, છતાં ફરી ભગવતીજી સૂત્રના પાઠથી સિદ્ધ કરી આપું છું કે અરિહંત ચેઇયાણિ શબ્દથી શું લીધેલ છે.

ભગવતીજી સૂત્ર શતક ૩. ઉદ્દેશો ૨ પૃ. ૨૫૬ માં પુરણ નામનો સાર્થવાહ પોતાના ઘરનો ત્યાગ કરી તાપસવ્રત સ્વીકારે છે, અને બાર.વર્ષ પર્યંત તિવ્ર તપશ્ચર્યા સાથે નિરસ આહાર પાણી કરી, છેવટે પાદોપગમન નામનું અણસણ કરી અસુરકુમાર નિકાયમાં ચમરચંચા

રાજધાનીમાં ચમરેંદ્રપણે ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયા સાથે અવધિજ્ઞાનથી પોતાના મસ્તક ઉપર સુધર્મ ઈંદ્રને સુધર્માવતંસક નામના વિમાનમાં બેઠેલો અનેક ઋદ્ધિ સહીત વજ્ર છે હાથમાં જેના એવા જોઇને તરતજ મહાન્ ક્રોધથી ધમધમીત થઇ પોતાના સામાનિક દેવોને પુછે છે કે, આ કોણ દુષ્ટાત્મા મારા મસ્તક ઉપર પગ રાખીને બેઠો છે? તેના આવા શબ્દો સાંભળી સામાનિક દેવો હાથ જોડી સુધર્મઈંદ્ર સંબંધી તમામ તેની શકિત સાથેનું વર્ણન કહી સંભળાવ્યું. આથી વધારે ગુસ્સે થઇ ચમરેંદ્ર કહે છે કે, અરે મારા પરાક્રમની તમોને ખબરજ નથી જેથી તમો તેની પ્રશંસા કરો છો, પણ તમો જુઓ કે હમણાજ તેને ત્યાંથી નીચે પાડું છું. આમ કહી સુધર્મ દેવલોકમાં જવા વિચાર કરે છે, પણ વળી વિચાર આવ્યો કે, કદાચ તે મારા કરતા મહા બલવાન્ નિકળ્યો અને મારો પરાજય થાય, તો મારે કોના શરણે જવું? આમ વિચાર કરી અવધિજ્ઞાનથી સુંસુમાર નગરને વિષે પરમાત્મા મહાવીરદેવ છદ્મસ્થપણામાં ધ્યાનમાં મગ્ન રહ્યા છે, તેમને જોઈને આ પ્રભુનું શરણ લઈને જઉં તો વાંધો નહીં આવે, આમ વિચાર કરી તરતજ સુંસુમાર નગરમાં પ્રભુની પાસે આવ્યો અને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઇ, વંદન નમસ્કાર કરી પ્રભુને કહે છે કે હે પ્રભુ! આપના શરણને લઇ હું આજે ઉર્ધ્વલોકમાં જઉ છું અને સુધર્મઈંદ્રને હમણાં ઉપરથી નીચે પાડું છું. આમ પ્રભુને સંભળાવી તરતજ ઉર્ધ્વલોકમાં ગયો અને સુધર્મઈંદ્રના આત્મ રક્ષક દેવોને પોતાના હાથમાં રહેલ પરિઘ શસ્ત્ર વડે ત્રાસ આપતો, સુધર્મ ઈંદ્રની વેદીકા ઉપર પગ મુકી સુધર્મ ઈંદ્રને તિરસ્કારના શબ્દો સંભળાવ્યા; તરતજ ઇંદ્રે તેને ઓળખી તેની તરફ જાજવલ્યમાન વજ્ર ફેંક્યું. અગ્નીના કણીઆ નીકલતાં આ વજ્રને જોઈ ભય પામી એકદમ તે ચમરેંદ્ર નાશી ગયો. નીચે જેનું મસ્તક છે અને ઉપર જેના પગ છે આ મુજબ જેટલી પોતાની શક્તિ હતી તેટલા વેગથી જીવ લઇને ભાગ્યો, અને પ્રભુજી જ્યાં કાયોત્સર્ગમાં રહ્યા છે તેના પગમાં આવીને લંપાઇ ગયો. આ વખતે સુધર્મઈંદ્રને જે વિચાર થયો તે ભગવતી સૂત્રમાં જણાવેલ છે.

## तथा च तत्पाठः

तस्स सक्कस्स देविंदस्स देवरणो इ मेया रूवे अप्भात्थिऊ संकप्पो जाव समुप्पजित्था नोखलु विसए चमरस्स असुरिंदस्स असुररणो अप्पणो निसाए उड्ढुंउप्पइत्ता जाव सोहम्मे कप्पे णस्णत्थ अरिहंते वा अरिहंतचेइयाणि वा अणगारे वा भावियप्पाणो नीसए उड्ढं उप्पइ जाव सोहम्मेकप्पे तंमहादुखं खु तहारुवाणं अरिहंताणं भगवंताणं अणगाराणय अच्चासायणाएत्तिकट्टु ओहिंपउंजइ इत्यादि.

**અર્થ**:—તેશક્ર, દેવેંદ્ર, દેવનો રાજા તેને હ્રદયની અંદર એવો વિચાર આવ્યો કે અસુરનો ઇંદ્ર, અસુરનો રાજા એવા ચમરેંદ્રને ઉર્ધ્વ લોકમાં આવવાનો વિષય નથી, પોતાની નિશ્રાએ ઉંચે ઉડી યાવત્ સુધર્મદેવલોકસુધી આવવાની, શક્તિ નથી પણ અરિહંત અરિહંતના ચૈત્યો તથા ભાવિતાત્મા અણગાર સાધુઓ આ ત્રણની નીશ્રાએ તો ઉર્ધ્વલોકમાં યાવત્ સુધર્મ દેવલોકમાં પણ આવી શકે છે. તો કદાચ આ ચમરેંદ્ર આ ત્રણની નિશ્રાએ જો ઉપર આવ્યો હોય તો તે મહાનુભાવોની અત્યંત આશાતના મેં કરી કહેવાય. આમ સમજી તરતજ અવધિજ્ઞાનનો ઉપયોગ આપી ઇંદ્ર જોવે છે કે, આ કોની નિશ્રાથી ઉપર આવ્યો છે? તો તરતજ તેને જણાયું કે પ્રભુ મહાવીર દેવની નિશ્રાથી ઉપર આવ્યો છે. આથી ઇંદ્રને મનમાં ઘણોજ ખેદ થયો અને તરતજ ઘણી વેગવાળી ગતીથી વજ્રને પકડવાને દોડયો. પ્રભુથી ચાર અંગુલ દૂર રહેલ વજ્રને પકડી પાડયું અને પ્રભુની માફી માગી તેમજ ચમરેંદ્રની માફી માગી અને કહ્યું કે, જો આ પ્રભુના શરણથીજ તું આજે બચ્યો છું અને તને છોડી દેવામાં આવે છે. આમ કહી પ્રભુને વંદન નમસ્કાર કરી તરત પોતાને સ્થાને સુધર્મ ઇંદ્ર ગયો.

ભાવાર્થ:—શ્રીમાન્ ગૌતમસ્વામી ચમરેંદ્રના સ્વરૂપ માટે પ્રભુ મહાવીર દેવને પુછે છે. પ્રભુ મહાવીર દેવ કહે છે કે હે ગૌતમ, ચમરેંદ્ર પોતાની શક્તિથી ઉર્ધ્વલોકમાં જઇ શકતો નથી, પણ અરિહંત, અરિ-

હંતની પ્રતિમા અને અણગાર સાધુ આ ત્રણમાંથી કોઇ એકના શરણથી ઉર્ધ્વ લોકમાં જઈ શકે છે. આ ચમરેંદ્ર મારા શરણથીજ ઉર્ધ્વ લોકમાં ગયો હતો અને છેવટે ઇંદ્રના વજ્રથી ભયપામી મારા પગની નીચે આવીને સંતાઈ ગયો હતો. ઇંદ્રે અવધિજ્ઞાનથી ચમરેંદ્રને મારા શરણથી દેવલોકમાં આવેલ જાણી તરતજ નીચે આવી વજ્રને પકડી લીધું અને મારી માફી માગી અને મારા શરણથી જ તેને પણ છોડી દીધો અને તેની પણ માફી માગી. શક્ર મને વંદન નમસ્કાર કરી દેવલોકમાં ગયો. આ પાઠમાં સ્પષ્ટ ત્રણ શરણ લીધા છે. જો અરિહંત ચેઇયાણિ શબ્દથી અરિહંતના સાધુઓ લેવાતા હોત તો અહીં અણગાર જુદા કેમ લીધા? અરિહંત ચેઇયાણિ શબ્દથીજ અણગાર સાધુઓ આવી જાય છે છતાં જ્યારે અણગાર શબ્દ જુદો લીધો છે તો પછી અરિહંત ચેઇયાણિ શબ્દથી સ્પષ્ટ જણાય છે કે અરિહંતના ચૈત્યોથી જીનપ્રતિમાજી જ લેવા એ વાત ખુલ્લી છે. છતાં હજી પણ તમારી શંકા ન ગઇ હોય તો વધારે પાઠ બતાવું.

સાંભલોઃ—

भगवती सूत्र २० शतक ६ उद्देशक पृ. १५०५

कइविहाणंभंतेचारणापन्नत्ता? गोयमा दुविहाचारणापन्नत्ता तंजहा विज्जाचारणाय जंघाचारणाय जावविज्जाचारणस्सणं भंते तिरियंकेवइयंगतिविसएपणत्ते? गोयमा सेणं एगेणं उप्पाएणं माणुसुत्तरे पव्वए समोसरणे करेइ करेइत्ता तहिं चेइयाइं वंदइ २ त्ता बितिएण उप्पाएणं नंदिस्सरदीवे समोसरणं करेइ २ ता तहिंचेइयाइंवंदइ २ त्ता तऊपडिणियत्तइ २ त्ता इहमागच्छइ २ त्ता इहचेइयाइंवंदइ, विज्जाचारणस्सणं भंते उड्ढंकेवइएगत्तिविसए-पणत्ते? गोयमा सेणं इऊएगेणउप्पाएणं नंदणवणेसमोसरणं करेइ २त्ता तहिंचेइयाइंवंदइ २त्ता तहिं चेइयाइंवंदइ २ त्ता त-ऊपडिनियत्तइ २ त्ता इहमागच्छइ २ त्ता इहंचेइयाइं वंदइ इत्यादि.

અર્થ:—શ્રીમાન્ ગૌતમ સ્વામી પ્રભુ મહાવીર દેવને પુછે છે કે હે ભગવન્! કેટલા પ્રકારના ચારણો કહ્યા છે? પ્રભુ કહે છે કે હે ગૌતમ! બે પ્રકારના ચારણો કહ્યા છે તેજ બતાવે છે. વિદ્યાચારણ તથા જંઘા ચારણ. મતલબ કે એક વિદ્યાના બલથી ગમન કરે છે. બીજા (લબ્ધિથી પ્રાપ્ત થયેલ) જંઘાના બલથી ગમન કરે છે. આ મુજબ બે પ્રકારના છે હે ભગવન્! વિદ્યા ચારણ મુનિને તિરછો ગતિનો કેટલો વિષય કહ્યો છે? ગૌતમ, તે મહાનુભાવો અહીંથી એકજ ફ્લંગે માનુષ્યોત્તર પર્વતે જઇ સમવસરણ કરે છે એટલે ત્યાં ઉતરે છે અને ઉતરી ત્યાં જે શાસ્વતિ જીન પ્રતિમાજીઓછે તેમને વંદન કરે છે. તમામ જીન પ્રતિમાજીઓને વંદન કરી, પછી બીજી ફ્લંગે નંદીશ્વર નામના દ્વીપે જઇને ત્યાં ઉતરે છે. અને ત્યાં ઉતરી ને ત્યાં જે શાસ્વતિ જીનપ્રતિમાજીઓને તેને વંદન કરે છે. વંદન કરીને પાછા એકજ ફ્લંગથી અહીં આવી પહોંચે છે. અહીં આવીને પણ જે અશાસ્વતિ જીન પ્રતિમાજીઓ છે તેઓને વંદન કરે છે.

હે ભગવન્! વિદ્યાચારણ મુનિનો ઉર્ધ્વ સંબંધી કેટલો વિષય કહ્યોછે? હે ગૌતમ, તે મહાનુભાવો અહીંથી એકજ ફ્લંગે નંદનવન નામના વનને વિષે જઇને ત્યાં ઉતરે છે અને ત્યાં રહેલ શાસ્વતિ જીન પ્રતિમાજીઓને વંદન કરે છે. વંદન કરી ત્યાંથી બીજી ફ્લંગે પાંડુક નામના વનને વિષે જઇ ત્યાં ઉતરે છે અને ત્યાં પણ બીરાજમાન અનાદિ શાસ્વતિ જીન પ્રતિમાજીઓને વંદન કરે છે. વંદન કરીને પાછા એકજ ફ્લંગે અહીં આવેછે અને અહીં આવીને જે અશાસ્વતિ જીન પ્રતિમાજીઓ વર્તમાન કાલમાં બીરાજમાન છે તેઓને વંદન કરે છે.

આ મુજબ ભગવતીજી સૂત્રનાં સોળમા શતકના નવમા ઉદ્દેશામાં સ્પષ્ટ પાઠ છે કે, મેરૂપર્વત, માનુષ્યોત્તર પર્વત, નંદીશ્વરદ્વીપ વિગેરે સ્થલના તથા અત્રે પોતાના સ્થાનમાં બીરાજમાન્ શાસ્વતિ તથા અશાસ્વતિ જીનપ્રતિમાજીઓને વંદન કરે છે. આ મુજબ સ્પષ્ટ પાઠ છે. અહીં કાંઈ તમો અરિહંત ચેઇયાણિ શબ્દથી અરિહંતના સાધુઓ

લઇ શકવાના નથી. મેરૂપર્વત તથા નંદીશ્વર દ્વીપ વિગેરે સ્થલે સાધુઓના ગમનનો સંભવજ નથી. માટે હવે અરિહંતચેઈયાણિ શબ્દથી અરિહંતની પ્રતિમાજીનો સ્વીકાર આનંદથી કરી લ્યો અને તેઓને માનો, પૂજો કે જેથી તમારૂં પણ કલ્યાણ થાય.

## વાદી.

અરિહંત ચેઇયાણિ શબ્દથી જ્ઞાન લઇ શકાય છે—અને વિદ્યાચારણમુનિએ મેરૂપર્વત તથા નંદીશ્વર દ્વીપમાં રહેલ જ્ઞાનનેજ વંદન કરેલ છે. જીનપ્રતિમાજીને વંદન કરેલ શા ઉપરથી કહો છો ?

## શાસ્ત્રકાર.

જમાલી પ્રમુખનિહ્નવોએ માત્ર એક એક સૂત્ર વિરૂધ પ્રરૂપણા કરવાથી સંજમ સારૂ પાળતા છતા ચાર ગતિમાં પરિભ્રમણ કરવુ પડયું તે તમે સારી પેઠે જાણો છો, તો તમારાથી પણ ઊત્સૂત્રની પ્રરૂપણા ન થાય તે વાત લક્ષ્યમાં રાખવા ખાસ જરૂર છે.

અરિહંત ચેઇયાણિ શબ્દથી જ્ઞાન લેવાયજ નહીં. આ બાબતનો સ્પષ્ટ ખુલાસો અનેક દાખલા સાથે પ્રથમજ કરી આપેલ છે. છતાં હજી સુધી હઠવાદ તમારો ગયો નહીં. ઠીક તેમ જ્ઞાન લો, પણ જરા બુદ્ધિનો તથા જરા યુક્તિનો ઉપયોગ કરતા શીખો. મેરૂ પર્વત તથા નંદીશ્વરદ્વીપ ઉપર જ્ઞાન કોણે રાખ્યું હતું ? વળી આત્માનો ગુણ જે જ્ઞાન તે ત્યાં કેવી રીતે રહે ધર્મિરૂપ આત્માને છોડી જ્ઞાન રૂપ ધર્મ તે જુદો રહે ખરો ? વલી જ્ઞાનનું કારણ ભૂત શ્રુતજ્ઞાન રૂપ પુસ્તકો કહેવા માગતા હો તો તે પણ સંભવી શકશેજ નહીં; કારણ કે પુસ્તકો લખવાની તથા છપાવવાની-કળા હમણા શરૂ થઈ છે. મહાવીર પ્રભુના નિર્વાણ પછી નવસોને એંશી વર્ષે દેવર્ધિગણીક્ષમાશ્રમણે વલ્લભીપુરમાં પુસ્તક લખવાનું શરૂ કર્યું, તે પહેલાં તો સર્વે કંઠસ્થ સૂત્રો રાખતા હતા, તો પછી ત્યાં પુસ્તક હોવાનો સંભવ કેવી રીતે સમજવો. વળી ત્યાં પુસ્તક રાખવા કોણ ગયું હતું ? તેમજ તે પુસ્તકો કેટલો કાળ ટકવાના હતા ?

આપણી પાસેના પુસ્તકો કેટલો કાળ ટકે છે તે આપણે જાણીએ છીએ તો આવી યુક્તિહીન દલીલ કરવી તે શું વ્યાજબી ગણાય ? વળી નંદીસૂત્રમાં નાણં પંચવિહં પન્નતં એમ ખુલ્લું લખ્યું છે. પણ ચેઇયં પંચવિહં પન્નતં એમ લખેલ નથી. તમારા કહેવા મુજબ ચૈત્ય શબ્દ જ્ઞાનનો વાચક હોત તો ચેઇયં પંચવિહં પન્નત્તં આમ લખવું જોઇતું હતું, છતાં તેમ તો લખેલ નથી તો પછી શા આધારથી તમો ચૈત્યશબ્દ જ્ઞાનવાચક ગણો છો ? વળી આ પાઠમાં **चेइयाइंवंदइ** ચૈત્યોને વંદના કરે છે. અહીં બહુવચનવાચક ચેઇયાઇં શબ્દ છે. જ્ઞાન તો એકવચન છે તો પછી બહુવચન વાચક ચેઇયાઇં શબ્દથી તમો જ્ઞાન કેવી રીતે લઇ શકશો? આનો પણ જરા વ્યાકરણ શાસ્ત્રથી વિચાર કરશો તો સમજાશે કે, ચેઇયાઈં શબ્દથી જ્ઞાન લઈ શકાયજ નહીં, પણ ચેઇયાઇં શબ્દથી જીન પ્રતિમાજીજ લેવા, કારણ કે જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ઉર્ધ્વ-લોકમાં, અધો લોકમાં તથા તિર્છા લોકમાં જેટલી શાસ્વતી જીન-પ્રતિમાજીઓ છે તેનું વર્ણન કરેલ છે. આથી ચોક્કશ થાય છે કે મેરૂ પર્વત તથા નંદીશ્વર દ્વીપ વિગેરે સ્થલે જીન પ્રતિમાજ છે પણ જ્ઞાન છેજ નહી. વળી શાસ્વતી જીન પ્રતિમાજીને વંદન કરવા સાથે અહીં બીરાજમાન અશાસ્વતી જીન પ્રતિમાજીને પણ વંદન કરેલ હોવાથી બંને પ્રતિમાજીઓ વંદનીય છે એમ ભગવતીજી સૂત્રના પાઠથી ચોક્કસ થાય છે. એમાં જરા પણ સંદેહ રાખવા જેવું નથી.

## વાદી.

આ પાઠમાં આગલ જતાં જણાવવામાં આવે છે કે જો તેઓ "**तस्सठाणस्स अणालोइय**" આ સ્થાનકોની આલોચના કર્યા વગર કાલ ધર્મ પામે તો વિરાધક ગણ્યા છે તો પછી પ્રભુ પ્રતિમા-જીને વંદન કરતા લાભ હોત તો વિરાધક શા માટે ગણ્યા ?

## શાસ્ત્રકાર.

ગુરૂગમ વિના શાસ્ત્ર વાંચવા નહીં, નહીં તો શાસ્ત્ર તે શસ્ત્રપણે

પ્રણમે છે આમ શાસ્ત્રકાર કહે છે તે બરાબર છે. તમો ગુરૂ ગમ વગર શાસ્ત્ર વાંચો છો તેથીજ ખરો અર્થ જાણી શકતા નથી. આલોચના લીધા વગર કાલધર્મ પામે તો વિરાધક ગણ્યા. આ કાંઈ પ્રભુની પ્રતિમાજીને વંદન કર્યા માટે વિરાધક ગણેલ નથી, પણ એક સ્થાનથી બીજે સ્થાને જતાં રસ્તામાં જે જે પ્રમાદ વૃત્તિ થયેલ હોય તેને અંગે અપ્રમાદિ એવા સાધુને પણ ઇરિઆવહિય પ્રતિક્રમણરૂપ પ્રાયશ્ચિત કરવું પડે છે, તેમ વિદ્યાચારણ મુનિને પણ જે એક સ્થાનથી બીજા સ્થાને ગમનાગમન કરેલ છે તે સંબંધી ઇરિયાવહિય પ્રતિક્રમણ કરવા રૂપ પ્રાયશ્ચિત જો તેઓ ન કરે તો તે સંબંધી તેમને દોષ લાગે છે. પણ પ્રભુની પ્રતિમાજીને વંદન કરવાથી કાંઇ દોષ લાગતો નથી, પણ મહાન્ કર્મની નિર્જરા તેઓને થયેલ છે. સારા કામો કરતાં પણ જો વિરાધક ભાવ આવશે તો પછી તમોને પણ સામાયક, પોષહ, પ્રતિક્રમણ તેમજ ગુરૂવંદન માટે દૂરથી સંઘ કાઢીને આવવું વિગેરે સારા કામોમાં વિરાધક પણું કેમ નહીં આવે? ન્યાય બન્ને જગ્યાએ સમાન છે. રસ્તામાં ચાલવાથી થયેલ જીવની વિરાધના સંબંધી પ્રાયશ્ચિત તો દરેકને લેવું જોઇએ. પોતાની સ્થિતિના અનુસારે અન્યથા, વિરાધક ભાવ ઓછો વધતો તો દરેકને આવે છે, માટે પ્રભુપ્રતિમાજીને વંદન કરવાથી એકાંત તે મહાનુભાવ મુનિને કર્મની નિર્જરા થયેલ છે. વળી પ્રભુપ્રતિમાજીના દર્શનથી કર્મ ક્ષયોપશમ થવા સાથે જાતિ સ્મરણ જ્ઞાન પણ થાય છે. અભય કુમારે મોકલેલ જીન પ્રતિમાજીના દર્શનથી આર્દ્રકુમારને જેમ જાતિસ્મરણ જ્ઞાન થયું તેમ.

तथाचतत्पाठः सुयगडांगसूत्रानिर्युक्ति २ श्रुतस्कंध अ–६

पीतीय दोण्हदुऊ पुछणमभयस्स पथ्थवेसोऊ
तेणावि सम्मद्दिट्ठित्ति होज्ज पडिमारहंमि गया ॥ १० ॥
दट्ठुं संबुद्धो रक्खिऊ य आसाण वाहण पलात्तो
पव्वावंतो धरित्तो रज्जं नकरेमि को अन्नो ॥ ११ ॥

અર્થ:—શ્રીમાન્ ભદ્રબાહુ સ્વામી ચૌદ પૂર્વધર કે જેઓશ્રી પરમાત્મા મહાવીર દેવ પછી થોડાજ વર્ષે થયા છે અને જેમણે દશસૂત્રોની નિર્યુકિત બનાવી છે; તેઓશ્રી સુત્રકૃતાંગસૂત્રની નિર્યુકિતમાં આર્દ્ર કુમારના અધિકારમાં જણાવે છે કે, આર્દ્રદેશના રાજાએ શ્રેણિકરાજાની સાથે પોતાની જુની મિત્રતાઈ કાયમ રાખવા માટે ઉત્તમ પ્રકારના મણી, માણેક વિગેરે વસ્તુની ભેટ પોતાના માણુસ સાથે આવેલા શ્રેણિકરાજાના માણુસની સાથે મોકલાવે છે, તે વખતે આર્દ્રકુમાર શ્રેણિકરાજાના માણસને પુછે છે કે, તમારા રાજાને કોઇ પુત્ર છે કે કેમ? જો હોય તો મારે પણ તેની સાથે મિત્રાઈ કરવી છે. આથી આવેલા માણસો જણાવે છે કે અમારા રાજા સાહેબને બુદ્ધિનો નિધાન એવો અભયકુમાર નામનો પુત્ર છે; આથી હર્ષીત થઇ ને અભયકુમાર સાથે પોતાની મિત્રાઇ કરવાને એક મહા કીંમતિ ભેટણું તે માણસોને અભયકુમારને આપવા સારૂ આપે છે. આ માણુસો શ્રેણિકરાજાના દરબારમાં જઇ શ્રેણિકરાજાને તથા અભયકુમારને જુદા જુદા ભેટણા આપે છે અને આર્દ્રકુમારનો સંદેશો મિત્રતાઈ કરવા બાબતનો અભયકુમારને જણાવે છે. આ સમાચાર સાંભળી ચાર બુદ્ધિનો નિધાન અભયકુમાર વિચાર કરે છે કે, જે ધણી મારી સાથે મિત્રતાઇ કરવા ઇચ્છે છે તો અવશ્ય તે સમકિત દૃષ્ટિ હોવો જોઇએ. છતાં અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો છે માટે પૂર્વે તેણે ચારિત્રની વિરાધના કરેલ હોવી જોઇએ. આમ નિર્ણય કરી આર્દ્રકુમારને પ્રતિબોધ કરવા સારૂં એક સુંદર રત્નની જીન પ્રતિમાજીને એક ડાબડામાં પેક કરીને આવેલ માણસોને આપે છે અને એકાંતમાં ખોલવા જણાવે છે. પછી શ્રેણિક રાજાએ આપેલ ભેટણું લઇને તે આવેલા માણસો આર્દ્રદેશમાં જાય છે અને જુદા જુદા બંન્ને ભેટણાં રાજાને તથા આર્દ્ર કુમારને આપે છે. આર્દ્રકુમાર એકાંતમાં પેટી ખોલી અંદરથી પ્રતિમાજીને બહાર કાઢે છે અને આ ઉત્તમ દાગીનો કયાં પહેરૂં તેનો વિચાર કરતાં કરતાં આવી વસ્તુ મેં પૂર્વે કયાંઇ પણ જોયેલ છે. આમ વિચાર કરવા સાથે કર્મનો ક્ષયોપશમ થતાં તત્કાલ જાતિ સ્મરણ જ્ઞાન થાયછે.

" पडिमा रहंमि गया दट्टुं संबुद्धो " તે વાત આ પાઠથી સિદ્ધ થાય છે. એકાંતમાં જીનપ્રતિમા જોઇને પ્રતિબોધ પામ્યો અર્થાત્ તેણે જાતિ સ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વ ભવ જોયો. અને પૂર્વ ભવમાં સ્ત્રીની સાથે પોતે અંગીકાર કરેલ ચારિત્ર તેમજ પાછળથી પોતાને સ્ત્રીની ઉપર થયેલ રાગ દશાને અંગે લાગેલ દૂષણનું પ્રાયશ્ચિત નહીં લેવાથી છેવટે પોતાને અનાર્ય દેશમાં ઉપજવું પડયું છે, વિગેરે જાતિસ્મરણ જ્ઞાનથી જાણી તે તત્કાલ પ્રતિબોધને પામ્યો અને તેને ચારિત્ર લેવા ફરી ઇચ્છા થઇ. પણ અનાર્ય દેશમાંથી આર્યભૂમિમાં જઉ તો તે બને, આમ ધારી નીકળવા વિચાર કરે છે, પણ તેના પિતાને માલુમ પડી જવાથી ઘોડે સ્વારની ટુકડીથી તેનું રક્ષણ કરે છે. જ્યાં જાય ત્યાં ઘોડે સ્વારો તેની પાછળ જાય છે. આખરે તે લોકોને વિશ્વાસ પમાડી, આગળ એક વિશ્વાસપાત્ર માણસ મોકલી, વ્હાણ તૈયાર કરાવી તેમાં બેસી અનાર્ય દેશમાંથી નાશી છુટયો અને આર્ય ભૂમિમાં આવી દીક્ષા પોતાની મેળે લેવા લાગ્યો. આ વખતે દેવતા હાજર થઇને તેને કહે છે કે, હજી તને ભોગાવળી કર્મ બાકી છે, માટે તે ભોગવીને પછી દીક્ષા લેજો; છતાં આર્દ્રકુમાર કહે છે કે મને ભોગાવળી કર્મ શું કરનાર છે? રાજ્ય કદીપણ હું કરનાર નથી. અને મારા જેવા જો દીક્ષા નહીં લે તો પછી બીજા કોણ લેશે? આમ કહી તેણે પોતાની મેળે દીક્ષા સ્વીકાર કરી. આખરે ભોગાવળી કર્મના ઉદયે ચારિત્ર મૂકી બાર વર્ષ સંસારમાં રહ્યા, પછી છોકરાના મોહને લીધે બીજા બાર વર્ષ સંસારમાં રહી ફરી દીક્ષા સ્વીકાર કરી, તે પ્રભુ મહાવીર દેવ પાસે આવે છે. આવતાં રસ્તામાં કેટલા એક દર્શનકારો મળે છે, તેના મતનું ખંડન કરી આખરે પ્રભુ મહાવીર દેવના ચરણે આવી નમે છે, ત્યાં શ્રેણિક રાજા તથા અભયકુમાર પણ આવીને તેને મળે છે. પ્રભુ પાસે ફરી દીક્ષા સ્વીકારે છે તથા અભયકુમારની મોકલેલ પ્રતિમાજીને અંગે થયેલ પોતાનો ઉદ્ધાર વિગેરે કહી સંભળાવી તેનો મહાન્ ઉપકાર માને છે. આ બીનાને જણાવનાર ઉપરનો પાઠ છે. તેમાં પ્રતિમાજી મોકલવા, એકાંતમાં દર્શન કરવું અને પ્રતિબોધ પામવું વિગેરે સ્પષ્ટ પાઠ છે.

## વાદી

આર્દ્રકુમાર ને અભયકુમારે ઓઘો મુહપત્તિ મોકલાવી છે પ્રતિમાજી મોકલાવ્યા સાંભળ્યાં નથી.

## શાસ્ત્રકાર

પ્રતિમાજી મોકલાવ્યાં સાંભળો તો પાછા માનવા પડે. વળી દર્શન કરી કર્મ ક્ષયોપશમ સાથે જ્ઞાનનો લાભ થાય તે લાભ શા માટે તમારે લેવો અગર બીજાને લેવા દેવો જોઇએ ? પ્રતિમાજી મોકલ્યાછે તે તો ઉપરના પાઠથી સાબીત કરી આપેલ છે. પણ ઓઘો, મુહપત્તિ મોકલ્યાછે તેતો તમારે કોઇ પણ સૂત્રનાપાઠથી સાબીત કરી આપવું જોઇએ. ફોગટ મોઢાની વાત કામ ન આવે. ચઉદ પૂર્વધર મહા પ્રમાણિક યુગ પ્રધાન આચાર્ય કહે તે માનવું નહી અને કલ્પીત વાત માનવી તે ઠીક ગણાય નહીં; માટે કલ્પીત વાત એક બાજુ મુકી ઉપર જણાવેલ અનેક શાસ્ત્રનાં પાઠથી સિદ્ધ કરેલ જીન પ્રતિમાજી માનવી તેજ યુક્ત ગણાય.

વળી સૂત્રકૃતાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં જીનપ્રતિમાજીના દર્શનથી દશવૈકાલીક સૂત્રના બનાવનાર શ્રી સય્યં-ભવ ભટ્ટ પ્રતિબોધ પામ્યાનો પાઠ છે.

## तथा च तत्पाठः

**सिज्जंभवंगणहरं जिणपडिमा दंसणेण पडिबुद्धं ॥**

**અર્થઃ**—શ્રીમાન્ સય્યંભવ નામના આચાર્ય મહારાજ જીન-પ્રતિમાજીના દર્શનથી પ્રતિબોધને પામ્યા છે. આ મુજબ સ્પષ્ટ પાઠ છે.

## વાદી

કોઇપણ શ્રાવકે જીન મંદીર બંધાવ્યું હોય અને તે બંધાવનારને ઉત્તમ ફલ મળ્યું હોય એમ કોઇ શાસ્ત્રમાં લખ્યું હોય તો તે શાસ્ત્રના પાઠ સાથે જણાવો.

## શાસ્ત્રકાર

આવશ્યકસૂત્રની ટીકામાં વગ્ગુર નામના શ્રાવકે મલ્લીનાથ ભગવાનનું મંદીર બંધાવ્યાનો પાઠ આગળ બતાવેલ છે તેમજ આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં પણ ભરતરાજાએ મંદીર બંધાવ્યાનો અધિકાર સ્પષ્ટ છે.

### तथा च तत्पाठः

**आवश्यक सूत्र निर्युक्ति, आगमसमितिनुं पृ. १६६**

**थूभसय भाउगाण चउवीसंचेवजिणहरे कासी ॥**
**सव्वजिणाणं पडिमा वएण पमाणेहिं निअएहिं ॥ ६५ ॥**

અર્થ: શ્રીમાન્ ભદ્રબાહુ સ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં શ્રીમાન્ ઋષભદેવ પ્રભુનું જીવન વૃત્તાંત લખેલ છે. આખરે તેઓશ્રી આદિનાથ પ્રભુ અષ્ટાપદ તીર્થ ઉપર દશ હજાર મુનિઓ સાથે મોક્ષે જાય છે, તે વખતે ભરતરાજા તથા ચોશઠ ઇંદ્ર વિગેરે હાજર થાય છે, અને શક્ર પોતાના દેવો પાસે ત્રણ ચિતા તીર્થંકર, ગણધર તથા બીજા સાધુઓ માટે કરાવી તેમાં તેઓના શરીર મુકી અગ્નિ સળગાવે છે. ત્યાર પછી મેઘ કુમાર દેવો વૃષ્ટિ કરી ચિતા બુજવે છે અને દાઢા વિગેરે ઇંદ્રો લઇ નંદીશ્વરદ્વીપે જઇ અઠ્ઠાઇ મહોત્સવ કરી પોતપોતાને સ્થાને જાય છે. પછી ભરત રાજા તે જગ્યાએ પોતાના સો ભાઇઓ માટે સો સ્તુપ બનાવે છે. તેમજ ચોવીશ તીર્થંકરના ચોવીશ મંદીર બંધાવી તેમાં ચોવીશ તીર્થંકરની પ્રતિમાજીઓ પોતપોતાના વર્ણ, પ્રમાણ સાથે ભરત રાજા પધરાવે છે. આ વાત "**चउवीसंचेव जिणहरेकासी**" આ પાઠથી સાબીત કરવામાં આવી છે. હવે આવા મહા પ્રમાણિક ચૌદ પૂર્વધર યુગ પ્રધાન આચાર્ય મહારાજના વચન કરતાં બીજું કયું પ્રમાણ તમારે જોઇએ છે? મંદીર બંધાવવાના સંબંધમાં આ સચોટ પુરાવો છે. વળી બંધાવનારને શું ફલ મળે છે તેના માટે ઉત્તર સાંભળો.

**काऊंपिजिणाययणेहिं मंडियं सव्वमेयणीवट्टं ॥**
**दाणाइ चउक्केण सड्ढोगच्छेज्ज अच्चुयंजाव ॥ १ ॥**
**(महानिशिथसूत्र.)**

**અર્થ**:-જીન મંદીરથી પૃથ્વી પટને જે શ્રાવક વિભૂષીત કરે છે તેમજ દાન શીલ તપ અને ભાવથી જે યુક્ત છે તે શ્રાવક અંતે કાલધર્મ પામી બારમા દેવલોક સુધી ઉત્કૃષ્ટપણે જાય છે.

મતલબ એ છે કે શ્રાવકના ઘર દાનને માટે સદા ખુલ્લા હોય છે. ગમે તે યાચક આવ્યો હોય તેને દાન આપવું તે ખાસ તેનો ધર્મ છે, તેમજ શીલ-સદાચાર તપ યથા શક્તિ ઇચ્છાનો નિરોધ કરવો અગર બાહ્યાભ્યંતર બે પ્રકારનો તપ કરવો, તેમજ ભાવના ભાવવી આ ચાર શ્રાવકના સહજ ગુણ છે; પણ આરંભાદિકથી જે દ્રવ્ય ઉપાર્જન કરેલ છે તેનો પણ સાથે સાથે સદ્વ્યય કરવાની જરૂર છે. વળી એવા સ્થાનમાં સદ્વ્યય કરવો જોઇએ કે જેનાથી હજારો જીવોને પણ મહાન્ લાભ થાય, આમ ધારી ઉત્તમ શ્રાવકો જીનમંદીર બંધાવે છે. તો આ જીન મંદીર બંધાવનાર શ્રાવક કે જે દાનાદિગુણયુક્ત છે તેની વધારામાં વધારે કઇ ગતિ થાય?

આના ઉત્તરમાં ઉપલી ગાથામાં જણાવે છે કે સર્વ વિરતિ ન હોવાથી આવા શ્રાવકની ગતિ વધારેમાં વધારે બારમા દેવલોક સુધી થાય છે; અર્થાત્ કાલધર્મ પામી તે શ્રાવક બારમા દેવલોક પર્યંત જાય છે. આ મુજબ મંદીર બંધાવવાનું ફલ કહેલ છે, પણ ભરતરાજાની માફક મંદીર બંધાવવા સાથે જે સંજમ સર્વવિરતિપણું સ્વીકારે છે તે તો તેજ ભવમાં મોક્ષે જાય છે. આ મુજબ મંદીર બંધાવવાનું મહાન ફલ કહેલ છે. આજ બાબતમાં બીજો પુરાવો આપે છે.

**उक्कोसंदव्वत्थयं आराहिय जाइ अच्चुयं जाव**
**भावत्थएण पावइ अंतमुहुत्तेण निव्वाणं ॥ १ ॥**

**અર્થ**:-પ્રાચીન આચાર્યકૃત સિધ્ધાંતની આ ગાથા છે. આમાં જણાવે છે કે, દ્રવ્ય સ્તવનું ઉત્કૃષ્ટ ફલ બારમા દેવલોક સુધીનું મળે છે. ભાવસ્તવથી માણસ અંતર્મુહૂર્તમાં મોક્ષ મેળવે છે. સારાંશ પ્રભુની

પૂજા કરવી તે તથા મંદીર બંધાવવું તે દ્રવ્ય સ્તવો છે. દ્રવ્યસ્તવમાં અમુક અંશે આરંભ હોવાથી તે ક્રિયાથી તે ભવમાં મોક્ષે જતો નથી, પણ ઉત્કૃષ્ટપણે બારમા દેવલોક સુધી જાય છે, પણ જેઓ શુધ્ધ ચારિત્ર પાળે છે તે ભાવસ્તવ છે અને આનાથી ઉત્કૃષ્ટપણે બે ઘડીમાંજ તેઓ મોક્ષ મેળવે છે. આથી ઉપરની વાતને ટેકો મળે છે કે જીનમંદીર બંધાવનાર બારમા દેવલોક સુધી જાય છે.

વળી મહાકલ્પસૂત્રમાં સાધુ તથા શ્રાવક હંમેશ પ્રભુદર્શન કરવા જીનમંદીરમાં ન જાય તો તેને પ્રાયશ્ચિત અમુક આવે છે, એમ સ્પષ્ટ જણાવેલ છે.

## तथाचमहाकल्पसूत्र.

"से भयवं तहारुवं समणंवा माहणं वा चेइय घरे गच्छेज्जा हंता गोयमा दिसेदिसेगच्छेज्जा से भयवंजत्थदिसेण गच्छेज्जा तओकिंपायच्छित्तंहवेज्जा ? गोयमा पमायंपडुच्च तहारुवंसमणंवा माहणंवा जोजिणघरेनगच्छेज्जा, तओछठं अहवा दुवालसमं पायच्छित्तंहवेज्जा से भयवंसमणोवासगस्स पोसहसालाए पोसहिए पोसहबंभयारी किंजिणहरंगच्छेज्जा ? हंतागोयमा गच्छेज्जा सेभयवंकेणट्ठेणंगच्छेज्जा ? गोयमा णाण दंसण चरणट्ठयाए गच्छेज्जा जेकेइपोसहसालाए पोसहबंभयारी जओजिणहरे न गच्छेज्जा तओपायच्छित्तंहवेज्जा ? गोयमा जहा साहू तहा भाणियव्वंछठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा."

અર્થ:—શ્રીમાન્ સુધર્મા સ્વામી ગણધર પ્રણીત મહાકલ્પ સૂત્રમાં પરમાત્મા મહાવીર દેવપ્રત્યે ગૌતમસ્વામી પુછે છે કે હે પ્રભુ! તથા પ્રકારના ઉત્તમ શ્રાવકો અને સાધુઓ–ઉપલક્ષણથી શ્રાવીકાઓ–અને સાધ્વીઓ જીનમંદીરમાં પ્રભુના દર્શન કરવા જાય ? હા, ગૌતમ હમેશાં જાય. હે ભગવન્ જે દીવસે દર્શન કરવા ન જાય તે દિવસે તેઓને કાંઇ પણ પ્રાયશ્ચિત આવે ? ગૌતમ! જે શ્રાવક તથા શ્રાવીકા–અગર

સાધુ તથા સાધ્વી પ્રમાદને લઇને જીનમંદીર દર્શન કરવા ન જાય તો તેઓને–જઘન્યથી બે ઉપવાસ અને ઉત્કૃષ્ટથી પાંચ ઉપવાસનું પ્રાયશ્ચિત આવે છે. પૌષધવાળાને અંગે હવે જણાવે છે.

હે ભગવન્, જે શ્રમણોપાસક–શ્રાવક પૌષધશાળાએ આહારનો ત્યાગ, સાવદ્ય વ્યાપારનો ત્યાગ, શરીરની શુશ્રૂષાનો ત્યાગ અને બ્રહ્મચર્ય વૃતના સ્વીકાર રૂપ જે પૌષધ વૃતને સ્વીકારે છે, તેણે જીનમંદીર દર્શન કરવા જવું જોઇએ ? હા, ગૌતમ ! તેને પણ દર્શન કરવા જવું જોઇએ. હે ભગવન્, તેઓએ દર્શન કરવા શા માટે જવું જોઇએ ? ગૌતમ ! જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણની વૃદ્ધિ માટે દર્શન કરવા જાય. હે ભગવન્, જો પૌષધવૃતને લઇ દર્શન કરવા જીનમંદીર ન જાય તો શું તેઓને પ્રાયશ્ચિત આવે ? હા, ગૌતમ ! જેવી રીતે સાધુને પ્રાયશ્ચિત કહ્યું છે તે મુજબ પૌષધવૃતવાળાને પણ બે ઉપવાસ તથા પાંચ ઉપવાસનું પ્રાયશ્ચિત આવે છે. જો દેરાસર દર્શન કરવા ન જાય તો. આ પ્રમાણે મહા કલ્પસૂત્રમાં સ્પષ્ટ જણાવેલ છે.

આ મહાકલ્પસૂત્ર તથા મહાનિશિથસૂત્ર સ્થાનકવાસી મતવાળા માનતા નથી, આ તેઓની મોટી ભૂલ છે. નંદી સૂત્રને માનવું અને નંદી સૂત્રમાં કહેલ હકીકત ન માનવી એ કેવળ હઠવાદ નહીં તો બીજું શું કહેવાય ? નંદીસૂત્રમાં ઉપર જણાવેલ સૂત્રો ગણાવ્યા છે તેમજ તે સિવાય બીજાં પણ ઘણાં સૂત્રો ગણાવ્યા છે જેમાંના આજકાલ કેટલાક છે અને કેટલાકનો વિચ્છેદ થયો છે. આ મહા કલ્પસૂત્ર વિધિવાદ તરીકે ખાસ દર્શન કરવા સાધુ, સાધ્વી તથા શ્રાવક શ્રાવીકાને ફરમાન કરે છે અને દર્શન ન કરે તો પ્રાયશ્ચિત જણાવે છે, તેમજ પૌષધવૃતવાલાને પણ દર્શન કરવા ફરમાન કરે છે, શરીરાદિકની અશક્તિના પ્રસંગે દર્શન ન થાય તેને માટે પ્રાયશ્ચિત નથી, પણ પ્રમાદને લીધે દર્શન ન થાય તો પ્રાયશ્ચિત જ જણાવેલ છે. આવો ખુલ્લો સ્પષ્ટ દર્શન કરવા સંબંધીનો પાઠ ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તર તરીકે મહાકલ્પ સૂત્રમાં છે. હવે આના

કરતાં બીજો વિધિવાદનો કયો પુરાવો તમારે જોઇએ છે ? પૂજા કરવાને અંગે પણ આજ સૂત્રમાં આગળ ચાલતાં શ્રાવકને આશ્રિ સ્પષ્ટ પાઠ છે.

तथाचतत्पाठः " तेणंकालेणं तेणंसमएणं, जावतुंगीयानयरीए बहवे समणोवासगा परिवसंति संखे सयए सियप्पवाले रिसीदत्ते दमगे पुक्खली निबद्धे सुप्पइट्ठे भाणुदत्ते सोमिले नरवम्मे, आणंद कामदेवाइणो अन्नत्थगामे परिवसंति. अड्ढा दित्ता विच्छिन्न विपुलवाहणा जावलद्धट्ठा गहियट्ठा चाउद्दस ट्ठमुद्दिट्ठ पुण्णमासिणी सुपडिपुण्णं पोसह पालेमाणा निग्गंथाण निग्गंथिणय फासु एसणिज्जेणं असणादि ४ पडिलाभेमाणा चेइयालएसु तिसंझं चंदणपुप्फधूववत्थाइहिं अच्चणंकुणमाणा जावजिणहरे विहरंति. सेतेणट्ठेणंगोयमा जो जिणपडिमं पूएइ सोनरोसम्मदिट्ठि जाणियव्वो, जोजिणपडिमंनपूएइ सो मिच्छादिट्ठि जाणियव्वो, मिच्छादिट्ठिस्स नाणं नहवइ चरणं नहवइ मुक्खंनहवइ, सम्मदिट्ठिस्स नाणं चरणं मुक्खंच हवइ, से तेणट्ठेणंगोयमा सम्मदिट्ठि सड्ढेहिं जिणपडिमाणं सुगंध पुप्फ चंदण विलेवणेहिं पूयाकायव्वा. " ॥इति.

અર્થ:—તે કાલ, અને તે સમયમાં તુંગીયા નામની મહાસમૃદ્ધિવાળી નગરી હતી. તે નગરીમાં ઘણા શ્રાવકો રહેતા હતાં. જેઓમાં શંખ, શતક, સિતપ્રવાલ, ઋષિદત્ત, દમક, પુષ્કલી, નિબદ્ધ, સુપ્રતિષ્ઠ, ભાનુદત્ત, સોમિલ, નરવરમા—વિગેરે મહા ધનવાન્ મુખ્ય શ્રાવકો હતા, તેમજ આણંદ, કામદેવાદિ શ્રાવકો બીજા નગરમાં રહેતા હતા. ધનાઢ્ય—તેજસ્વી તેમજ ઘણા છે વાહન જેને એવા આ શ્રાવકો હતા. યાવત્ તેઓએ ગુરૂમહારાજ પાસેથી જીવ, અજીવ, પૂણ્યપાપાદિ તત્વોનો અર્થ ગૃહણ કરેલ હતો. તેમજ ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા, પુર્ણીમા તિથિઓને વિષે પ્રતિપૂર્ણ પૌષધવૃતને કરતાં છતાં, તેમજ

સાધુ સાધ્વીઓને શુદ્ધ નિર્દોષ આહાર પાણી ચાર પ્રકારનો પ્રતિલાભતાં છતાં તેમજ જીનમંદીરમાં ત્રણ કાળ ચંદન, પુષ્પ, ધુપ, વસ્ત્રાદિથી અષ્ટ પ્રકારી પૂજા કરતાં છતાં વિચરે છે. એટલા માટે હે ગૌતમ ! જે માણસ જીન પ્રતિમાજીની પૂજા કરે છે તેને સમ્યક્ દૃષ્ટિ જાણવો. જે માણુસ જીન પ્રતિમાજીની પૂજા નથી કરતો તે માણુસને મિથ્યા દૃષ્ટિ જાણવો. મિથ્યા દૃષ્ટિને જ્ઞાન, દર્શન ચારિત્ર અને મોક્ષ મળતું નથી, સમ્યક્ દૃષ્ટિને જ્ઞાન દર્શન ચારિત્ર અને મોક્ષ મળે છે. તેટલા માટે, હે ગૌતમ, સમ્યક્ દૃષ્ટિ શ્રાવકોએ જીન પ્રતિમાજીની સુગંધ-પુષ્પ-ચંદન-વિલેપન વિગેરેથી અવશ્ય પૂજા કરવી. વિગેરે.

આ ચાલુ સૂત્રમાં તુંગીયા નગરીના શ્રાવકોનું વર્ણન કરવા સાથે તેઓની દિનચર્યા બતાવી છે. પ્રથમ પુછવામાં આવેલ છે કે, આણંદાદિ શ્રાવકોમાંથી કોણે જીન પ્રતિમાજી પૂજ્યા છે તેમજ કોણે મંદીર બંધાવ્યા છે ? તેનો આ પાઠમાં સ્પષ્ટ ખુલાસો છે. ખાસ નામાંકિત શ્રાવકોનાં નામ આપવા સાથે ત્રીકાળ અષ્ટ પ્રકારી પૂજા કરવાનો સ્પષ્ટ ખુલાસો છે. વળી જે માણુસ પ્રભુજીની પૂજા કરતો નથી તેને મિથ્યા દ્રષ્ટિ ગણુવા સાથે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને મોક્ષના લાભોનો અભાવ જણાવ્યો છે. જ્યારે પ્રભુની પૂજા કરનારને સમ્યક્દ્રષ્ટિ ગણુવા સાથે દર્શન,જ્ઞાન, ચારિત્ર અને મોક્ષના લાભો તેને મળે છે.આ મુજબ આ પાઠમાં પરમાત્મા મહાવીરદેવ ગૌતમસ્વામીને ઉદ્દેશીને સ્પષ્ટ જણાવે છે. વિધિમાર્ગને આશ્રી આનંદ, કામદેવ, શંખ, પુષ્કલી વિગેરે શ્રાવકોની દિવસ સંબંધી ચર્યામાં પૂજા તથા દર્શન તથા પૌષધ વિગેરે ખાસ બતાવ્યા છે. હવે જો પૂજાની અંદર જીવહિંસા થવા સાથે નુકશાન તેઓને થતું હોત તો તેનો પ્રભુ નિષેધ શા માટે ન કરે ? તેમજ તેઓની દિનચર્યામાં પૂજાને અંગે જ્ઞાન, દર્શન અને મોક્ષનો લાભ ભગવાન્ શામાટે બતાવે ? વળી જ્યારે આનંદ, કામ દેવ વિગેરેપ્રતિજ્ઞાકરે છે અને વૃત ઉચ્ચરતી વખતે અરિહંતને તથા અરિહંતનાં ચૈત્યોને વંદન પૂજન કરવું બીજાને કરવું નહિ.આ વખતે ભગવાન્ શામાટે તેઓને ના પાડે નહી કે ભાઇ, પૂજામાં હિંસા થાય છે અને તેથી નરકાદિ

મળશે માટે પૂજા કરવી નહીં, પણ આતો ઉલ્ટા પૂજા કરનારને મોક્ષ પર્યંતના લાભો બતાવે છે. અને પૂજા નહીં કરનારને મિથ્યાત્વી ગણી મોક્ષના અભાવને તે જણાવે છે. આ મુજબ સ્પષ્ટ પાઠ પૂજાનો મહાકલ્પ સૂત્રમાં છે. હવે આના કરતાં વધારે ખુલાસો શું તમારે જોઇએ છે? જ્ઞાતા સૂત્રના પાઠથી જીન પ્રતિમાજી વિદ્યમાન હોવાનો ખુલાસો થઇ ગયો છે. આ પાઠથી તેમને પૂજનાર ભગવાનના મુખ્ય શ્રાવકો હતા. તે પણ ખુલાસો થઇ ગયો, તેમજ તેજ અનુક્રમ મુજબ વર્તમાન કાળમાં પણ પૂજાનો રિવાજ ચાલુજ છે. આ મુજબ શાસ્ત્રના દાખલાથી જીનપ્રતિમાજીની સિદ્ધિ કરવા સાથે પૂજા કરનારને મહાન લાભ તથા જીન દેરાસર બંધાવનારને બારમા દેવલોક પર્યંતની ગતિનું ફલ વિગેરે બાબતો સિદ્ધાંતના પાઠ સાથે સાબીત કરી આપેલ છે.

### વાદી.

મહાનિશિથસૂત્ર તથા મહાકલ્પસૂત્રના પાઠથી જીનપ્રતિમાજીનાં દર્શન કરવા તથા તેની પૂજા કરવી સાબીત કરી આપી તેમજ દેરાસર બંધાવનાર બારમા દેવલોક પર્યંત જાય વિગેરે બાબતો સાબીત કરી આપી, પણ તે સૂત્રો જ અમે માનતા નથી. વળી નંદીસૂત્રમાં તેઓના નામો છે તેમ જણાવ્યું, તો તે નામો ભલે જણાવ્યા હોય પણ તે સૂત્રો તો હાલ વિચ્છેદ ગયા છે. હાલ છે તે તો ફારફેરવાળા નવીન કલ્પિત જણાય છે. વાસ્તવિક બત્રીસજ સૂત્ર છે, અને તેટલાજ અમો માનીએ છીએ.

### શાસ્ત્રકાર.

બત્રીસ સૂત્રો જ વાસ્તવિક હોવાથી તેટલાજ અમો માનીએ છીએ વિગેરે જે કહ્યું તેના માટે પુછવાનું કે—બત્રીસ સૂત્રો વાસ્તવિક શા હેતુથી છે અને બીજા અવાસ્તવિક શા હેતુથી છે? તથા બત્રીસ સૂત્રો માનવાં અને વધુ ન માનવા તેનો પણ કાંઇ હેતુ કહી બતાવશો ?

### વાદી.

આનો ઉત્તર જણાવી ગયો છું કે બત્રીસ સૂત્રો સિવાયના બીજા બધા ફારફેરવાળા નવીન કલ્પિત છે. તેથી તે અમે માનતા નથી.

## શાસ્ત્રકાર.

બત્રીસ સૂત્રો સિવાયના બધા ફારફેરવાળા કલ્પિત તથા નવીન છે એમ મોઢેથી માત્ર બોલી જવાથી ફાયદો શો ? જેમ પ્રતિમાજી સંબંધી તમામ બીના શાસ્ત્રના પાઠથી અમે સિદ્ધ કરી આપી તેમ તમે પણ શાસ્ત્રના પાઠથી સિદ્ધ કરી આપો તો વ્યાજબી ગણાય. પોતાની માન્યતા વિરૂદ્ધની સ્પષ્ટ ખુલ્લી રીતે બાબતો જેમાં હોય તે અમે માનતા નથી. એમ કહી દેવાથી તમારી માન્યતા સત્ય છે એમ કોઈ સ્વીકારી શકશે ખરો ? વળી નંદીસૂત્રમાં જે સૂત્રોના નામો છે તે વિચ્છેદ ગયા છે એમ જણાવ્યું. તો તે વાત પણ પ્રમાણથી સિદ્ધ કરી દેવી જોઈએ. શા માટે તેના તેજ સૂત્રો નથી ? અમે કહીએ છીએ કે તેના તેજ ગણધર પ્રણીત સૂત્રો છે. જે આજકાલ છે તે. માત્ર પૂજા સંબંધી સ્પષ્ટ શ્રાવકની દિનચર્યા બતાવવાથી તે તમોને ન રૂચ્યું એટલે મોઢેથી કહી દીધું કે તે ફારફેરવાળા અને નવીન કલ્પિત છે આમ કાંઇ કલ્પિત બની જતાં નથી. વળી બત્રીસ સૂત્રો વાસ્તવિક ગણ્યા. તો હું પુછુ છું કે તેમાં તો ફારફેર નથી થયોને. ?. તે તો યથાર્થ તેના તેજ છે ને. ?. તે જરા જણાવો. કારણ કે તેમાં પણ પ્રતિમાજી તથા પૂજાનો અધિકાર છે. અને તે પાઠો આગળ ઉપર સ્પષ્ટ બતાવેલ છે.

## વાદી.

મારા સમજવા પ્રમાણે બત્રીસ સૂત્રો તો બરાબર યથાર્થ ગણધર પ્રણીત છે.

## શાસ્ત્રકાર.

સમવાયાંગ સૂત્ર તમોએ વાંચ્યુ છે. ?. અને જો વાંચ્યું હોય તો મને જરા જણાવો કે આચારાંગ સૂત્ર કેટલા પદ પ્રમાણનું તેમાં કહેલ છે. તેના કરતાં સુયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતા, ઉવાસગદશાંગ, અંતગડદશાંગ, અણુતરોવવાઇ, પ્રશ્નવ્યાકરણ, અને વિપાકસૂત્ર, એ બધા સૂત્રોનું માન કેટલું કહેલ છે તે જરા જણાવો. આચારાંગ સૂત્રના જેટલા પદ છે તેના કરતાં સુયગડાંગ સૂત્રના બમણા છે.

અને આગળ દરેકના બમણા બમણા છે. આમ કહેશો તો હવે જરા અંતગડ તથા વિપાકસૂત્રની સંખ્યા હાલના સૂત્રોમાં કેટલી છે તેનો જરા ખ્યાલ આપો. ભાગ્યેજ ચારસો પાંચસો શ્લોકથી વધુ હશે. પ્રથમની ગણત્રી મુજબ લાખો અને કરોડો શ્લોકો અગર પદોઆ સૂત્રમાં હોવા જોઇએ. તો હવે તમે તેને વાસ્તવિક યથાર્થ ગણધર રચિત અને ફારફેર વગરના તેના તેજ કેવી રીતે કહી શકશો. ? માટે અમુક ફારફેરવાળા છે અને અમુક નથી વિગેરે કલ્પના છોડી દ્યો. અને ખરી વાત છે તે ખ્યાલમાં લ્યો. પ્રથમ બધાને કંઠે સૂત્રો હતા બાર દુષ્કાલી પડવાથી જ્ઞાનનું વિસ્મરણ થવા લાગ્યું. તેથી દેવર્ધિ ગણી ક્ષમાશ્રમણે ૫૦૦ આચાર્યોને એકઠા કરી તેમની મદદથી જેની પાસે જેટલું શ્રુતજ્ઞાન હતું તેનો નોંધ કરી આ સૂત્રોની રચના તે મહાનુભાવે આપણા ઉપકારની ખાતર મહાવીર પ્રભુના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે કરી છે, તે મહાનુભાવે આપણા ઉપર આટલો ઉપકાર જો ન કર્યો હોત તો આ કળીકાળમાં આટલું પણ શ્રુતજ્ઞાન રહેવા પામત નહી. તેમજ આપણે કોના આધારથી આગળ વધી શકત ? તેમજ જેટલા સૂત્રોનો નોંધ કરેલ છે તે પણ એક બિંદુ માત્ર છે? વળી તે મહાનુભાવને પરનાં હિત સિવાય કોઇ પણ અંશે સ્વાર્થ નહોતો. તેમજ તમારા મતની ઉત્પત્તિ પણ તેમના વખતમાં હતી જ નહીં કે જેથી તેમને પ્રભુ પૂજા માટે ખાસ જુદા પાઠો ગોઠવવાની ફરજ પડે. તેમણે તો જેને કંઠે જે જે શ્રુત જ્ઞાન હતું તે મુજબ ક્રમસર પુસ્તકારૂઢ કર્યા છે. સ્વપરનાં હિતની ખાતર તે મહાનુભાવે આટલા પણ સૂત્રો પુસ્તક ઉપર લખ્યા ન હોત તો આજે આનો પણ અંશ રહેવા આશા નહોતી. માટે તમાંરી કલ્પનાને દૂર મૂકી જરા બુદ્ધિથી વિચાર કરો કે આ ફારફેર હમણા થયો છે કે અસલ પુસ્તક લખાયા ત્યારે થયો છે ? અને તે વખતે જે મુજબ લખાયા છે તે મુજબ હજુ સુધી ચાલ્યા આવે છે. માટે મહાકલ્પાદિ બધાં સૂત્રો પ્રભુ પ્રણીત માની તેને અનુસારે વર્તો. કે જેથી તમારૂં આત્મકલ્યાણ થાય. વળી બત્રીસ સૂત્રો સિવાય તમે આજકાલના સાધુઓએ બનાવેલ કઇએક થોકડા તથા રાસરાસાદિ માનો છો. તો તેને માનવામાં વાંધો આવતો

નથી. તોપછી આ સૂત્રો કે જેના માટે નંદીસૂત્રમાં ખાસ નોંધ છે તેને માનવામાં શું વાંધો આવે છે? પક્ષપાતકે બીજું કાંઇ? માટે પક્ષપાત છોડી દઇ અનેક શાસ્ત્રોમાં જણાવેલ જીનપ્રતિમાજીનાં દર્શન, પૂજા, સ્તવના કરી તમારા આત્માને પવિત્ર કરો કે જેથી જલદી તમારૂં કલ્યાણ થાય.

## વાદી.

આ ચાલુ નવા જમાનામાં શાસ્ત્રીય દ્રષ્ટિ કરતાં ઐતિહાસિક દ્રષ્ટિથી જીન પ્રતિમાજી સિદ્ધ કરી આપો તો વધારે ઠીક ગણાય. શાસ્ત્રીય દ્રષ્ટિથી તમોએ પ્રતિમાજી સિદ્ધ કર્યા તે બરોબર છે અને તે હું કબુલ કરૂં છું.

## શાસ્ત્રકાર.

શાસ્ત્રીય દ્રષ્ટિથી જ્યારે તમો પ્રતિમાજી સિદ્ધ છે એમ કબુલ કરો છો તો હવે તે સંબંધી વિશેષ મહેનત ન કરતાં હવે ઐતિહાસિક દ્રષ્ટિથી પ્રતિમાજી સિદ્ધ કરી આપું છું તે સાંભળો. ભાવનગર સ્ટેટના મહુવાગામમાં જીવીતસ્વામીની પ્રતિમા છે. આ પ્રતિમાજી પ્રભુ મહાવીરદેવની હયાતીમાં જ બનાવવામાં આવેલ છે. અને તેને લીધેજ જીવીત સ્વામીના દેરાસર તરીકે અત્યારે પણ તે વિદ્યમાન છે. તે વખતનો શિલાલેખ પણ હયાત છે.

સંખેશ્વરમાં ગઇ ચોવીશીની પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્તિ છે. જે મૂર્તિના જલસ્પર્શથી જરાસંઘની મુકેલ જરા કૃષ્ણવાસુદેવના સૈન્યમાંથી ચાલી ગઇ. પ્રભુનેમનાથના કહેવાથી શ્રીકૃષ્ણે અઠ્ઠમની તપશ્ચર્યા કરી ધરણેંદ્રનુ આરાધન કર્યું આથી તે પ્રત્યક્ષ થઇ, પાતાલમાંથી શ્રીપાર્શ્વપ્રભુની મૂર્તિ લાવી શ્રીકૃષ્ણને આપી અને તેનાં જલના સ્પર્શથી જરા ચાલી ગઇ. તે પ્રતિમાજી હજી સુધી સંખેશ્વરમાં હયાત છે. સાચા મોતીનો લેપ કરવાથી હજી સુધી મૂલ સ્થીતિમાં તે વિદ્યમાન છે. હજારો ભાવિક શ્રાવકો તેનાં દર્શન કરી પોતાના આત્માને પવિત્ર કરે છે.

ઔરંગાબાદમાં લગભગ ચોવીશો વર્ષ કરતાં વધારે પહેલાનું પદ્મપ્રભ સ્વામીનું જીનમંદીર હયાત છે. જેના માટે અંગ્રેજ ગ્રંથકાર પણ સાક્ષી આપે છે.

પાલીતાણામાં શત્રુંજયતીર્થ પ્રાયે શાશ્વત છે કે જેના ઉપર અનંતા જીવો અણસણ કરી મોક્ષે ગયાના પાઠો શાસ્ત્રમાં વિદ્યમાન છે. આ તીર્થ ઉપર હજારો વર્ષ પહેલાંના મંદીરો હજીસુધી વિદ્યમાન છે. અભવી જીવ કદી પણ આ તીર્થનાં ભાવથી દર્શન કરી શકતો નથી. એક વખત દર્શન કરવાથી ભવ્ય જીવોને આ તીર્થના અદ્‌ભુત મહિમાનો પ્રભાવ માલુમ પડે છે. વળી તે સાથે આપણા પૂર્વજોએ પોતાની અગણિત મિલ્કતનો કેવો સદ્‌વ્યય કરી પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો છે તેનો પણ ખ્યાલ આવે છે.

જુનાગઢમાં ગિરનાર પર્વત વિદ્યમાન છે. જેના ઉપર નેમનાથ પ્રભુનાં ત્રણ કલ્યાણક થયા છે. ત્યાં પણ હજારો વર્ષ પહેલાંના જુના મંદીરો વિદ્યમાન છે અને કરોડો રૂપીઆ તેના ઉપર ખર્ચવામાં આવેલ છે.

પરમાત્મા મહાવીર દેવ પછી ૨૯૦ વર્ષે અંવતિદેશનો અધિપતિ સંપ્રતિરાજા થયેલ છે આ રાજા આર્ય સુહસ્તી ગુરૂમહારાજના પ્રતિબોધથી શ્રાવક બની સવા લાખ જીનમંદીર તથા સવા ક્રોડ જીન પ્રતિમાજી નવીન બનાવેલ છે. તેમણે આખી પૃથ્વીને જીન મંદીરથી વિભૂષિત કરવા સાથે જૈનધર્મની મહાન્ જાહોજલાલી કરેલ છે તથા અનાર્ય દેશમાં પણ જૈન ધર્મનો ફેલાવો કરવા અનેક ઉપદેશકોને મોકલી જૈનધર્મની જાહોજલાલી કરેલ છે. તેઓના બનાવેલ દેરાસરો તથા જીનપ્રતિમાજીઓ અત્યારે પણ ઘણે ઠેકાણે વિદ્યમાન જોવામાં આવે છે. તેમજ ખોદ કામ કરતાં ઘણે ઠેકાણેથી જમીનમાંથી જીન પ્રતિમાજીઓ નીકળે છે. જુનાગઢ, વણથલી, ભોયણી, પાનસર, શેરીસા, લાડોલ, ડાભડા વિગેરે ઘણે સ્થલે નીકળેલ છે અને નીકળતી જાય છે. આજ પ્રતિમાજીની પ્રાચીનતાનો પુરાવો છે.

ઓસ્ટ્રિઆના હંગરી પ્રાંતમાં બુદાપેસ્ત શહેરમાં શ્રી મહાવીર પ્રભુની ઘણીજ પ્રાચીન મૂર્તિ ખોદકામ કરતાં જમીનમાંથી એક અંગ્રેજને મળી છે. આ મૂર્તિને તે અંગ્રેજે એક સુંદર બગીચામાં એક છત્રી કરાવી તેની નીચે પધરાવી છે. તે ઘણીજ અદ્‌ભુત મૂર્તિ છે

તેનો ફોટો આ દેશમાં એક માણસની પાસે વિદ્યમાન છે, આથી તમામ દેશોમાં જૈનધર્મની જાહોજલાલી પૂર્વે ઘણી હતી તે તેની પ્રાચીન મૂર્તિના નીકળવાથી સાબીત થાય છે.

મદ્રાસની બાજુમાં ઉદયગીરિ ગુફામાં હાથી ગુફાના માથા ઉપર એક લેખ કોતરેલ છે, તેમાં લખેલ છે કે નંદરાજા કે જે મહાવીર પછી થોડાજ વર્ષે થયેલ હતા તે તથા ખારવેલ નામનો રાજા કે જે ઈ. ૧૨૭ વર્ષ પહેલા જન્મેલ હતો અને ઇ. ૧૦૩ વર્ષ પહેલા ગાદી ઉપર આવેલ હતો, તે બન્ને જણ જૈનધર્મી હતા અને ઋષભદેવ પ્રભુની પ્રતિમાની નિરંતર પૂજા કરતા હતા. આબુજી ઉપર દેલવાડા તથા અવિચલ ગઢ ઉપર હજારો વર્ષના જુના મંદીરો મોજુદ છે, તેની બારીક અને સુંદર કારીગરી જોવાને યુરોપમાંથી આવતા યુરોપીયનો મંદીરની ખાસ મુલાકાત લે છે અને દેરાસરની કારીગરી જોઇ આશ્ચર્યથી ચકિત થઇ જાય છે. જે દેરાસરોમાં ગણતરી વગરના અબજો રૂપીયા ખર્ચાયા છે. એક વખત દર્શન કરવાથી ખાત્રી થશે કે તે લોકોએ આમાં અબજો રૂપીઆ ખરચ્યા છે તો તેમાં કાંઇ લાભ હશે એટલે ખર્ચ્યા હશે, ફોગટના ખર્ચ્યા નહીં હોય. આમ તમોને પણ સ્વાભાવિક સમજાશે.

સાદરી પાસે રાણકપુરમાં એક વિશાલ ૧૪૪૪ થાંભલા જે મંદીરમાં આવેલ છે એવું એક જિનમંદિર છે. તે હજારો વર્ષ પહેલાંનું જુનું છે અને અબજો રૂપીઆ તેમાં લાગેલા છે જે હાલ વિદ્યમાન છે. આ મુજબ અનેક દાખલાઓ ઐતિહાસિક દ્રષ્ટિથી આપણી નજર આગળ મોજુદ છે કે, જેની જાતે તપાસ કરવાથી ખાત્રી થશે કે જીન પ્રતિમાજી કેટલા પ્રાચીન છે અને જૂના વખતથી પૂજાતા આવ્યા છે અને તેની પૂજા કરવી તે કેવળ આપણાં પોતાના ભલાં માટેજ છે. આમ ચોક્કસ તમારે સમજવું જોઇએ. આ મુજબ શાસ્ત્રીય દ્રષ્ટિથી તથા ઐતિહાસિક દ્રષ્ટિથી જીનપ્રતિમાજી તથા તેની પૂજાની સિદ્ધિ જાણવી.

### વાદી.

શાસ્ત્રીય દ્રષ્ટિથી તથા ઐતિહાસિક દૃષ્ટિથી વિચારતાં જીનપ્રતિમાજી પ્રાચીન સિદ્ધ થાય છે, પણ નામાદિ ચાર નિક્ષેપોનાં નામ તથા ભાવનિક્ષેપો જેટલો લાભ દાયક છે એટલા સ્થાપના નિક્ષેપો લાભદાયક નથી તો પછી તે માનવાનું શું પ્રયોજન છે?

### શાસ્ત્રકાર.

લાભદાયક હશે ત્યારેજ પૂર્વના મહાન્ આચાર્યો તથા આનંદાદિક શ્રાવકો માનતા તથા પૂજતા આવ્યા હશે. લાભ વિના કોઈ અબજો રૂપીઆ ખર્ચે ખરા? એક પૈસો ખર્ચવો હોય છે તો પણ ત્રણ વખત વિચાર કરે છે તો પછી વગર વિચારે અગર વગર લાભે અબજો રૂપીઆ કોઇ ખર્ચે ખરા? એનો જરા તમો વિચાર કરી જુઓ.

### વાદી.

નામ નિક્ષેપાથી સવારમાં વેળાસર ઉઠી પ્રભુ સ્મરણ કરવાથી મન સ્થિર થવા સાથે મન પવિત્ર થાય છે. ભાવનિક્ષેપામાં તો પ્રભુ સાક્ષાત્ બીરાજમાન હોય છે અને તેની દ્વારા હરેક માણસને લાભ મળે છે તે તો પ્રત્યક્ષ સિદ્ધજ છે, પણ સ્થાપના નિક્ષેપાથી શું લાભ થવાનો છે?

### શાસ્ત્રકાર.

નામના જાપ માત્રથી તો ફક્ત મનજ પવિત્ર થાય છે, પણ સ્થાપના નિક્ષેપા રૂપ પ્રતિમાજીથી તો મન, વચન અને કાયા ત્રણે પવિત્ર બને છે. પ્રથમ પ્રતિમાજીને જોવાથી પ્રભુનું સ્મરણ થાય છે, પછી તે પ્રભુના ગુણોનું સ્મરણ થાય છે. પછી તે પ્રભુ આગળ કેવી રીતે વર્ત્યા તે સંબંધી તેઓશ્રીના ચરિત્રનું ભાન થાય છે અને પછી તે મુજબ વર્તવાને હૃદયમાં ભાવના થાય છે. આથી પ્રથમ મન પવિત્ર થાય છે, પછી તેઓશ્રીની સ્તુતિ કરવા મન લલચાય છે અને વચનથી પ્રગટ સ્તુતિ કરતાં વચન પવિત્ર બને છે અને કાયાથી તેમના જેવા થવા પ્રભુની સેવા ભક્તિ પૂજા કરતાં કાયા પવિત્ર બને છે.

મુજબ પ્રભુ પ્રતિમાજીના દર્શન કરતાં મન, વચન અને કાયા ત્રણે પવિત્ર બને છે. અને શ્રદ્ધા પૂર્વક વારંવાર પ્રભુ પૂજા કરતાં મનોવાંચ્છિત ફલ પણ મળે છે. ધનુર્વિદ્યા મેળવવાની ઇચ્છાવાળા ભિલ્લને જેમ દ્રોણાચાર્યની મૂર્તિ બનાવી ત્રણ કાલ શ્રદ્ધાપૂર્વક તેની પૂજા કરતાં ધનુર્વિદ્યા પ્રાપ્ત થઇ તેની માફક. વળી આ વાત અનુભવ સિદ્ધજ છે કે, આપણા પ્રપિતાદિકની છબી અગર સ્મારક અથવા કોઇ પણ કામ આપણે નજરે જોઇએ છીએ કે તરતજ તેમની સ્મૃતિ આવવા સાથે તેમના ગુણો-તેમનું કર્તવ્ય તેમની લોકો પ્રત્યેની લાગણી સ્મૃતિમાં આવે છે, તો પછી આતો ત્રણ લોકના નાથ જગતના જંતુ ઉપર અસીમ ઉપકાર કરનાર એવા પ્રભુના ગુણાદિકનું સ્મરણ તેમની મૂર્તિના દર્શન કરવાથી કેમ ન થઈ શકે ? અલબત, થઇ શકે છે, માટે નામ કરતાં પ્રભુની પ્રતિમાજીના દર્શન કરવાથી મન, વચન અને કાયા ત્રણે પવિત્ર બને છે. માટે સ્થાપના નિક્ષેપો ખાસ ઉપયોગી છે.

## વાદી.

પ્રતિમાજીના દર્શનથી દરેકને મન, વચન અને કાયા ત્રણે પવિત્ર થાય એ વાત કેમ સંભવે ?

## શાસ્ત્રકાર.

નામનો જાપ કરવાથી દરેકના મન પવિત્ર થાય એ વાત પણ કેમ સંભવે? ઘણાઓ વારંવાર મન ઠેકાણે નહીં રહેવા વિષે બુમો પાડે છે, છતાં જાપ કરતાં કોઇક દીન મન ઠેકાણે આવશે અને પવિત્ર બનશે તેમ જાણે છે; આ મુજબ પ્રભુ પ્રતિમાજીને પ્રભુ સમાન ગણી તેમની પૂજા કરનાર કેટલાક માણસના મન, વચન અને કાયા પવિત્ર બને છે, કેટલાકના હવે પછી ધીમે ધીમે મન, વચન અને કાયા પવિત્ર બનશે. એટલે નામ નિક્ષેપા કરતાં સ્થાપના નિક્ષેપો ઘણે દરજ્જે સારો લાભ આપે છે એ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે. સ્ત્રીના નામ માત્રથી તેટલી પ્રીતિ ઉત્પન્ન થતી નથી જેટલી પ્રીતિ તેની છબી જોવાથી થાય છે. એ વાત સર્વને અનુભવસિદ્ધ જ છે. તો હવે કહો કોનાથી વધુ લાભ થાય છે?

### વાદી.

પાષાણુની બનાવેલ ગાય જેમ બોલાવવાથી જવાબ આપતી નથી તેમજ દુધ પણ આપતી નથી. તેમ પાષાણુની બનેલ મૂર્તિ આપણુને જવાબ પણ આપતી નથી તોપછી ઇચ્છિત કેવી રીતે આપશે ?

### શાસ્ત્રકાર.

મહાવીરાદિ જે નામ છે તેનાથી તમારૂં મન પવિત્ર કેવી રીતે થશે ? વળી તેને તમે બોલાવશો છતાં તમોને જવાબ આપનાર નથી, છતાં શામાટે જાપ કરો છો ? વળી પાષાણુની ગાય ભલે તમોને જવાબ ન આપે પણ તમોને સાચી ગાયની સ્મૃતિ આપે છે. તેમજ મૂર્તિ ભલે જવાબ ન આપે તોપણ તે પ્રભુની સ્મૃતિ તો કરાવે છે; તેમજ ઇચ્છિત ફળને આપે છે, તે વાત ઉપરનાં દ્રષ્ટાંતથી સિદ્ધ કરેલ છે. વળી નોટનો કાગળ જડ છે, જવાબ આપતો નથી; છતાં હજારો રૂપીઆ અપાવે છે એ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે. વળી છબીથી હૃદયમાં કોઇ પણ પ્રકારે ભાવ ઉત્પન્ન થતો ન હોય તો દશવૈકાલિક સૂત્રમાં સ્ત્રીના ચિત્રામણ જે સ્થળે ચિત્રેલ હોય એવા સ્થળમાં સાધુએ રહેવું નહીં, તેમ તે ચિત્રામણવાળી ભીંત તરફ દ્રષ્ટિ આપવી નહીં એમ શા માટે લખ્યું ?

### तथा च तत्पाठः

## दशवैकालिक सूत्र ८ अध्ययने.

चित्तभित्तिं न निज्झाए नारींवा सुअलंकिअं भरकरंपिव दट्ठूणं दिठिं पडि समाहरे (५५)

અર્થ.—ચિત્રામણવાળી ભીંતને સાધુએ જોવી નહીં; કારણકે તેના ઉપર સુંદર સ્ત્રીના ચિત્રામણ હોવાથી વિકાર ઉત્પન્ન થાય છે. અકસ્માત્ દૃષ્ટિ પડી હોય તો તત્કાલ દૃષ્ટિને પાછી ખેંચી લેવી. સૂર્યની સન્મુખ દૃષ્ટિ પડવાથી જેમ આપણે ખેંચી લઇએ છીએ તેની માફક. આ પાઠથી નિશ્ચય થાય છે કે સ્ત્રીની છબી વિકાર ઉત્પન્ન કરે છે અને

એ વાત અનુભવસિદ્ધ છે. ઉપર જણાવી ગયા છીએ કે સ્ત્રીના નામ કરતાં છબીથી પ્રેમ વધુ ઉત્પન્ન થાય છે, તેવી રીતે પ્રભુના નામનો જાપ કરવા કરતાં પ્રભુની મૂર્તિનાં દર્શન–પૂજનથી વૈરાગ્ય ઉત્પન્ન થવા સાથે મન, વચન અને કાયાને પવિત્ર કરવારૂપ મહાન્ ફાયદો થાય છે. તે ઉપર ખુલાસા સાથે જણાવેલ છે.

## વાદી.

પ્રભુની પ્રતિમાજી પૂજવાથી જ્યારે આવો મહાન્ ફાયદો થાય છે તોપછી સાધુઓ શામાટે પૂજા કરતા નથી?

## શાસ્ત્રકાર.

સાધુઓ પ્રભુની ભાવપૂજા નિરંતર કરે છે. દ્રવ્યપૂજા કરવા માટે પ્રભુની આજ્ઞા નથી. શ્રાવક આશ્રી દ્રવ્યપૂજાની આજ્ઞા છે. વળી જેઓએ પંચ મહાવ્રતને ધારણ કરેલ છે તેઓ પાણી, અગ્નિ, વનસ્પતિને સ્પર્શ કરી શકતા નથી. વળી પ્રભુની પૂજા કરવામાં પ્રથમ સ્નાન કરવું જોઇએ તે સાધુથી કેવી રીતે બની શકે?

## વાદી.

અચિત જળથી સ્નાન કરી પૂજા કરે તો અડચણ શી? અગ્નિ તથા વનસ્પતિને ભલે ન અડે.

## શાસ્ત્રકાર.

પંચ મહાવ્રત ધારણ કરનાર બ્રહ્મચારિ સાધુને સ્નાનાદિ કરવા કલ્પેજ નહીં. કહ્યું છે કે:—

" सुखशय्या नवं वस्त्रं, तांबुलं स्नानमंडनं,
दंतकाष्टं सुगंधं च, ब्रह्मचर्यस्य दूषणं (१)

અર્થ:—બ્રહ્મચારિ મહાત્માને સુંદર શય્યા, સુંદર વસ્ત્ર, તાંબુલ, સ્નાન, આભૂષણ, દાંતણ, સુગંધી અત્તર ફુલેલાદિ પદાર્થ વિગેરે બીલકુલ ખપી શકે નહીં, કારણ કે તે વસ્તુ બ્રહ્મચર્યને દૂષિત કરે છે, એટલા માટે બ્રહ્મચારી મહાત્માઓ સ્નાન બીલકુલ કરી

શકે નહીં, તો પછી પૂજા કેવી રીતે કરી શકે ? વળી જેઓએ મહાવૃતને ધારણ કરેલ છે તેવા મહાત્માઓને ભાવપૂજા કરવાની પ્રભુની આજ્ઞા છે, પણ દ્રવ્ય પૂજા માટે આજ્ઞા નથી.

## तथाचतत्पाठः उपदेशमालायां.

कंचनमणि सोवाणं, थंभसहस्सुस्सुश्रं सुवन्नतलं।
जोकारिज्ज जिणहरं, तऊवि तव संयमो अहिऊ ॥ ८९६ ॥

અર્થ:—શ્રીમાન્ ધર્મદાસ ગણી મહારાજ જણાવે છે કે, કોઇ માણસ સુવર્ણ અને મણિના પગથીઆ છે જેમાં, હજારો સ્તંભો કરી વિસ્તારવાળું અને સુવર્ણનો છે તળીઆનો ભાગ જેમાં એવું જીનમંદીર બંધાવે અને જે તેને ફાયદો થાય તેના કરતાં તપ અને સંયમ અધિક છે. ભાવાર્થ:—જૈન મંદીર બંધાવવું એ દ્રવ્યભક્તિ છે અને તે સંસારના અનેક આરંભોમાં મગ્ન થયેલા શ્રાવકોને માટે ઘણુંજ ઉપયોગી છે, પણ જેઓએ સર્વથા આરંભનો ત્યાગ કરી પંચ મહાવૃત સ્વીકાર્યા છે, એવા મહાત્માઓને તો પોતાના સ્વીકારેલ વૃતો પાળવા અને પ્રભુની સ્તુતિ કરવારૂપ ભાવપૂજા કરવી, તે દ્રવ્ય પૂજા કરતાં અધિક છે. એ મુજબ પ્રભુની આજ્ઞા હોવાથી સાધુઓ પ્રભુની દ્રવ્ય પૂજા કરતા નથી, કારણ કે તેમાં અમુક અંશે આરંભ રહેલ છે અને સાધુઓએ તો સર્વથા આરંભના પચ્ચખાણ કરેલ છે, એટલે તેમને દ્રવ્ય પૂજા કરવાની જરૂર નથી; પણ ગૃહસ્થોએ આરંભના પચ્ચખાણ કરેલ નથી, માટે ખાસ તેઓને તે દ્રવ્ય પૂજા ઉપયોગી છે. જ્યારે તેઓ પંચ મહાવૃત સ્વીકારે ત્યારે તેઓને પણ દ્રવ્ય પૂજા કરવાની જરૂર નથી, પણ જ્યાં સુધી તેઓ તેવી સ્થીતિમાં આવ્યા નથી ત્યાં સુધીમાં આવો અપૂર્વ લાભ તેઓએ છોડવો તે બીલકુલ વ્યાજબી નથી. વળી સાધુ તથા શ્રાવકને એક સરખો રોગ નથી. શ્રાવકને પ્રથમ અવિરતિ નામનો રોગ છે, તે દુર કરવા પ્રથમ રેચ લઇ કોઠો સાફ કરવો જોઇએ. વૈદ્યો પણ રોગીનો રોગ મટાડવા માટે પ્રથમ રેચ આપે છે અને પછી શરીરને પુષ્ટ, મનોહર, કાંતિ-

બાળું બનાવવા માટે માત્રા આપે છે ત્યારે તેને મહાન્ ફાયદો થાય છે. પણ પ્રથમ રેચ આપ્યા વગર જો માત્રા આપવામાં આવે તો તે માત્રા આખા શરીરે ફુટી નીકળે છે, માટે પંચ મહાવ્રત ધારણ કરવાને જ્યાં સુધી પોતે સમર્થ બન્યો નથી ત્યાં સુધી તેને પ્રભુની પૂજા કરી અનાદિ કાળના ખરાબ સંસ્કાર રૂપ મળ કાઢી નાખવાની જરૂર છે. પ્રભુ પૂજા ખરાબ વાસના રૂપ મળને કાઢી નાખવા એક ખરેખર રેચનું કામ સારે છે. સાધુ મહાત્મા પુરૂષોએ તો પ્રથમજ કોઠો સાફ કરેલ હોવાથી હવે તેમને કોઠો સાફ કરવાની જરૂર નથી, પણ ગૃહસ્થોને કોઠો સાફ થયેલ ન હોવાથી પ્રભુ પૂજા દ્વારા સાફ કરવાની ખાસ જરૂર છે. સંસારમાં પર્યટન કરવા રૂપ રોગ જો કે બંન્નેને સરખો છે. દવા શરીરને અનુકૂલ અપાય છે. સાધુ પુરૂષોના શરીર મળ રહિત હોવાથી માત્રાને તે લાયક છે. જ્યારે ગૃહસ્થોના શરીર મલીન વાસના રૂપ હોવાથી તેને તે કાઢવાની પ્રથમ ખાસ જરૂર છે અને તે મળ પ્રભુપૂજાથી દૂર થાય છે.

### વાદી.

સામાયક, પ્રતિક્રમણ, પૌષધ વૃતાદિથી પણ મલીન વાસના રૂપ મળ દૂર થાય છે, તો આવો નિર્દોષ રેચ મુકી સદોષ પ્રભુ પૂજા રૂપ રેચ લેવાની શું જરૂર છે ?

### શાસ્ત્રકાર.

સામાયિકાદિ અલબત રેચનું કામ સારે છે, છતાં સામા આલંબન દ્વારા જે હૃદયમાં આનંદ થાય છે તથા અંતઃકરણ પવિત્ર બનેછે, તે વિના આલંબન રૂપ સામાયિકાદિથી કદિ બની શકે નહીં.સામાયિક, પ્રતિક્રમણ કરતાં ચિત્તવૃત્તિ ક્યાંય ફરવા ચાલી જાય છે. પણ સામું આલંબન હોય તો એટલે દરજ્જે મન જતું નથી, કારણ કે તે આલંબન ભૂત પ્રભુ પ્રતિમાના સન્મુખ એક તાર દૃષ્ટિ થઇ જવાથી મન ત્યાં સ્થિર થાય છે એ વાત અનુભવ સિદ્ધ છે. વળી સામાયિદિકમાં નિર્દોષપણું જણાવ્યું અને પૂજામાં સદોષપણું જણાવ્યું તે તો માત્ર મનની કલ્પના છે. પ્રથમજ કહેલ છે કે એવું એક પણ કાર્ય નથી કે જેમાં પ્રથમ અલ્પ દોષ ન લાગતો હોય ? સામાયિદિકમાં પણ ઘરેથી

ઉપાશ્રયે જતાં રસ્તામાં જીવની વિરાધના થવાની છે, વળી ક્રિયા કાંડમાં પણ વાયુકાયાદિકની વિરાધના થવાની છે, માટે નિર્દોષપણાની ભાવના રાખવી તેજ સારી છે. બાકી પ્રભુની આજ્ઞાનો ખાસ વિચાર કરી ને જે કામ કરવામાં આવે છે તેજ લાભદાયક છે. પ્રભુની પૂજા કરવી તે ખાસ પ્રભુની આજ્ઞા છે તે આગળ વિસ્તારથી કહેવામાં આવેલ છે, માટે પ્રભુભક્તિના ટાઇમે પ્રભુ ભક્તિ કરવી. સામાયિક, પ્રતિક્રમણ, પોષધવૃત નિયમો વિગેરે પણ પોત પોતાના અવસરે કરવાથી ઘણો ફાયદો થાય છે. સામાયિકાદિકજ કરવા અને પૂજાદિક ન જ કરવા એવો નિષેધ કરવો તોકોઇ પણ રીતે વ્યાજબી ગણાય નહીં. પૂજાદિકનો નિષેધ કરવાથી પ્રભુ આજ્ઞા ભંગ કરવાનો દોષ તમારા શીર પર આવે છે. પ્રભુ આજ્ઞા વગર જમાલી વિગેરે નિન્હવો એ ઘણા વર્ષ પર્યંત ચારિત્ર પાળ્યાં છતાં છેવટે નીચી ગતિમાં ગયા હતા.માટે પ્રભુ આજ્ઞા મુજબ ચાલવું તેજ શ્રેષ્ટ છે. વળી ભાવ નિક્ષેપા રૂપ જે સાક્ષાત્ પ્રભુ છે તેમનું પણ બહુ માન તેજ માણુસ કરશે કે જે પ્રભુની સ્થાપના તથા દ્રવ્ય નિક્ષેપાને માનતો હશે. સ્થાપના રૂપ પ્રભુ પ્રતિમાજીનું જે બહુ માન કરતો નથી તે સાક્ષાત્ પ્રભુનું પણ બહુ માન કરવાનો નથી. વળી જે પ્રભુ પ્રતિમાજીને પૂજે છે તે કાંઇ મૂર્તિ માનીને પૂજતો નથી, તે તો સાક્ષાત્ પ્રભુ માનીનેજ પૂજેછે અને એથી સાક્ષાત્ પ્રભુપૂજનથી જે ફલ મળવું જોઇએ તેજ ફલ સ્થાપનાથી તેને મળે છે. વળી ગુણ ગાય છે, સ્તવના કરે છે, તે પણ સાક્ષાત્ પ્રભુનાજ ગવાય છે, તો પછી તેમની મૂર્તિ ઉપર દ્વેષ કરવો કે નિષેધ કરવો તે સાક્ષાત્ પ્રભુનુંજ અપમાન કર્યા બરોબર સમજવું અને તે અપમાન કરનારને ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરવા રૂપ દંડ મળે છે, દ્રષ્ટાંત તરીકે દિલ્હી દરબાર વખતે નામદાર શહેનશાહ જ્યોર્જ પોતે હાજર નહોતા થયાં, છતાં તે નામદારની છબી ને શહેનશાહ જ્યોર્જ માની હિંદુસ્થાનના તમામ રાજાઓએ તથા હિંદિ સરકારે પુષ્પાદિકના હાર પહેરાવી નમસ્કાર કરવા વડે કેટલો બધો સતકાર કર્યો હતો, તે કોઇ પણની નજર બહાર નહીંજ

હોય, પણ છબી ને કાગળનો ટુકડો માની કોઇ તેનું અપમાન કરે તો પછી જુઓ તો ખરા કે કેવા તેના હાલ થાય છે. જ્યારે એક માણુસની છબીના અપમાનથી આવી દુર્દશા થાય છે તો પછી આતો ત્રણ જગતના પ્રભુ તેની છબીના અપમાનથી કેવી ગતિ થશે તે તો તમે પોતેજ વિચાર કરો. સત્ય જે હોય તેને ગ્રહણ કરો. આ મુજબ અનેક શાસ્ત્રોથી સિદ્ધ કરી આપેલ એવી પ્રભુ પ્રતિમાજી ના દર્શન, પૂજન તથા સ્તવનાદિક જ્યારે તમો પ્રભુની આજ્ઞા છતાં કરતાં નથી તો પછી આ કાળના સાધુઓ કે જેના માટે ચાર ગતિ સિવાય હાલ મોક્ષ તો નથી તેઓના ફોટા પડાવવા, તેનાં દર્શન કરવાં અને ઘરમાં તેના ફોટા મઢાવી ને રાખવા એનું નામ સ્થાપના નિક્ષેપો કે બીજું કાંઇ? તે જરા વિચાર કરી ને કહો. આ ચાલુ નવા જમાનામાં ભાગ્યેજ એવો કોઇ મનુષ્ય હશે કે જેણે પોતાનો અગર પોતાના કુટુંબનો ફોટો ખેંચાવી પોતાના ઘરમાં નહીં રાખ્યો હોય? પોતાના વડીલોના સ્મરણ તરીકે દરેક જણ ફોટાઓ રાખે છે, તો પછી આપણા વડીલો તીર્થંકરાદિનાં સ્મરણ તરીકે, તેમની પ્રતિમાઓ, ફોટાઓ રાખવામાં આવે, અને તેમનાં દર્શન, પૂજન તથા સ્તવનાદિ કરવામાં આવે તો તેનાથી ફાયદો છે કે ગેરફાયદો? તેનો જરા વિચાર કરો. વળી મારવાડમાં એક સ્થાનકવાસીના સાધુ કાળધર્મ પામ્યા તે જગ્યાએ તેના ભકત લોકે તેની પાદુકા સ્થાપન કરેલ છે અને સેંકડો માણસો તે પાદુકાના દર્શન કરવ જાય છે. તો આ પાદુકા સ્થાપના નિક્ષેપો છે કે બીજું કંઇ? પાંચમા આરામાં આ ક્ષેત્ર આશ્રી મોક્ષદ્વાર બંધ છે એવું પ્રભુનું ફરમાન છે, તો હવે ચાર ગતિમાંથી કોઇ એક ગતિમાં તે મુનિ ગયા હશે એ ચોક્કસ છે, તો ચાર ગતિમાં પર્યટન કરનારને પૂજો છો, દર્શન કરો છો, તેના માટે સંઘ કાઢો છો તેનાં કરતાં પ્રભુ તો ચોક્કસ મોક્ષે ગયા છે તો તેમની પ્રતિમાજી ને પૂજો, બહુ માન કરો, દર્શન સ્તવના કરો કે જેથી પોતાના સમકિત ને નિર્મલ કરવા સાથે

જ્ઞાન, દર્શન, ચરિત્ર રૂપ ઉત્તમ ગુણો પ્રાપ્ત કરી થોડાજ ભવમાં મોક્ષના અધિકારી બની શકો. પુષ્પાદ્યર્ચા આ નામની પ્રથમ ભક્તિ પૂર્ણ કરતાં સારાંશ જણાવે છે કે, અનેક શાસ્ત્રથી તથા ઐતિહાસિક દૃષ્ટિથી, તથા અનુભવથી કહેવામાં આવે છે કે, વર્તમાન કાલમાં પ્રભુના અભાવે પ્રભુની પ્રતિમાજીની સેવાભક્તિ, પૂજા દર્શન, સત્કાર, સન્માન વિગેરે કરવાં તે આપણા પોતાને માટે ઘણુંજ ઉપયોગી છે. વીતરાગ દશા પ્રાપ્ત કરવાનો, આ કળીકાળમાં જો કોઈ અપૂર્વ ઉપાય હોય તો આ પ્રભુની પ્રતિમાજ છે. તે આલંબનથીજ આપણે આગળ વધવાના છીએ, એમ ચોક્કસ માની પ્રભુ પ્રતિમાને સાક્ષાત્ પ્રભુ સમાન માની તેમની પૂજા અષ્ટ પ્રકારથી કે સત્તર પ્રકારથી આપણી શક્તિમુજબ કરવી કે જેથી આ મળેલ મનુષ્યનો જન્મ સફલતાને પામ્યો ગણાય.

## प्रथम भक्ति समाप्त.



# देवभक्तिमाला प्रकरणे द्वीतीय तदाज्ञा भक्ति.

## બીજી ભક્તિ.

हरइ दुहं कुणइ सुहं जणइ जसं सो सए भवसमुद्दं
इह लोए परलोए सुहाण मूलं च नवकारो ॥ १ ॥
याताः प्रयांति यास्यंति, पारं संसार वारिधेः ।
परमेष्टिनमस्कारं, स्मारं स्मारं घना जनाः ॥ २ ॥

વિતરાગ દેવ પ્રણીત અને ચૌદ પૂર્વના સાર રૂપ નમસ્કાર મંત્રને જેઓ રાત દિવસ જપે છે તેઓના દુ:ખને નમસ્કાર મંત્ર હરે છે, સુખ ને કરે છે, જશ ઉત્પન્ન કરે છે, ભવ રૂપી સમુદ્રને શોષે છે, અને આ લોક અને પરલોકના પણ સુખોનું મૂલ પણ તેજ છે. (૧) આ પરમેષ્ટિ નમસ્કારમંત્રનું સ્મરણ કરીને ઘણા જીવો આ સંસાર રૂપી સમુદ્રના પારને પહોંચ્યા છે, પહોંચે છે તથા પહોંચશે. આ સંસાર રૂપી સમુદ્ર જન્મ, જરા, મરણનાં દુ:ખોથી ભરપૂર છે. આ સમુદ્રને તરી જવા તેમજ દુ:ખને દુર કરી સુખ ભોગવવાની ઇચ્છા હોય તેણે નમસ્કાર મંત્રનું સ્મરણ જરાપણ વાર વિલંબ કર્યા વગર રાત દિવસ કરવું. આ પ્રમાણે સર્વ મન: કામના પૂર્ણ કરવામાં સમર્થ એવા નમસ્કાર મંત્રનું સ્મરણ ધ્યાન કરીને પ્રભુ આજ્ઞા નામની બીજી ભક્તિનું સ્વરૂપ અત્રે કિંચિત્ માત્ર જણાવું છું.

## " तदाज्ञा च "

પરમાત્મા વીતરાગ દેવની પાંચ પ્રકારની ભક્તિમાંથી પ્રથમ પુષ્પાદિકથી થતી ભક્તિ અને તેનાથી થતા ફાયદા માટે સવિસ્તર પ્રથમ બતાવવામાં આવેલ છે, હવે પરમાત્માની **આજ્ઞા માનવી** એ નામની બીજી ભક્તિ બતાવવામાં આવેલ છે; રોગાદિના કારણને લઈ અગર વિશેષ ઉપાધિના કારણને લઇ કદાચ પરમાત્માની પુષ્પાદિકથી દ્રવ્ય પૂજા કરવામાં અશક્ત હોય એવા મનુષ્યે આ બીજી ભક્તિ અવશ્ય કરવા લાયક છે. પ્રથમની ભક્તિ સાથે આ બીજી ભક્તિ હોય તો ઘણોજ ફાયદો કરે છે, પણ કારણ પ્રસંગને લઇ પ્રથમ ભક્તિ કદાચ ન બની શકે તો પણ પ્રભુની આજ્ઞા પાળવા રૂપ આ બીજી ભક્તિ તો અવશ્ય કરવી, કારણકે પ્રભુની આજ્ઞા વગર કરેલ તમામ ક્રિયાઓ પણ સારૂં ફલ આપતી નથી. જમાલી વિગેરે નિન્હવો ચારિત્ર સારી રીતે પાળતાં છતાં પણ સારી ગતિમાં ન ગયા તેનું મુખ્ય કારણ પ્રભુની આજ્ઞા ન પાળી એજ છે. વળી પ્રભુની પૂજા કરવી તે પણ આજ્ઞાને લઇને જ છે. એક બાજુ આપણે પ્રભુની પૂજા કરીએ, બહુ માન કરીએ અને બીજી બાજુ તેઓશ્રીની આજ્ઞા ન માનીએ, તો પછી તે પૂજા–બહુ માન કર્યું કામનું નથી.

### यदुक्तमागमे

**आणा खंडणकारी जइवि तिकालं महाविभूईए ।**
**पूएइवीयरायं सव्वंपि निरत्थयं तस्स ॥ १ ॥**

અર્થ: શ્રી વીતરાગ દેવની આજ્ઞાનું ખંડન કરવાવાળો માણસ જો કે, મોટી સંપદા વડે કરીને ત્રણે કાલ વીતરાગ દેવની પૂજા કરે, તો પણ તે સર્વે ક્રિયા જેની પૂજા કરવી છે તેની આજ્ઞાથી બહાર હોવાથી નિરર્થક છે, કારણ કે આજ્ઞાપૂર્વકની થોડી પણ ક્રિયા સફલતાને પામે છે, પણ આજ્ઞા વગરની લાખો રૂપીઆ ખર્ચીને ગમે તેટલી સત્ ક્રિયા પણ નિરર્થક જાય છે. પ્રથમ ભક્તિમાં આપણે કહી ગયા

છીએ કે આજ્ઞાએ સંજમ, તપ, દાન વિગેરે હોય તોજ ફલ આપે છે. અન્યથા નકામા છે. આજ વાત ફરી જણાવે છે.

जहतुसखखंडण मय मंडणाइ रूणणाइ सुन्नरन्नंमि ।
विहलाई तह जाणसु आणा रहियं अणुट्ठाणं ॥ २ ॥

**અર્થ:** જેમ ફોતરાનું ખાંડવું, મડદાને શણગારવું, અરણ્યમાં રોવું નિષ્ફલ છે, તેમ આજ્ઞા રહિત કરેલ અનુષ્ઠાન પણ નિષ્ફલ જાણવા. મતલબ કે ફોતરા ખાંડવા નકામાં છે, મડદાને આભૂષણથી શણગારવું તે પણ નકામું છે. તેમજ અરણ્યમાં રોવાથી કોઇ આપણી દાદ ફરીયાદ સાંભળતું નથી તેથી તે પણ નકામું છે, તેની માફક પ્રભુની આજ્ઞા વગર કરેલ સામાયિક, પ્રતિક્રમણ, તપ, જપાદિ ક્રિયાઓ પણ નકામી છે. આમ સમજી પરમાત્માની આજ્ઞા મુજબ ચાલવા પ્રયત્ન કરવો.

હવે પ્રભુ આજ્ઞા પ્રમાણે ચાલનારને થતો લાભ અને આજ્ઞા મુજબ નહીં ચાલનારને થતો ગેર લાભ જણાવે છે.

वीतरागतव सपर्यातस्तवाज्ञाराधनं परं ।
तवाज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ॥ १ ॥
( श्री हेमचंद्राचार्य कृत वीतरागस्तोत्र. )

**અર્થ:** શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજ વીતરાગ સ્તોત્રમાં પ્રભુની સ્તવના કરતાં જણાવે છે કે, હે વીતરાગ ! હે પ્રભો ! તમારી પૂજા કરવી તેના કરતાં પણ તમારી આજ્ઞા પાળવી તે ઘણી બળવાન્ છે, કારણ કે તમારી આજ્ઞાના આરાધક જે છે તે મોક્ષને મેળવે છે. ત્યારે તમારી આજ્ઞાના વિરાધક જે છે તે ચાર ગતિ રૂપ સંસારમાં પર્યટન કર્યા કરે છે. સાંરાંશ એ છે કે એક માણસ ઉત્તમ જાતના કેશર, ચંદન, પુષ્પ, દીપ, ફૂલ; નૈવેદ્ય; અને અક્ષતથી અષ્ટ પ્રકારી તથા સત્તર પ્રકારી પ્રભુની પૂજા કરે છે, ભાવના ભાવે છે, સામાયક, પ્રતિક્રમણ, પૌષધ, વૃત, તપ, જપ વિગેરે કરે છે, છતાં પ્રભુની આજ્ઞા પાળવા તરફ બે દરકાર રહે છે, જે કાંઈ પણ કરે તે માત્ર લોકોને

દેખાડવા ખાતર અને પોતાની વાહવાહ લોકમાં કેમ થાય એ માટેજ બધી ક્રિયા કરે છે, જ્યારે બીજો માણસ પ્રભુની પૂજા વિગેરે ઉપાધિના કારણને લઈને કરતો નથી, છતાં પ્રભુની આજ્ઞા પાળવા તરફ ખાસ લક્ષ આપે છે, અને જે ક્રિયા પોતે કરી શકતો નથી તેના માટે હૃદયમાં પશ્ચાતાપ કરે છે. તો આ બેમાંથી બીજો માણસ આરાધક ભાવને પામે છે અને થોડા વખતમાં મોક્ષને મેળવે છે. જ્યારે પહેલો માણસ પ્રભુ આજ્ઞા પાળવા તરફ બેદરકાર હોવાથી ક્રિયા કરતાં છતાં પણ વિરાધકપણાને પામી ચાર ગતિમાં રઝળે છે. આ સમજી પ્રભુ આજ્ઞા આરાધવા તરફ લક્ષ આપવું. રાજાની આજ્ઞા ભાંગવાથી એકજ ભવમાં વિપાક ભોગવવો પડે છે, પણ પ્રભુ આજ્ઞા ભાંગવાથી ભવોભવમાં વિપાક ભોગવવો પડે છે,

## तदेवाह आगमे

रन्नो आणा भंगे, इक्कुच्चिय होइ निग्गहो लोए ।
सवन्नु आण भंगे अणंतसो निग्गहो होई ॥ ३ ॥

અર્થ: આ લોકને વિષે રાજાની આજ્ઞાનો ભંગ કરવાથી એકજ વાર નિગ્રહ–દંડ થાય છે, પરંતુ સર્વજ્ઞ પ્રભુની આજ્ઞાનો ભંગ કરવાથી અનંતિ વાર નિગ્રહ થાય છે. એટલે બહુ જન્મને વિષે છેદન, ભેદન. જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ અને ઉપાધિ રૂપ દંડને પામે છે.

आह: श्रीमद् धर्मदासगणि: उपदेशमालायां—

आणं सव्व जिणाणं भंजइ दुविहंपहं अइक्कंतो ।
आणंच अइक्कंतो भमइ जरामरण दुग्गंमि ॥ ५०० ॥

અર્થ: શ્રીમાન્ મહાવીર પ્રભુના શિષ્ય ધર્મદાસ ગણિ મહારાજ જણાવે છે કે, જે માણસ બે પ્રકારનો માર્ગ–એટલે સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ રૂપ માર્ગનું ઉલ્લંઘન કરે છે, અને ગુરૂ મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે માણસ અનંતા તીર્થંકરોની આજ્ઞાને

ભાંગે છે અને આજ્ઞા ભાંગવાથી તે માણુસ જન્મ જરા મરણે કરી અતિ ગહન એવા ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે.

**વિવેચન**—સાધુ ધર્મ અને શ્રાવકધર્મ એ બે પ્રકારના ધર્મ છે. સાધુધર્મમાં પંચ મહાવ્રતો છે, જ્યારે ગૃહસ્થધર્મમાં શ્રાવકના બાર વ્રતો છે. આ વ્રતોને અણુવ્રતો કહે છે એટલે સાધુઓને મહાવ્રતો હોય છે, તેઓની અપેક્ષાએ ગ્રહસ્થોને નાના વ્રતો હોય છે.

## સાધુના પાંચ મહાવ્રતો.

પહેલું મહાવ્રત–ત્રસ તથા સ્થાવર બન્ને પ્રકારના જીવોનું રક્ષણ કરવું.

બીજું મહાવ્રત-સર્વથા સત્ય વચન બોલવું તે પણ સામાને દુ:ખ થાય તેવું નહીં.

ત્રીજું મહાવ્રત–કોઇની કાંઇ પણ વસ્તુ આપ્યા વગર લેવી નહીં.

ચોથું મહાવ્રત–સર્વથા સ્ત્રીસેવન કરવું નહીં. બ્રહ્મચર્ય પાળવું.

પાંચમું મહાવ્રત–સર્વથા ધનધાન્ય સુવર્ણ–રજત મણિમાણેકનો ત્યાગ કરવો. રાત્રિભોજનનો ત્યાગ કરવો અને સત્ય પ્રરૂપણા કરવી. પ્રભુ આજ્ઞા મુજબ આ સાધુધર્મ છે.

## ગૃહસ્થધર્મ. સમ્યકત્વપૂર્વક બારવ્રત.

વસ્તુનો યથાર્થ બોધ–એનું નામ સમ્યકત્વ છે. અથવા યથાર્થ, દેવ, ગુરૂ, અને ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા તેને વ્યવહારથી સમ્યકત્વ કહે છે. નિશ્ચય સમ્યકત્વ તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિનો ક્ષયોપશમ–ક્ષય વા ઉપશમ–થાય તેને કહે છે.

**૧ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત.** જીવોને હણવાની બુદ્ધિએ સંકલ્પથી હણવા નહીં. આરંભ, અપરાધી–અને મારાપણાની અપેક્ષાએ જીવની વિરાધના થાય તેની જયણા છે.

**૨ સ્થુલ મૃષાવાદ વિરમણ વ્રત.** પાંચ મોટા અસત્ય બોલવા નહીં ૧ કન્યા, ૨ ગાય ભેંસ વિગેરે જાનવર, ૩ જમીન, ૪

થાપણ સંબંધી, ૫ અને સાક્ષી. આ પાંચ સંબંધી અસત્ય બોલવું નહીં.

૩ **સ્થુલ અદત્તાદાન વિરમણ વ્રત.** રાજદંડ થાય તેવી ચોરી કરવી નહીં.

૪ **સ્થુલ બ્રહ્મચર્ય વ્રત.** પરસ્ત્રી સાથે મૈથુન સેવનનો ત્યાગ અને પોતાની સ્ત્રી સાથે પણ અમુક પર્વતિથિએ ત્યાગ.

૫ **સ્થુલ પરિગ્રહ વિરમણ વ્રત.** પોતાની સ્થાવર તથા જંગમ તમામ મીલકતનો નિયમ કરવો. આટલાથી વધુ થાય તો શુભ માર્ગે તે ખરચવી.

૬ **દિશાવ્રત.** દિશા તથા વિદિશામાં અમુક માઇલથી વધુ ન જવું.

૭ **ભોગોપભોગ વ્રત.** ઇંગાલકર્માદિ પંદર પ્રકારના કર્માદાનનો યથાશક્તિ ત્યાગ કરવો. અભક્ષ્ય, અનંતકાય, દારૂ, માંસ, મધ, માખણ, રાત્રિભોજન વિગેરેનો ત્યાગ કરવો અને પોતાના ઉપભોગની વસ્તુનો અમુક નિયમ કરવો.

૮ **અનર્થદંડ વિરમણ વ્રત.** પાપનો ઉપદેશ ન આપવો અને વગર પ્રયોજને જેનાથી જીવનો વિનાશ થાય તેવા હળ હથીયાર બીજાને આપવા નહીં. અપધ્યાન ધ્યાવું નહીં અને પ્રમાદ વડે જીવ વિરાધનાદિ થાય તેમ ન કરવું.

૯ **સામાયિક વ્રત.** હંમેશ એક સામાયિક કરવું. અગર બાર માસમાં અમુક સામાયક કરવા તેવો નિયમ.

૧૦ **દિશાવગાસિક વ્રત.** લીધેલ વ્રતોનો વિશેષે છઠ્ઠા વ્રતનો સંક્ષેપ કરવો ચૌદ નિયમ ધારવા અગર એક દિવસમાં દશ સામાયિક કરવા એવો નિયમ.

૧૧ **પૌષધ વ્રત.** બાર માસમાં અમુક પૌષધ કરવા એવો નિયમ.

૧૨ **અતિથિ સંવિભાગ વ્રત.** બાર માસમાં અમુકવાર સાધુ મહારાજને વહોરાવીને પછી જમવાનો નિયમ.

આ મુજબ શ્રાવકના બાર વ્રત છે. આ વ્રતો જેમ બને તેમ અતિચાર ન લાગે તેવી રીતે પાળવા પ્રયત્ન કરવો. સમ્યક્ત્વવ્રતની અંદર હમેશાં પ્રભુની પૂજા કરવી, દર્શન કરવા, બાર માસમાં એકાદ વખત તીર્થયાત્રા કરવી અને લીધેલા વ્રતોને હમેશા સ્મૃતિમાં રાખવા કે જેથી કરીને પોતાના સમકિત ગુણને નિર્મળ કરવા સાથે જ્ઞાન ગુણમાં વધારો થાય. આ મુજબ ગૃહસ્થનો ધર્મ છે. આ બે પ્રકારના માર્ગનું જે ઉલ્લંઘન કરે છે, એટલે સાધુપણું લઇ ને પછી મૂળ ગુણ મહાવ્રતાદિમાં અને ઉત્તર ગુણ પ્રતિ લેખનાદિકમાં જે દોષો લગાડે છે, તેમજ એકજ ઠેકાણે છતિ શક્તિએ પડ્યા રહે છે, નવ કલ્પી વિહાર કરતાં નથી અને ઉત્સૂત્રની પ્રરૂપણા કરે છે, તેઓ અનંત તીર્થંકરોની આજ્ઞા ઉલ્લંઘન કરે છે; તેમજ જે ગૃહસ્થો પણ પોતાના લીધેલ વ્રતાદિકને પાળતા નથી, વ્રત લેવા પ્રયત્ન કરતાં નથી, અને જેઓ વ્રત લે છે તેઓને તોડી પાડવા પ્રયત્ન કરે છે, તેમજ સાધુ મહાત્માઓ કે જેઓ દેશકાલને અનુસરી વર્તન કરે છે, ચારિત્રપાત્ર છે તેઓની પણ નિંદા કરવાને ચુકતા નથી તેવા ગૃહસ્થો પણ અનંત તીર્થંકરો ની આજ્ઞા નું ઉલ્લંઘન કરે છે.

એક તીર્થંકરની જે આજ્ઞા છે તેજ અનંતા તીર્થંકરની આજ્ઞા છે. એક તીર્થંકરે સાધુ તથા ગૃહસ્થને જે વ્રત નિયમ માટે ફરમાન કરેલ છે તેજ મુજબ અનંત તીર્થંકરનું ફરમાન છે. આથી એક તીર્થંકરની આજ્ઞાનું ખંડન કરવાથી અનંત તીર્થંકરની આજ્ઞાનું ખંડન થાય છે, અને આજ્ઞાનું ખંડન કરનાર જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, અને ઉપાધિથી ભરપૂર ચાર ગતિરૂપ અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે. આમ સમજી પ્રભુ આજ્ઞા પાળવા પ્રયત્ન કરવો.

**आणाइ च्चिय चरणं, तब्भंगे जाण किं न भग्गंति ।**
**आणंच अइक्कंतो कस्साएसा कुणइ सेसं ॥ ५०५ ॥**

**અર્થઃ**—પ્રભુની આજ્ઞા પાળવી તેજ ચારિત્ર છે. પ્રભુની આજ્ઞા ભાંગે છતે, હે શિષ્ય ! તું સમજ કે તેણે શું ભાંગ્યું નથી,

અર્થાત્ પ્રભુની આજ્ઞાનો ભંગ કરે છતે તેણે તમામ ભાંગ્યું જ સમજવું. વળી પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો છતો તે માણસ હવે કોના આદેશથી બાકીનું તમામ અનુષ્ઠાન કરશે?

**વિવેચન.**—પ્રભુની આજ્ઞા લક્ષમાં રાખીને જ દાન, શીલ, તપ, ભાવ, જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરે અનુષ્ઠાન કરવાના છે અને પ્રભુ આજ્ઞા મુજબ તે કરવામાં આવે તોજ તેનું ફલ મળે છે; જેમકે દાન સુપાત્રમાં દેવું, બીજે ઠેકાણે અનુકંપા બુદ્ધિથી દેવું, શીલ-સ્વદાર સંતોષ તથા શુદ્ધ આચાર પાળવો,તપ ઈચ્છા નિરોધ રૂપ, અગર બાહ્ય, અભ્યંતર રૂપ, ભાવ- શુદ્ધ અંતઃકરણ રાખવું, અગર પ્રશસ્ત પ્રભુસ્તવનાદિ કરવા, ખરાબ વિચાર આવવા દેવા નહીં. જ્ઞાન-જેનાથી હેય, જ્ઞેય, અને ઉપાદેયનું સ્વરૂપ સમજાય, અને તે પ્રમાણે વરતાય, દર્શન-યથાસ્થિત વસ્તુ ધર્મનો બોધ, અગર યથાસ્થિત દેવ ગુરૂ અને ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા. ચારિત્ર-તે અષ્ટ કર્મ રૂપ જે ચય તેને જે રિક્ત કરે-ખાલી કરે તેનું નામ ચારિત્ર. તે દેશ-વિરતિરૂપ અને સર્વવિરતિરૂપ. સર્વવિરતિરૂપ ચારિત્રથી વિશુદ્ધ અધ્યવસાયને લઇને અનેક ભવના એકઠાં કરેલાં કર્મોનો ક્ષય થાય છે. આ વિગેરે અનુષ્ઠાનો જે પ્રમાણે પ્રભુએ જણાવેલ છે તે પ્રમાણે કરવા તેજ પ્રભુની આજ્ઞા છે. જેથી પ્રભુ આજ્ઞાએજ દાન, શીલ, તપ, ભાવ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વ્રત-નિયમ, જપ, દયા, તીર્થ-યાત્રા, મહોત્સવ, સામાયિક, પ્રતિક્રમણ, પૂજા અને પૌષધ તમામ સત્કૃત્યો આજ્ઞારૂપ જ છે. મતલબ કે, આજ્ઞાપૂર્વકની જે દયા તેજ દયા. આજ્ઞાપૂર્વકનું જે ચારિત્ર તેજ ચારિત્ર; પણ જેણે પ્રભુની આજ્ઞાનું ખંડન કર્યું તેણે પૂર્વોક્ત તમામ અનુષ્ઠાનનું ખંડન કર્યું જાણવું. તે આજ્ઞા ખંડન કરનાર માણસની અંધ માણસની માફક ગતિ થાય છે; કારણકે પ્રભુઆજ્ઞા તો તેણે માથે ધારણ કરેલ નથી. વગર વોળાવે આગળ વધવા પછી અંધરૂપ તે નરકરૂપ ખાડાને બુરે છે, અગર તિર્યંચમાં જવારૂપ હાથ પગ ભાંગે છે. એ બે સિવાય ત્રીજી તેની ગતિ નથી; તેમજ પ્રભુ પ્રતિમાજીનાં દર્શન પૂજાના નિષેધ કર-

નારે પણ આ વાત ખાસ લક્ષમાં લેવાની જરૂર છે કે-પ્રભુનો ધર્મ આજ્ઞામાં જ છે, પણ દયામાં નથી. આ વાત ઉપરના પાઠોથી સિદ્ધ થાય છે. આજ્ઞાપૂર્વકની દયા તેજ દયા છે. આજ્ઞા સિવાયની દયા પણ હિંસા જ છે. આજ્ઞાપૂર્વકની હિંસાવાળી ક્રિયા પણ દયા જ છે. નદી ઉતરતાં જીવહિંસા થાય, છતાં પ્રભુએ આજ્ઞા આપી છે; પણ જો પ્રભુનો કેવળ ધર્મ દયામાં જ હોત તો તેઓશ્રી નદી ઉતરવા આજ્ઞા આપત નહીં. તે બતાવે છે—

'आचारांगसूत्रस्य द्वितीयश्रुतस्कंधे ईर्याध्ययने'

**भिक्खु गामाणुगामं दूइज्जमाणे अंतरा से नई आगच्छेज्ज एगं पायं जले किच्चा एगं पायं थले किच्चा एव एहं से तरई ॥**

અર્થ:—શ્રીમાન સુધર્મા ગણધર મહારાજ સાધુઓના આચાર વિચારને જણાવતાં આચારાંગ સૂત્રમાં, વિહાર કરતા એવા સાધુઓને એક ગામથી બીજે ગામ જતાં રસ્તામાં નદી આવે તો આ વિધિથી નદી ઉતરવા ફરમાન કરે છે કે, સાધુઓએ અગર સાધ્વીઓએ એક ગામથી બીજે ગામ વિહાર કરતાં વચમાં જો નદી આવે તો, તેઓએ એક પગ જળમાં રાખવો અને એક પગ સ્થળમાં રાખવો. એટલે એક પગ જળમાં ચલાવવો અને બીજો પગ અદ્ધર રાખવો. એકી સાથે બન્ને પગ પાણીમાં ચલાવવા નહીં. બન્ને પગ એકી સાથે પાણીમાં ચલાવવાથી પાણી ઘણું ડોળાઇ જાય છે અને સંઘટ્ટન ઘણું થવાથી ઘણા જીવની વિરાધના થાય છે. એક પગ ઉંચો રાખીને ચાલવાથી પણ નદી સુખેથી ઉતરી શકાય છે, તેમજ જીવની વિરાધના ઘણી ઓછી થાય છે. ઢીંચણ લગભગનું પાણી હોય તો આ મુજબ ઉતરવામાં કાંઇ પણ અડચણ આવતી નથી, પણ સાથળ સુધી જો પાણી હોય તો આ વિધિથી નદી ઉતરવી મુશ્કેલ પડે છે. આથી બે ચાર ગાઉનો ફેર ખાઇને પણ નદી ઉતરવી પડે ત્યાં જવા જરૂર છે, અથવા થોડું પાણી હોય ત્યાં નદી ઉતરવા જરૂર છે. જો હોડી ચાલતી હોય તો તેમાં બેસીને ઉતરવું તે વધારે સારૂં છે, પણ હોડી ચાલતી ન હોય અને બીજો કોઇ પણ રસ્તો ન હોય તો પછી જય-

ણુએ નદી ઉતરવી અને ઉતરતી વખતે પણ પાણીના જીવની જેમ વિરાધના ઓછી થાય તેમ કરવું. આ વિધિથી નદી ઉતરનાર સાધુ અગર સાધ્વી જીવની વિરાધના કરવા છતાં પ્રભુ આજ્ઞાથી તેમ કરતા હોવાથી તેઓ આરાધક ગણાય છે; તેમજ પ્રભુઆજ્ઞા છે કે મળમૂત્રોત્સર્ગની હાજત થઈ હોય તો વરસતા વરસાદે જવું, પણ તે હાજતને રોકવી નહીં. હાજત રોકવાથી આત્મવિરાધના થાય છે, તેમજ રોગાદિકની ઉત્પત્તિ પણ થાય છે. હવે મળમૂત્રોત્સર્ગ કરવા જતાં રસ્તામાં પાણીના જીવની ચોક્કસ વિરાધના થવાની, તોપછી દયા એ ધર્મ કયાં રહ્યો ? વળી ગુરૂ મહારાજે શિષ્યને આજ્ઞા કરી કે આ પેશાબની કુંડી બહાર પરઠવીઆવ ! હવે બહારના ભાગમાં વરસાદને લીધે ચારે બાજુ પાણી ભરાઈ ગયેલ છે, જેથી કરી પેશાબ પરઠવે તો અસંખ્ય પાણીના જીવની વિરાધના થાય છે અને જો નથી પરઠવતો તો ગુરૂની આજ્ઞાનું ખંડન થાય છે, તો હવે તમારે કહેવું જોઈએ કે તેણે શું કરવું સારૂં ? ગુરૂની આજ્ઞા પાળવી તે સારી કે કાચા પાણીમાં પેશાબ ન પરઠવવો તે સારો ? અલબત, તમારે કહેવું જ પડશે કે આજ્ઞા પાળવી તેજ સારી છે. તો પછી તમે દયા એ ધર્મ માનો છો તે વાત કયાં ગઈ ? આ જગ્યાએ પ્રત્યક્ષ જીવ વિરાધના થયા છતાં પણ પ્રભુની આજ્ઞા હોવાથી ગુરૂ મહારાજની આજ્ઞાથી તેમ કરનાર શિષ્ય આરાધકજ થાય છે. પણ જો તે જીવ દયાનો વિચાર કરી ગુરૂની આજ્ઞા માન્ય ન કરે તો જીવ દયા પાળતાં છતાં પણ વિરાધક જ ગણાય. પ્રભુનો માર્ગ સ્યાદ્વાદ છે, પણ એકાંત નથી. આ સ્યાદ્વાદપણાને લઇને કાચા પાણી ને સાધુ એ સ્પર્શ ન કરવો. આમ મુખ્ય માર્ગ બતાવ્યો, પણ જંગલ જવું પડે, નદી ઉતરવી પડે, વિગેરે કારણોને લઇ ને પાછી રજા આપી કે તેવા પ્રસંગે કાચા પાણીનો સ્પર્શ થાય તો પણ અડચણ નથી. વળી સાધુએ સ્ત્રીનો સ્પર્શ પણ કરવો નહીં એમ મુખ્ય માર્ગ ને લઈ ને આજ્ઞા કરી, પણ કારણવશાત્ સાધ્વી નદીમાં બુડતી હોય અગર કાદવમાં ખુંચી ગઇ હોય તો તેને અડીને પણ નદીમાંથી તથા

કાદવમાંથી બહાર કાઢવી, આવી પણ પ્રભુની આજ્ઞા છે. આનું નામજ સ્યાદ્વાદ માર્ગ છે. આ વાતને શાસ્ત્રના પાઠથી સ્પષ્ટ કરે છે.

## 'श्री ठाणांगसूत्रस्य पंचमस्थाने.'

**णिग्गंथे णिग्गंथिं सेयंसिवा पंकंसिवा पणगंसिवा उदगंसिवा उक्कस्समाणिं वा उवुज्झमाणिं वा गिण्हमाणे अवलंबमाणे णातिक्कमति ॥**

અર્થ:—શ્રીમાન્ સુધર્મા ગણધર મહારાજ ઠાણાંગ સૂત્રના પાંચમાં સ્થાનમાં જણાવે છે કે, ગાઢ કાદવની અંદર, અગર પાતળા કાદવની અંદર, પાંચ વર્ણની લીલફૂલની અંદર અને પાણીની અંદર જો સાધ્વી ખુંચી ગઈ હોય અથવા પાણીની અંદર તણાતી હોય તો તે સાધ્વીને સાધુ આલંબન આપીને બહાર કાઢે, અગર નદીમાં પડીને પણ તેને બહાર ખેંચી કાઢે, તો પણ તે પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, પણ પ્રભુની આજ્ઞાનો તે આરાધક થાય છે. આ પાઠથી સ્પષ્ટ સમજાય છે કે દયામાં ધર્મ નથી, પણ આજ્ઞામાં ધર્મ છે. જો દયામાં ધર્મ હોત તો પ્રભુએ શામાટે સાધ્વીને નદીમાંથી તથા કાદવ તથા લીલફૂલમાંથી કાઢવાને ફરમાન કર્યું ? પાણીમાં અસંખ્ય જીવો, લીલફૂલમાં અનંત જીવો રહેલા છે એમ પ્રભુએ જ જણાવેલ છે; છતાં આજ્ઞા આપી. આથી નિશ્ચય થાય છે કે પ્રભુનો ધર્મ આજ્ઞામાંજ છે, પણ કેવળ દયામાં નથી. આજ્ઞા પૂર્વકની દયા તેજ વાસ્તવિક દયા છે. સારાંશ એ છે કે લાભ હાનિ જોઈને પ્રવૃત્તિ કરવી, એવી પ્રભુની આજ્ઞા છે. સાધ્વીને બચાવતાં જોકે બીજા નાના ઘણા જીવોનો વિનાશ થવાનો છે, છતાં એકેંદ્રિય કરતાં પંચેંદ્રિયને બચાવવાનું પુન્ય ઘણું છે. તેમાં વળી સર્વ વિરતિવાળી સાધ્વી કે જે ઘણા જીવોને સારે રસ્તે ચડાવનાર છે, એવા એક ઉત્તમ જીવનીખાતર બીજા નાના જીવો તરફ લક્ષ ઓછું અપાણું તેનું ખાસ કારણ લાભ અને હાનીનુંજ છે. એમ સમજી દરેક જગ્યાએ લાભ અને હાની ખ્યાલમાં રાખી પ્રવૃત્તિ કરવી. આજ વાતને સ્પષ્ટ કરે છે

## ॥ उपदेश मालायां ॥

**सुक्काइय परिसुद्धे, सइलाभे कुणइ वाणिउ चिट्ठं ।**
**एमेव य गीयथ्थो, आयं दट्टुं समायरइ ॥ ५२७ ॥**

**અર્થ**:—શ્રીમાન્ ધર્મદાસ ગણિ મહારાજ ઉપદેશમાલામાં જણાવે છે કે, દેશકાળના જાણકાર એવા જ્ઞાની ગુરૂએ વાણીઆની માફક લાભ હાની જોઈને પ્રવૃત્તિ કરવી. વાણીયો અનેક પ્રકારના કરિયાણાં ભરીને દેશાવરમાં વેપાર માટે જાય છે, અને ત્યાં જઇને રાજાનું દાણ યથાર્થ ચુકવી લાભને માટે વેપાર કરે છે. જો તે ગામમાં પોતાનાં કરિયાણાંનો સારો લાભ મળે તો ત્યાં પડાવ કરે છે, અન્યથા ત્યાંથી ઉપાડીને લાભ માટે બીજા ગામમાં જાય છે. અને લાભ મળે તોજ વેપાર કરે છે. આ દૃષ્ટાંતની માફક દેશકાળના જાણકાર જ્ઞાની ગુરૂ પણ જે કામ કરવામાં તેઓને લાભ જણાય તે કામ કરવા તીર્થંકરની આજ્ઞા લક્ષમાં રાખીને શિષ્યાદિને પ્રેરણા કરે છે. મતલબ કે જે કામ કરવામાં દોષ ઓછો લાગતો હોય અને લાભ વધારે થતો હોય એમ પોતાને જણાય, તો તે મુજબ પોતે ચાલે અને શિષ્યોને પણ તે મુજબ ચાલવા સૂચના કરે.

ચાલતા વિષમ કાળની અંદર તથા પ્રકારના સંઘયણના અભાવે તથા તેવા જ્ઞાની ગુરૂના અભાવે પ્રભુની આજ્ઞા મુજબ યથાર્થ ચાલવું તે ઘણુંજ દુર્ઘટ છે; છતાં પ્રભુની આજ્ઞા મુજબ ચાલવાની ભાવના રાખવામાં આવે તો પણ ઘણોજ લાભ થાય છે. વળી જે મહાત્માઓ પ્રભુની આજ્ઞા મુજબ ચાલે છે તેઓને ધન્ય છે. "મારે કયારે તેવો દીવસ આવશે કે હું પણ પ્રભુની આજ્ઞા મુજબ ચાલીને મારા આત્માને કૃતાર્થ કરીશ." એ મુજબ ગુણવાનના ગુણનું બહુમાન કરનાર અને પોતાનામાં લઘુતા જોનાર જે શુદ્ધ પ્રરૂપક હોય છે તે પણ કર્મની નિર્જરા કરે છે. પ્રભુની આજ્ઞામુજબ જે માણસ ચાલી શકતો નથી, પણ ચાલવાનો ખપ કરે છે, તથા ગુણવાનના ગુણનું બહુ માન

કર છે, અને જે શુદ્ધ પ્રરૂપક છે તે પણ આરાધક બને છે. અને કર્મની નિર્જરા કરે છે. તે માટે **उपदेशमाला** માં કહ્યું છે કે—

**हीणस्सवि सुद्धपरुवगस्स संविग्गपक्ख वायस्स ।**
**जा जा हविज्ज जइणा सा सा से निज्जरा होइ ॥ ५२६ ॥**

**અર્થ**:—શ્રીમાન્ ધર્મદાસ ગણિ મહારાજ જણાવે છે કે; જે મૂલગુણ પંચ મહાવ્રત બરોબર પાળે છે, પણ ઉત્તમ ગુણ જે પ્રતિલેખના તથા શુદ્ધમાન આહારાદિ માટે ગવેષણા વિગેરેમાં જે સાધુ હીન છે, એટલે વખત સર પ્રતિલેખનાદિ ક્રિયા કરતો નથી, તેમજ ગોચરીના દોષો ટાળતો નથી, છતાં પણ તે પ્રભુની આજ્ઞામુજબ ઉપદેશને આપે છે, યથાર્થ વક્તા છે, જે ઉત્સૂત્રની જરા પણ પ્રરૂપણા કરતો નથી તેમજ મોક્ષ માર્ગના અભિલાષી ગુણવાન્ મહાત્માઓનો પક્ષપાત કરે છે, તેઓના ગુણોની અનુમોદના કરે છે એવા સાધુઓની, બહુ દોષવાળી વસ્તુનો ત્યાગ કરે છે અને અલ્પ દોષવાળી વસ્તુનો સ્વીકાર કરે છે, આ રૂપ જે યતના છે તે યતના અને શુદ્ધ પ્રરૂપણા તેમજ ગુણાનુરાગપણું છે, તેને કર્મ નિર્જરા કરવામાં કારણભૂત બને છે. એટલે તે શુદ્ધ પ્રરૂપણાદિ ગુણોને લઇને આગળ વધે છે, અને આખરે તમામ કર્મનો ક્ષય કરી પરમપદ મેળવે છે. આમ સમજી શુદ્ધ પ્રરૂપણક અને સત્યના ખપી થવું, પણ અસત્યને પોષણ આપી વિષને વધારવા જેવું કરવું નહીં. હવે છેવટે પ્રભુ આજ્ઞા નામની ભક્તિને સમાપ્ત કરતાં ફલિતાર્થ જણાવે છે—

## आचारांगसूत्रस्य पंचमाध्ययने.

**अणाणाए एगे सोवट्ठाणे आणाए एगे निरुवट्ठाणे एवं ते माहोउ.**

**અર્થ**:—શ્રીમાન્ સુધર્મા ગણધર મહારાજ જણાવે છે કે હે શિષ્ય! તને તારા આત્માનું ભલું કરવાની ઇચ્છા હોય તો તું પ્રભુ આજ્ઞાની બહાર જરા પણ ઉદ્યમ-પ્રયત્ન કરીશ નહીં, તેમજ પ્રભુ આજ્ઞા પાળવામાં જરા પણ આળસ કરીશ નહીં. અન્યથા કરીશ તો

કર્મ બંધ થશે. એટલે પ્રભુ આજ્ઞાની બહાર ઉદ્યમ કરવો, અને પ્રભુ આજ્ઞામાં આળસ કરવું એ બન્ને કર્મ બંધનનાં કારણ છે. આમ ન થાય તેમ તારે વર્તવું ઉચિત છે.

બીજી ભક્તિ પૂર્ણ કરતાં ટુંકામાં ગુરૂમહારાજ આપણા ભલાને માટે જણાવે છે કે હે શિષ્ય ! તને તારા આત્માનું ભલું કરવાની ઇચ્છા હોય તો તું પ્રભુની આજ્ઞામુજબ પ્રવૃત્તિ કર. પ્રભુ આજ્ઞાની બહાર જે જે ક્રિયા તું કરીશ તે તામલી તાપસની માફક નકામી છે. તામલી તાપસે હજારો વર્ષ પર્યંત ઘોર તપશ્ચર્યા અજ્ઞાન ભાવથી કરી તેનું ફલ માત્ર દેવલોકનું સુખ મળ્યું. પણ જો તેણે પ્રભુ આજ્ઞા પૂર્વક તેટલી તપશ્ચર્યા કરી હોત તો તેજ ભવમાં મોક્ષ મેળવી શકત. આમ સમજી પ્રભુ આજ્ઞાપૂર્વકની થોડી પણ તપશ્ચર્યાદિ સત્ ક્રિયા મહાન્ ફલને આપે છે. વળી પ્રભુ આજ્ઞા તથા ગુરૂ આજ્ઞાનું યથાર્થ પાલન કરવામાં આળસ પણ કરીશ નહીં. પ્રભુ આજ્ઞા તથા પ્રભુ આજ્ઞા પૂર્વકની ગુરૂ આજ્ઞાનું પાલન કરવામાં તું બેદરકાર રહીશ અને સ્વછંદે ચાલીશ તો આ ઉત્તમ ચારિત્ર તથા ચિંતામણિ રત્ન સમાન મનુષ્ય જન્મને તું હારી જઇશ. અને ચાર ગતિ રૂપ મહા વિકટ સંસારમાં પરિભ્રમણ કરીશ. આમ સમજી પ્રભુ આજ્ઞા પાળવામાં તું બને તેટલો ઉદ્યમ કર, કે જેથી કરીને તું જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, અને ઉપાધિથી મુક્ત થઇ થોડા જ કાળમાં પરમ સુખરૂપ મોક્ષપદને પામી શકે.

**इति देवभक्तिमाला प्रकरणे द्वितीया तदाज्ञारुप भक्तिः समाप्ता।**

# देवभक्तिमाला प्रकरणे तृतीया देवद्रव्य रक्षणाभक्तिः

ये कारयंति जिनमंदिरमादरेण बिंबानि तत्र विविधानि विधापयंति ॥
संपूजयंति विधिना सततं जयंति, ते पुण्यभाजनजना जनित प्रमोदाः ॥ १ ॥

જે માણસો આદર પૂર્વક જીન મંદિરોને બંધાવે છે, તથા તેમાં વિવિધ પ્રકારનાં બિંબોનું સ્થાપન કરે છે અને તેઓને હંમેશાં વિધિપૂર્વક પૂજે છે તે પુણ્યશાલી તથા હર્ષને ઉત્પન્ન કરનારા જીવો આ જગતને વિષે જયવંતા વર્તે છે.

**વિવેચન**—જે મહાનુભાવો આ જગતમાં ઉત્પન્ન થઇને પૂર્વ પુણ્યકર્મના યોગે મળેલ પુણ્યાનુબંધ લક્ષ્મીનો જીનમંદિર બંધાવીને લ્હાવો લે છે, તેમાં અનેક પ્રકારના સુવર્ણ, રત્ન, રૂપું, પીતળ તથા પાષાણની પ્રતિમાઓ ભરાવીને પધરાવે છે, વિધિ પૂર્વક ત્રણે કાળ પ્રભુજીની પૂજા કરે છે તેમજ ચતુર્વિધ સંઘ, દેરાસર, જીનપ્રતિમા, અને જ્ઞાન એ સાત ક્ષેત્રમાં છૂટથી પોતાની લક્ષ્મી વાપરીને તેનો અપૂર્વ લાભ લે છે તેજ જીવો આ જગતમાં જયવંતા વર્તે છે અને તેજ જીવો પોતાને મળેલ આ અપૂર્વ મનુષ્ય જન્મ સાર્થક કરે છે. આવા ભાગ્યશાળી જીવોનું ગ્રંથારંભે સ્મરણ કરવું તે પણ કલ્યાણ કારક છે. આમ ધારી **દેવદ્રવ્ય રક્ષણ ભક્તિ** નામની ત્રીજી ભક્તિ જણાવવા પૂર્વે તેઓનું સ્મરણ કરી તે ભક્તિનું સ્વરૂપ અત્રે હું જણાવું છું.

## ॥ तद्द्रव्यपरिरक्षणं ॥

દેવ સંબંધી નિર્માણ થયેલ દ્રવ્યનું રક્ષણ કરવું એ ત્રીજી ભક્તિ છે. ઉપર જણાવેલ બે ભક્તિ જેટલી ઉપયોગી છે તેટલીજ આ ત્રીજી ભક્તિ પણ ઉપયોગી છે. આજ કાલ તેવા ઉદાર ગૃહસ્થો રહ્યા નથી કે જેઓ દેરાસરમાં પૈસાની જરૂર પડે કે તરતજ લાખો રૂપીઆ કાઢી આપે. એટલા માટે ટીપે ટીપે સંચિત થયેલ દેવદ્રવ્યનું રક્ષણ કરવું તે ઘણું ઉપયોગી છે; કારણ કે કોઈ વખત અકસ્માત વિજળી પડવાથી, ધરતીનો કંપ થવાથી દેરાસરો તુટી જાય છે કે કાળ આશ્રી જીર્ણ બને છે તેથી એના ઉદ્ધાર માટે દેવદ્રવ્યની ખાસ જરૂરીયાત છે.

### વાદી.

તીર્થંકર દેવ ત્યાગી વૈરાગી હોવાથી તેને દ્રવ્ય કેવી રીતે હોઈ શકે ? કે જેથી દેવદ્રવ્યની ભક્તિ રક્ષણ કરવા રૂપ તમો જણાવો છો તે સમજાવો. લોકો દીક્ષા લેતી વખતે પોતાની પાસેના તમામ દ્રવ્યનો ત્યાગ કરીનેજ દીક્ષા લે છે **तथा च कल्पसूत्र-चिच्चाधन्नं चिच्चाहिरण्णं चिच्चा सुवण्णं इत्यादि**. કલ્પ સૂત્રમાં જણાવેલું છે કે લોકો ધન, ધાન્ય, રૂપું, સોનું વિગેરેનો ત્યાગ કરી દીક્ષા લે છે અને નિષ્પરિગ્રહ વ્રત ધારણ કરી છેવટે પરમ કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરે છે. તો પછી દેવ તો દ્રવ્યનો ત્યાગ કરે છે. અને તમો તો વળી દેવને ગળે ફરી દ્રવ્ય વળગાડો છો. એ કેટલી બધી વિચિત્રતા કહેવાય ?

### શાસ્ત્રકાર.

અલબત, તમારા કહેવા મુજબ ભાવદેવ માટે જો આ દ્રવ્ય હોય તો વિચિત્રતા કહેવાય; કારણ કે દ્રવ્ય છે તેજ સંસારનું મૂળ છે. દ્રવ્ય અનેક પ્રકારના અનર્થ ઉભા કરે છે. ઝગડાનું કોઈ પણ કારણ હોય તો તે દ્રવ્યજ છે. અઢાર પાપસ્થાનક પણ આ દ્રવ્યને માટેજ સેવવા પડે છે. તેને લઈને પ્રભુજીએ સૌથી પહેલાંજ વર્ષીદાનમાં દ્રવ્યનો ત્યાગ શરૂ કર્યો, અને છેવટે દીક્ષા લીધા પહેલાં સર્વ ઉપાધી રૂપ દ્રવ્યનો પણ સર્વથા ત્યાગ કર્યો. તો પછી તેમને દ્રવ્ય હોયજ

શાનું ? આ વાત સર્વ કોઇ પણ જાણી શકે છે. દેવદ્રવ્યમાં દેવશબ્દ ચૈત્ય વાચક છે. ચૈત્ય એટલે જીન મંદિર અને તેમાં બીરાજ માન જીનપ્રતિમા. જીનપ્રતિમાજીની ભક્તિ નિમિત્તે કાઢેલ જે દ્રવ્ય તેનું નામ દેવદ્રવ્ય કહેવાય છે. હવે અહીં સ્થાપનારૂપ જીનપ્રતિમાજીની ભકિત માટે કાઢેલ દ્રવ્યનું રક્ષણ કરવા રૂપ ભકિત કહેવાથી ભાવજીન રૂપ સાક્ષાત્ તીર્થંકરને દ્રવ્ય સાથે કશો સંબંધ નથી. હવે દેવદ્રવ્ય એટલે દેવનું કમાયેલ દ્રવ્ય કે દેવની સત્તાવાળું દ્રવ્ય, એવો અર્થ થતો નથી. ઉપર અમે કહી ગયા છીએ તેમ પ્રતિમાજીની ભકિત નિમિત્તે શ્રાવકે કાઢેલ જે દ્રવ્ય તેનું નામ દેવદ્રવ્ય સમજવું. તેની રક્ષા કરવી તે દેવદ્રવ્ય રક્ષણ ભકિત કહેવાય છે.

### વાદી

કોઇ મૂળ સૂત્રમાં દેવદ્રવ્ય સંબંધી વાતજ નથી. તો પછી દેવ દ્રવ્ય રક્ષણ કરવારૂપ ભકિત તમે કયાંથી બતાવી ?

### શાસ્ત્રકાર

કોઇ મૂળ સૂત્રમાં દેવદ્રવ્ય નથી એમ તમો જણાવો છો તો શું તમે બધા સૂત્રો વાંચ્યા છે ? તેમજ મૂળ સૂત્રોમાં નથી એમ કહો છો તો શું તમે પંચાંગીને પ્રમાણ ગણુતા નથી ? એકલા મૂળ સૂત્રોને માનો છો ? તો અનુમાન થાય છે કે સ્થાનકવાસી લોકો પંચાંગી માનતા નથી તે પ્રમાણે તમે પણ માનતા હો તો તે ભૂલ છે, કારણ કે મૂળ સૂત્રોમાં જ પંચાંગી માનવી કહેલ છે અને તે પ્રમાણે આગળ પણ પંચાંગીની સિદ્ધિ પણ થઈ ચુકી છે. જેથી પંચાંગીતો માનવીજ પડશે.

### વાદી

ઠીક ત્યારે પંચાંગી અમારે પ્રમાણ છે, છતાં મૂળ સૂત્રથી દેવદ્રવ્ય સંબંધી ખુલાસો થાય તેને હું વધારે પ્રમાણભૂત ગણું છું. વળી કાળને લઇને કેટલાક ગ્રંથોમાં ફેરફાર થયેલો કહેવાય છે તો પ્રમાણિક આચાર્ય શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વર જેવા મહાન્ પુરૂષો વિગેરે વિરચિત ગ્રંથોના પુરાવા આપશો તો મારે કબુલ છે.

## શાસ્ત્રકાર.

મૂળ સૂત્ર તથા પંચાંગી તથા હરિભદ્રસૂરિ કૃત ગ્રંથથી દેવ-દ્રવ્યની સિદ્ધિ કરી બતાવું છું તે સાંભળો. તે સાથે દેવદ્રવ્યનાં રક્ષણથી, વિનાશથી, વૃદ્ધિથી, તથા ઉપેક્ષાથી કેવાં ફળો મળે છે તે પણ જણાવું છું.

**श्री ज्ञाता सूत्रमां** સૂર્યાભ દેવની માફક રાજકન્યા દ્રૌપદીએ જીન પ્રતિમાની સત્તર ભેદી પૂજા કર્યાનો સ્પષ્ટ અધિકાર છે. આમાં દ્રૌપદીએ કિંમતી વસ્ત્રયુગલ તથા આભરણો જીન પ્રતિમાને ચડાવ્યા છે. આ દેવદ્રવ્ય ગણાય છે. **भत्तपच्चक्खाण पयन्नामां** શ્રાવકોએ પોતાનું દ્રવ્ય સાતક્ષેત્રમાં વાપરવું એવું ફરમાન કરેલું છે.

## तथा च तत्पाठः

भत्तपच्चक्खाण पयन्नासूत्र.

**अनियाणो दारमणो हरिसवस विसट्ट कंबुय करालो**
**पूएई गुरु संघं साहम्मी अमाइ भत्तीए ॥ ३० ॥**
**निअदव्व मउव्व जिणिंद भवण जिणबिंब वर पइट्ठासु**
**विअरइ पसत्थ पुत्थय सुतित्थ तित्थयर पूआसु ॥ ३१ ॥**

અર્થ:—મૂળ સૂત્રના કર્ત્તા શ્રીમાન્ સુધર્મા ગણધર મહારાજ જણાવે છે કે, નિયાણા વગરનો, ઉદાર મનવાળો, હર્ષને લઇને વિક-સ્વર થયેલા છે કપોલાદિ જેના એવો શ્રાવક ગુરૂ, સંઘ, તથા સાધ-ર્મીભાઇઓની ભક્તિપૂર્વક સરલ હૃદયથી પૂજા કરે, સત્કાર કરે, તેમજ પોતાનું દ્રવ્ય અપૂર્વ જીનભુવન, જીનબિંબ અને પ્રતિષ્ઠામાં ખર્ચે; તેમજ શ્રેષ્ઠ પુસ્તક, તીર્થ, અને તીર્થંકરની પૂજા બહુ માનમાં પોતાનું ધન ખર્ચે. આ પાઠમાં જીનભુવન તથા જીનબિંબ એ બે ક્ષેત્રોમાં પણ પોતાનું ધન વાપરવા શ્રાવકને ફરમાન કરેલ છે. આ દેવદ્રવ્ય કે બીજું કાંઇ ?

**ठाणांगसूत्रना ४ ठाणे ४ उद्देसे टीकायां.**

**श्रांति पचंति तत्वार्थ श्रद्धानं निष्ठा नयंतीति श्रा स्तथा**

**वपंति गुणवत् सप्तक्षेत्रेषु धनबीजानि निक्षिपंतीति व स्तथा किरंति क्लिष्टकर्मरजो निक्षिपंतीति का स्ततः कर्मधारये श्रावका इति भवंति ॥**

અર્થ:—શ્રીમાન્ અભયદેવસૂરિ મહારાજ ચોથા ઠાણાના ચોથા ઉદ્દેશમાં શ્રાવક શબ્દનો અર્થ કરતા જણાવે છે કે, તત્વાર્થની શ્રદ્ધામાં જે એકકો છે, તેને 'શ્રા' કહીએ, તથા ગુણવાન્ સાતક્ષેત્રમાં ધનરૂપ બીજોને જે વાવે છે. તેને 'વ' કહીએ અને ક્લિષ્ટ કર્મરૂપ રજને જે ફેંકી દે છે તેને 'ક' કહીએ. ત્યારપછી કર્મધારય સમાસ કરવાથી શ્રાવકા બને છે. આ પાઠમાં શ્રાવકશબ્દનો વ્યુત્પત્તિ યુક્ત અર્થ બતાવતા સ્પષ્ટ જણાવે છે કે, પોતાનાં દ્રવ્યને સાતક્ષેત્રમાં જે ખર્ચે છે તે શ્રાવક કહેવાય છે. આ સાતક્ષેત્રમાં જીનદેરાસર તથા જીનબિંબ એ બે ક્ષેત્રોમાં દ્રવ્ય ખર્ચવા ફરમાન કરવાથી તેજ દેવદ્રવ્ય છે એમ ચોક્કસ થાય છે.

निशिथचूर्णि ११ उद्देशाके.

**चेइआणं वा तद्दव्व विणासे वा संजइकारणे वा अन्नम्मिय कम्मिवा कज्जेरायाहीणे सो राया तंकज्जं न करेइ सयंवा वुग्गहिओ वा तस्साउंट निमित्तं दगतीरे आयविज्जा ॥**

અર્થ:—શ્રીમાન્ ચૌદ પૂર્વધર ભદ્રબાહુસ્વામી વિરચિત નિશિથચૂર્ણિમાં જણાવેલું છે કે, ચૈત્યનો, અથવા ચૈત્યદ્રવ્યનો વિનાશ થતો હોય, સાધ્વીપર બળાત્કાર થતો હોય, અથવા બીજું પણ રાજા સ્વાધીન કાર્ય હોય અને તે કાર્ય રાજા પોતાની મેળે અથવા કોઈના ભમાવ્યાથી ન કરતો હોય તો તળાવની પાસે કે જ્યાં ઘણા માણસોની દૃષ્ટિ પડે એવા સ્થળે જઈ સાધુ આતાપના લઈ તેને વશ કરે.

નીચેના પાઠમાં પણ ચૈત્યદ્રવ્ય નો સ્પષ્ટ ઉલ્લેખ છે.

वसुदेवहिंडि प्रथम खंड.

**जेण चेइअद्दव्वं विणासियं तेण जिणबिंब पूजा दंसणाणं**

दितहिअयाणं भवसिद्धिआणं सम्मदंसण सुअ ओहि मणपज्ज केवलनाण निव्वाणलाभा पडिसिद्धा जाय तप्पभवा सुरमाणुसरिद्धि जाय महिमागमस्स साहुजणाओ धम्मो वएसो वितस्सणु सज्जणाय साविपडिसिद्धा तओ दीह काल ठितिअं दंसण मोहणिज्जं कम्मं निबंधइ असाय वेयणिज्जं च ॥"

**અર્થ**—પ્રાચીન આચાર્ય મહારાજશ્રીએ વસુદેવ હિંડિ નામનો ગ્રંથ બનાવેલ છે. એ ગ્રંથમાં દેવદ્રવ્યના નાશથી કેવો અનર્થ થાય છે તે બતાવતાં જણાવેલું છે કે, જે માણસ ચૈત્યદ્રવ્યનો નાશ કરે છે તે જીન પ્રતિમાની પૂજા અને દર્શનથી આનંદિત થનારા ભવ્ય જીવોના સમ્યગ્દર્શન, શ્રુત, અવધિ, મનઃપર્યય, અને કેવળજ્ઞાન તથા નિર્વાણના લાભોનો પ્રતિષેધ કરે છે. વળી તેથી પ્રાપ્ત થનારી દેવ મનુષ્યની ઋદ્ધિ, આગમનો મહિમા, સાધુઓથી થનારો ધર્મોપદેશ અને તેનું પ્રવર્તન એ સર્વનો પણ નિષેધ કરે છે. તેથી તે દેવદ્રવ્યનો વિનાશ કરનાર દીર્ઘકાલની સ્થિતિવાળું દર્શન મોહનીય અને અશાતા વેદનીય કર્મ બાંધે છે. આ પાઠની અંદર ચૈત્યદ્રવ્ય સંબંધી સ્પષ્ટ ખુલાસા છે. તે પણ સાથે જણાવેલ છે.

### વાદી.

આ પાઠમાં કેવળજ્ઞાન તથા મોક્ષ જેવા ઉત્તમ લાભોનો દેવ દ્રવ્યના વિનાશથી પ્રતિષેધ થાય છે એમ જણાવેલ છે. એ વાત બહુજ મનન કરવા જેવી છે. તો ચૈત્યદ્રવ્યમાં એવી કઈ શક્તિ છે કે જેનાથી મોક્ષ જેવા લાભો તથા દેવ મનુષ્યની ઋદ્ધિ તથા પરમ જ્ઞાન સુધીના લાભો તે મેળવી આપે ? આ બાબત નો સ્પષ્ટ ખુલાસો કરવાની જરૂર છે.

### શાસ્ત્રકાર.

અલબત, એ વાત ઘણી જ વિચારણીય છે; કારણ કે દેવ દ્રવ્ય નો ઉપયોગ કયા કયા ખાતામાં કરવો એનો સ્પષ્ટ ખુલાસો તેમજ ચાલતી અવિચ્છિન્ન પરંપરા અદૃશ્ય થયેલ હોય તેમ જણાય છે. અને

આ અદશ્ય થવાનું કારણ પણ પ્રબળ હોય એમ લાગે છે.) આગળ ઉપર જણાવવામાં આવતી ગાથાઓમાં જણાવેલ બીનાથી તથા ઉપરના પાઠથી દેવદ્રવ્ય પ્રવચનની વૃદ્ધિ કરવામાં તથા જ્ઞાન દર્શન ગુણોની શોભા (વૃદ્ધિ) કરવામાં વપરાતું હોવું જોઇએ એ વાત **जिण पवयण वुड्ढि करं** વિગેરે ગાથાઓથી સાબીત થાયછે. એટલે જીન પ્રવચનની વૃદ્ધિ તથા જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ કરવામાં દેવદ્રવ્યનો ઉપયોગ કેવી રીતે કરવો કે જેથી ઉપર જણાવેલ અપૂર્વ લાભોની પ્રાપ્તિ થાય, તે હાલ તાદશ ગુરૂગમની ખામીને લીધે આપણે કહી શકતા નથી; છતાં એ પ્રણાલિકાનો પણ સકારણ નાશ થયેલ હશે એમ જણાય છે. જીનપ્રવચનની વૃદ્ધિ કરવાને બદલે લોકો દેવદ્રવ્ય પોતાના ઉપયોગમાં લેવા લાગ્યા હોય, અને ત્યારથી એ પ્રણાલિકા બદલવા માટે દ્રવ્યસપ્તતિ વિગેરે ગ્રંથો લખાયા હોય તો તે સંભવિત છે. બીજી રીતે આ પાઠનો વિચાર કરતાં એમ પણ સમજાય છે કે જીર્ણોદ્ધારાદિ કાર્યમાં એ દ્રવ્ય ખર્ચાય, નવીન જીનપ્રતિમાજી ભરાવાય અને જ્યાં દેરાસર ન હોય ત્યાં નવીન દેરાસર સગવડ મુજબ બનાવવા માં આવે, એવા કામોમાં દેવદ્રવ્યનો વ્યય થવાથી તેમાં પધરાવેલા જીન પ્રતિમાજી દ્વારા ઘણા ભવ્ય જીવો દર્શન પૂજા વિગેરેનો લાભ લઈ પોતાનાં સમકિતને નિર્મળ કરે તેમજ જ્ઞાનાદિ ગુણોને પણ નિર્મળ કરે, વળી દેરાસરને લઇને ઘણા જીવો ધર્મની અંદર ટકી રહેવાના ઘણા દાખલાઓ મોજુદ હોવાથી તેમની જીનપ્રવચનની વૃદ્ધિ તથા જ્ઞાનાદિગુણની વૃદ્ધિ થવાનો પણ સંભવ રહે છે. આથી દેવદ્રવ્ય ઘણુંજ ઉપયોગી છે તે ચોક્કસ થાય છે; પણ જો તે દેવદ્રવ્ય એક દેરાસરવાળા બીજા દેરાસરના જીર્ણોદ્ધારાદિ કાર્યમાં ન આપતા હોય અને મમતાથી પોતાનું માની તેના ઉપર સત્તા ચલાવતા હોય, તેનો સદ્વ્યય ન કરતા હોય તો પછી દેવદ્રવ્યનો ઉપર જણાવેલ અપૂર્વ લાભ તેઓ કોઇને આપી શકતા નથી, અને તેને પરિણામે અનેક ભાંજગડો ઉભી થવા સંભવ રહે છે. અને થતી જોવામાં આવે છે. એમ અમોને જણાય છે.

વળી તે માટે બીજા ગ્રંથોમાં શું કહ્યું છે તે બતાવું છું. ૧૪૪૪

ગ્રંથના કર્તા શ્રીમન્ હરિભદ્રસૂરિ મહારાજ સંબોધપ્રકરણમાં દેવદ્રવ્ય સંબંધી જણાવે છે કે,

नहुं देवाणविदव्वं संगविमुक्काणजुज्जए किमवि ।
नियसेवगवुद्धिए कप्पियं देवदव्वं तं ॥ ९० ॥

અર્થ:—નિ:સંગ એવા પરમાત્માને માટે કાંઇ પણ દ્રવ્ય જોઇતું નથી, પણ પોતે ભક્ત છે એમ ધારી કોઇ પોતાનાં દ્રવ્યમાંથી અમુક ભાગ ભક્તિ માટે કલ્પી કાઢે તેને દેવદ્રવ્ય કહેવામાં આવે છે. ૯૦

किज्जइपूया णिच्चं वुच्चिज्जइ मे कया जिणिंदाणं ।
पूया तहेव देवाण दव्वमिइ लोयजण भासा (९२)

અર્થ:—જીનેશ્વર દેવની પૂજા નિત્ય કરાય છે, અને કરનાર કહે છે કે મેં જીનેશ્વરની પૂજા કરી, પણ તેથી જીનેશ્વરને સરાગપ-ણાનો પ્રસંગ આવતો નથી. તેમ જીનભક્તિ નિમિત્તે કલ્પેલું દ્રવ્ય લોક ભાષામાં દેવદ્રવ્ય કહેવાય છે, પણ તેથી દેવને સરાગપણાનો પ્રસંગ આવતો નથી. ૯૨

अज्झप्पनाण दंसण सासयसिरिपयडणत्थ मेसविही ।
नीइसमज्जियं सुद्धं दव्वं ठाविज्ज भत्तिकए ( ९३ )

અર્થ:—ગૃહસ્થને માટે અધ્યાત્મ જ્ઞાન, દર્શન અને શાશ્વત લક્ષ્મીને પ્રગટ કરવાની એ વિધિ છે કે, નીતિથી કમાયેલું શુદ્ધ દ્રવ્ય દેવની ભક્તિ નિમિતે સ્થાપવું. ૯૩

अग्गपूयजणियं निम्मल्लं असइ भोगनट्ठं जं ।
नो लोए मानहरं चेइअदव्वंमि ठाविज्जा ( ९४ )

અર્થ—અગ્રપૂજામાંથી ઉત્પન્ન કરેલું નિર્માલ્ય, અનેક વાર ભોગવવાથી બગડી ગયેલું અને લોકમાં માનહાનિ કરનારૂં દ્રવ્ય દેવદ્ર-વ્યમાં સ્થાપવું નહીં. મતલબ કે નિર્માલ્ય વેચી પૈસા ઉપજાવી દેવદ્ર-વ્યમાં નાખવા નહીં. ૯૪

पवरगुणहरिसजणयं पहाणपुरिसेहिं जं तयाइस्सं ।
एगाणेगेहिं कयं धीरा तं बिंति जिणदव्वं ( ९५ )

અર્થ:—ઉત્તમ હર્ષને કરનારા, પ્રધાન પુરૂષોએ આચરેલા તથા એક અથવા અનેક વ્યક્તિઓથી એકત્ર થયેલા દ્રવ્યને ધીર પુરૂષો જીન દ્રવ્ય કહે છે. ૯૫.

मंगलदव्वं निहिदव्वं सासयदव्वं च सव्वमेगट्ठा
आसायण परिहारा जयणाए तं खु ठायव्वं ( ९६ )

અર્થ:—મંગલદ્રવ્ય, નિધિદ્રવ્ય અને શાશ્વતદ્રવ્ય એ સર્વ ચૈત્યદ્રવ્યના સમાનાર્થ પર્યાય નામો છે. એ દ્રવ્યનો નાશ ન થાય તેવી રીતે જયણા પૂર્વક રાખવું. ૯૬

जिणपवयणवुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं
वुड्ढंतोजिणदव्वं तित्थयरत्तं लहइ जीवो ( ९७ )

અર્થ:—જીનપ્રવચનની વૃદ્ધિ કરનાર, જ્ઞાન દર્શનના ગુણોને શોભાવનાર, એવા જીનદ્રવ્યને વધારનાર જીવ ઉત્કૃષ્ટ ભાવે તીર્થંકર પદને પામે છે. ૯૭

जिणपवयण वुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं ।
रक्खंतो जिणदव्वं परित्तसंसारिओ होइ ( ९८ )
जिणपवयणवुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं ।
जिणधम्म मुविक्खमाणो दुल्लहबोहिं कुणइ जीवो ( ९९ )
जिणपवयण वुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं ।
भक्खंतोजिणदव्वं अणंतसंसारीओ होइ ( १०० )
जिणपवयण वुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं ।
दोहंतो जिणदव्वं दोहिच्चं दुग्गयं लहइ ( १०१ )

અર્થ:—જીન પ્રવચનની વૃદ્ધિ કરનાર, જ્ઞાન દર્શનના ગુણોને શોભાવનાર એવા જીનદ્રવ્યની રક્ષા કરનાર જીવ અલ્પસંસાર કરે

છે. (૯૮) જીનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાનદર્શનના ગુણોને શોભાવનાર એવા જીનધનની ઉપેક્ષા કરે તો જીવ બોધિ બીજ—સમકિતને દુર્લભ કરે છે. (૯૯) જીનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાનદર્શનના ગુણોને શોભાવનાર એવા જીન દ્રવ્યનો નાશ કરનાર જીવોને અનંત-સંસારી કહ્યા છે. ( ૧૦૦ ) જીનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન દર્શનના ગુણોને શોભાવનાર એવા જીન દ્રવ્યનો વ્યાજ દ્વારા નફો ખાનાર જીવ દુર્ભાગ્ય અને દરિદ્રાવસ્થાને પામે છે. (૧૦૧) વિવેચન—આ પાંચ ગાથામાં સ્પષ્ટ જણાવવામાં આવેલ છે. કે—જીનપ્રવચન તે ચતુર્વિધ સંઘ અને જ્ઞાનદર્શન રૂપગુણોને શોભાવનાર એવા દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાથી જીવો તીર્થંકર નામગોત્ર બાંધે છે. તેનું રક્ષણ કરનાર અલ્પસંસાર કરે છે. ઉપેક્ષા કરનાર દુર્લભ બોધીપણું કરે છે. તેનો નાશ કરનાર અનંત સંસાર વધારે છે. અને તેનું વ્યાજ ખાનાર દુર્ગતિને પામે છે. આ મુજબ હરિભદ્રસૂરીશ્વર મહારાજના સ્પષ્ટ શબ્દ છતાં દેવદ્રવ્ય તે કલ્પીત છે અને આધુનીક છે વગેરે વાતો કરી દેવદ્રવ્યના સંબંધમાં તમારે કાંઈ પણ શંકા રાખવાની જરૂર નથી. દેવદ્રવ્યના] સંબંધમાં આ વિગેરે પાઠો તથા આગળ બતાવવામાં આવતા અનેક પાઠોથી દેવદ્રવ્ય સિદ્ધ જ છે. માત્ર તેનો ઉપયોગ કેવી રીતે કરવો કે જેથી ઉપર જણાવેલ ચતુર્વિધ સંઘ તથા જ્ઞાનદર્શન ગુણોની શોભા વધે, તેજ માત્ર પ્રશ્ન છે. આ ગાથાઓના સંબંધમાં મારા ખ્યાલ મુજબ મેં ઉપર લેખ કરેલ છે, છતાં વિશેષ ખુલાસો કોઇ મહાત્મા તરફથી બહાર પાડવામાં આવશે તો ચતુર્વિધ સંઘ ઉપર મહાન્ ઉપકાર થશે. ( ૧૦૧ )

जिणवर आणारहियं वद्धारंतावि जिणदव्वं
बुड्डंति भवसमुद्दे मूढा मोहेण अन्नाणी ( १०२ )
चेइयदव्वं साहारणंच भक्खे विमूढमणसावि ।
परिभमइ तिरियजोणीसु अन्नाणित्तं सया लहइ (१०३)
भक्खेइ जो उविक्खेइ जिणदव्वंतु सावओ ।
पन्नाहीणो भवे जीवो लिप्पइ पाव कम्मुणा ( १०४ )

चेइयदव्व विणासे रिसिघाए पवयणस्स उड्डाहे
संजईचउत्थवयभंगे मूलग्गी बोहिलाभस्स ॥ (१०५)

**અર્થ:**—કેટલાક મોહમાં મુંઝાયેલા અજ્ઞાનીઓ જીનાજ્ઞાની વિરૂદ્ધ જીન દ્રવ્યને વધારતાં છતાં પણ ભવસમુદ્રમાં ડુબે છે. તેથી જેમાં આરંભ ઘણો રહેલો છે, એવા ખાતામાં પૈસા ધીરી દેવદ્રવ્ય વધારવું નહીં. (૧૦૨) ચૈત્ય અને સાધારણ દ્રવ્યને જે અજ્ઞાનપણે પણ ભક્ષણ કરે છે તે માણસ તિર્યંચ યોનિ વિષે ભમે છે અને સદા અજ્ઞાનપણાને પામે છે. (૧૦૩) જે શ્રાવક જીન દ્રવ્યને નાશ કરે છે અથવા તેની ઉપેક્ષા કરે છે તે બુદ્ધિહીન થાય છે અને પાપ કર્મથી લેપાય છે. (૧૦૪) ચૈત્ય દ્રવ્યને નાશ કરવાથી, ઋષિનો ઘાત-હત્યા કરવાથી, પ્રવચનની હીલણા કરવાથી અને સાધ્વીના ચોથા વ્રતનો ભંગ કરવાથી બોધિબીજનો નાશ થાય છે. (૧૦૫)

चेइयदव्वविणासे तद्दव्वविणासणे दुविह भेए।
साहू उविक्खमाणो अणंत संसारिओ भणिओ ॥ १०६ ॥
चेइयदव्वं साहारणंच जो दुहइ मोहियमइओ।
धम्मंच सो नयाणइ अहवा बद्धाउओ नरए ॥ १०७ ॥
जिणदव्वलेसजणियं ठाणं जिणदव्वभोयण सव्वं।
साहूहिं चइयव्वं जइ तंमि वसिज्ज पच्छित्तं ॥ १०८ ॥

**અર્થ:**—ચૈત્ય દ્રવ્યના વિનાશમાં અથવા ચૈત્ય દ્રવ્યથી ઉત્પન્ન થયેલ દેરાસરનો સરસામાન વિગેરેના નાશમાં છતિ શક્તિએ ઉપેક્ષા કરતા સાધુને પણ અનંત સંસારી કહ્યો છે. (૧૦૬) જે મૂઢમતિ મનુષ્ય ચૈત્યદ્રવ્ય અથવા સાધારણ દ્રવ્યનો નફો પોતે ખાય છે તે ધર્મને જાણતો જ નથી અથવા તો તેણે નરકગતિનું આયુષ્ય બાંધી લીધું છે. ( ૧૦૭ ) જીન દ્રવ્યનાં લેશ માત્રથી પણ બનાવેલ ઉપાશ્ર-યાદિ મકાન અને જીનદ્રવ્ય ખાનારના ઘરનું ભોજન એ બન્ને સાધુ-ઓએ સર્વ પ્રકારે છોડવા જોઇએ. મતલબ કે જે મકાનમાં જીનદ્રવ્ય થોડું ઘણું પણ ખર્ચાયું હોય તેવા મકાનમાં સાધુઓએ બીલકુલ

ઉતરવું નહીં, તેમજ જે માણસે દેવદ્રવ્યનો નાશ કરેલ હોય તેના ઘરની ભીક્ષા પણ સાધુને લેવી કલ્પે નહીં અને કદાચ એવા ઉપાશ્રયાદિમાં ઉતરે તથા તેવા માણસનાં ઘરની ભીક્ષા લે તો તેને પ્રાયશ્ચિત લાગે છે. (૧૦૮) આ મુજબ અનેક સૂત્ર પંચાંગી તથા પ્રાચીન ગ્રંથોમાં દેવદ્રવ્ય સંબંધી અધિકાર છે. આ વાત સિદ્ધ થઇ. હું ધારૂં છું કે હવે તમને દેવદ્રવ્ય બાબત શંકા નહી રહી હોય.

## ' श्राद्धगुण विवरणे '

देवद्रव्येण या वृद्धि गुरूद्रव्येण यद्धनं ।
तद्धनं कुलनाशाय मृतोऽपि नरकं व्रजेत् ॥ १ ॥

**અર્થ:**—શ્રીમાન્ જીન મંડન ગણિ વિરચિત શ્રાદ્ધગુણ વિવરણમાં તેઓશ્રી માર્ગાનુસારીના પાંત્રીશ ગુણનું વિવરણ કરતાં પ્રથમ ગુણમાં દેવદ્રવ્ય સંબંધી લખે છે કે, દેવદ્રવ્ય વડે જે માણસ પૈસાની વૃદ્ધિ કરવાને ઇચ્છે છે તેમજ ગુરૂદ્રવ્યથી જે માણસ ધનવાન થવાને ઇચ્છે છે તે ધન તે માણસના કુળનો નાશ કરનાર બને છે અને તે માણસને મરવા પછી પણ નરકમાં લઇ જાય છે આમ સમજી પોતાનું હિત ઇચ્છનાર દરેક માણસે દેવદ્રવ્યથી પોતાના ધનની વૃદ્ધિ કરવામાંથી દૂર રહેવું. અહીં દેવદ્રવ્યનો ઉલ્લેખ સ્પષ્ટ છે.

## ' दानकुलके '

जिणभवण बिंब पुत्थय संघसरूवेसु सत्तरिवत्तेसु
वविअंधणंपि जायइ सिवफलय महो अणंतगुणं ॥ २० ॥

**અર્થ:**—દાનાદિ કુલકના કર્ત્તા શ્રીમાન્ જીનલાભકુશલ ગણિ પોતે જણાવે છે કે, જીનભુવન, જીનબિંબ, પુસ્તક–અને ચતુર્વિધ સંઘ–સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા રૂપ–એ સાત ક્ષેત્રોમાં ખર્ચેલ ધન અનંતગણું ફળ આપે છે. સારાંશ કે શ્રાવકોએ પોતાનું ધન સાતક્ષેત્રોમાં ખર્ચવું કે જેથી કરીને અનંતગણું ફળ મળે, અને

છેવટે મોક્ષ ફળ પણ મળે. આ પાઠમાં જીનભુવન અને જીનબિંબમાં દ્રવ્ય ખર્ચવા જણાવેલ છે. તેજ દેવદ્રવ્ય છે.

## ' वस्तुपाल चरित्रे '

द्वात्रिंशत द्रम्मलक्षैरेकदा रैवताचले ।
नेमीश्वरस्यानुपमा पूजां चक्रे प्रमोदतः ॥ १ ॥

અર્થઃ—શ્રીમાન્ જીનહર્ષ ગણિ વિરચિત વસ્તુપાલ ચરિત્રમાં જણાવેલ છે કે, વસ્તુપાલ અને તેજપાળ મંત્રી સંઘ લઈને ગિરનાર પર જાત્રા માટે ગયા હતા. તેજપાળની પત્ની અનુપમા દેવીએ બત્રીશ લાખ સોનામોહોરની કિંમતના આભૂષણોથી એક દીવસે રૈવતાચળપર નેમિનાથ પ્રભુની પૂજા કરી હતી. અને ત્યાર પછી તે જોઈને તેજપાળે તથા લલિતાદેવીએ—પણ તેજ મુજબ પૂજા કરી હતી. તે ઉપરાંત ઘણે ઠેકાણે લાખો રૂપીઆ, ગામો તથા સુવર્ણના કળશો દેરાસરમાં બક્ષીસ કરતાં આવ્યા હતા. આ બધું દેવદ્રવ્ય જ છે.

## ' प्रश्नोत्तर समुच्चये ४ प्रकाशे '

देवद्रव्यभक्षकगृहे जेमनाय गन्तुंकल्पते नवेति ? गमनेवा तज्जेमननिष्क्रियद्रव्यस्य देवगृहे मोक्तुमुचितं नवेति ? अत्र मुख्य वृत्त्या तद्गृहे भोक्तुं नैव कल्पते यदि कदाचित् परवशतया जेमनाय याति तथापि मनसि सशूकत्वं रक्षति नतु निःशूको भवति जेमन निष्क्रिय द्रव्यस्य देवगृहे मोचने विरोधो भवति ततस्तदाश्रित्य दक्षत्वं विलोक्यते यथाग्रेऽनर्थ वृद्धि र्न भवति तथा प्रवर्तते इति ॥ सु साधुना तन्निश्रित माहारादिकं न ग्राह्यं ।

यतः–जिणदव्वरूणं जो धरेइ तस्य गेहंमि जो जिमइ सड्ढो पावेण परिलिंपइ गिह्णांतोवि हु जइ भिख्खंक.

**અર્થ**: શ્રીમાન્ અકબર પાદશાહના પ્રતિ બોધક હીરવિજયજી સૂરિ મહારાજ સ્વકૃત પ્રશ્નોતર સમુચ્ચય નામના ગ્રંથમાં દેવ દ્રવ્યને આશ્રી જણાવેછે કે, દેવદ્રવ્યના ખાનારને ત્યાં જમવા જવું શ્રાવકને કલ્પે કે નહીં? તેમજ કદાચ તેને ત્યાં જમ્યા તો તે પેટે અમુક દ્રવ્ય દેવદ્રવ્યમાં નાખવું યોગ્ય છે કે કેમ? આ બે પ્રશ્નના ઉત્તરમાં તેઓ શ્રી જણાવે છે કે, મુખ્યત્વે કરીને દેવ દ્રવ્યના ખાનારને ત્યાં જમવુંજ કલ્પે નહી, પણ કદાચ પરાધીનપણાને લઇ જમવું પડે તો મનમાં સશુકપણું રાખવું એટલેકે પશ્ચાત્તાપવાળી વૃત્તિ રાખવી. પણ નિધ્વંસપણું રાખવું નહીં, તેમજ જમવા પેટે પૈસા દેવ દ્રવ્યમાં નાખ વાની સામા માણસને ખબર પડવાથી જો વિરોધ થવાનો સંભવ હોય તો તે આશ્રી ડાહાપણ ભરી રીતે વર્તવું કે જેથી આગલ અનર્થ નીવૃધ્ધિ ન થાય. મતલબ કે નિધ્વંસપણું ટાળવા ખાતર જમવા પેટે પૈસા દેવ દ્રવ્યમાં એવીરીતે નાખવા કે સામાને ખબર પણ પડે નહીં, અને પોતાને નિધ્વંશપણું થવાનો વખત પણ ન આવે. આ મુજબ વર્ત્તવું. વળી—

## उपदेश तरंगिणी.

**पुष्पाद्यर्चा तदाज्ञा च तद् द्रव्यपरिरक्षणं।**
**उत्सव स्तीर्थयात्राच भक्तिः पंचविधा जिने ॥ १ ॥**

**અર્થ**:—ઉપદેશ તરંગિણી ગ્રંથના કર્તા શ્રીમાન્ સોમસુંદર ગણિ જણાવે છે, કે પ્રભુની પાંચ પ્રકારની ભક્તિ કરનાર માણસ આખરે પરમ પદને પામે છે. પુષ્પાદિથી પ્રથમ ભક્તિ, પ્રભુની આજ્ઞા માનવી તે બીજી ભક્તિ, દેવ દ્રવ્યનું રક્ષણ કરવું તે ત્રીજી ભક્તિ, ઉત્સવ કરવો તે ચોથી ભક્તિ, અને તીર્થની યાત્રાં કરવી એ પાંચમી ભક્તિ છે. આ પાંચ પ્રકારની ભક્તિમાં ત્રીજી ભક્તિ દેવ દ્રવ્ય રક્ષણ નામની સ્પષ્ટ બતાવેલ હોવાથી તેમાં પણ દેવ દ્રવ્યનો ઉલ્લેખ સ્પષ્ટ છે. આ ઉપરાંત શ્રાવક દીનકૃત્ય, દર્શન શુદ્ધિ, શ્રાદ્ધવિધિ, સંબોધ સપ્તતિકા, દ્રવ્ય સપ્તતિકા વિગેરે ગ્રંથોમાં પણ દેવ દ્રવ્ય સંબંધી

સ્પષ્ટ અધિકાર છે. આ પ્રમાણે જૈન શાસ્ત્રકારો દેવ દ્રવ્ય સંબંધી જણાવે છે. વળી દિગંબરાચાર્ય પણ દેવદ્રવ્ય સંબંધી નીચે મુજબ કહે છે.

वरंहालाहलादीनां भक्षणं क्षणदुःखदं ।
निर्माल्यभक्षणं चैव दुःखदं जन्मजन्मनि ।
वरंदावानले पातः क्षुधया वा मृतिर्बरं ।
मुर्ध्नि वा पतितं वज्रं नतु देव स्वभक्षणं ॥ २ ॥
ज्ञात्वेति जिननिग्रंथ शास्त्रादीनां धनं नही ।
गृहीतव्यं महापापकारणं दुर्गतिप्रदं ॥ ३ ॥

અર્થ—દિગંબરાચાર્ય દેવદ્રવ્ય સંબંધી જણાવે છે કે, હાળાહલ ઝેર ખાવું તે ઘણું સારૂં છે; કારણકે તે માત્ર ક્ષણ વાર દુઃખ આપે છે પણ દેવ, નિર્માલ્યનું ભક્ષણ કરવું તે સારૂં નથી; કારણ કે તે ભવોભવ દુઃખ આપનાર છે. દાવાનલમાં પડવું સારૂં છે, ક્ષુધાથી મરવું સારૂં છે, અને મસ્તક ઉપર વજ્ર પડે તે પણ સારૂ છે, પણ દેવ દ્રવ્યનું ભક્ષણ કરવું તે સારૂં નથી, એમ જાણી તે દેવદ્રવ્ય મુનિ દ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય, સાધારણ દ્રવ્ય વિગેરેનું ધન કદિપણ ગૃહણ કરવું નહીં; કારણ કે તે મહા પાપનું કારણ છે તથા દુર્ગતિ આપનાર છે. દિગંબરાચાર્ય પણ આ પ્રમાણે જણાવે છે.

## વાદી.

હું કબુલ કરૂં છું કે દેવદ્રવ્ય શાસ્ત્ર સંમત છે અને ખાસ ઉપયોગી છે. હવે માત્ર એટલુંજ જાણવા ઇચ્છું છું કે દેવદ્રવ્યના રક્ષણથી અને તેના નાશથી કોને ફાયદો થયો અને કોને ગેરફાયદો થયો અને તે કેવીરીતે થયો તે જણાવો.

## શાસ્ત્રકાર

શાસ્ત્રમાં દેવ દ્રવ્યના રક્ષણ અને નાશને અંગે થતા ફાયદા અને ગેરફાયદા ઉપર અનેક દષ્ટાંતો આપ્યા છે, તેમાંથી માત્ર બે બતાવું છું તે સાંભળો અને કેવીરીતે ફાયદો થયો તે પણ જણાવું છું.

આ ચાલતા કળીકાળની અંદર મનુષ્યોને માત્ર જીન દેરાસર અને પ્રભુની વાણી એ બેનોજ આધાર છે. આ બેમાં પણ જ્ઞાન કરતાં જીન પ્રતિમાનો વધારે આધાર છે. જ્ઞાની માણસ વા બુદ્ધિવાળો માણસ શાસ્ત્રથી ફાયદો મેળવશે પણ જીન પ્રતિમાથી સામાન્ય બુદ્ધિવાળો પણ પ્રભુદર્શન કરી અમુક સમય શાંતિ મેળવે છે. જો દેરાસર ન હોય તો સંસારની અનેક ઉપાધિથી કંટાળેલ જીવોને શાંતિ માટે કયાં જવું ? કયા આલંબનથી આગળ વધવું ? માટે આલંબનની ખાસ જરૂરીયાત છે. મનુષ્યો પરમાત્માની સન્મુખ કલાક બે કલાક સુધી બેસી તેઓની શાંત પ્રકૃતિ નિરખી પોતામાં તે ગુણ પ્રાપ્ત કરવાને ઉજમાલ બને છે. પરમાત્માની પ્રતિમાનેજ પરમાત્મરૂપ માની તેમાં આલંબનથી અનેક જીવો આ ભવોદધિ પાર પામ્યા છે અને પામશે. જો આ આલંબન ન હોય, કદાચ આલંબન હોય તો પણ જીર્ણ દશાને પામેલ હોય, વિનાશ થવાની તૈયારીમાં હોય, છિન્ન ભિન્ન દશામાં હોય તો પ્રભુદર્શન કે પૂજાથી એવો આનંદ થતો નથી. જે આનંદ સુંદર જીનપ્રતિમાજી તથા સુંદર જીનદેરાસરજીને જોઇને થાય છે. આ વાત અનુભવ સિદ્ધ છે. જે દીવસે આંગીપૂજા હોય છે તે દીવસે પ્રભુ પ્રતિમાજીને નિહાળીને અપૂર્વ આનંદ મળવા સાથે પ્રભુ જાણે સાક્ષાત્ સમવસરણમાં બીરાજમાન થઇ ભવ્ય પુરૂષોને ઉપદેશ આપતા હોય એવો ભાવ ઉત્પન્ન થાય છે. આવી ભવ્ય મૂર્ત્તિ નિહાળીને અનેક ભવિજીવો પોતાનાં કર્મને ઓછા કરવા સાથે સમ્યગ્ જ્ઞાનાદિની પ્રાપ્તિ કરે છે અને અનુક્રમે જ્ઞાનથી આગળ વધતો વધતો છેવટે પરમપદ પ્રભુના આલંબનથી મેળવે છે. આ પરમપદ પ્રાપ્ત કરવામાં આલંબનની ખાસ જરૂરીયાત છે. અને આલંબનો જેમ બને તેમ સારા રાખવા કે જે જોવાથી માણસને અપૂર્વ આનંદ થાય. આ આલંબનો સારા રાખવા સારૂ ખાસ ધનની જરૂરીયાત છે—આ ધનની હરવખતે જરૂરીયાત પડે છે, પણ આજ કાલ એવા ભાવિક શ્રાવકો રહ્યા નથી કે જે જરૂર પડે કે તરત ઘરના હજારો રૂપીઆ કાઢી આપે. એટલા માટેજ દેવદ્રવ્યની ખાસ આવક કરી જણાય છે અને તે દ્વારા કટકે કટકે જે રકમ એકઠી થઇ હોય છે તે પ્રતિમાજી—તથા

દેરાસરના ઉપયોગમાં લેવામાં આવે છે. અને આ દ્રવ્યથી આલંબનો ઘણા સારા રાખી શકાય છે. તેમજ આલંબનથી અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર થાય છે. તેમજ સ્વધર્મમાં પણ આલંબનથી જ અનેક જીવો ટકી રહે છે. હવે આવા મહાન્ ઉપયોગી દેવદ્રવ્યની ઉપયોગીતા અને તેનું ફળ બતાવે છે.

## દ્રવ્ય સપ્તતિકામાંથી પ્રાચીન કૃત ગાથાઓ.

**पमायमित्त दोसेण जिणारिच्छा जहा दुहं ॥**
**पत्तं संगास सड्ढेण तहा अन्नोवि पाविही (६०)**
**संकास गंधिलावइ सक्कावयारंमि चेइए कहवि ॥**
**चेइयदव्वुव्वयोगी पमायओ मरण संसारे ॥ ६१ ॥**

અર્થ:—પ્રમાદ માત્ર દોષથી આલોયણા નહીં લેનાર એવા સંકાશ નામના શ્રાવકે જેમ દુઃખ પ્રાપ્ત કર્યું તેમ તેની માફક વર્તવાથી બીજા લોકો પણ દુઃખ પામશે. આ શંકાશ નામનો શ્રાવક ગંધિલાવતી નગરીમાં રહેતો હતો, અને શક્રાવતાર નામના ચૈત્યની સંભાળ રાખતો હતો તેણે દેવદ્રવ્યનો ઉપયોગ પ્રમાદથી પોતાના કાર્યમાં કર્યો, તેથી મરણ પામી ઘણા સંસારમાં ભમ્યો.

વિવેચન:—આ સંકાશનામનો શ્રાવક પ્રથમથીજ સંસાર ઉપરથી કંટાળેલ હોવાથી ઘણો વૈરાગ્યવાન બન્યો હતો. તે શ્રાવકના વ્રત નિયમો બરોબર પાળતો હતો, અને સારા વ્યવહારવાળો હતો. તે ગંધિલાવતી નગરીમાં રહેતો હતો તેને ધર્મિષ્ઠ જાણી સંઘના માણુસોએ દેરાસરનો તમામ વહિવટ સંકાશને સોંપ્યો હતો અને તે સારી દાનતથી કામ કરતો હતો. કોઇ એક વખતે પોતાને વેપારમાં ખોટ જવાથી તેની પાસે પૈસો ન રહ્યો, તેથી દેવદ્રવ્યનો કેટલોક પૈસો પોતાના ઉપયોગમાં લીધો. આખર સ્થિતિએ તેણે વાપરેલા પૈસાને પાછા આપી શકયો નહીં, તેમજ સંઘને તથા ગુરૂને જણાવી તેના દોષથી મુક્ત પૂર્ણ પણ થયો નહીં. જેથી એ સ્થિતિમાં મરણ પામી તેને અનેક ભવમાં ભ્રમણ કરવું પડયું. (૬૦–૬૧)

**तगराए इब्भ सुत्रो जाओ तं कम्म सेसयाउअ**
**दारिद्दम संपत्ती पुणो पुणो चित्तनिव्वेओ ॥ ६२ ॥**
**केवलि जोगे पुच्छा कहणे बोही तहेव संवेओ**
**किं इत्थ मुचिअ मिहिं चेइयदव्वस्स वुड्ढित्ति ॥ ६३ ॥**

**અર્થ**:—અનુક્રમે તે સંકાશ શ્રાવકનો જીવ કોઇ નગરમાં એક શેઠને ઘરે પુત્રપણે ઉત્પન્ન થયો, ત્યાં પણ પૂર્વે બાંધેલ કર્મ શેષ રહેલ હોવાથી તેને દારિદ્રય, નિર્ધનતા અને વારંવાર ચિત્તને ખેદના કારણો પ્રાપ્ત થયા. એક વખતે તેને કેવળી ભગવંતનો યોગ થયો અને તેણે તેને પોતાનાં દારિદ્રપણાનું કારણ પૂછયું. કેવળીભગવાને તેના પૂર્વભવનું વૃત્તાંત તેને કહી સંભળાવ્યું. તેથી તે સમક્તિ તેમજ સંવેગ પામ્યો. પછી તેણે ગુરૂને પૂછયું કે " હવે મારે શું કરવું ઉચિત છે ? " ગુરૂમહારાજે કહ્યું કે " ચૈત્ય દ્રવ્યની વૃદ્ધિ કર. "

**વિવેચન**—આ સંકાશ નામના શ્રાવકનો જીવ અનેક ભવમાં પર્યટન કરતા અકામ નિર્જરાના યોગે કાંઇક પુન્યની રાશિ વધવાથી કોઇ એક નગરમાં એક શેઠને ઘરે પુત્રપણે ઉત્પન્નથયો, પણ પૂર્વનું કર્મ હજી બાકી રહેવાથી પોતાનું તમામ ધન નષ્ટ થયું અને તે નિર્ધન દુઃખી થઇ ગયો. પછી કોઇ શુભ કર્મના યોગે તેને કેવળી ગુરૂમહારાજનો સમાગમ થતાં તેણે પોતાના પૂર્વભવનું વૃત્તાંત ગુરૂ મુખથી જાણ્યું, અને દેવદ્રવ્યનાં વિનાશનું આવું નિકૃષ્ટ પરિણામ જાણી ગુરૂના કહેવાથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવા તરફ તેનું લક્ષ દોરાયું. એક બાજુ જેમ દેવ દ્રવ્યની વૃદ્ધિ કરવા લાગ્યો. તેમ બીજી બાજુ તેના પોતાનાં ધનની પણ વૃદ્ધિ થવા લાગી. ॥ ૬૨-૬૩ ॥

**गासच्छायणमित्तं मुत्तं जं किंचि मज्झ तंसव्वं**
**चेइयदव्वं नेयं अभिग्गहो जावजीवाए ॥ ६४ ॥**
**सुहभाव पवित्तीए संपत्ती भिग्गहंमि निच्चलया**
**चेइहर कारावण तत्थ सया भोग परिसुद्धी ॥ ६५ ॥**

**અર્થ**—આ સંકાશ શ્રાવકે એવો અભિગ્રહ લીધો કે " મારા

પોતાના અન્ન વસ્ત્ર માટે જોઈએ તેટલું ધન બાદ કરી બાકીનું તમામ ઉપાર્જન કરેલ ધન દેવદ્રવ્ય તરીકે મારે આપી દેવું." આ પ્રમાણે મહા અભિગ્રહ ગૃહણ કરવા રૂપ તેણે પ્રાયશ્ચિત લીધું, તેથી તેના શુભ ભાવની વૃદ્ધિ થઇ અને તેને સંપદા પણ ઘણી મળી. તથાપિ અભિગ્રહમાં નિશ્ચલ રહી તે નગરીમાં તેણે એક નવીન ચૈત્ય કરાવ્યું અને તેમાં નિરંતર આશાતના વિગેરે ન થાય તેને માટે સંભાળ રાખવા લાગ્યો.

**વિવેચન**—જ્ઞાનીગુરૂના મુખથી પોતાનો પૂર્વભવનો વૃત્તાંત જાણી અને પોતે તે ભવમાં દેવદ્રવ્યનો કરેલ ઉપભોગ અને તેને લીધે પોતાને અનેક ભવમાં પર્યટન કરવું પડયું, તેમજ મનુષ્યભવમાં પણ દરિદ્રાવસ્થા મળી. આવો અનુભવ થયા પછી કયો માણસ દેવદ્રવ્યના દેવામાંથી નીકળવા વિચાર ન કરે? આ મુજબ અનુભવ થયા પછી ગુરૂમહારાજની સમક્ષ તેણે એવો નિયમ લીધો કે ફક્ત મારા કુટુંબના નિર્વાહ માટે જે અન્ન વસ્ત્ર વિગેરેની જરૂર પડે તેને માટે જરૂર પુરતો પૈસો મારે મારા વેપારના અંગે ઉપાર્જન થયેલ નફામાંથી લેવો અને બાકીનો તમામ નફો યાવજજીવ સુધી જે કાંઇ મળે તે દેવદ્રવ્ય પૂર્વે મે વાપરેલ છે તેના પ્રાયશ્ચિત રૂપે મારે દેવો. આ મુજબ શુભ ભાવનાના પ્રતાપથી તે દીવસથી તેની લક્ષ્મી વધવા લાગી અને થોડા વખતમાં તે એક મહાન્ ધનવાન પુરૂષ બની ગયો; છતાં પોતાના અભિગ્રહથી તે જરાપણ ચલાયમાન ન થયો. આજકાલ લોકો પરિગ્રહનો નિયમ લે છે, પછી કર્મ સંયોગે લીધેલા નિયમથી જ્યારે લક્ષ્મી ઘણી વધી જાય છે, ત્યારે તે લક્ષ્મી સારે માર્ગે ખર્ચવાને બદલે પોતાના પુત્ર વા સ્ત્રી વિગેરેનાં નામપર અમુક રકમ ચડાવી મેળ સરખો રાખે છે, પણ આમ કરવું તે નિયમ ભાંગવા બરાબર છે. સંકાશ શ્રાવકે પોતાનો નિયમ ન ભાગતાં વધેલો તમામ પૈસો એક સુંદર મંદિર બંધાવવામાં ખર્ચી નાંખ્યો અને વળી પોતે જાતેજ દેરાસરની તમામ સંભાળ લેવા લાગ્યો. તે જરા પણ આશાતના થવા દેતો નહોતો અને દેવદ્રવ્યની શુદ્ધ રીતે વૃદ્ધિ કરતો હતો. ૬૪-૬૫.

આથી તેને શું ફૂલ મળ્યું તે હવે બતાવે છે—

इय सो महाणुभावो सवथ्थवि अविहिभाव चाएण
चरिउं विसुद्धधम्मं अखलिआराहओ जाओ ॥ ६६ ॥
संकासोवि विभित्तूणं कम्मगंठिं सुनिव्वुडो
जाहिही सो उ निव्वाणं महासत्तो न संसओ ॥ ६७ ॥

**અર્થ**—એ પ્રમાણે તે મહાનુભાવ સંકાશનો જીવ સર્વ ધર્મ કૃત્યોને વિષે અવિધિભાવનો ત્યાગ કરી ચારિત્રરૂપ વિશુદ્ધ ધર્મનું આરાધન કરી અસ્ખલિત આરાધક થયો એટલે પછી તે નિર્વાણ પદ મેળવવાને લાયક બન્યો. ॥ ૬૬ ॥

આખરે મહાસત્વધારી સંકાશનો જીવ કર્મ ગ્રંથીને છેદી નિર્વાણનેપામશે એમાં જરાપણ શંસય નથી. ॥ ૬૭ ॥

विधाय दीपं देवानां पुरस्तेन पुन र्नहि ।
गृहकार्याणि कार्याणि तिर्यत्त्वेव भवेद्यत ॥ १ ॥

**અર્થ**—દેવની પાસે દીપક કરી તે દીવાથી ઘરનાં કામો કરવા નહીં અને જો કરવામાં આવે તો તિર્યંચપણું મળે છે. દેવદ્રવ્યનાં ભક્ષણની વાત તો દૂર રહી; પણ દેવની પાસે દીપક કરી તેનાથી ઘરનાં કાર્યો કરવાથી પણ દેવસેનની માતા તિર્યંચપણું પામી હતી તેજ વાત કહેવામાં આવે છે. દેવસેનની માતાનું દૃષ્ટાંત—

ઇંદ્રપુર નગરમાં દેવસેન નામે એક વેપારી પોતાની માતાની સાથે રહેતો હતો. તેની પાડોશમાં ધનસેન નામે એક ઉંટવાળો રહેતો હતો. અન્યદા તેના ઘરમાંથી નીકળીને એક ઉંટડી હમેશાં દેવસેનને ઘેર આવવા લાગી. ધનસેન તેને ઘણો માર મારી ઘેર લઇ જાય, તો પણ પાછી ત્યાં જઇને ઉભી રહે. દેવસેન અને ધનસેનની વચ્ચે મિત્રતા હતી, તેથી દેવસેને મૂલ્ય આપીને ઉંટડી ખરીદી લીધી અને પોતાને ઘેર રાખી. એક વખતે દેવસેને કોઇ જ્ઞાનીને તે ઉંટડીના સ્નેહનું કારણ પુછયું, એટલે તે જ્ઞાનીએ ઉત્તર આપ્યો કે "આ ઉંટડી પૂર્વભવે તારી માતા હતી. એક વખતે તેણીએ

જીનપૂજા માટે દીપક કરી તેનાથી ઘરનાં કામ કર્યાં હતા અને ધૂપના અંગારાથી ચુલો સળગાવ્યો હતો. જેથી તેનું પ્રાયશ્ચિત નહીં લેવાથી આ કર્મથી તારી માતા મરીને ઉંટડીપણે ઉત્પન્ન થઇ. આ વાત ચાલુ જમાનામાં નવાઇ ભરેલી લાગશે, પણ જ્યારે આપણે તેનો વિચાર કરીએ છીએ, ત્યારે તે યોગ્યજ લાગે છે, કર્મના ફ્લનો સિદ્ધાંત આપણા અભિપ્રાય ઉપર રહેલો છે. એકજ કર્મ બે જણા કરે છે, તેમાં એકને મંદ પરિણામને અંગે અલ્પ ફ્ળ ભોગવવું પડે છે, જ્યારે બીજાને તિવ્ર પરિણામને અંગે મહાન ફ્લ ભોગવવું પડે છે, પછી ભલે તે સારૂં હોય અગર ખરાબ હોય. તેમજ એક ઘરનો માલેક કાંઇ પણ ખરાબ કામ કરે અને એક સામાન્ય માણસ ખરાબ કામ કરે, એનાં ફ્ળમાં પણ ઘણોજ તફાવત પડી જાય છે. આ બાઇ ઘરની માલીક થઇને જ્યારે દેવ સંબંધી દીવાથી ઘરના કામકાજ કરે છે અને અગ્નિથી ચૂલો સળગાવે છે, આ વાત આપણુને નજીવી લાગે છે, છતાં પણ આ કૃત્યથી તેનાં સંતાનોના ઉપર તેમજ આસપાસના પાડોશીઓ ઉપર તેની કેવી અસર થશે, તેનો પણ તેને વિચાર કરવાની ખાસ જરૂર હતી. વળી એક વખત એક અકાર્ય કરવામાં આવે છે અને પછી તેની ઉપેક્ષા કરવામાં આવે છે તો પરિણામે નિર્ધ્વંસપણું થાય છે અને તેનાં પરિણામે તિર્યંચપણું મળે તે સ્વાભાવિક છે.

આ કારણને લીધે તારી માતા ઉંટડીપણે ઉત્પન્ન થઇ છે. વળી પૂર્વ ભવના સંબંધથી તારા ઉપર તેને સ્નેહ થયો તે યોગ્યજ છે. પછી તે ઉંટડીને જાતિ સ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું અને ગુરૂમહારાજ પાસેથી મેળવેલ યોગ્ય પ્રાયશ્ચિત કરી સદ્દગતિને પામી. આ મુજબ શાસ્ત્રમાં અનેક દૃષ્ટાંતો પૂર્વના મહાન્ આચાર્યો આપી ગયા છે અને તેઓએ આપણા ઉપર મહાન્ ઉપકાર કરેલ છે; વળી અાજ કાલ આપણે દેરાસરમાં ભૂલથી કાંઇ પણ ખાદ્ય વસ્તુ લઇ જઇએ છીએ, તો તે વાપરવા શાસ્ત્રકાર મના કરે છે. પ્રભુની દૃષ્ટિ માત્ર પડવાથી તે ચીજ કાંઇ દેવદ્રવ્ય બની જતી નથી, તેમજ પ્રભુની દૃષ્ટિ ખરાબ પણ નથી, છતાં તે વાપરવા માટે નિષેધ કરેલ છે. તેનું કારણ પણ

ખાસ મનન કરવા જેવું છે. તેમ નિષેધ કરવાનો હેતુ એ છે કે આજે લોકો પ્રભુ દૃષ્ટિએ પડેલ અન્નાદિ વસ્તુ વાપરશે તો કાલે દેવદ્રવ્યની વસ્તુ ઉપાડવા ઇચ્છશે. તેથી પ્રભુ દૃષ્ટિએ પડેલ અશનાદિ કોઈ પણ વસ્તુ શ્રાવકને ખાવી કલ્પે નહીં. આ પ્રથા હજી સુધી પણ ચાલે છે. જ્યારે પોતાની વસ્તુ માત્ર ભૂલથી દેરાસરમાં ગયેલી પોતાને કલ્પતી નથી, તો પછી નિમિત્તક દેવદ્રવ્યનો ઉપયોગ તો શ્રાવક પોતાના કાર્યમાં કરી શકે જ નહીં. આ વાત સ્પષ્ટ સમજાય તેવી છે. આજકાલ સાધારણ દ્રવ્યની આવક ઘણી ઓછી થઇ ગઇ છે, કે જેની દરેક કાળમાં જરૂર છે. તેમાં વર્તમાન સમયમાં તો તેની ખાસ જરૂર છે અને દેવદ્રવ્યની આવક વધી ગઇ છે. દેવખાતામાં ખર્ચ ઘણો ઓછો છે, જ્યારે સાધારણ ખાતામાં ખર્ચ ઘણો છે; કારણ કે સાધારણ ખાતામાંથી દરેક ખાતામાં દ્રવ્ય લઇ જઈ શકાય છે અને દેવખાતાનું દ્રવ્ય દેવ સિવાય બીજા કોઈ ખાતામાં કામ આવતું નથી એમ શાસ્ત્રકાર કહે છે. એટલા માટે શ્રાવકોએ ખાસ વિચાર કરી દેવદ્રવ્યની આવક કરતાં સાધારણ ખાતાની આવક આ જમાનામાં જેમ બને તેમ વધારવી, અને તે દિશામાં પ્રયત્નો વધારે કરવા જોઇએ. આજકાલ કેટલાક ગામોમાં સાધારણની બિલકુલ આવક હોય નહીં છતાં તે ખાતે ખર્ચ થાય, ત્યારે લોકો દેવદ્રવ્યમાંથી સાધારણ ખાતે માંડીને ઉપાડે. પછી લાંબી મુદતે દ્રવ્યનું દેવું વધી જાય છે અને છેવટે આખું ગામ દેવદ્રવ્યનું દોષીત બને છે, અને શ્રાવકો નિર્ધન દશા પ્રાપ્ત કરે છે. માટે પહેલેથી જ સાધારણ ખાતાની આવક કરવા વધારવા જરૂર છે. આમ સમજી આત્મહિતને ઇચ્છનાર મનુષ્યોએ જેમ બને તેમ દેવદ્રવ્યનું રક્ષણ કરવારૂપ ભક્તિ કરવા પ્રયત્ન કરવો કે જેથી આ મળેલ ઉત્તમ મનુષ્ય જન્મ સફળ થાય.

**इति श्री देवभक्तिमाला तृतीया प्रकरणे देवद्रव्य रक्षण नाम भक्तिः समाप्ता.**



## चतुर्थी महोत्सवरुप भक्तिः

अष्टान्हिकादिमहिमा जिनपुंगवानां, कुर्वंति ये सुकृतिनः
कृतिनः सुभक्त्या।
कर्माष्टकं जगतिते हि भवाष्टकस्य मध्येविधूय शिवदं
शिवधाम यांति ॥ १ ॥

જે ભાગ્યશાળી જીવો ઉત્તમ ભક્તિથી શ્રી જીનેશ્વર પ્રભુનો અઠ્ઠાઈ મહોત્સવાદિ મહિમા કરે છે, તેઓ આ જગતમાં નિશ્ચે કરી આઠ ભવની અંદર આઠે કર્મોનો નાશ કરીને પરમ શાશ્વત સુખને દેનાર એવા પરમપદને પામે છે.

વિવેચનઃ—પરમાત્માને ઉદ્દેશિને આઠ દિવસનો અગર અમુક દિવસનો જે મહોત્સવ કરવો, તે પણ એક ઉત્સવ રૂપ ભક્તિ છે. પરમાત્માની ત્રણ પ્રકારની ભક્તિ પ્રથમ સવિસ્તાર બતાવવામાં આવેલ છે. જેટલી તે ત્રણ ભક્તિ ઉપયોગી છે તેટલીજ આ ચોથી ઉત્સવરૂપ ભક્તિ પણ કર્મક્ષય કરવામાં અને તીર્થંકર ગોત્ર બાંધવામાં મદદગાર છે. આજ વાતને સ્પષ્ટ ઉપરના શ્લોકથી શાસ્ત્રકાર મહારાજ કરે છે, કે જે ભવ્ય ભાગ્યશાળી જીવો પોતાને મળેલ લક્ષ્મીનો અપૂર્વ લાભ પરમાત્માનો આઠ દિવસનો મહોત્સવ કરીને લીએ છે, એટલે આઠ દિવસ સુધી, આંગી પૂજા, ભાવના, ગીત, ગાન, નૃત્ય, વાદિત્ર વિગેરે ઠાઠમાઠથી મહોત્સવ કરી જીન પ્રવચનની પ્રભાવના કરી પોતાની લક્ષ્મીનો અપૂર્વ લાભ લે છે, તે ભાગ્યશાળી

જીવો નિશ્ચે કરી થોડાજ ટાઇમમાં લગભગ આઠ જ ભવમાં આઠ કર્મનો ક્ષય કરી (જ્યાં પરમ સુખ રહેલ છે કે જે સુખનું વર્ણન કેવલી ભગવાન પણ કરી શકતા નથી એવા) પરમ એકાંતિક અને આત્યંતિક સુખનો કાયમને માટે તેઓ અનુભવ કરે છે. કારણ કે અઠ્ઠાઇ મહોત્સવ કરનાર માણસ આ ઉત્સવથી અનેક પુણ્યની રાશી પોતે એકઠી કરી લે છે. તેમજ અનેક જીવો આ મહોત્સવના દર્શન કરવા સાથે અનુમોદના કરી પોતાના સમ્યકત્વ ગુણને નિર્મળ કરી અનેક પ્રકારે પુણ્ય હાંસલ કરી લે છે. આ બધા જીવો અનુમોદના કરી જે લાભ મેળવે છે. તેમાં આ મહોત્સવ કરાવનાર જ નિમિત્ત કારણ બને છે. આ પુણ્યની રાશીથી તેઓ આગળ વધે છે અને દરેક ભવમાં અનેક પ્રકારની સારી સામગ્રી તેઓ મેળવે છે અને પરંપરાએ આઠ ભવમાં અગર તેનાથી પણ પહેલાં મોક્ષના સુખનો અનુભવ લેનારા બને છે. આજ કાલ પણ આવા મહોત્સવ કરનારા અનેક ભવ્ય જીવો હાલ વિદ્યમાન છે; છતાં દૃષ્ટિમાં ફારફેર થવાથી તેવા પ્રકારના મહાન્ ફળ તેઓ મેળવી શકતા નથી. આ દૃષ્ટિ તે માનની ઇચ્છા છે. એટલે લોકમાં પોતાની વાહવાહ કહેવરાવવા ખાતર અનેક પ્રકારના મહોત્સવ ઉજમણા વિગેરે કરે છે, તેમાં પણ જરૂરીયાતની ચીજો ઘણીજ ઓછી હોય છે. જ્ઞાન પંચમીનું ઉજમણું કરી દશ કે પન્નર સામાન્ય પ્રકારની બુકો મૂકે છે, જ્યારે ચંદરવા પુંઠીઆમાં તથા જમણ વિગેરેમાં હજારો રૂપીઆ ખરચે છે. તો આમાં ખાસ સુધારો કરવા જરૂર છે. જ્ઞાન દર્શન અને ચારિત્રના ઉપગરણો સારા પ્રમાણમાં અને સારી જાતના રાખવા જોઇએ. અને પાછળ તેનો તેવોજ વાંચવા ભણવા વગેરેમાં સદુપયોગ થવો જોઇએ અને લોકો પોતાનો જશવાદ બોલે તે તરફ જરા પણ લક્ષ રાખવું ન જોઇએ, પણ માત્ર કર્મ ખપાવવા નિમિત્તેજ આવા મહોત્સવ કરવા તરફ ધ્યાન આપવામાં આવે, તો આજે પણ ઉપર જણાવેલ ફળ ચોકસ મળે છે. સારી અગર ખોટી ગમે તે ક્રિયા કરીએ તો તેનું ચોકસ ફળ તો મળવાનું છેજ.લેશ પણ વિષ કે ગરલ ક્રિયા કરવી તેના કરતાં અમૃત ક્રિયા જો કરવામાં આવે તો તેના

ફળની ગણત્રી નથી. એટલે કે આ લોકના કાંઈ પણ ફળની ઇચ્છા કરવી, જેવી કે લોકો મને સારો કહે, મારો જશવાદ ફેલાય, લોકમાં મારી વાહ વાહ થાય આવી ઇચ્છાથી જે મહોત્સવાદિ ક્રિયા કરવામાં આવે છે, તે વિષક્રિયા કહેવાય છે. જેમ વિષ ખાવા માત્રથી માણસને મારે છે, તે પ્રમાણે આ ઉત્તમ ક્રિયાનું જે મહાન્ ફળ મળવાનું હતું તે બદલ લોકો જશવાદ બોલવા માત્રથી પૂર્ણ થાય છે. તેમજ સર્પાદિકની જે ગરલ તે જો કે વિષજ છે, છતાં આ ગરલ અમુક કાળે મારે છે, તેમ જે મહોત્સવાદિ ઉત્તમ ક્રિયા કરી દેવલોકના ફળની ઇચ્છા કરવી તે ગરલની માફક અમુક ટાઇમ પછી સ્વર્ગાદિકના ફળ મળવા માત્રથી ઉત્તમ ફળ જે મોક્ષ ભાવિ મળવાનું હતું તેનો નાશ થાય છે-તે મળતું નથી. પણ અમૃત ક્રિયા જો કરવામાં આવે તો તેના ફળનો નાશ થતો નથી. આ ક્રિયાને માત્ર મોક્ષના ફલની ઇચ્છાએ જ્ઞાનપૂર્વક કરવામાં આવે છે. તેથીજ તેને અમૃતક્રિયા કહે છે. આ ક્રિયાથી કર્મ ક્ષય કરવા સાથે થોડા ટાઇમમાં મોક્ષ મળે છે. સારાંશ એ છે કે ખેડુત લોકની માફક મુખ્ય ફલની ઇચ્છા રાખવી. જેમ ખેડુતલોકો અનાજ માટેજ મુખ્યત્વે કરી ખેતી કરે છે, પણ ઘાસ વિગેરે તો વગર ઇચ્છાએ-સ્વાભાવિક થાય છે. કાંઇ ઘાસ માટે ખેતી કરતા નથી, તેમ પુણ્યશાલી જીવોએ પણ મુખ્યત્વે કરી મોક્ષને માટેજ મહોત્સવાદિ ઉત્તમ ક્રિયાઓ કરવી, પણ આ લોકના સુખની ઇચ્છાએ જરા પણ ક્રિયા કરવી નહીં; કારણ કે વગર ઇચ્છાએ ઘાસની માફક રાજાદિકની ઋદ્ધિ તથા સ્વર્ગાદિકના સુખો સ્વભાવીકજ મળ્યા જશે. આમ સમજી અઠ્ઠાઇમહોત્સવ વિગેરે ઉત્તમક્રિયાઓ અમૃતરૂપ કરવા તરફ ખાસ ધ્યાન આપવા જરૂર છે. આ અઠ્ઠાઇ મહોત્સવ છુટાકાળમાં જ્યાં ત્યાં કરવાથી જે ફલ મળે છે તેના કરતાં પણ છ અઠ્ઠાઇ અને તીર્થંકરના જન્મ-દીક્ષા-નાણ અને નિર્વાણ કલ્યાણકના ટાઇમે તથા તે કલ્યાણક જ્યાં થયા છે એવા ઉત્તમ તીર્થોપર જો કરવામાં આવે તો મહાન્ ફલ મળે છે.

## વાદી.

અઠ્ઠાઈમહોત્સવથી થતા ફાયદા અને તેને કરવાની રીત તથા સ્થલ બતાવ્યું; પણ આ પ્રમાણે અઠ્ઠાઇમહોત્સવ કરવો ક્યા શાસ્ત્રમાં કહેલ છે ? અને પૂર્વે કોણે કર્યો છે ? કોને ફળ મળ્યું છે તે પ્રથમ જણાવવા ખાસ જરૂર છે. શાસ્ત્રના આધાર વિના માત્ર કલ્પનાથી તમો કહેતા હો તો કોણ જાણે !

## શંકાનું સમાધાન—

અઠ્ઠાઇ મહોત્સવ તે અનાદિ સિદ્ધ છે. શાસ્ત્રમાં મહોત્સવ કરવાની પ્રભુની આજ્ઞા છે. અઠ્ઠાઈમહોત્સવ તીર્થંકરના દરેક કલ્યાણક વખતે દેવતાઓ નંદીશ્વર દ્વીપે જઇને કરે છે. અને રાજાઓ તથા વિદ્યાધરો વિગેરે પોતપોતાના સ્થાને કરે છે, તેમજ બે શાશ્વતી અઠ્ઠાઇ–તથા ચાર અશાશ્વતી અઠ્ઠાઇ કહેલ છે. આ અઠ્ઠાઈમાં આઠ દીવસનો મહોત્સવ દેવતાઓ કાયમ માટે કરે છે. અને બીજાઓ પોતપોતાના સ્થાને મહોત્સવ કરે છે. આજ વાત ઉત્તરાધ્યયનસૂત્રની બૃહત્ વૃત્તિના પાઠથી સ્પષ્ટ કરે છે.

## ॥ आह उत्तराध्ययन बृहद्वृत्तौ ॥

**दोसासयजत्तात्रो तत्थेगा होइ चित्तमासंमि अट्ठाईआई-महिमा बीआपुण अस्सिणे मासे ॥ १ ॥ एआओदोविसासय-जत्ताओ करंति सव्वदेवावि नंदीसरंमि खयरा नरा य निअएसु-ठाणेसु ॥ २ ॥ तह चउमासिअतिअगं पज्जोसवणा य तहय-इअछक्क जिणजम्म दिक्ख केवल निव्वाणाइसु असासइआ ॥ ३ ॥**

અર્થ:—બે શાશ્વતી યાત્રા કહેલ છે. તેમાં એક યાત્રા ચૈત્ર માસમાં, તે ચૈત્ર શુદ આઠમથી પુનમ સુધીની અઠ્ઠાઈ કહેવાય છે. બીજી શાશ્વતી અઠ્ઠાઇ આશ્વિન માસમાં, તે આશ્વિન શુદ આઠમથી પુનમ સુધીની અઠ્ઠાઇ કહેવાય છે. આ બે શાશ્વતી યાત્રાનો મહોત્સવ તમામ દેવો કાયમ નંદીશ્વર નામના આઠમા દ્વીપમાં જઇને કરે છે,

ત્યાં બાવન જીનાલય શાશ્વતા છે. અને તેમાં જીનપ્રતિમાજીઓ પણ શાશ્વતી ઘણી છે, તેઓની સમીપમાં આઠ દીવસ પર્યંત પ્રભુની પૂજા આંગી, ગાયન, નૃત્ય, સ્તોત્ર, સ્તુતિ, અષ્ટમંગલીકનું આલેખન, આરતિ, મંગલીક દીપ વિગેરે કરવા પૂર્વક પોતાના જન્મને તેઓ કૃતાર્થ કરે છે-સફલ કરે છે, તેમજ આ શાશ્વતી અઠ્ઠાઇનો મહોત્સવ વિદ્યાધરો તથા મનુષ્યો પોતપોતાને સ્થાને દેવોની માફક કરે છે. તેમજ નીચેની ચાર અઠ્ઠાઈ અશાશ્વતી કહેલ છે ( ત્રણ ચતુર્માસિક સંબંધીની તથા એક પર્યુષણા સંબંધીની ) આ મુજબ કુલ છ અઠ્ઠાઇ કહેલ છે. તેમજ જીનેશ્વર ભગવાનના જન્મ, દિક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણાદિ કલ્યાણકના દિવસોમાં થનારા અઠ્ઠાઇમહોત્સવોને પણ અશાશ્વત કહેલ છે. સારાંશ એ છે કે પ્રથમની બે અઠ્ઠાઇ શાશ્વતી હોવાથી તેનો અઠ્ઠાઇમહોત્સવ દેવો કાયમ માટે કરે છે.

જ્યારે બીજી ચાર અઠ્ઠાઈમાં મહોત્સવ દેવો કાયમ કરતા નથી. કારણ કે ભરતાદિ દશ ક્ષેત્રમાં તીર્થંકરોની ઉત્પત્તિ અવસર્પીણિના ત્રીજા આરામાં માત્ર એકની થાય છે, જ્યારે બાકીના ત્રેવીશ તીર્થંકરો ચોથા આરામાં જન્મે છે. આ બે સિવાયના ચાર આરામાં કોઈ પણ તીર્થંકરનો જન્મ થતો નથી, તેમજ દિક્ષા-નાણ-નિર્વાણ પણ થતું નથી. દિક્ષાદિ કલ્યાણકો-ત્રીજા આરાના છેડાથી તે ચોથા આરાની પૂર્ણાહૂતિ સુધીમાં થઇ જાય છે. તે વખતે દેવો અઠ્ઠાઈ મહોત્સવ કરે છે, તેમજ ચતુર્માસિક તથા પર્યુષણ પર્વ પણ નિયમીત નથી. પહેલા, બીજા તથા છઠ્ઠા આરામાં આ ચાર અઠ્ઠાઇમાંથી એક પણ રહેવાની નથી. આથી આ ચાર અઠ્ઠાઈઓ અશાશ્વત ગણેલ છે. મહાવિદેહ ક્ષેત્રમાં નિરંતર ચતુર્થ આરો વર્તે છે. આથી બાવીસ તીર્થંકરોની માફક તેઓનો આચાર વિચાર હોવાથી પહેલા તથા છેલા તીર્થંકરની માફક તેઓને ચતુર્માસિક તથા પર્યુષણાદિ કલ્પ હોતો નથી. આથી ચૈત્ર તથા આશ્વિન માસ સંબંધી બે અઠ્ઠાઈ સિવાયની ચાર અઠ્ઠાઇ અશાશ્વતી ગણેલ છે. આ અઠ્ઠાઇઓમાં દેવો કાયમ મહોત્સવ કરતા નથી; પણ પ્રથમની બે અઠ્ઠાઇમાં

કાયમ મહોત્સવ કરે છે. આ કારણુને લઇને બે શાશ્વતી અઠ્ઠાઇ કહેલ છે અને ચાર અશાશ્વતી અઠ્ઠાઈ કહેલ છે. આ બન્ને અઠ્ઠાઇઓમાં તેમજ જીનેશ્વર પ્રભુના કલ્યાણકના દિવસોમાં આપણી શક્તિ મુજબ મહોત્સવ કરી જન્મ કૃતાર્થ કરવો. દેવો પાસે ઋદ્ધિ સિદ્ધિનો કાંઈ પણ પાર નથી; છતાં તેઓ જાણે છે કે આ બધી ઋદ્ધિમાંથી જરા પણ આપણી સાથે આવનાર નથી. આપણી સાથે જો કાંઇ આવનાર હોય તો માત્ર ધર્મજ છે. અને ધર્મની ઉત્પત્તિ પ્રભુ ભક્તિથીજ થનાર છે. આ શરીરથી કાંઇ આ ભવમાં ચારિત્રનો ઉદય આવવાનો નથી, તેમજ કાંઇ પણ પચ્ચખાણ બનવાનું નથી, કારણ કે દેવોને અવિરતિપણાનો ઉદય હોય છે. આથી ભવસમુદ્ર તરવાને પ્રભુ ભક્તિ સિવાય કોઇ ઉપાયજ નથી આમ ધારી તમામ નિકાયના દેવો પ્રભુની ભક્તિ તન મન અને ધનથી કરે છે. આજ વાત જીવાભિગમ સૂત્રના પાઠથી સ્પષ્ટ કરે છે.

## ॥ तथाचोक्तं जीवाभिगमे ॥

**" तत्थणं बहवे भवणवइ वाणमंतर जोइस वेमाणिश्रा देवा तिहिं चउम्मासिएहिं पज्जोसवणाए श्र श्रट्ठाहिश्राश्रो महामहिमाश्रो करंतीति "**

અર્થ:—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, અને વૈમાનિક આ મુજબ ચાર નિકાયના અનેક દેવો મળીને ત્રણ ચતુર્માસિક સંબંધી ત્રણ અઠ્ઠાઇ તથા પર્યુષણા સંબંધી એક અઠ્ઠાઇ તથા **च** શબ્દથી બીજી બે શાશ્વતી અઠ્ઠાઇ તથા પ્રભુના કલ્યાણકાદિના દિવસે નંદીશ્વરદ્વીપે જઇને ત્યાં રહેલ શાશ્વત જીન પ્રતિમાજીઓની પાસે મહા મહોત્સવ આઠ દિવસ પર્યંત કરે છે. પ્રથમ જણાવી ગયા તે મુજબ સારાંશ એ છે કે જેઓની મુક્તિ ઘણી નજીક છે એવા નિકટભવિ દેવો પ્રભુના દરેક કલ્યાણકના વખતે જાતે હાજર થાય છે. અને સાક્ષાત્ પ્રભુની અનેક પ્રકારે ભક્તિ કરે છે અને ત્યાર પછી નંદીશ્વર દ્વીપે જઇ ત્યાં પણ મહામહોત્સવ કરે છે. તે મુજબ શાશ્વતી, અશાશ્વતી અઠ્ઠાઈમાં પણ મહામહોત્સવ કરે છે. તેમજ પોતપોતાના સ્થાને રહેલ શાશ્વતી

જીન પ્રતિમાજીઓ તથા ડાબડામાં રાખેલ જીન પ્રભુની ડાઢાઓને પણ દેવતાઓ નિરંતર પૂજે છે. આ મુજબ પ્રભુ ભકિત કરીને પોતાનો જન્મ દેવો કૃતાર્થ કરે છે. તે પ્રમાણે પૂર્વના મહાન્ રાજાઓ ભરત ચક્રવર્તિ–સુર્યયશા–દંડવિર્ય–શ્રી કૃષ્ણ–શ્રેણિક–ઉદાયન–સંપ્રતિ વિગેરે રાજાઓએ તથા સુલસા, રેવતી વિગેરે અનેક શ્રાવીકાઓએ અનેક પ્રકારે પ્રભુનો મહામહોત્સવ કરી તીર્થંકર નામગોત્ર બાંધેલ છે. શ્રીપાલ કુંવર તથા મયણાસુંદરીનો ઇતિહાસ તો જૈન કોમમાં પ્રસિદ્ધજ છે. તેઓએ ગુરૂમહારાજના વચનથી ચૈત્ર તથા આશ્વિન માસ સંબંધી બે શાશ્વતી અઠ્ઠાઇનું સમ્યક્ પ્રકારે અઠ્ઠાઇ મહોત્સવ તથા ઉજમણું કરી આરાધન કર્યું, કે જેના પ્રતાપે પોતાને થયેલ કોઢનો રોગ ગયો અને ઠેકાણે ઠેકાણે અનેક ઋદ્ધિ સિદ્ધિઓ મળી છે. અને તે મુજબ હાલ પણ જૈન કોમમાં બન્ને અઠ્ઠાઇઓમાં આયંબિલનીઓળી કરી તે તપનું આરાધન થાય છે અને મહોત્સવ પણ થાય છે. સાધુઓ પણ આ મહોત્સવમાં છુટથી સારો ભાગ લે છે. જીન પ્રવચનની જેમ સારી શોભા થાય તેમ કરવા દરેકની ફરજ છે. જીનપ્રવચનની શોભા સારી થતી હોય. અને અનેક જીવો ધર્મમાં જોડાતા હોય તો લાભ હાનીનો વિચાર કરીને સાધુઓ પણ પોતાની શકિતનો ખાસ ઉપયોગ કરે તો તેમાં પ્રભુ આજ્ઞા છે આ બાબતમાં કલ્પસૂત્રની ટીકામાં દશપૂર્વધર શ્રીમાન્ વજ્ર સ્વામિનું દ્રષ્ટાંત છે. તેઓશ્રીએ એક વખતે દુર્ભિક્ષના સમયમાં સંઘને એક વિસ્તારવાલા વસ્ત્ર ઉપર બેસાડી આકાશગામિની વિદ્યાના બલથી સુભિક્ષ નગરમાં લઇ ગયા અને ત્યાર પછી પર્યુષણાની અઠ્ઠાઇના વખતમાં તે ગામના બૌધરાજાએ પુષ્પો જૈનમંદિરમાં આપવાને માળી લોકોને મનાઇ કરી અને તમામ પુષ્પો પોતાના મંદિરમાં આપવા જણાવ્યું. આથી અઠ્ઠાઇમહોત્સવમાં પ્રભુ ભક્તિ પુષ્પો વગર શોભા આપતી ન હોવાથી દેશકાળના જાણ મહા સમર્થ એવા ગુરૂ મહારાજને શ્રી સંઘે શાસનની ઉન્નતિ કરવા વિનંતિ કરી.

तीर्थोन्नतिकृतेनित्यं, उद्यंतेसाधवोपिहि ।
तेनेह भवतास्त्रामिन् कार्यातीर्थ प्रभावना ॥ १ ॥

**અર્થઃ**—શ્રી સંઘે શ્રીમાન્ વજ્ર સ્વામિને વિનંતિ કરી કે હે સ્વામિન્! તીર્થોની ઉન્નતિ કરવાને નિરંતર સાધુ પુરૂષો પણ ઉદ્યમ કરે છે, તે કારણથી આપશ્રીએ પણ તીર્થરૂપ જીનશાસનની પ્રભાવના કરવી જોઇએ. બૌધ રાજાએ જીનમંદિરમાં પુષ્પો આપવાને માળી લોકોને મનાઇ કરવાથી પુષ્પો વગર પ્રભુભક્તિ કેવી રીતે કરવી? એટલા માટે આપ સર્વ વાતે સમર્થ છો, તેથી દેશકાળ લાભાલાભ જાણી આપશ્રીએ પ્રવૃત્તિ કરવી જોઇએ. આમુજબ સંઘની પ્રેરણાથી અને મહાન્ લાભ થવાનો છે આમ શ્રુતજ્ઞાનથી જાણી, પોતે આકાશગામિની વિદ્યાથી માહેશ્વરી પુરીમાં ગયા અને તડિત નામના માળીના બગીચામાંથી તે માળીએ ઘણા પુષ્પો આપ્યા તે, તેમજ હિમવાન્ પર્વત ઉપરથી શ્રી દેવીએ એક સહસ્ર પત્ર કમળ આપ્યું. આ બધા પુષ્પો તિર્યક્ જૃંભક નામના દેવે બનાવેલ વિમાનમાં ભરી દેવો સાથે પોતે બડા આબંડબરથી વિમાન સાથે સુભિક્ષપુરમાં આવ્યા. વિમાન સાથે દેવો તથા પુષ્પોનો મોટો સમુદાય જોઇ, બૌધરાજા પોતાનો ગર્વ છોડી દઇ ગુરૂમહારાજના ચરણમાં પડયો, અને અનેક બૌધોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો અને તમામ જીનમંદિરમાં આઠ દિવસપર્યંત મહામહોત્સવ કર્યો. અનેક જીવો ધર્મમાં દ્રઢ થયા. નવા અનેક જીવો ધર્મમાં દાખલ થયા, આ મુજબ જીનપ્રવચનની પ્રભાવના કરવી. સાંપ્રત કાલમાં થોડાજ વર્ષ ઉપર થયેલા શ્રીમાન્ હીરવિજયજી સૂરિ મહારાજ તથા શાંતિચંદ્ર ઉપાધ્યાયજી મહારાજે અકબર બાદશાહને જીવદયા સંબંધી ઘણો સરસ ઉપદેશ આપી જીવદયાની લાગણી હ્રદયમાં ઘણી ઉત્પન્ન કરી હતી. આથી અનેક જીવો મારવા માટે એકઠા કર્યાં હતા તે તમામ છોડી દીધા અને ગુરૂમહારાજના વચનથી પર્યુષણા પર્વની અઠ્ઠાઇમાં–દશ દિવસ સુધી અમારિ પટહ વગડાવ્યો. તેમજ ત્યારપછી શાંતિચંદ્ર મહારાજના અનેક ચમત્કારોથી લગભગ છ મહિના સુધી જીવદયા પાળવાના ફરમાનો તેના તમામ દેશમાં મોકલી દીધા અને શત્રુંજય, ગિરનાર, સંમેતશીખરજી, આબુજી વિગેરે તીર્થો ભેટ તરીકે અર્પણ કરવાના

ફરમાનો ગુરૂમહારાજને તત્કાલ કરી આપ્યા. આ મુજબ તેઓશ્રીએ અનેક પ્રકારે જીન પ્રવચનની પ્રભાવના કરી, તે પ્રમાણે આપણે પણ આપણી શક્તિ પ્રમાણે પ્રભાવના કરવી. પ્રવચનની પ્રભાવના કરવાથી તીર્થંકર નામ ગોત્ર બંધાય છે **यदुक्तमागमे.**

**अपुव्व नाणगहणे सुयभत्ति पवयणे पभावणाए ।**
**एहिं कारणे हिं तिथ्थयरत्तं लहइ जीवो ॥ १ ॥**

અર્થ:—શ્રીમાન્ મહાવીર દેવ પ્રભુ જણાવે છે કે, પૂર્વે પ્રાપ્ત નહીં થયેલ એવું આત્મવિષયક જ્ઞાન ગ્રહણ કરવાથી એટલે જડ અને ચેતન આ બન્નેનું ભિન્નત્વરૂપ અનુભવ જ્ઞાન ગ્રહણ કરવાથી— શ્રુતજ્ઞાનની ભક્તિ કરવાથી એટલે શ્રુતજ્ઞાન ભણવું ભણાવવું ભણનારને મદદ કરવાથી, તેમજ શ્રુતજ્ઞાનવાન એવા જીવોની ભક્તિ બહુ માન કરવાથી, તેમજ જીન પ્રવચનની પ્રભાવના પ્રથમ કહી આવ્યા તે મુજબ કરવાથી આ જીવ તીર્થંકર નામ ગોત્ર બાંધે છે. સારાંશ એ છે કે આપણે આપણા પોતાનું ભલું કરવાની જો મરજી હોય તો યથાશક્તિ તન, મન અને ધનથી જીન પ્રવચનની પ્રભાવના કરવા પ્રયત્ન કરવો. પછી તે પ્રભાવના અઠ્ઠાઇ મહોત્સવથી કરો. ચમત્કારથી કરો. અગર પ્રભુ પાસે નાટક, ગીત, નૃત્ય, કરવાથી કરો, ગમે તે પ્રકારે પણ પ્રવચનની પ્રભાવના કરી મળેલ અપૂર્વ મનુષ્ય જન્મ કૃતાર્થ કરી લેવા જરૂર છે. આ મુજબ ચતુર્થી મહોત્સવરૂપ પ્રભુની ભક્તિ સંપૂર્ણ થઇ.

**इति श्री महोत्सवरुप चतुर्थी भक्ति समाप्ताः**

# पंचमी तीर्थ यात्रारुप भक्तिः

श्रेयःश्रियं प्रविद्धातु स नाभिसूनु र्यो दुर्जयारिविजयत्तम मुच्चदुर्गं ॥
एकांतवत्सलतया जगतांहिताय, शत्रुंजयं गिरिपतिं प्रगटीचकार ॥१॥

જે ઋષદેવ પ્રભુએ એકાંત વત્સલપણાથી જગતના જીવોના હિતની ખાતર દુઃખે કરીને જીતી શકાય એવા અષ્ટકર્મ રૂપ ભાવ શત્રુ જીતવાને સમર્થ અને ઉંચો છે શિખરરૂપ કિલ્લો જેનો અને તમામ પર્વતોમાં એક રાજા સમાન એવા શત્રુંજય નામના તીર્થને પ્રગટ કરેલ છે, તે નાભિરાજાના પુત્ર શ્રીમાન્ ઋષભદેવ પ્રભુ શાશ્વતી મોક્ષ લક્ષ્મીને આપો.

**વિવેચન**—જેમ કોઇ રાજાદિક, શત્રુનો વિજય કરવામાં સમર્થ અને એકાંત હિતકારી, જગતના તમામ જીવોના રક્ષણ કરવામાં સમર્થ એવા એક મહાન્ કિલ્લાવાળા પર્વતને પામીને સુખે કરીને દ્રવ્ય શત્રુનો નાશ કરે છે, તેમ અનંતાજીવો આ તીર્થ ઉપર મોક્ષે જવાથી તેમજ ઋષભદેવપ્રભુ પોતાના ચરણ કમળથી પૂર્વ નવાણુંવાર આ તીર્થ ઉપર પધારેલ હોવાથી, મહા પવિત્ર અને એકાંત હિતકારક ભવિ અનેક જીવોને તારનાર* આવા મહા સમર્થ કિલ્લારૂપ શત્રુંજય તીર્થને પામીને અનેક જીવો ભાવશત્રુ જીતવાને સમર્થ બન્યા છે. બને છે અને બનશે. આવું મહા પવિત્ર તીર્થ જે ઋષભદેવ પ્રભુના પ્રથમ ચરણ કમલના સ્પર્શ થવાથી પ્રગટ થયું છે તે ઋષભદેવ પ્રભુ અમોને શાશ્વતી મોક્ષ લક્ષ્મીને આપો ॥ ૧ ॥

---

* અભવિ જીવો તો કદિ ભાવથી દર્શન પણ કરી શકે નહી.

આ પ્રમાણે પ્રથમ મંગળાચરણ કરવા સાથે આ અવસર્પિણીમાં પ્રથમ તીર્થની ઉત્પત્તિ તથા ધર્માદિ નિતિની વ્યવસ્થા પણ ઋષભદેવ પ્રભુથીજ થયેલ છે આ વાત પણ જણાવવામાં આવેલ છે. વળી જે સ્થળમાં પ્રભુ વિચરે છે, તે સ્થળ પણ પ્રભુના ચરણ કમળોથી પવિત્ર બનેલ હોવાથીજ તીર્થ ગણવામાં આવે છે. તેમજ પ્રભુના જન્મ દિક્ષા—નાણ અને નિર્વાણરૂપ કલ્યાણકો જે સ્થળને વિષે થયેલ હોય છે, તે સ્થળને પણ તીર્થ કહેવામાં આવે છે. આવા તીર્થની ભક્તિ કરવી તે પાંચમી તીર્થયાત્રારૂપ ભક્તિ છે. ચાર ભક્તિ પ્રથમ જણાવવામાં આવેલ છે તેનાથી જે ફ્લ મળે છે, તેજ પ્રમાણે આ પાંચમી ભક્તિથી પણ ફ્લ મળે છે, ચાર ભક્તિ સાથે આ પાંચમી ભક્તિ કરનાર માણસ મહાન્ ફ્લ મેળવે છે. જો કે ઉત્તરોત્તર ભક્તિ જ્યાં હોય છે, ત્યાં પૂર્વની ભક્તિ ઘણે ભાગે હોય છે; કારણ કે જે માણસ તીર્થની યાત્રા કરશે, તે ચોક્સ પ્રભુની પુષ્પાદિકથી ભક્તિ કરશે. વલી ભક્તિ કરનાર માણસ પ્રભુ આજ્ઞા મુજબ વિધિપૂર્વક કરવા પ્રયત્ન કરશે. તેમજ યથાશક્તિ-દેવદ્રવ્ય વગેરેમાં વૃદ્ધિ કરશે. તથા યથાશક્તિ ગીત, નૃત્ય, પૂજા, આંગી કરવા રૂપ મહોત્સવ પણ કરશે. આમ એક બીજા સાથે ભક્તિનો સંબંધ રહેલ છે. એટલે તીર્થ યાત્રા કરનાર માણસ પ્રાયે કરી પાંચે પ્રકારની ભક્તિ કરી મહાન્ લાભ મેળવે છે, માટે તીર્થ યાત્રા કરવા પ્રયત્ન કરવો.

## વાદી.

તીર્થ કોને-કહે છે ? તીર્થના કેટલા ભેદ છે ? તીર્થ યાત્રા કરવાનો શો હેતુ ? તીર્થ યાત્રા કરવાની શી વિધિ તથા તીર્થ સેવન તથા તીર્થ યાત્રાનું શું ફ્લ તે પ્રથમ જણાવવા ખાસ જરૂર છે.

## પ્રશ્નનો જવાબ અને તીર્થનું સ્વરૂપ.

સામાન્ય પ્રકારે તીર્થ શબ્દની વ્યુત્પત્તિ શબ્દાર્થ આ પ્રમાણે થાય છે. **तीर्यते येनेति तीर्थम्** જેના વડે તરી શકીયે તેને તીર્થ

કહે છે. સામાન્ય પ્રકારે તીર્થ શબ્દનો આ અર્થ છે. વિશેષ ભેદો જણાવે છે.

## તીર્થના ભેદો.

**नामंठवणातित्थं दव्वातित्थं च भावतित्थं चाइकिकंमि-यइत्तोऽणेगविहंहोइनायव्वं ॥ ११३ ॥**

**અર્થ**:—નામ તીર્થ, સ્થાપના તીર્થ, દ્રવ્ય તીર્થ, અને ભાવ તીર્થ, આ પ્રમાણે તીર્થના મુખ્યત્વે કરી ચાર ભેદ છે. તેમજ અકેકાના વલી અનેક પ્રકાર છે. તે જાણી લેવા.

**વિવેચન**—કોઈનું નામ તીર્થ રાખેલ હોય તે નામથી તીર્થ કહેવાય છે-શત્રુંજયાદિ તીર્થની જે છબી અગર ફોટો ખેંચેલ હોય તે સ્થાપના તીર્થ કહેવાય છે. દ્રવ્ય તીર્થ જ્ઞશરીર, ભવ્ય શરીર, અને તદ્ વ્યતિરિક્ત રૂપ ભેદથી ત્રણ પ્રકારે છે. જ્ઞશરીર દ્રવ્યતીર્થ તે તીર્થ શબ્દાર્થનો જ્ઞાતા, પણ હાલ તેનું નીર્જીવ શરીર પડેલ છે, તેને જ્ઞશરીર દ્રવ્ય તીર્થ કહે છે. ભવ્ય શરીર દ્રવ્યતીર્થ તે તીર્થ શબ્દાર્થને જાણકાર ભવિષ્યમાં થશે, હાલ બાળક તરીકે હોવાથી અજ્ઞ છે તેને ભવ્ય શરીર દ્રવ્યતીર્થ કહે છે. તદ્વ્યતિરિક્ત તે જહાજ, બોટ, વહાણ, સ્ટીમર વિગેરે કે જેનાથી નદી, સમુદ્ર તરી શકાય છે તેને તદ્વ્યતિરિક્તદ્રવ્ય તીર્થ કહે છે. ભાવતીર્થ તે જેના આલંબનથી સંસારસમુદ્ર સુખે કરી તરી શકીયે એવા શત્રુંજયાદિક તીર્થોને ભાવતીર્થ કહે છે. આ પ્રમાણે તીર્થના અનેક બીજા પણ ભેદો થાય છે. દ્રવ્યતીર્થ તથા ભાવતીર્થ બીજી રીતે પણ બને છે. આજ વાતને પ્રાચિન સિદ્ધાંતની ગાથાથી સ્પષ્ટ કરી જણાવે છે.

## द्रव्यतीर्थ स्वरुप.

**दाहोवसमं तन्हाइछेयणं मलपिवाहणंचेव ।**
**तिहिंअत्थेहिं निउत्तं, तम्हा तंदव्वओतित्थं ॥ ११४ ॥**

**અર્થ**—દાહનો ઉપશમ કરવો, તૃષાનો છેદ કરવો, અને

મેલને દૂર કરવો એ ત્રણ અર્થે કરીને જે યુક્ત હોય તેને દ્રવ્યથી તીર્થ જ્ઞાની પુરૂષો કહે છે.

**વિવેચન**—ભાવતીર્થના આલંબનથી જેમ આઠ કર્મ રૂપ મળનો ક્ષય થાય છે, તેવી રીતે લૌકિક તીર્થો કાશી, પ્રયાગ, ગંગા, જમના, સરસ્વતી, ગોદાવરી વિગેરે નદીઓને દ્રવ્યતીર્થ કહે છે, વલી દ્રવ્ય તીર્થમાં મુખ્યત્વે કરી ત્રણ ગુણ કહેલ છે. નદીરૂપ તીર્થમાં સ્નાન કરવાથી પ્રથમ બાહ્ય તાપથી તપેલા એવા શરીરનો દાહ શાંત થાય છે, પાણી પીવાથી તૃષાને નાશ કરે છે અને શરીર ઉપરના મેલને સ્નાન કરવાથી દૂર કરે છે. આ મુજબ ત્રણ ગુણવાળું જે હોય તેને જ્ઞાની પુરૂષો દ્રવ્યતીર્થ કહે છે. હવે ભાવતીર્થના સ્વરૂપને બતાવે છે.

## भावतीर्थ स्वरुप.

कोहंमिउ निग्गहिए दाहस्स उवसमणं हवइ तित्थं
लोहंमिउ निग्गहिए तन्हाए छेयण होई ॥ ११५ ॥
अट्ठविहं कम्मरयं बहुएहिं भवेहिं संचियं जम्हा
तव संजमेण धोवइ तम्हा तं भावओ तित्थं ॥ ११२ ॥

**અર્થ**—ક્રોધનો નિગ્રહ થવાથી દાહના ઉપશમ રૂપ તીર્થ થાય છે. અને લોભનો નિગ્રહ થવાથી તૃષ્ણાના છેદનરૂપ તીર્થ થાય છે. તેમજ આઠ પ્રકારના કર્મરૂપી રજ ઘણા ભવે કરીને સંચય કરેલી તે તપ અને સંજમે કરીને ધોવાઈ જાય છે—દૂર થાય છે, તેથી તેને ભાવતીર્થ જ્ઞાની પુરૂષો કહે છે.

**વિવેચન**—ત્રણ ગુણ જેવી રીતે દ્રવ્યતીર્થમાં જ્ઞાની મહારાજે કહ્યાં છે તે મુજબ ભાવતીર્થમાં પણ તે ત્રણ ગુણ કહેલ છે. ફેર એટલો કે દ્રવ્યતીર્થમાં કહેલ ત્રણ ગુણથી માત્ર બાહ્ય શાંતિ, તથા તૃષાનો છેદ અને મેલ દૂર કરે છે, અને તે અમુક ટાઇમજ થશે પછી પાછા હતા તેવાને તેવાજ મેલથી ભરપુર થવાના; પણ ભાવતીર્થમાં કહેલ ત્રણ ગુણથી તો કાયમને માટે અપૂર્વ શાંતિ મળે છે. આ ત્રણ ગુણમાં

પ્રથમ ગુણ ક્રોધનો નિગ્રહ કરવો તે છે; કારણ કે આ જગતની અંદર આત્મિક અશાંતિને ઉત્પન્ન કરનાર અને આત્મિકગુણનો દાહ કરનાર ખરેખર જો કોઇ શત્રુ હોય તો માત્ર ક્રોધજ છે અને આ ક્રોધને પ્રથમજ આ ભાવતીર્થમાં નાશ કરવાને માટે જણાવેલ છે. કે જેથી પરમશાંતિ કાયમ માટે પ્રાપ્ત થાય. બીજો ગુણ લોભનો નિગ્રહ કરવો તે છે. જગતના તમામ જીવો તૃષ્ણાને લઇ અનેક પ્રકારના અકાર્ય કરવાને તૈયાર થાય છે. એક કુટુંબમાં અરસ્પરસ ઝગડા થાય છે. રાજ્ય તૃષ્ણાને લઇ અનેક અનર્થો થાય છે અને ચાલતી લડાઇમાં ક્રોડો જીવો મરાયા તે પણ તૃષ્ણાને જ આભારી છે. નાત-જાત અને ધર્મને એક બાજુ મુકી હજારો ગાઉ દૂર જાય છે. આ બધો પ્રતાપ તૃષ્ણા દેવીનોજ છે; પણ જે માણસે લોભનો નાશ કર્યો છે તે માણસને પછી આ તૃષ્ણા બીલકુલ અડચણ કરતી નથી. વળી ચારગતિમાં લઇ જનાર જો કોઇ હોય તો આ લોભજ છે. માટે ભાવતીર્થમાં લોભનો નિગ્રહ કરવા માટે ખાસ જણાવેલ છે.

ત્રીજોગુણ કર્મરૂપ મેલને દૂર કરવાનો છે. આ કર્મરૂપ મેલ કે જે અનેક ભવો વડે એકઠા કરેલા તે તપ અને સંજમ વડે દૂર થાય છે. બાહ્ય અને અભ્યંતર મળી બાર પ્રકારે તપ છે. અને સત્તર પ્રકારે સંજમ છે. આ બન્ને શુદ્ધ અતઃકરણથી નિરતિચારપણે કરવામાં આવે તો અનેક ભવના એકઠા થયેલા કર્મરૂપ રજોને પાણીની માફક સાફ કરી નાખે છે. ભાવતીર્થનો આ ત્રીજો ગુણ કહેલ છે. સારાંશ એ છે કે જેના આલંબનથી ચાર ગતિ રૂપ સંસારમાં રજળવાનું મટી જાય અને પરમ સુખનો લાભ થાય તેનું નામ ભાવ-તીર્થ જ્ઞાની મહારાજ કહે છે. શરીર ઉપરનો મેલ દૂર થવાથી અગર ઉપરથી અલ્પ શાંતિ પાણી રેડવાથી થઇ તેથી કાંઇ તે તીર્થ કહેવાય નહીં, પણ કાયમ માટે મેલ દૂર કરી અને કાયમની શાંતિ જે આપે તેનુ નામ ખરેખર તીર્થ છે. સ્થાવર અને જંગમ આ પ્રમાણે પણ તીર્થના ભેદો પડે છે. આમાં જે એક જગ્યાયે સ્થિર રહે તેને સ્થાવર તીર્થ કહે છે. શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ, સંમેત્તશીખર

વિગેરે સ્થાવર તીર્થ છે. અને જે એક ઠેકાણે સ્થિર રહેતા નથી પણ પ્રભુ આજ્ઞા મુજબ એક ગામથી બીજે ગામ જેઓ લોકોના ઉપર ઉપકાર કરવા માટે વિહાર કરે છે, એવા સાધુ મહાત્માઓને જંગમ તીર્થ કહેલ છે. આજ વાતને સ્પષ્ટ કરતા કહે છે—

**दंसणनाणचरित्ते सुनिउत्तं जिणवरेहिं सव्वेहिं ॥**
**एएण होइ तित्थं ए सो अन्नोवि पज्जा ओ ॥ ११७ ॥**

**અર્થ**—સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર વડે કરીને જે યુક્ત હોય તેને તમામ જીનેશ્વરોએ તીર્થરૂપ કહ્યા છે. કારણકે જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્ન પણાથી તીર્થ કહેવાય છે. આ મુજબ બીજા પણ તીર્થ શબ્દના પર્યાયો જાણવા. આ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ ગુણ વડે કરી જેઓ યુક્ત છે તેજ અષ્ટકર્મરૂપ મેલને દૂર કરવામાં સમર્થ બને છે, અને બીજાના મેલને પણ દૂર કરાવી શકે છે. પોતે પરમશાંતિનો અનુભવ કરે છે. અને તેઓશ્રીના આલંબન લેનારને પરમ શાંતિનો અનુભવ કરાવે છે. તેમને તીર્થંકરોએ જંગમ તીર્થરૂપ ગણ્યા છે. શત્રુંજય ગિરનાર સંમેતશીખર વિગેરે તીર્થોને તથા તીર્થંકરનાં જન્મ-દિક્ષા, નાણ અને નિર્વાણ ભૂમિને સ્થાવર તીર્થ કહેલ છે. આ પ્રમાણે તીર્થના અનેક ભેદો થાય છે તે સ્વયં જાણી લેવા.

## तीर्थ यात्रानो हेतु.

**श्रीतीर्थपांथरजसा विरजीभवंति, तीर्थेषुबंभ्रमणतो न भवे भ्रमंति ॥**
**द्रव्यव्ययादिहनराःस्थिरसंपदःस्युः, पूज्याभवंतिजगदीशमथार्चयंत ॥ १ ॥**

તીર્થ માર્ગની રજના સ્પર્શથી પ્રાણીઓ કર્મો રૂપી રજથી રહિત થાય છે. તીર્થ ભૂમીમાં ફરવાથી આ સંસારમાં ભમવું

પડતું નથી, તીર્થ ભૂમીમાં દ્રવ્યનો વ્યય કરવાથી પ્રાણીઓ સ્થિર સંપદાવાલા થાય છે અને પ્રભુને પૂજનાર પણ પૂજનીક થાય છે ॥ ૧ ॥

**વિવેચન**—તીર્થ યાત્રા કરવાનો હેતુ જણાવતાં શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે, તીર્થભૂમી ઉપર અનેક મહાત્માઓ જ્ઞાન ધ્યાનમાં મગ્ન રહેલ હોવાથી તેમજ અનેક જીવો મોક્ષે ગયેલ હોવાથી તેમના ચરણકમલથી તેમજ તેમના પરમાણુઓથી તે જગ્યા પવિત્ર બનેલ છે, આ હેતુથી તીર્થભૂમિકાને પવિત્ર ગણવામાં આવે છે. આ પવિત્ર તીર્થભૂમિકાના રજનો સ્પર્શ કરનાર માણસ પાપરૂપી રજથી રહિત થાય છે. પૈસા કમાવવા માટે જેમ લોકો દેશાંતર પર્યટન કરે છે, તેવી રીતે પોતાના આત્માના ભલા માટે જે લોકો તીર્થભૂમિમાં પ્રભુના દર્શન કરવા માટે અને તે સાથે જ્ઞાની ગુરૂના દર્શન માટે પર્યટન કરે છે તે લોકો ચાર ગતિરૂપ સંસારમાં કદી પણ ભ્રમણ કરતા નથી–રજળતા નથી. જે મનુષ્યો નાત, જાત વિવાહ અને લગ્નના પ્રસંગે પોતાની વાહવાહ કહેવરાવવા ખાતર હજારો રૂપીયાનું પાણી કરે છે, તેનો બદલો લોકો વાહવાહ કરે તેટલો છે, પણ તેના કરતાં તે પૈસા તીર્થની ભૂમિમાં, સુપાત્રદાનમાં, પ્રભુભક્તિમાં અને અઠ્ઠાઇમહોત્સવ અગર જીર્ણોદ્ધાર તેમજ પઠનપાઠનમાં જો ખરચવામાં આવે તો તે લક્ષ્મી સ્થિર થાય છે, એટલે કાયમ માટે તેની પાસે લક્ષ્મી ટકે છે અને વૃદ્ધિ પામે છે. જે મનુષ્યો રાતદિવસ પૈસાના પૂજારી બને છે અને સારે ઠેકાણે ખરચતા નથી, તેઓ આખરે હેરાન થાય છે; પણ જેઓ પોતાનો પૈસો પ્રભુની સેવાભક્તિ, બહુમાન અને તીર્થની પ્રભાવનામાં જ ખરચે છે, તેઓ પોતેજ આ લોકમાં પૂજનીક થાય છે. લોકો તેઓનો સારો સત્કાર કરે છે, માન આપે છે અને પરલોકમાં પણ મહા પૂજનીક ઇંદ્રાદિકપણે ઉત્પન્ન થાય છે. આ બધો પ્રતાપ તીર્થભૂમિકાનો છે. આવા સ્થળોમાં થોડો વખત રહ્યા હોઇએ તોપણ મહાન્ ફાયદો થાય છે–પરમ શાંતિ મળે છે. તીર્થભૂમિકાનું વાતાવરણ ઘણુંજ પવિત્ર હોય છે. વળી આ પવિત્ર સ્થળની સ્પર્શના કરવા અનેક મહાત્માઓ

પણ આવે છે અને તેઓ દ્વારા ખાસ પોતાનું કર્ત્તવ્ય જાણી તે અમલમાં મુકવાથી મહાન્ ફાયદો પ્રાપ્ત થાય છે. આ ફાયદો ઘર આગળ મળતો નથી; કારણ કે અનેક ઉપાધિઓ ઘર આગળ હોવાથી જરાપણ અવકાશ મળતો નથી, તો પછી પરમ શાંતિની આશા કયાંથી રાખવી ? પણ તીર્થભૂમીમાં આવનાર તમામ ઉપાધિ તથા કામકાજ બધું ઘર આગળ મુકીને આવે છે. આથી યાત્રા કરનાર માણસ પ્રભુ પૂજા, દર્શન, ગુરૂસેવા, વિગેરે કરી પરમશાંતિ મેળવે છે; આ કારણને લઇ ખાસ તીર્થ યાત્રા કરવી જોઇએ. વિધિપૂર્વક જો તીર્થયાત્રા કરવામાં આવે તો હાલ જે ફળ મળે છે તેના કરતાં પણ મહાન્ ફલ મળે છે.

## ॥ तीर्थयात्रा विधि ॥

**एकाहारी भूमिसंस्तारकारी, पद्भ्यांचारी शुद्धसम्यक्त्वधारी ।**
**यात्राकालेसर्वसच्चित्तहारी, पुण्यात्मास्याद्‌ब्रह्मचारी विवेकी ॥१॥**

વિવેકી એવો પુણ્યશાળી જીવ યાત્રા કરવાના સમયે એક વખત જ ભોજન કરનારો હોય, પૃથ્વીપર સંથારો કરનાર હોય, પગે ચાલી જાત્રા કરનાર હોય, શુદ્ધ સમ્યકત્વને ધારણ કરનાર હોય, સર્વ પ્રકારનાં સચિત્તોને પરિહરનાર હોય, તથા બ્રહ્મચારી હોય. આમુજબ છરી પાલતાં જાત્રા કરવામાં આવે તો મહાન્ ફલ મળે છે.

**વિવેચન**—યાત્રા કરવાની વિધિ બતાવતાં શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે આત્મકલ્યાણ કરવાને ઇચ્છનાર વિવેકી પુણ્યવાન્ પુરૂષે પ્રથમ નિર્ણય કરવો જોઇએ કે હું આત્મકલ્યાણ કરવાને માટેજ તીર્થયાત્રા કરવા જઉં છું, પણ મોજશોખ કરવા જતો નથી. આમ નિર્ણય કરી તીર્થ સ્થાને પહોંચ્યા પછી તરત જ પ્રથમ પ્રભુના દર્શન કરી શક્તિ હોય તો ઉપવાસનું પચ્ચખાણ કરવું અને શક્તિ ન હોય તો એકાસણાનું પચ્ચખાણ કરવું અને પછી તીર્થ ભૂમીમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી એકાસણા કરે અને શક્તિ ન હોય તો પછી બીયાસણું પણ કરે. કર્મક્ષય કરવામાં તપશ્ચર્યાની ખાસ જરૂર છે.

માત્ર તીર્થની સ્પર્શના કરવાથી કર્મક્ષય થઇ જતો નથી. શુકરાજા, ચંદ્રશેખર, દ્રઢ પ્રહારી, જેવા અઘોર કર્મ વાલાઓને પણ તીર્થ સ્પર્શના સાથે તપશ્ચર્યાથીજ કર્મ ક્ષય થયેલ છે. આટલા માટેજ પ્રથમ યાત્રા કરવાની વિધિ બતાવતા છ–રીની અંદર એક વખત ભોજન કરવા રૂપ એકાસણું કરે. એકાસણું કરવાની શક્તિ ન હોય તો પછી બની શકે તે મુજબ તપશ્ચર્યા કરવી જોઇએ. કર્મક્ષય કરવામાં ત્રણ કારણ છે. તપ, જપ, અને ધ્યાન, આ ત્રણે એકી સાથે હોય તો ઘણોજ ફાયદો આપે છે. થોડાજ ટાઇમમાં કર્મક્ષય કરી મોક્ષ પ્રાપ્ત થાય છે, પણ ત્રણે સાથે ન બને તો પછી પ્રત્યેકનું સેવન કરવું. આવાત સિદ્ધાચલજીના સ્તવનમાં આવેલ છે. આ સ્તવન આપણે હંમેશા બોલીએ પણ છીએ; છતાં તેના અર્થ તરફ લક્ષ્ય ભાગ્યે જ કોઇ આપે છે. કહ્યું છે કે:—

"चैत्री कार्तकी पुनम जात्रा, तप जप ध्यानथी पाप खपावे;
गिरीवर दरिशन विरला पावे."

( શ્રી નવાણુ પ્રકારી પૂજા )

શ્રીમાન્ વીરવિજયજી મહારાજ આ પૂજામાં જણાવે છે કે, જે ભાગ્યશાળી જીવ હોય છે તેનેજ આ ઉત્તમ તીર્થના દર્શન અને ચૈત્રી તથા કાર્તકી પુનમની જાત્રા થાય છે. અને જાત્રા કરવા સાથે તપ, જપ અને ધ્યાન કરી અનેક ભવોના સંચય કરેલાં મહા કર્મોને થોડા જ ટાઈમમાં ક્ષય કરે છે. તપ તો પ્રસિદ્ધ જ છે. જપમાં પ્રભુનું સ્મરણ રાતદિવસ ચાલતા, બેસતા, સુતા અને ઉઠતાં કર્યા કરવું. ધ્યાન તે પણ પ્રભુનું જ આર્તરૌદ્રરૂપ ધ્યાન મુકી દઈ, પ્રભુસ્વરૂપ બનવા પ્રભુનું જ કરવું. અગર પરમાત્માસ્વરૂપ પોતાના શુદ્ધસ્વરૂપ આત્મતત્વનું ધ્યાન કરવું. નિશ્ચયથી શત્રુને જીતનાર આત્મા હોવાથી ભાવથી શત્રુંજ્ય તે આત્મા જ છે. આપ્રમાણે તપ જપ અને ધ્યાનથી જ અનેક ભવોના પાપોનો ક્ષય થાય છે આ વાત નિચેના સિદ્ધાચલજીના દુહાથી સિદ્ધ થાય છે.

**अकेकुं डगलुं भरे, शत्रुंजय सामुं जेह;**
**ऋषभकहे भवक्रोडना, कर्म खपावे तेह ॥ १ ॥**

શ્રીમાન્ ઋષભદેવ પ્રભુ જણાવે છે કે, જે માણસ સિદ્ધાચલજીની જાત્રા કરવાના ઈરાદાથી શત્રુંજયગિરિની સનમુખ એક એક ડગલું ભરે છે, તે ડગલે ડગલે ક્રોડો ભવના પાપને ખપાવે છે. આ વાત ઉપર જણાવેલ તપ–જપ અને શત્રુંજય સ્વરૂપ આત્મા તરફ ધ્યાનમાં આગળ વધવાથી ક્રોડો ભવના પાપો થોડાજ ટાઇમમાં ખપાવે છે, તે વાત બરોબર ઘટી શકે છે, પણ તપ, જપ અને ધ્યાન સિવાય સામાન્ય પ્રકારે ગિરિ સનમુખ પગલાં ભરવાથી આ વાત સંભવી શકિત નથી, કારણ કે આપણે અનેકવાર છરી પાળતાં શત્રુંજય ગયા છીએ અને ઘરથી માંડી શત્રુંજય ગિરિ સુધીમાં અનેક ડગલાં ભર્યાં છે, હવે એક એક ડગલે ક્રોડ ભવના કર્મ ખપે તો પછી અનેક ડગલે તો જરાપણ કર્મ રહેવું ન જોઈએ અને તત્કાળ કેવળજ્ઞાન થવું જોઇએ; છતાં જ્યારે કેવળજ્ઞાન થતું નથી અને કર્મક્ષય ઉપર કહ્યા મુજબ થતો નથી, તો પછી તેમાં બીજું કાંઈ કારણ હોવું જોઇએ, આ ખુલ્લું સમજાય તેવું છે. અને આ કારણ ઉપર કહી આવ્યા તે મુજબ જપ–તપ અને ધ્યાન છે. આ ત્રણથી ઉપર કહ્યા મુજબ કર્મ ક્ષય થાય તેમાં જરાપણ શંકાજેવું નથી, આમ સમજી તીર્થ યાત્રા કરતી વખતે તપ–જપ અને ધ્યાન આ ત્રણે ખાસ લક્ષમાં લેવા જરૂર છે. આજ કાલ તપની જગ્યાએ તીર્થે લાડુ ઉડે છે, જપની જગ્યાએ એક બીજાની નિંદા કુથલી થાય છે અને ધ્યાનની જગ્યાએ અશુભ વિચાર, અગર આર્ત રૌદ્રાદિ ધ્યાન થાય છે, તેમાં ખાસ સુધારો કરવા જરૂર છે. જો કે આ મુજબ બધા કરે છે, એમ કહેવાનો મારો ઉદ્દેશ નથી, પણ મોટો ભાગ આવો નજરે આવે છે, માટે તેમાં સુધારો કરી ઉપર જણાવેલ તપ–જપ અને ધ્યાન આ ત્રણ બીના વારંવાર સ્મૃતિમાં લેવા જરૂર છે. આ પ્રમાણે "છરી" પૈકી પ્રથમ એકાહારી નામની "રી" પૂર્ણ થઇ. બીજી "ભૂમિસંસ્તારકારી" નામની "રી" છે. જાત્રા કરીયે

તે ટાઇમ દરમ્યાન સુવાનું જમીન ઉપર, ચાલે ત્યાંસુધી સંથારીયું પાથરી તે ઉપર રાખવું અને તે પ્રમાણે કરવાને અસમર્થ હોય તો તે પછીજ મીન ઉપર ગાદલાં—ગોદડા પાથરીને સુવું; પણ ખાટલાદિકનો ઉપયોગ ન કરવો. ઘર આગળ ખાટલાદિકનો ઉપયોગ હંમેશ કરીએ છીએ, પણ તીર્થ યાત્રામાં કાંઇક વિશેષ કરવા જરૂર છે. વલી આ તીર્થ ઉપર અનેક મહાત્માઓએ અણુસણુ કરી સંથારા કરેલ છે અને મોક્ષ મેળવેલ છે, તો આપણાથી તે તો બનવાનું નથી; પણ સામાન્ય પ્રકારે સંથારો કરી તે મહાત્માઓની ભાવના ભવાય તો મહાકલ્યાણકારી છે. આ ભાવના ખાતર ભૂમિસંસ્તારકારી નામની આ બીજી "રી" કહેલ છે. "પાદચારી" પગે ચાલી જાત્રા કરવી. આ ત્રીજી "રી" છે. પગે ચાલી જાત્રા કરવામાં ઘણો ફાયદો છે. જીવજંતુની જયણા બરોબર બની શકે છે, પણ ડોળીમાં બેસી જાત્રા કરવાથી અગર ઘર આગળથી ગાડામાં બેસી પછી ડોળીમાં બેસી જાત્રા કરવાથી જીવજંતુની જયણા બીલકુલ બનતી નથી. જીવરક્ષા કરવાની લાગણી જેવી પોતાની હોય છે, તેવી ડોળી વાળાઓની જરા પણ હોતી નથી. આમ સમજી છતિ શકિતએ ડોળી વિગેરેનો ઉપયોગ કરવો નહિ. પછી વૃદ્ધાવસ્થાને લઇ અગર શરીરની અશકિતના કારણે ડોળીમાં બેસવું પડે; તો પણ સૂર્યોદય થયા પહેલા તો ડોળીમાં બેસવું નહી. આથી અમુક અંશે જીવ રક્ષા થવા સંભવ રહે છે. વળી પગે ચાલી જાત્રા કરનારાઓએ પણ સૂર્યોદય પછી તીર્થ ઉપર ચડવા શરૂઆત કરવી; પણ તે પહેલાં ચડવું નહી. આજકાલ ચાર અને પાંચ વાગે અંધારૂ હોય તેવા વખતે જાત્રા કરવાની શરૂઆત થઇ જાય છે. હવે આવા અંધારાની અંદર જીવરક્ષા કેવી રીતે કરી શકાશે? વલી ચાતુર્માસની ઋતુમાં ચાતુરમાસ રહેનાર શ્રાવક શ્રાવિકાઓ તલાટીની નવાણું જાત્રા કરે છે, આ જાત્રા કરનારાઓએ પણ સૂર્યોદય થયા પછીજ મકાનથી બહાર નીકળવું. ટલાટીના રસ્તામાં અળસીયા લાખો ગમે ચોમાસામાં થઇ જાય છે. હવે વેળાસર યાત્રા જનાર લોકો આ અળસીયાને કેવી રીતે બચાવી શકશે! માટે વિવેક પૂર્વકની થોડી પણ ક્રિયા ઘણો લાભ આપે છે. આમ સમજી વેળાસર જાત્રા કરવાનો રીવાજ તદ્દન ત્યાગ કરવા જરૂર

છે. ગ્રહસ્થો તો ઠીક પણ કેટલાક મહાનુભાવ સાધુ તથા સાધ્વીઓ પણ એટલા બધા વ્હેલા જાત્રા કરવા જાય છે કે ભાગ્યેજ ઇરિયાસમિતિ શુદ્ધ થતી હશે. આ મુજબ પ્રભુ આજ્ઞા વગર કરેલ જાત્રાનું ફલ તેઓ મેળવી શકતા નથી. ઘણી જાત્રા કરવી એવું કાંઇ શાસ્ત્રિય ફરમાન નથી. સમતાપણાથી ૧-૨ અગર ત્રણ જાત્રા થાય તો પણ ઘણી છે; પણ પ્રભુ આજ્ઞા મુજબ, સૂર્યોદય થયા પછી, ઇરિયાસમિતિ શોધવા પૂર્વક, અંતઃકરણમાં પ્રભુ સ્મરણ કરવા સાથે સમતાથી જો જાત્રા થાય તો હજારો જાત્રાનો લાભ એક જાત્રાથી પ્રાપ્ત કરી શકાય. માટે સવારના પહોરમાં વેલાસર ઉઠી પ્રભુસ્મરણ કરી હું કોણ? મારે કરવાનું શું છે? હું કયાંથી આવ્યોછું? મારી ફરજ શું છે? મારા પૂર્વજો કોણ હતા? તેઓએ કેવા સારા કાર્યો કર્યા હતા? આ સંબંધી વિચાર કરી પછી અવશ્ય કરવા લાયક પ્રતિક્રમણ કરી, દેવગુરૂને વંદન કરી પછી તીર્થયાત્રા કરવા સમતા પૂર્વક જવું જોઇએ. આજ કાલ તીર્થયાત્રા કરવા તરફ જેટલી લાગણી છે તેટલી ગુરૂના દર્શન કરવા તરફ તેમજ તેમના દ્વારા બે શબ્દો જાણવાની લાગણી ઘણી ઓછી થઇ ગઇ છે. તો આમાં સુધારો કરવા ખાસ જરૂર છે, કારણ કે આજે એવા અતિશય જ્ઞાની રહ્યા નથી કે આપણા મનના બધા ખુલાસા કરે? તેમજ સ્થાપના રૂપ પ્રભુ પણ બોલવાના નથી, કે ભાઇ! તું આ રસ્તે ચાલ કે જેથી સુખી થઇશ? ત્યારે હવે ખુલાસો મેળવવાનું સાધન જો કોઇ હોય તો માત્ર વર્તમાન કાલના ગુરૂમહારાજ છે, તેજ છે અને તેઓશ્રી પાસે પણ જવાની તકલીફ જો તમો નહિ લ્યો તો પછી જ્ઞાન વગર તીર્થયાત્રાનો લાભ કેવી રીતે લઇ શકશો? માટે ગુરૂપાસે જઇ વંદન કરી અને તેઓ પાસેથી યથા શકિત કાંઇ પણ જાણવાનો લાભ મેળવવો. અને તે મુજબ યાત્રા કરવી આ મુજબ ત્રીજી "રી" જાણવી "**શુદ્ધ સમ્યકત્વ ધારી**" શુદ્ધ સમ્યકત્વને ધારણ કરવું. આ ચોથી "રી" છે. શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી, આનું નામ સમ્યકત્વ છે. આ સમ્યકત્વનું ધારણ કરવું હંમેશના માટે છે. કાંઇ

યાત્રાના વખત માટેજ નથી; પણ આટલું તો ચોકસ છે કે યાત્રાના ટાઇમે દેવ, ગુરૂ અને ધર્મ ઉપર હૃદયની પૂર્ણ લાગણી હોવી જોઇએ. કે જેથી સારો લાભ મળે. બીજે ઠેકાણે આ “રી” ની જગ્યોએ “ગુરૂ સાથે **પદચરીએ**” આમ જણાવેલ છે. એટલે ગુરૂમહારાજની સાથે યાત્રા કરવી આમ જણાવેલ છે. આ મુજબ ચોથી “રી” બને છે. “સર્વ સચ્ચિત્ત પરિહારી” આ પાંચમી “રી” છે યાત્રા કરવાના સમયમાં તમામ સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો જોઇએ. જે માણુસ એકાસણું કરે છે, તેને આ પાંચમી “રી” આવી જાય છે; પણ જે એકાસણું કરી શકતા નથી, તેઓએ તો ખાસ સર્વ સચ્ચિત્તનો ત્યાગ કરવા જરૂર છે. ઉનું પાણી પીવું અને કાચી લીલોતરી વિગેરે સચ્ચિત્ત વસ્તુ ખાવી નહિ. ઘર આગળ તો આપણે સચ્ચિત્તાદિ ખાઇએ; છીએ પણ તીર્થ ભૂમીમાં જો કાંઇક તેમાં ઓછાશ થાય અગર તદ્દન ન ખવાય તો સારો લાભ મળે. આમ સમજી સચ્ચિત્તનો ત્યાગ કરવો આ પાંચમી “રી” જાણવી.

“**બ્રહ્મચારી**” આ છઠી “રી” જાણવી એટલે ઘર આગળથી નીકળ્યા ત્યાંથી માંડી પાછા યાત્રા કરી ઘેર પહોંચીએ નહીં ત્યાંસુધી બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવું જોઇએ. ઘર છોડી તીર્થ ભૂમીમાં આત્મિક ગુણ કાંઇક અંશે પ્રગટ કરવા જઇએ છીએ, અને ત્યાં પણ મૈથુન ધર્મ સાથેજ રહ્યો હોય તો પછી તે ગુણની આશા રાખવી તદ્દન નકામી છે, માટે આત્મહિતૈષી જનોએ પ્રથમ તો સ્ત્રીસંસર્ગ પણ કરવો ન જોઇએ; પણ કદાચ ઘરના માણુસોને સાથે લીધા હોય તો પછી ઉપર જણાવેલ બ્રહ્મચર્ય વ્રત પાળવા ખાસ લક્ષમાં રાખવું. આ છઠી “ રી ” છે. આ છ “ રી ” પાળવા પૂર્વક જે ભાગ્યશાળી જીવો યાત્રા કરે છે, તેઓએજ પોતાનો જન્મ કૃતાર્થ કરેલ છે.

## ॥ तदेवाह ॥

**तैरात्मा सुपवित्रितो निज कुलं तै र्निर्मलं निर्मितं ।**
**तैःसंसार महांधकूप पततां हस्तावलंबोद्दे ॥**

**लब्धं जन्म फलं कृतंच कुगतिद्वारैक संरोधनं ।**
**ये शत्रुंजय मुख्य तीर्थ निवहे यात्रासु कृतोद्यमः ॥ १ ॥**

જે ભાગ્યશાળી જીવોએ ઉપર જણાવેલ વિધિ પૂર્વક શત્રુંજય, ગિરનાર, સંમેત્તશિખર વિગેરે તીર્થોની યાત્રા કરવામાં ઉદ્યમ કરેલો છે તેઓએજ પોતાના આત્માને પવિત્ર કરેલો છે, પોતાના કુળને નિર્મળ કરેલું છે, સંસાર રૂપ અંધ કુવામાં પડતા માણુસોને હસ્તાવલંબન દીધેલ છેઅને તેઓએજ જન્મનું ફળ મેળવ્યું છે. તથા કુગતિના દ્વારને અટકાવેલ છે. ॥ ૧ ॥

## ॥ यदुक्तं ॥

**सद्द्रव्यं सत्कुले जन्म सिद्धक्षेत्रं समाधयः ।**
**संघश्चतुर्विधो लोके सकाराः पंचदुर्लभाः ॥ १ ॥**

જગતની અંદર દુર્લભ વસ્તુ ગણાવતાં શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે, ૧ નીતિથી કમાયેલ સત્ દ્રવ્ય, ૨ સારા કુળમાં જન્મ થવો, ૩ સિદ્ધ ક્ષેત્રની યાત્રા અગર તેવા પવિત્ર સ્થળનો સમાગમ થવો, ૪ શુદ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિ થવી, અગર શુદ્ધ આત્મ સ્વરૂપમાં અમુક ટાઇમ લીન વા લય થવું તે સમાધિ, અને ૫ સાધુ–સાધ્વી–શ્રાવક અને શ્રાવીકા રૂપ ચાર પ્રકારના સંઘની પ્રાપ્તિ. આ મુજબ પાંચ સકાર મળવા ઘણા દુર્લભ છે. અગર આ પાંચસકારવાળી વસ્તુ મળવી ઘણી દુર્લભ છે. ઉત્તમ ભાગ્યશાળી જીવ હોય છે તેનેજ આ બધી પૂર્ણ સામગ્રી મળે છે. આમ સમજી મળેલ અપૂર્વ અવસરનો લાભ લેવા કદી પણ ચુકશો નહીં. યાત્રા કરવાની વિધિ પૂર્ણ થઇ. આ મુજબ વિધિપૂર્વક આ ગિરિરાજનું સેવન કરવાથી શું ફળ મળે છે અને કોને ફળ મળ્યું છે તે બીના હવે જણાવે છે.

## તીર્થસેવનનું ફળ.

**उस्सप्पिणीइ पढमं सिद्धो इह पढमचक्कि पढमसुओ ॥**
**पढम जिणस्सय पढमो गणहारो जत्थ पुंडरिओ ॥ १ ॥**

**चित्तस्स पुन्निमाए समणाणं पंच कोडि परिवरिओ ॥**
**निम्मल जस पुंडरियं जयउ तयं पुंडरिय तित्थम् ॥ २ ॥**

અર્થ:—આ ચાલતી અવસર્પિણી કાળમાં પ્રથમ ચક્રવર્તિ ભરત રાજાના પુત્ર ઋષભસેન અને કે જે પ્રથમ તીર્થંકર ઋષભદેવ પ્રભુના પ્રથમ ગણધર પુંડરિક નામના શત્રુંજય નામના તીર્થ ઉપર ચૈત્ર શુદ પુનમના દિવસે પાંચ ક્રોડ મુનિની સાથે અણસણ કરી પરમપદને પ્રથમ પ્રાપ્ત થયા, તે પુંડરિક ગણધર મહારાજના નામથી પ્રગટ થયેલ અને ઉજ્વલ પુંડરિક કમલના જેવો જશ છે જેનો એવું પુંડરિક નામાતીર્થ જયવંતુ વરતો.

વિવેચન—આ ચાલતી અવસર્પિણી કાળના ત્રીજા આરામાં શ્રીમાન્ ઋષભદેવ પ્રભુ યુગલિક ધર્મ નિવારણ કરીને પ્રથમ ધર્મ પ્રવર્તક થયા; તેમજ આ સંસારની તમામ વ્યવસ્થા તેમજ શીલ્પ કળા વિગેરે લોકોના હિતની ખાતર તેઓશ્રીએજ ગ્રહસ્થપણામાં બતાવી છે. ત્યાશી લાખ પૂર્વ સંસારપણામાં રહીને પછી તેઓશ્રીએ દિક્ષા સ્વીકાર કરી એક હજાર વર્ષ છદ્મસ્થ અવસ્થામાં વિચરી ફાગણ વદી એકાદશીના દિવસે કેવલ જ્ઞાન પ્રગટ કરી, ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. તે વખતે ભરત ચક્રવર્તિના પાંચશો પુત્ર અને સાતસો પૌત્રોએ દિક્ષા લીધી, તેમાં મુખ્ય ઋષભસેન પ્રમુખ ચોરાશીને ગણધર પદ્વી આપી. ઋષભસેન ગણધરનું બીજું નામ પુંડરિક ગણધર પણ છે. આ પુંડરિક ગણધર મહારાજે ભવના પ્રાંત સમયે ઋષભદેવ પ્રભુને પુછ્યું કે, મારૂં નિર્વાણ (મોક્ષ) કઇ જગ્યાએ થશે? જેના ઉત્તરમાં પ્રભુજીએ જણાવ્યું કે તમારૂં નિર્વાણ શત્રુંજય તીર્થ ઉપર થશે અને તમારા નામથી આ તીર્થ પ્રગટ થશે અને જગતમાં આ તીર્થનો મહિમા ઘણો ફેલાશે. આ તીર્થ ઉપર પૂર્વ નવાણુંવાર હું ગયેલ છું. આ અવસર્પિણીમાં આ તીર્થનો પ્રાદુર્ભાવ મારાથીજ છે, વળી આ તીર્થ પ્રાયે શાસ્વતું છે. ગઇ ચોવીશીના બીજા નિર્વાણી પ્રભુના શિષ્ય કદંબનામા ગણધર એક ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા છે. વળી ભાવિકાળમાં નેમનાથ જીન વિના બીજા બાવીશ તીર્થંકર આ

તીર્થની સ્પર્શના કરશે, તેમજ બીજા પણ અનંતા જીવો આ તીર્થ ઉપર મોક્ષે ગયા છે, જાય છે અને જશે. આટલા માટે આ તીર્થ મહા પવિત્ર છે. આ પ્રમાણે પ્રભુના વચન સાંભળી પુંડરિક ગણધર મહારાજે પાંચ ક્રોડ મુનિના પરિવાર સાથે આ શત્રુંજય તીર્થ ઉપર આવીને અણસણ કર્યું અને ચૈત્ર શુદ પુનમના દિવસે પાંચ ક્રોડ મુનિ સાથે પરમપદ મોક્ષને પામ્યા. આ ચાલતી અવસર્પિણીમાં આ તીર્થ ઉપર સર્વના પહેલાં પુંડરિક ગણધર મહારાજ મોક્ષે જવાથી આ તીર્થનું નામ પુંડરિક ગિરિ તરીકે હાલ પ્રસિદ્ધિ પામેલ છે. અને ચૈત્ર શુદ પુનમના દિવસે હજારો ભાવિક શ્રાવકો દૂર દેશાંતરથી આવી આ ગિરિરાજના દર્શન યાત્રા કરી, પોતાના જન્મને કૃતાર્થ વર્તમાનકાલમાં પણ કરે છે. આ તીર્થ ઉપર ત્યાર પછી અનેક મહાત્માઓ મોક્ષે ગયા છે. જેમાંના મુખ્ય નામો આ મુજબ છે. કાર્તિક શુદ પુનમના દિવસે ઋષભદેવ પ્રભુના પૌત્ર દ્રાવીડ અને વાલીખીલ્ય નામના મુનિ આ તીર્થ ઉપર દશ ક્રોડ મુનિના પરિવાર સાથે અણસણ કરી પરમપદ મોક્ષને પામ્યા છે. નમિ અને વિનમિ નામના બે વિદ્યાધર મુનિ બે ક્રોડ મુનિના પરિવારથી આ તીર્થ ઉપર અણસણ કરી ફાગણ શુદ દશમીના દિવસે મોક્ષપદને પામ્યા છે. રામ અને ભરતમુનિ ત્રણ ક્રોડ મુનિના પરિવારથી આ તીર્થ ઉપર અણસણ કરી પરમપદને પામ્યા છે. સાંબ અને પ્રદ્યુમ્ન મુનિ સાડી આઠ ક્રોડ મુનિ સાથે આ તીર્થ ઉપર અણસણ કરી ફાગણ શુદ તેરશના દિવસે મોક્ષપદને વર્યા છે. છ ગાઉની પ્રદક્ષિણા આને લઇને આજે પણ ફરાય છે. વિશ ક્રોડ મુનિ સાથે પાંડવો, એકાણુ લાખ મુનિ સાથે નારદમુનિ, દેવકીજીના છ પુત્ર, થાવચ્ચા પુત્ર, નંદિખેણ મુનિ, સુવ્રત શેઠ, શુક પરિવ્રાજક, સેલગસૂરિ પાંચશો શિષ્યો સાથે, મંડકમુનિ, નમિવિનમિ વિદ્યાધરની ચોસઠ પુત્રી આ વિગેરે અનેક મહાત્માઓ આ ગિરિ ઉપર અણસણ કરી પરમપદ મોક્ષને પામ્યા છે. અને ભાવિપણ અનંતાજીવો મોક્ષે જશે. આ મુજબ તીર્થ સેવનનું મહાન્ ફલ કહેલ છે. આમ સમજી આત્મહિત ઇચ્છક જીવોએ તીર્થસેવન કરવા પ્રયત્ન કરવો, વળી તીર્થ યાત્રાથી થતો ફાયદો જણાવે છે.

## ॥ तीर्थयात्रा फल ॥

सदाशुभध्यानमसार लक्ष्म्याः फलं चतुर्धासुकृताप्तिरुच्चैः
तीर्थोन्नतिस्तीर्थकृतांपदाप्ति गुणा हि यात्राप्रभवाः स्युरेते ॥ १ ॥

ભાગ્યશાલી જીવો અસાર એવી લક્ષ્મીના ફલને પ્રાપ્ત કરવા હજારો ગાઉ દૂરથી શત્રુંજયાદિક તીર્થોની યાત્રા કરવા આવે છે અને યાત્રા કરી ચાર પ્રકારના ઉત્તમ ગુણને પ્રગટ કરે છે. ૧ પ્રથમ ગુણ શુભ ધ્યાન, ૨ બીજો ગુણ ઉંચે પ્રકારે પુણ્યની પ્રાપ્તિ, ૩ ત્રીજો ગુણ તીર્થની ઉન્નત્તિ, અને ૪ ચોથો ગુણ તીર્થંકરપદની પ્રાપ્તિ. આ મુજબ ચાર ગુણો અગર ચાર ફલો તીર્થની યાત્રા કરવાથી પ્રાપ્ત થાય છે.

**વિવેચન**—ભાગ્યશાલી જીવો પોતાને મળેલ લક્ષ્મીનો સારો લાભ લેવા તીર્થની ભૂમી ઉપર જાય છે, અને ત્યાં જઇને પ્રભુભક્તિ પૂજા–આંગી વિગેરે તથા સુપાત્રમાં દાન, સાધર્મિક વાત્સલ્ય વિગેરે શુભ કાર્યો કરી પોતાને મળેલ લક્ષ્મીનો અપૂર્વ લાભ લે છે. તીર્થ યાત્રા કરવા ડુંગર પર ચડતાં મનમાં માત્ર પ્રભુનું જ સ્મરણ, વચનથી પણ પ્રભુનીજ સ્તુતિ અને કાયાથી પણ પ્રભુના દર્શન કરવા. પ્રભુની પૂજા કરવી, આમાંજ તલાલીનતા હોવાથી પાછા નિચે ઉતરી મકાનપર પહોંચતાં સુધી શુભ ધ્યાન રહ્યા કરે છે. તીર્થ યાત્રાનો મહાન્ ગુણ પ્રથમ આ છે. અને શુભ ધ્યાનથી પુણ્યાનુબંધી પુણ્ય ઉત્પન્ન થાય છે. વલી પોતાનો પૈસો તીર્થની જગ્યાએ શુભ ખાતામાં ખરચવાથી તીર્થની ઉન્નતિ થાય છે. અને તીર્થની ઉન્નતિ કરવા સાથે તીર્થાધિપતિની એક ચિત્તથી સેવા કરવાથી તીર્થંકર નામ ગોત્ર બંધાય છે. આ મુજબ તીર્થ યાત્રા કરવાનું ચાર પ્રકારે ફલ જ્ઞાની મહારાજે જણાવેલ છે. આમ સમજી આત્માના હિતેચ્છુ મનુષ્યોએ વિધિ પૂર્વક તીર્થયાત્રા કરવા પ્રયત્ન કરવો. તીર્થયાત્રા નામની પાંચમી ભક્તિ પૂર્ણ કરતાં જણાવે છે.

**जइ इच्छह निव्वाणं, अहवा लोए सुवित्थडं कित्तिं ।**
**ता जिणवर निद्दिठे, विहिमग्गे आयरं कुणह ॥ १ ॥**

**અર્થ**:—ગ્રંથ કર્તા સમાપ્તિ કરતા જણાવે છે: કે, જ્યાં પરમ સુખ અને પરમશાંતિ રહેલ છે એવાં પરમપદ મોક્ષને પ્રાપ્ત કરવા જો તારી ઇચ્છા હોય, અગર જગતની અંદર ઘણી વિસ્તાર વાળી એવી કિર્તિ મેળવવા તારી ઇચ્છા હોય તો જીનેશ્વર પ્રભુએ કહેલ વિધિ માર્ગ—પ્રભુની અષ્ટપ્રકારી તથા સત્તર પ્રકારી પૂજા કરવી, પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલવું, પ્રભુ નિમિત્તે નિકાળેલ દ્રવ્યનું સમ્યક્ પ્રકારે રક્ષણ કરવું, અષ્ટાપદ તીર્થ ઉપર રાવણરાજાએ અનેક પ્રકારે ગીત નૃત્ય વાદિત્ર વિગેરેથી મહોચ્છવ કરી તીર્થંકર ગોત્ર બાંધી લીધું તે પ્રમાણે આપણે પણ તે ફલની ઇચ્છા હોય તો યથાશક્તિ મહોચ્છવ કરવો, તથા ભરત ચક્રવર્તિ—વસ્તુપાળ તેજપાળ વિગેરે અનેક શ્રાવકોએ છરી પાળતાં ઘણા મોટા સંઘ કાઢી શત્રુંજય તથા ગિરનાર વિગેરે તીર્થની યાત્રા કરી છે, તે પ્રમાણે તમો પણ યથા શક્તિ છરી પાળતાં સંઘ કાઢી યાત્રા કરો અને મળેલ લક્ષ્મીનો સારો લ્હાવો લ્યો. અગર છરી પાળતાં યાત્રા કરીને મનુષ્ય જન્મને પવિત્ર કરો. આ મુજબ પાંચ પ્રકારની ભક્તિ તથા પ્રતિક્રમણ, સામાયક પૌષધ વિગેરે વિધિ માર્ગો છે. આ વિધિ માર્ગની અંદર બનતા પ્રયાસથી આદર કરો. એટલે કહેલ ક્રિયા કરવા પ્રયત્ન કરો.' એ અંતિમ પ્રાર્થના છે. શાંતિ: શાંતિ: શાંતિ:

**इति श्री तपगच्छाधिपति श्रीमान् विजयमुक्ति गणीश्वर शिष्य श्रीमान् विजयकमलसूरीश्वर शिष्य योगनिष्ठ पंन्यास पदालंकृत श्रीमान् विजयकेशरगणि लघुभ्रात्रा पंन्यास देवविजयगणिना विरचित पेथापुर नगरे सं. १९७६ कार्तिक शुद पुर्णिमा तिथौ देवभक्तिमाला नाम प्रकरणं समाप्तम् ॥**

સમાપ્ત.

# શુદ્ધિપત્રક.

| પાનું | પંક્તિ | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૦ | ૨ | કરણુ | કરવા |
| ૧૨ | ૧૯–૨૫ | હિસા | હિંસા |
| ૧૫ | ૫ | હિસા | હિંસા |
| ૨૨ | ૨૪–૨૫ | बिऊ-मिस्सिऊ-भणिऊ | बिओ-मिस्सिओ-भणिओ |
| ૨૩ | ૧૭ | संभिरुय | मंभिरव्य |
| ૨૫ | ૧૧ | उभऊ | उभओ |
| ૨૫ | ૨૨ | જણાવે છે | જણાવેલ છે. |
| ૩૭ | ૨ | अप्पत्थिऊ | अप्पत्थिओ |
| ૩૭ | ૫ | णस्सणत्थ | णणत्थ |
| ૪૦ | ૧૬ | તેમ | ભલે |
| ૪૨ | ૨૪ | दोएहदुओ | दोएहदुओ |
| ૪૨ | ૨૫ | समद्धि | समद्दि |
| ૪૨ | ૨૬ | ररिकऊ | रखिओ |
| ૪૬ | ૯ | जिणांणं | जिणाणं |
| ૬૨ | ૬ | अहिऊ | अहिओ |
| ૬૭ | ૩ | सो सए | सोसए |
| ૭૦ | ૮ | આ | આમ |
| ૭૬ | ૧૯ | આજ્ઞ | આજ્ઞા |
| ૮૨ | ૧૪–૧૬ | લોકો | પ્રભુ |
| ૮૪ | ૧૫ | भउव्व | मउव्व |
| ૯૬ | ૧૧ | તેમાં | તેના |
| ૯૭ | ૨૬ | પૂર્ણ | ૦ |
| ૧૦૧ | ૨૪ | અજ | આજ |

| | | | |
|---|---|---|---|
| ૧૦૨ | ૬ | તો પછી | તો પછી પ્રભુ |
| ૧૦૨ | ૯ | કાળમાં | કાર્યમાં |
| ૧૦૨ | ૯ | અને | હાલ |
| ૧૦૨ | ૨૫ | તૃતીયા | ૦ |
| ૧૦૨ | ૨૬ | નામા ભક્તિ | નામ તૃતીયા ભક્તિઃ |

# શ્રી આત્માનંદ પ્રકાશ માસિકે આપેલી

## ભેટો.

૧-૨ શ્રી નવતત્ત્વનો સુંદરબોધ. ( ભાષાંતર સાથે )
૩ શ્રી જીવવિચારવૃત્તિ ”
૪ શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર
૫ શ્રી દંડક વિચાર વૃત્તિ. ( ભાષાંતર સાથે )
૬ શ્રી નયમાર્ગદર્શક ( સાત નયનું સ્વરૂપ )
૭ શ્રી મોક્ષપદસોપાન ( ચૌદ ગુણસ્થાનનું સ્વરૂપ )
૮ શ્રી જૈન તત્ત્વસાર ( તત્વજ્ઞાનનો ગ્રંથ )
૯ શ્રી શ્રાવકકલ્પતરૂ. ( શ્રાવકના બાર વ્રતનું સ્વરૂપ )
૧૦ શ્રી ધ્યાનવિચાર. ( ચાર ધ્યાનનું સ્વરૂપ )
૧૧ શ્રી જંબુસ્વામી ચરિત્ર ( અપૂર્વ ચરિત્ર )
૧૨ શ્રી જૈન ગ્રંથ ગાઇડ ( શ્રી જૈનમાર્ગદર્શક ભોમીઓ )
૧૩ શ્રી ચંપકમાળા ચરિત્ર ( સતી ચરિત્ર )
૧૪ શ્રી અનુયોગદ્વાર સૂત્ર ( ભાષાંતર )
૧૫ શ્રી ગુરૂગુણમાળા અને સમયસાર પ્રકરણ. ( ભાષાંતર )
૧૬ શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ. ( અધ્યાત્મિક ગ્રંથ )
૧૭ શ્રી દેવભક્તિ માલા પ્રકરણ ( દેવ ભક્તિનું સ્વરૂપ )

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

જૈન કોમમાં અતિ ફેલાવા સાથે પ્રખ્યાતિ પામેલું આ માસિક આ સભા તરફથી અઢાર વર્ષ થયા પ્રતિમાસે પ્રગટ કરવામાં આવે છે. તેમાં આવતા ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક સંબંધી ઉત્તમ લેખોથી આપણી કોમમાં નીકળતા માસિકોમાં તે પ્રથમ પંક્તિ ધરાવે છે. દર વર્ષે તેના ગ્રાહકોને વાંચનનો બહોળો લાભ આપવા સાથે વર્ષ પૂર્ણ થતાં પહેલાં નવીન દ્રવ્યાનુયોગ વગેરેના વિષયથી ભરપૂર એક ઉત્તમ ગ્રંથ સુંદર બાઇન્ડીંગથી અલંકૃત કરી દર વર્ષે ભેટ આપવામાં આવે છે. એકજ પદ્ધતિએ આવી ભેટનો લાભ આ માસિકજ આપે છે. હાલમાં તેનું અઢારમું વર્ષ ચાલે છે. ગુરૂભક્તિ નિમિત્તે નીકળતા આ માસિકની લઘુ વય છતાં ગ્રાહકોની બહોળી સંખ્યા તેજ તેની ઉત્તમતાનો પુરાવો છે. તેનું કદ હાલમાં મોટું કરવામાં આવ્યું છે. તેમજ સખ્ત મોંઘવારી છતાં સાહિત્યની વૃદ્ધિ કરવા માટે તેની તેજ કિંમત વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ પોસ્ટેજ ચાર આના રાખવામાં આવેલ છે. તેના પ્રમાણમાં લાભ વિશેષ છે. નફો જ્ઞાન ખાતામાં વપરાય છે, જેથી દરેક જૈન બંધુઓએ તેના ગ્રાહક થઇ અવશ્ય લાભ લેવા ચુકવું નહિ.